નિપુણચંદ્ર

લેખક,

શ્રી૦ નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર.

બી.એ., એલ.એલ.બી., બૅરિસ્ટર-ઍટ-લૉ.

નિપુણચંદ્ર.

લેખક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ, એલ એલ. બી, બૅરિસ્ટર-ઍટ-લૉ.
ગિરગામ, મુંબઈ.

પ્રકાશક—રતનલાલ ઍન્ડ કંપની,
બૅન્ક સ્ટ્રીટ, ફૉર્ટ, મુંબઇ.

સને ૧૯૧૫.

આવૃત્તિ પહેલી   પ્રત ૧૦૦૦.

મૂલ્ય રૂપિયો દોઢ.

આ પુસ્તક મીં૦ નૃસીંહદાસ ભ વીભાકર બૅરીસ્ટર-ઍટ-લૉ
એ રચ્યુ અને અખબારે સોદાગર પ્રેસ બેક સ્ટ્રીટમા
મી૦ રતનલાલ આત્મારામ શાહે છાપી પ્રગટ કર્યું છે

અનુક્રમણિકા.

શુધ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૨૨	s	is.
૭	૯	હસ્તમલાકવત્	હસ્તામલકવત.
૩૦	૧૩	ધળી.	ધૂળ
૩૨	૧૧	સહિયાર	સહિયર.
૬૪	[illegible]	[illegible]	ખર્ચ
૯૩	૯	ગુજરતનુા	ગુજરાતના.
૯૩	૨૦	તાપે	પોતે
૯૪	૬	વાસીકુ	વાસીદુ.
૧૦૨	૨૩	થયેલા	ગયેલા
૧૦૪	૨	કે	કેમ
૧૧૧	૮	ચારિત્રય	ચારિત્ર્ય.
૧૧૧	૧૫	ટોળ	ડોળ
૧૧૪	૨	મૅજિસ્ટ્રેની	મૅજિસ્ટ્રેટની.
૧૧૮	૧૬	માણે	પ્રમાણે
૧૩૦	૧૧	ખા	ખાત્રી
૧૪૨	૨૩	જો ધ્યાન ાખ	ધ્યાન રાખજો
૧૬૭	૧૬	આપ્યો	આવ્યો.
૧૮૦	૨૨	હોતો	નહોતો
૧૯૦	૨૫	સસજાવિએ	સમજાવિએ
૧૯૩	૧૦	સ્વાત ત્રય	સ્વાત ત્ર્ય.
૧૯૫	૧	સ્થ ભ રૂપ	સ્ત ભરૂપ
૧૯૫	૨૨	તે તેમનુ	તેમ તેનુ
૧૯૮	૧	૧૯ મુ	૧૮ મુ
૨૦૪	૨	ગોષ્ઠા	ગોષ્ઠી
૨૩૩	૧૮	ધર	ઘેર
૨૩૬	૨૩	દરદીઁઓને	દર્દીઓને
૨૪૫	૨૪	અધો	અર્ધો
૨૫૩	૧૨	ઉર્મિઓ	ઊર્મિઓ.
૨૬૦	૧૭	ચિ તા.	ચિંતા.

પ્રસ્તાવના.

આ ન્હાની નવલકથા માટે બહુ લાંબી પ્રસ્તાવનાની આવશ્યકતા નથી. મુમ્બઇના જાણીતા ગુજરાતી દૈનિક, "હિંદુસ્થાન"મા દર અઠવાડિએ જૂદા જૂદા હફતામા પ્રગટ કરવા અર્થે આ નવલકથા લખવામા આવી હતી પરંતુ વધારે વિસ્તૃત રીતે વાચકવર્ગમા તેનો ફેલાવો થઇ શકે એટલા માટે પુસ્તકના આકારમા હવે તે પ્રકટ કરવાનુ યોગ્ય ધારવામા આવ્યુ છે.

હજારો પાનાની મોટી નવલકથાઓ જે પ્રકારનો રસ આપી શકે તેવો રસ આ ન્હાની કૃતિ ન આપી શકે તો તે ક્ષતવ્ય ગણાશે એમ આશા છે આપણા નવીન યુગના સાહિત્ય-સગીતમા તાલભગ કરવાને બદલે થોડો પણ સૂર પૂરવા જેટલી યોગ્યતા આ વાર્તામા જણાય તો વાર્તાનો લેખક પોતાને કૃતકૃત્ય માનશે એક દૈનિક પત્રને માટે લખાયેલી નવલકથા સમસ્ત વાચકવર્ગને સપૂર્ણ રીતે સતોષી નજ શકે, તથાપિ તે આપણા જમાનાની કેટલીક વિટબનાઓ અને અનુકૂળતાઓ તથા આપણા સસારની કેટલીક આશાઓ અને નિરાશાઓની થોડી પણ ઝાખી કરાવી શકે તો પણ ઘણું.

નવલકથાની વ્યાખ્યા, તેના લક્ષણો, તેના વિભાગો, સાહિત્યમા તેનુ સ્થાન, વિગેરે પ્રશ્નો સાહિત્યકારોને ગમે

તેટલા રસમય લાગતા હશે, પરતુ એ રસમય પ્રશ્નોની મીમાસા માટે આ લઘુ પુસ્તકમા પૂરતુ ક્ષેત્ર હોઇ શકેજ નહિ. એટલા, માટે શાસ્ત્રીય દૃષ્ટિથી આ પ્રયાસની યોગ્યાયોગ્યતા વિચારવાને અવકાશજ નથી અત્ર નવલકથાના શાસ્ત્ર કરતા નવલકથાની કળા તરફ ધ્યાન આપવાનો વિશેષ પ્રયત્ન થયો છે, જો કે એ પ્રયત્ન પણ અનેક મર્યાદાઓમા રહીને કરવો પડેલો હોવાથી અતિ નમ્રજ હોઇ શકે કોઇ ધાર્મિક કે ઐતિહાસિક પ્રસગોની અથવા કોઇ મહાન કથાકારની કલ્પનાઓની મદદ આ પુસ્તકમા લેવામા નથી. આવી, એટલે મહાન ચમત્કારો અને દિલ ઉશ્કેરનારા પ્રસગોની ઉણપ તો જણાશેજ છતા જીવનના ન્હાના પ્રસગોમા રસ લેનારાઓ તદ્દન નિરાશ નહિ થાય તો લેખક પોતાનુ પરમ સદ્‌ભાગ્ય માનશે

મુબઇ,
તા૦ ૧-૮-૧૯૧૫ }.

નૃ. ભ. વિભાકર.

There is a common notion that the reading of a Utopia should end with a swelling heart and clear resolves, with lists of names, formation of committees, and even the commencement of subscriptions. But this Utopia began upon a philosophy of fragmentation, and ends, confusedly, amidst a gross tumult of immediate realities, in dust and doubt, with, at the best, one individual's aspiration.

'A MODERN UTOPIA,'

by H. G. WELLS.

નિપુણચંદ્ર.

પ્રકરણ પહેલું.

નિપુણચંદ્રની ઓળખાણ.

૨૦ વર્ષનું વય હોવા છતાં 'અથવા હોવાને' લીધે નિપુણચંદ્ર એમ માનતા કે "મનુષ્ય ધારે તે કરી શકે," "આત્મબળ એજ ખરી શક્તિ છે," "જીવન સત્ય છે, અને તે બુદ્ધિશાળી માનવીઓને માટેજ છે," "સ્નેહ, લાગણી સંસાર, 'ભગતી-ઓટ,' એ સર્વ બેવકુફોને વખત ગાળવાના સાધન છે," વિગેરે, વિગેરે, વિગેરે આ બધું તે માત્ર મનથીજ માનતા એમ સમજવાનું નથી, પરંતુ એમના અંતરમાં ધુંધવાતો આ ધ્વનિ બહાર અનેક જ્વાળામાં પ્રકાશી નીકળ્યો હતો સાબીતી માટે જુઓ એમનું "નિપુણ-ભુવન"

"નિપુણ-ભુવન"ના નામના આડંબરથી વાચકે ગભરાવાનું નથી આપણે તેનું વર્ણન બહુજ સંક્ષેપમાં પતાવી દઈશું દરેક પ્રાણીનું તેમજ વસ્તુનું નામ હોવુંજ જોઈએ એવા નિશ્ચયથીજ નિપુણચંદ્રે પોતાના આ બે ઓરડાવાળા મકાનને "નિપુણ-ભુવન" નામ-તેના મનથી સહજ નમ્ર નામ-આપવાનું યોગ્ય ધાર્યું હતું મુંબઈના ગિરગામ

વિભાગે હિંદુસ્થાનની પરમ આશારૂપ અનેક વિદ્યાર્થીઓ, સાક્ષરો અને વિદ્વાનોને સંઘર્યા છે, તેથી વાચકે અટકળ તો કરી લીધી હશે કે "નિપુણ-ભુવન" ગિરગામ વિભાગમાં હોવું જોઈએ. આ અનુમાનશક્તિ માટે, વાચકને અભિનંદન આપી અમારે કબૂલ કરવું પડશે કે હકીકત પણ એમજ છે.

"નિપુણ-ભુવન"ના બન્ને ઓરડાઓનું ઓળખાણ પણ કરવાની જરૂર છે. એક ઓરડો "સ્ટડી" (અભ્યાસ કરવાનો ઓરડો)ના નામથી ઓળખાતો હતો, અને બીજો "ડ્રૉઈંગ રૂમ" નામને શોભાવતો હતો. કદાચ પ્રશ્ન થશે કે આ "ભુવન"માં જમવાની, સૂવાની, ન્હાવાધોવાની સગવડનું શું? ખુલાસો એટલોજ કે, "સ્ટડી" માં અભ્યાસ કરવાની સાથે સુવાની પણ ગોઠવણ હતી, અને "ડ્રૉઈંગ રૂમ" માં ન્હાવાધોવાનો બાધ હતો નહિ. જમવાને માટે તો ખેતવાડીમાં આવેલા "શ્રી ભૂલેશ્વર મહાદેવ જયતિ લૉજ" માં વ્યવસ્થા કરવામાં આવી હતી, એટલે એ ઉપાધિ નિપુણ-ભુવને કરવાની ન હતી, જોકે કોઈ કોઈ વાર ચ્હાને માટેનો સ્ટવ, તપેલું, અને પ્યાલા રકાબી મળી પોણો ડઝન વાસણોનો સમાવેશ કરવાની જવાબદારી અભ્યાસના ઓરડા ઉપર આવી પડતી.

નિપુણ-ભુવનની આપણી આ મુલાકાત તો નિપુણચંદ્રના સિધ્ધાંતોની સાબીતી માટે છે, તેથી આટલી સાબીતી પૂરતી ન હોય તો આપણું અવલોકન આગળ ચલાવીએ અને એમના "સ્ટડી" નેજ ઘડીભર વધારે તપાસીએ. "સ્ટડી"માં

સૂવાની સગવડ હતી એનો અર્થ એમ સમજવાનો નથી કે નિપુણચદ્ર "પલગ" ની ઉપાધિ ઘરમા રાખવાની મોજશોખ સુધી પહોચ્યા હતા. એવી મોજશોખોને માટે એમને અત - કરણપૂર્વક તિરસ્કાર હતો અથવા તો તિરસ્કાર કરવો પડતો નિપુણચદ્ર જે વસ્તુને વિવેકથી "બેડીગ" કહેતા : તે રૂ, પગળ, કાથા અને કાગળના કચરાથી ભરેલુ, ભૂમિતિની અનેક આકૃતિઓના નમુના જેવા છિદ્રોવાળુ, અને ઠેકઠેકાણે ઉચા-નીચા ઢોળાવવાળુ ગાદલુ હતુ, જે દિવસે એક ફાટેલી જાજમમા વીટળાઇને પડી રહેતુ, અને રાત્રિએ થીગડાથી પુનરુધ્ધાર પામેલા ધોતીયાની ચાદર નીચે પથરાતુ આ "બેડીગ" જે ખૂણામા ગોઠવાયુ હતુ તેની સામેના ખૂણામા નિપુણચદ્રની "લાઇબ્રેરી" આવેલી હતી લાઇબ્રેરી માટે કબાટ ગોઠવવા જેટલી જગા "સ્ટડી" મા નહિ હોવાથી એ ગ્યાસલેટના ખોખામાજ તેનો સમાવેશ કરવામા આવ્યો હતો ખોખાના ખાનાઓમા જે પુસ્તકો સમાઇ નહોતા શકતા તે ખોખા ઉપર મૂકવામા આવ્યા હતા લાઇબ્રેરીની આ દીવાલ ઉપર "Knowledge is Power" (જ્ઞાન એ શક્તિ છે) નો મુદ્રાલેખ એક કાર્ડબોર્ડ ઉપર ચોડેલા કાગળ ઉપર પ્રકાશી રહ્યો હતો, કે જેથી નિપુણચદ્ર પોતાના "બેડીગ" ઉપર સુતાસુતા પણ એ મુદ્રાલેખના દર્શન કરી શકે એક બારી મૂકયા પછી આ દીવાલનો બીજો ભાગ હતો, અને તેના ઉપર "Life is earnest, Life is real" (જીવન ગભીર છે, જીવન સત્ય છે) નો મહામત્ર ટાગવામા આવ્યો હતો આ ખૂણામા ત્રણ પગવાળુ એક ચોરસ ટેબલ

ગોઠવાયુ હતુ ટેબલ ઉપર એલારમવાળો ઘડીઆળનો ડબ્બો, સેકંડના આકડાવાળો પણ સેકંડકાટા વિનાનો, પાછળની ભીતના આધારે પડ્યો હતો. "Life is earnest, Life is real" (જીવન ગભીર છે, જીવન સત્ય છે) ના મુદ્રાલેખ નીચે જીંદગીનો વીમો ઉતારનારી કોઇ કંપનીનુ તારીખીયુ ટીગાતુ હતુ, તારીખીયામા એક હાડપિંજર જેવા વૃદ્ધને એક તરૂણ અગ્રેજ છોકરી "Life is flitting, insure it ere it is gone" (દેહ ક્ષણભગુર છે અથવા તો જીદગી ઝડપથી ચાલી જાય છે, તે જતી રહે તેની પહેલા તેનો વીમો ઉતરાવી લીઓ) એ પ્રમાણે કહેતી ચીતરવામા આવી હતી, તેથી તારીખીયુ ચિત્રની ગરજ પણ સારતુ હતુ. તારીખીયાનો આ મુદ્રાલેખ નિપુણચદ્રના વાચવામા આવ્યો હતો કે નહિ તે અમારા જાણવામા નથી, અને વાચ્યો હશે તો "Life is earnest, Life is real" (જીવન ગંભીર છે, જીવન સત્ય છે) ના મુદ્રાલેખ નીચે તેને શા માટે ગોઠવેલ હશે તેનો ખુલાસો પણ અમારા ધ્યાનમા નથી, જો કે નિપુણચદ્રને ન્યાય આપવાની ખાતર, બને મુદ્રાલેખો ઘટાવી દેવા જેટલી તર્કશક્તિ એમનામા હતી તેની અહિ ખાત્રી આપવી એ અમે અમારી પવિત્ર ફરજ સમજીએ છીએ તારીખીયાની નીચે નિપુણચદ્રનુ ટાઇમ-ટેબલ ટાગવામા આવ્યુ હતુ, અને ટાઇમ-ટેબલ નીચે બરાબર એલારમવાળુ ઘડીયાળ શોભી રહ્યુ હતુ મતલબ કે આ દીવાલના કટકાની અદેખાઇ બીજી દીવાલોને તો શુ પરતુ નિપુણચદ્રને પોતાને થઇ આવતી.

અગ્રેજી ભાષા ઉપર પોતાને ખાસ પક્ષપાત નથી એમ

બતાવવાની ખાતર, કે ખાલી દીવાલનો ઉપયોગ કરી લેવા ખાતર, કે બીજા ગમે તે કારણથી એક ત્રીજો મુદ્રાલેખ ગુજરાતી ભાષામા લખાયેલો, "બેડીગ" અને "લાઇબ્રેરી" ની વચ્ચેની દીવાલ ઉપર દ્રષ્ટિગોચર થતો હતો મુદ્રાલેખ ટુકો પણ મામિક હતો "મનુષ્ય ધારે તે કરી શકે!"

આપણી આ કથા શરૂ થાય છે ત્યારે નિપુણચદ્ર પોતાના "સ્ટડી"મા ટેબલ પાસે નેતરની ગણાતી પરતુ ખરી રીતે મૂળ નેતરના ¾ ભાગ નેતર વિનાની ખુરશી ઉપર બેઠા બેઠા "ટાઇમ-ટેબલ" હાથમા લઇ વિચારમા ગરકાવ થયા હતા. વિચારમા ગરકાવ થવુ ને કદાચ વાચકને અસાધારણ સ્થિતિ લાગતી હશે, પરતુ નિપુણચદ્રને તેનુ વ્યસન હતુ એમ કહીએ તો પણ ચાલે છતા એટલુ કબૂલ કરવુ પડશે કે આજે તેના પોતાના વ્યસનના પ્રમાણમા પણ તે અસાધારણ ગરકાવ હતા કદાચ "ટાઇમ-ટેબલ"માથી કઇક ખુલાસો આપણે મેળવી શકીશુ "ટાઇમ-ટેબલ" નીચે પ્રમાણે હતુ —

"ટાઇમ—ટેબલ."

સવાર ૪ ૪૫ જાગૃત થવુ

,, ૪ ૪૫ થી ૫ ૫ દાતણ, શૌચ, સ્નાન

,, ૫ ૫ થી ૮ કૉલેજનો અભ્યાસ અને લખવાનુ.

(અહિ અભ્યાસના અનેક પેટાભાગ પાડવામા આવ્યા છે તે આ સ્થળે ઉપયોગી નહિ હોવાથી આપવામા આવ્ય નથી)

સવાર ૮ થી ૮-૨૦ એક્સ્ટ્રા અભ્યાસ

,, ૮-૨૦ થી ૮-૩૫ ટ્યુશન માટે વાચવાનુ

,, ૮-૫૦ થી ૯-૫૦ પ્રાઇવેટ ટ્યુશન

,, ૧૦-૧૫ થી ૧૦-૨૭ લૉજમાં ભોજન ,,
,, ૧૦-૩૬ થી ૧૦-૪૮ સવારે બાકી રહેલુ વાચન
પૂરૂ કરવુ અને પુનરાવર્તન
,, ૧૧ થી ૨ કૉલેજ,
સાંજે ૨ થી ૩ રીસેસમા લખવાનુ, અને
કૉલેજની લાઇબ્રેરીમા વાચવાનુ
,, ૩ થી ૫ કૉલેજ
,, ૫-૧૫ થી ૬ સાંજના ટયુશન માટે
વાચવાનુ
,, ૬-૧૫ થી ૭ા ફરવા જવુ
,, ૭-૩૦ થી ૭-૪૦ સાંજનુ ભોજન
,, ૮ થી ૯ સાંજનુ ટયુશન
,, ૯-૧૫ થી ૧૦-૪૫ અભ્યાસ
,, ૧૦-૪૫ થી ૪-૪૫ નિદ્રા

કેટલુ સુન્દર પ્રોગ્રામ! સમયનો કેટલો ઉત્તમ ઉપયોગ! જીવનશક્તિની કેટલી અજબ કરકસર! તરૂણાવસ્થામા કેટલો સતત ઉદ્યમ! જીંદગીની શરતમા કેટલી આગળ પડતી છલાગ! દુનિઆના આળસુ, મનમોજી, એશઆરામમા આળોટતા અથવા નિદ્રાના ઘેનમા ભાન ભુલેલા, સમયની કિમ્મત નહિ સમજનારા, પૃથ્વીપર ભારરૂપ, મૂર્ખ માનવીઓ કરતા પ્રભાતના આઠના ટકોરે બરાબર સવાત્રણ કલાક આગળ એટલે શુ? એટલે કે જગત્ કરતા સવાત્રણ કલાકમા મળી શકે તેટલુ વધારે જ્ઞાન, તેટલી વધારે બુદ્ધિ,

તેટલી વધારે શક્તિ, તેટલી વધારે આવડત, જીવનની શર તમા તેટલી વધારે પ્રગતિ! અને આ સર્વ એકજ દિવસના હિસાબે! ૩૬૫ દિવસનો હિસાબ ગણીએ તો ૧૧૮૬ કલાકની મુડીનો ઢગલો. તો પોતાનોજ, કે જ્યારે દુનિઆની મુડી તે અરસામા તદ્દન શૂન્ય ગણાય! અને દર વરસે ૧૧૮૬ કલાક મા શુ શુ ન થઈ શકે? ભાષા, વ્યાકરણ, સાહિત્ય, ઇતિહાસ, ગણિત, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાનશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ચિત્રકળા, શિલ્પકળા, નાટ્યકળા, સંક્ષેપમા કોઇ પણ એક કળા કે કોઇપણ એક શાસ્ત્ર ૧૧૮૬ કલાકમા હસ્ત મલાકવત કરવુ અસભવિત છે ખરૂ? અને જેટલી કર કસરથી સમયનો બચાવ કરવામા આવે તેટલી કરકસરથી જીવન જાળવી રાખ્યુ હોય તો પછી "હને વખત નથી," "આ હુ ક્યારે કરી શકુ ?," "અમુક કરવુ તો રહી ગયુ," "આશામા ને આશામાજ જીવન વ્યતીત થયુ," એવા નિશ્વાસો નાખવાનુ કારણ મળે ખરૂ ?

આ ઉપરથી વાચક નિપુણચદ્રના અષ્ટ ઉદ્યમનુ અને તેના ટાઇમ-ટેબલની મહાન કિમ્મતનુ માપ કરી શકશે. એક ક્ષણ પણ આ ટાઇમ-ટેબલની બહારની બાબતમા ગાળવી તે પોતાની જીદગી એક ક્ષણ ટુકી કરવા બરાબર તેઓ સમજતા હતા આજે સવારના ૫ ૫ થી ૮ સુધીના પ્રોગ્રામમા એક નવુ પ્રોગ્રામ ઉમેરાયુ હતુ, અને તેથીજ તેઓ અત્યત ચિતામા પડયા હતા કારણ કે એટલુ ધ્યાનમા રાખવાનુ છે કેજે કે સવારનુ ૫ ૫ થી ૮ સુધીનુ એકજ લાબુ પ્રોગ્રામ

હતુ, છતા તેમા નિપુણચદ્રથી જરાપણ ફેરફાર થઇ શકે તેમ ન હતો દાખલા તરીકે અભ્યાસના પેટા ભાગમા

"ઇતિહાસ—૪૨ મિનિટ,

અંગ્રેજી સાહિત્ય—૩૬ મિનિટ,"

એ પ્રમાણે એટલી બધી ચોકસાઇ અને કરકસરથી વખતની વહેંચણી કરવામા આવી હતી કે નવુ પ્રોગ્રામ આવતાં કયો વિષય ટુકાવવો અને કયો વિષય લબાવવો એ મહાપ્રશ્ન થઇ પડયો હતો.

હવે વાચક સમજી શકશે કે નિપુણચદ્ર આજે અસાધારણ રીતે શા માટે વિચારનિમગ્ન હતા સવારના ૬ ૪૦ સુધીનું પ્રોગ્રામ તો સાગોપાગ પાર ઉતર્યું, માત્ર જે વિષય ૬ ૪૨ સુધી વચાવો જોઇએ તે આ નવા પ્રોગ્રામના વિચારથી ૬ ૪૦ ને સમયે બધ પડયો

આ ચિતા ૬ ૪૦ થી ૬ ૫૩ સુધી ચાલી, પરતુ કશો માર્ગ નીકળ્યો નહી કારણ કે હવે બાકી રહેલા સમયમાં ઇતિહાસ અને અગ્રેજી સાહિત્યની ૪૨+૩૬=૭૮ મિનિટ અને મુલાકાતે આવનાર વ્યક્તિ જે વખત લઇ જાય તે બધો વખત કયાથી કહાડવો? આ વિચારમા ૧૩ મિનિટ ગુમાવી તેને માટે પસ્તાવો થયો પસ્તાવામા ત્રણ મિનિટ બીજી ગઇ. એટલામાં દિલાસો એટલોજ મળ્યો કે જે વ્યક્તિએ સવારના સાત વાગે આવવાનુ ચોકસ કર્યું હતુ તે ૬ ૫૬ ને સમયે આવી પહોચી

નિપુણચદ્ર ત્રીજે માળે રહેતા હતા ચાલીમાથી પ્રથમ

એમનો "ડ્રૉઇંગ રૂમ" આવતો, અને "સ્ટડી" ડ્રૉઇંગ રૂમનું અનુસંધાનજ હતું, માત્ર તફાવત એટલો કે વચમાં ગુણપાટનો પાર્ટીશન ઉભો કરવામાં આવ્યો હતો "સ્ટડી" માંથી ડ્રૉઇંગ રૂમમાં નજર પહોંચી શકતી, પરંતુ આજે ટેબલ બાજુના ભાગનું બારું બંધ હોવાથી અને આવનાર ડ્રૉઇંગ રૂમની એ બાજુના ભાગમાં ઉભેલ હોવાથી, નિપુણચંદ્ર તેને જોઇ શક્યા નહિ પરંતુ કદાચ આવનાર "સ્ટડી"માં આવીને ઉભત તોપણ નિપુણચંદ્ર પોતાની સમાધિમાંથી જાગૃત થાત કે નહિ તે શંકાસ્પદ છે દૈવયોગે આવનારની છત્રી તેના હાથમાંથી "ડ્રૉઇંગ રૂમ"ની જમીન ઉપર સરી પડી, અચાનક અવાજ થયો, અને નિપુણચંદ્રની સમાધિ ઉડી ગઇ પોતે એકદમ ખુરશીમાંથી બેઠા થયા, ટાઇમ-ટેબલ ટેબલ ઉપરજ રહેવા દીધું, "સ્ટડી"માંથી "ડ્રૉઇંગ રૂમ"ના બારણા પાસે જોવાને આવ્યા, ઉંબર પાસે આવતાં "મિસ સુધા"ને ડ્રૉઇંગ રૂમની લગભગ મધ્યમાં ઉભેલી જોઇ, જોતાંવારજ "ઓહો!" કરી, સ્મિત કરતા ડ્રૉઇંગ રૂમમાં દાખલ થયા.

પ્રકરણ બીજું.

અણધારી આફત.

મિસ સુધા અને નિપુણચંદ્ર ઘણી ગંભીર વાતચીતમાં ગુંથાયાં હતાં એ ઉભયના હાવભાવથી દેખાતું હતું. નિપુણચંદ્રને આશ્ચર્ય થયું કે આવી ગંભીર બાબત મિસ સુધાએ કૉલેજમાંજ કેમ ન કહી સુધાકુમારીએ ખુલાસો કર્યો, "કૉલેજમાં આવી વાતો સાંભળવાનો તમને વખતજ ક્યાં મળે છે?"

"એ હું કબૂલ કરૂં છું," સુધાની કટાક્ષ સમજ્યા વિના નિપુણચંદ્ર બોલ્યા

"પણ હવે તમારો અભિપ્રાય શો છે?" અધીરી સુધાએ પૂછ્યું,

"હું શી રીતે અભિપ્રાય આપી શકું?"

"શા માટે નહિ?"

"કારણકે હું એવી સ્થિતિમાં કોઈ દિવસ મૂકાયો નથી"

"મૂકાયા નથી તો હવે મૂકાશો"

"પણ હું સ્ત્રી જન્મ્યો હોઉં તો ને?" નિપુણચંદ્રે મુશ્કેલી રજુ કરી

"પરણવું એ સ્ત્રી અને પુરૂષને ઉભયને સામાન્ય છે"

નિપુણચંદ્ર ગુંચવાયા જુનિયર બી એ માં હતા છતાં સિનિયર બી એ ના વિદ્યાર્થીઓની ગુંચવણો એમણે ઘણી વાર ઉકેલી હતી, પરંતુ પોતાનાજ ક્લાસમાં હમેશાં પોતાની

મદદ માગનાર શ્રીવિદ્યાર્થી'થી આજે તે મ્હાત્ થયા કલાસમા પૂછવામા આવતા કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપવાને તે અશક્ત નહોતા થયા, તેથી આજે આ અનુભવથી પોતાનુ આત્મમાન ખડિત થયુ, ક્યક્ ડ્યક્ થતા ટેબલ ઉપર આગળાથી તાલ દેવા મડ્યા, અને મિસ સુધાની સામુ જોવા પ્રયત્ન કર્યો, સુધા તેની સામે એકી દ્રષ્ટિ જોઇ રહેલ હોવાથી પોતે શરમાઇને આસપાસ દૃષ્ટિ ફેકવાનુ શરૂ કર્યું, પણ ડ્રોઇગ રૂમમા ભીતો સિવાય દૃષ્ટિ ખેચે એવી બીજી કોઇ વસ્તુ નહિ હોવાથી લાચારીએ મૌન તોડવુ પડ્યુ,

"પણ આવી બાબતમા હું શી સલાહ આપી શકુ એ તો કહો"

"એટલુ કહી શકુ તો તમને પૂછવા અહિ સુધી શા માટે આવુ ?" સુધાએ સ્મિત કરી ઉત્તર આપ્યો

સુધાનો ઉત્તર સાભળીને પદર સેકડ પછી નિપુણચદ્રને ભાન થયુ કે પોતે મૂર્ખાઇભરેલો પ્રશ્ન પૂછ્યો હતો, તેથી પોતાનુ સ્મિત પણ પ્રસગ ગયા પછી પ્રકાશ્યુ.

"વારૂ તમારા પિતાની ઇચ્છા તમે જાણી !" નિપુણચદ્રે ગુચવણ દૂર કરવાનો પ્રયત્ન કર્યો

સુધાએ ખુલાસો કર્યો "મ્હારા પિતા સાથે વાત કરવાનો પ્રસંગ હજુ આવ્યો નથી, અને પ્રસગ આવશે ત્યારે તેમની ઇચ્છા જાણવા જેટલી મ્હારામા હિમ્મત આવશે કે નહિ તે કહી શકાય નહિ પણ એમનુ મન હુ જાણુ છુ, આવુ શ્રીમત કુટુબ, શ્રીકાત વિલાયતી જેવા અમારી જ્ઞાતિના

આબરૂદાર અને અગ્રેસર શેઠ, અને તેનો વેપારી બુદ્ધિવાળો ચાલાક પુત્ર મણિકાંત, 'આવી સરખાઇ મારા પિતા તોડી નાખે એમ લાગતું નથી, આ કુટુંબની જ્યારે જ્યારે તે વાત કરે છે ત્યારે 'સોનું ને સુગંધ', શબ્દો વાપર્યા વિના રહેતા નથી હવે સોનું તો હું જોઇ શકું છું, પણ મ્હારા પિતા સુગંધ ક્યાં જોઇ ગયા તેની મને સમજ પડતી નથી ''

"સુગંધ સુંઘી શકાય, જોઇ શકાય નહિ," નિપુણચંદ્રે લાંબી મુદ્દતે વિનોદથી બોલવાનું શરૂ કર્યું, "પણ જ્યારે તમારા પિતાની ઇચ્છા આ પ્રમાણે છે, ત્યારે તમને શો વાંધો છે?"

દિલાસો અને સલાહ લેવા આવનારીને આઘાત થયો, મ્હોં પડી ગયું, ગૌર ગાલ ઉપર લજ્જા અને લાચારીના શેરડા પડ્યા, અને મહા મુશીબતે ઉત્તર આપ્યો "મને ગમે તે વાંધો હોય, પણ તમને તો કાંઇ વાંધો છેજ નહિ ને?"

આનો શો ઉત્તર આપવો તે સ્કૉલર નિપુણચંદ્રને સૂઝયું નહિ, તેથી અનાયાસે માથા ઉપર હાથ મૂકાયો અને વાળ પંપાળવાનું શરૂ થયું તુરતજ એમને ભાન થયું કે આવી ચેષ્ટા તો વિદ્યાર્થીઓજ કરે છે, તેથી હાથ પાછો ટેબલ ઉપર ટેકવ્યો અને બોલવા પહેલા ખોખારો માર્યો ખોખારો પૂરો થયો, પણ શું બોલવું તે મનથી ચોક્કસ થયું નહોતું; સદ્‌ભાગ્યે સુધાએ આગળ ચલાવ્યું,

"નિપુણચંદ્ર! તમે આવા લાગણી વિનાના હશો તે મેં આજેજ જાણ્યું. મણિકાંત સાથે મારા લગ્ન થાય તો મારાં

અને તમારા સ્વપ્નાઓનું શુ થાય એનો વિચાર તો કરો કદાચ પરણીને હુ સુખી પણ થાઉ, પણ પછી આપણી ભવિષ્યની આશાઓનું શું? સમાજસેવાનુ શું? દેશોન્નતિનું શું? તમે ને મે અત્યારસુધી કરેલા વિચારો અને બાંધેલી ભાવનાઓનું શું? સાથે બેસીને વાતો કરી, સાથે બેસીને કાર્યક્રમો ગોઠવ્યા, સાથે બેસીને ભવિષ્યની સૃષ્ટિ રચી, અને સાથે બેસીને સમાજની ખાતર મહાભારત મહેનત ઉઠાવવા નિશ્ચય કર્યો, છતા આજે તમે ને હુ જાણે જૂદા હોઇએ તેમ મને પૂછો છો કે પિતાની ઇચ્છા હોય તો તમને શો વાંધો છે!"

સુધાના સૌંદર્યનુ ભાન આજે પ્રથમજ નિપુણચદ્રને થયુ બોલવાના જોસમા સુધાના માથા પરનો સાડીનો છેડો ખસી જતા એના તેજમા અને સૌંદર્યમા અનેરી વૃદ્ધિ થયેલી જણાતી હતી સુધામા આટલી બધી વકતૃત્વશકિત છે તે પણ નિપુણચદ્રે આજેજ અનુભવ્યુ. નિપુણચદ્રની પ્રથમની હાસ્યજનક ગભીરાઇ પળવારમા બદલાઇ ગઇ, અને હવે હકીકત કઇક સમજયો હોય તેમ સાવચેત થયો.

"મારા શબ્દોથી તમને માઠુ લાગ્યુ હોય તો હુ ક્ષમા માગુ છુ મારો ભાવાર્થ જૂદોજ હતો શ્રીકાત શેઠના કુટુબનો મને પરિચય નથી એટલે એના કુટુબ સામે તેમજ જેની સાથે તમારો સબંધ બધાયો છે તે મિસ્ટર મણિકાત સામે આ ઉપરાત બીજુ કાઇ કહેવા જેવુ છે કે નહિ એટલુજ હું જાણવા માગતો હતો"

સુધા કઇક શાત પડી. "બીજી ગમે તેટલી મુશ્કેલીઓ

હોય, પણ મારા મનથી તમારી અને મારી આશાઓનું આથમી જવું તે મોટામાં મોટી આફત છે ”

“એ હું એક વાર નહિ, પણ હજાર વાર કબૂલ કરૂં છું અને અમને ઉદ્દેશીને જ તમે મારો સ્વતંત્ર અભિપ્રાય પૂછતાં હો તો આ લગ્ન માટે હું કદિ પણ સલાહ આપી શકું તેમ નથી કુંવારા રહી જે કાર્ય આપણે કરી શકીશું તે પરણ્યા પછી નહિ થઇ શકે, સુધા!”

આ નવી આફત માટે સુધા કુમારી તૈયાર નહોતી આવા શુષ્ક સિદ્ધાંત માટે નિપુણ ઉપર રીસ ચ્હડી, પણ “સુધા” ના હેતભર્યા નામથી પોતાને સંબોધવાની નિપુણે આજે પહેલીજ શરૂઆત કરેલી હોવાથી રીસ નરમ પડી, એટલુંજ નહિ પણ હૃદયમાં સ્નેહનો ઉમળકો આવ્યો પરંતુ ‘સુધા” શબ્દ બોલાયા પછી નિપુણચંદ્ર શરમાયો, અને છેલ્લો શબ્દ “સુધા” જાણે લખાઇ ગયો હોય અને તે છેકી નાખવાને પ્રયત્ન કરતો હોય તેમ બીજા થોડા શબ્દો તેણે ઉમેર્યા,

“આપણે પરસ્પર એક બીજાના હૃદય જેટલા ઓળખીએ છીએ તેટલાં બીજું કોઇ ઓળખી શકે તેમ નથી”

સુધાને આ સ્નેહાલાપથી અનેરી શાંતિ થઇ, પણ “સુધા” શબ્દ સુધારવાના હેતુથી આટલો ઉમેરો કરનાર યુવક ન્હાની મુગ્ધાની માફક શરમાઇ ગયો સ્ત્રીઓ સાથે કેવી રીતે વાત કરવી તેનું પોતાને ભાનજ નથી એમ મગરૂર નિપુણે મનથી કબૂલ કર્યું જોકે સુધાકુમારીને ગુપ્ત દિલાસો મળ્યો કે પોતે ધારતી હતી તે ખામી નિપુણમાં નથી,

એટલુંજ નહિ પણ નિપુણ ધારે તો જેમ બુદ્ધિના વિષયમાં બીજાઓને મ્હાત કરે છે તેમ રસિકતામાં પણ સર્વથી શ્રેષ્ઠ રીતે પ્રકાશી શકે તેમ છે.

"તો પછી હવે આ આફતમાંથી મુક્ત શી રીતે થવું ?" સુધાએ અંતિમ પ્રશ્ન પૂછયો.

"હાલ એ સવાલ ઉભો થતોજ નથી તમારા કહેવા પ્રમાણે હજુ તો શ્રીકાન્ત શેઠ લગ્નની હીલચાલ કરે છે જયારે લગ્નનું ચોકસ થાય ત્યારે તમારા પિતાને તમારે સાફ સાફ ના પાડી દેવી એજ મારા મનથી ઉત્તમ રસ્તો છે ત્યાંસુધી જોયા કરો કે શું થાય છે," આ સલાહ આપતા આપતા નિપુણચંદ્રને પોતાને આશ્ચર્ય થયું કે આટલી વ્યવહારકુશળતા એનામાં કયાથી આવી.

પણ સુધાની મુશ્કેલીમાં વ્યવહારકુશળતાની મગરૂરી ગળી ગઇ

'એ આશા વ્યર્થ છે. મારા પિતા મને પૂછવાનાજ નથી, અને પૂછશે તો મારૂં માનવાનાજ નથી"

"આવા કેળવાયલા અને સુધરેલા વિચારના માણસ આમ કરે એ સંભવિત છે?"

"એ સુધરેલા વિચારના છે એ તમે શાથી જાણ્યું ?"

"તમને બી એ સુધી અભ્યાસ કરવા દીધો અને ૧૮ વર્ષ સુધી કુંવારા રહેવા દીધા એજ બતાવે છે કે તમારા પિતા ઘણા આગળ પડતા વિચારના હોવા જોઇએ"

"આ બધી સ્થિતિ માટે એમની કેળવણી જવાબદાર

નથી, પરતુ સજોગો જવાબદાર છે એ કર્મકથા વળી આગળ ઉપર તમને કહીશ."

"ત્યારે તમે શુ ધાર્યુ છે એ તો કહો," નિપુણચદ્રે પોતાની અશંકિત જાહેર કરી

"ત્યારે તમારી પાસે કાઈ રસ્તો છેજ નહિ ને?" સુધાએ સ્મિતપૂર્વક પૂછતા ટેબલ ઉપર એક હાથની કોણી ટેકવી લમણે હાથ મૂકયો

નિપુણે બહુ લાચારીથી જણાવ્યુ, "ખરેખર, આ બાબતમા મને સમજ પડતી નથી"

"જુઓ, ત્યારે મે શુ ધાર્યુ છે તે કહુ?" સુધાએ ખુરશી પાસે ખસેડી, અને હાથ ટેબલની કિનારી ઉપર અદબ વાળી ગોઠવ્યા, અને પોતાની તેજસ્વી આખો નિપુણચદ્રની આખોમા પરોવી દેતી હોય તેમ તેની સામે તાકી

"શુ?" નિપુણે તુરતજ પૂછ્યુ

ઉત્તર આપવાને બદલે સુધા એકી ટશે નિપુણની સામે જોઈજ રહી

"કહો તો ખરા, શુ ધાર્યુ છે?" નિપુણે અધૈર્ય બતાવ્યુ

સુધાની આખોનુ ટીખળ વધ્યુ નિપુણથી ન રહેવાયુ અને બોલી જવાયુ "હવે બોલવુ છે કે તોફાનજ કરવુ છે?"

સુધા ખડખડ હસી પડી, શાત પડી, અને ટીખળી ગભારાઈથી બોલી "કેવા અધીરા થઈ ગયા! નિપુણચદ્ર, તમારો આ ગુણ તો મે આજેજ જોયો હવે તમને વધારે અધીરા

કરવા તે ઠીક નહિ જુઓ, હુ જે વાત કહુ તે ક્યાય બહાર ન જાય ”

“કદિ નહિ,” નિપુણે ખાત્રી આપી

“ત્યારે મે ઘેરથી ન્હાસી જવાનો નિશ્ચય કર્યો છે, સમજ્યા?”

નિપુણ ચમક્યો “પણ શા માટે?”

“તમને કહી તે આફતમાથી બચવાને!”

“બીજો એકે માર્ગ નથી?”

“નહિ, એકે નથી”

“આ માર્ગમા હુ સમત થઇ શકુ તેમ નથી”

“ત્હમારે સમત થવુ જ પડશે,” સુધાએ ટેબલપર મુક્કીનો પ્રહાર કરી નિશ્ચય બતાવ્યો

“તમે ન્હાસી જશો તો પછી આપણે સાથે મળી કાર્ય શી રીતે કરી શકીશુ?”

“એટલા માટે તો હુ તમને કહેવાને આવી છુ કે ત્હમારે પણ સાથે આવવાનુ છે”

“મ્હારે પણ સાથે ન્હાસવાનુ?” નિપુણચદ્રે અને તેના દરેકે દરેક અગે આશ્ચર્યની પરાકાષ્ઠા અનુભવી

“સાથે ન્હાસવાનુ નહિ, આવવાનુ,” સુધાએ આશ્વાસન આપ્યુ

“પણ આપણા અભ્યાસનુ શુ?” નિપુણની મુશ્કેલીઓ વધતી ચાલી

"અભ્યાસ સાથે થશે"

"બી એ માટે કરેલી મહેનત એક વર્ષ માટે ફેંકી દેવી?"

"હમે. શું બી એ. ની ડિગ્રીથી દુનિઆનો ઉદ્ધાર કરવા માગો છો?"

"પણ હજુ આ પ્રસગ આવશે ત્યા તો છેલ્લી પરીક્ષા આવી જશે" નિપુણે વાત ફેરવવા પ્રયત્ન કર્યો

"નહિ, નિપુણચદ્ર! મ્હારે મુબઇ આવતી કાલેજ છોડવું જોઇએ નહિતર પછી બાજી આપણા હાથમા રહેવાની નથી"

"મને તમારા કહેવામાં બિલકુલ સમજ પડતી નથી"

સુધાના મુખ ઉપરના ભાવો અચાનક બદલાયા, ખુરશી ઉપરથી તે ઉભી થઇ ગઇ અને નિપુણની પાસે આવી ગભીર રીતે બોલી "ત્યારે મ્હારે હમને ખરી હકીકત કહેવીજ પડશે? સાંભળો લગ્નની તૈયારીઓ થવા માડી છે, અને હમારે હજુ બી એ ની પરીક્ષા પૂરી કરવી છે"

નિપુણચદ્ર તો સ્તબ્ધજ થઇ ગયા "ત્યારે આ બધી હકીકત તમારે મને પહેલેથીજ કહેવી નહોતી?"

"વારૂ, પણ હવે તો તૈયાર છો ને?"

"કયા, તમારી સાથે આવવાને?"

"હા મારી સાથે 'ન્હાસવાને'!"

"પણ કયા? કેવી રીતે?"

"તે પછી, પ્રથમ હા કે ના કહો"

"પણ મ્હારી પાંસે કંઇ સાધન નથી, મારી સ્કોલરશિપના પૈસા હજુ મને મળ્યા નથી, અને મારી સ્કોલરશિપ અને મારા ટ્યુશન ઉપર મારી આજીવિકા છે તે તમે જાણો છો.'

"એ બધી મુશ્કેલીઓનો રસ્તો પછી થશે. મારા ઉપર વિશ્વાસ હોય, મારી સાથે લોકસેવા કરવી હોય, લાંબા સમયના ઉભયના સ્વપ્નો ખરાં કરવાં હોય, કલ્પનાથી જોયેલું ભવિષ્ય સાક્ષાત્ જોવું હોય, તો હા કહો, નહિતર હું મારે રસ્તે, તમે તમારે રસ્તે."

"સુધા! આપણે ખરેખર એવી આફતમાં છીએ કે આપણે આ માર્ગ ગ્રહણ કરવોજ જોઇએ?"

"નિપુણચંદ્ર! મ્હારા શબ્દોમાં વિશ્વાસ નથી?"

નિપુણ મ્હાત થયો. "ત્યારે કબુલ છું. તમારે માટે અને જનસમાજ માટે તમે કહો તે આત્મભોગ આપવા તૈયાર છું."

પ્રકરણ ૩ જું.

કૉલેજમાં પ્રેમદર્શન.

નિપુણચંદ્રે સ્વપ્નામાં પણ ધાર્યું નહોતુ કે નવલકથામા આવતા અદ્‌ભુત બનાવો પોતાની જીંદગીમાજ બનશે અભ્યાસ, સમાજ અને સેવાનીજ વાતો કરનાર સુધાકુમારી લગ્નની પણ વાતો કરી શકે, એટલુજ નહિ પણ પોતાને પણ એ વાતોમા ભાગ લેવો પડે એજ નિપુણચંદ્રના મનથી એક અદ્‌ભુત બનાવ હતો, તો પછી ત્યાથી માડીને ન્હાસવા સુધીના નિશ્ચય સબધી તો પુછવુજ શુ ?

અત્યાર સુધી નિપુણચંદ્ર સુધાકુમારીના જીવનને દોરી જતો હતો એમ ઉભયનો અનુભવ હતો, પરતુ હવે તો સુધાના પ્રવાહમા પોતે તણાવાનો આરભ કર્યો હોય, અને બધી પરિસ્થિતિ ઉલટપાલટ થઇ ગઇ હોય એવુ નિપુણને ભાન થયુ અને સુધાના જીવન ઉપર નિપુણે જાણતા અજાણતા જે કાબુ મેળવ્યો હતો તેનો વિચાર કરીએ તો નિપુણને આ નવી પરિસ્થિતિ અત્યત વિચિત્ર ભાસે તેમાં નવાઇ નથી

સુધા પોતાનો અભ્યાસ બી એ સુધી વધારી શકી તેનું મૂળ કારણ નિપુણજ હતો પોતે શ્રીમત કુટુબમા જન્મેલી હોવાથી કૉલેજમા સ્વાભાવિક રીતે જુદી પડી જતી, અને તેથી આવિદ્યાર્થીઓની મિત્રતા મેળવી શકી નહિ અને કૉલેજના છોકરાઓ સાથે છોકરીઓનો પરિચય તો ઓછો હોયજ આ

મુશ્કેલી ઉપરાંત સુધાનો સ્વભાવ બીજી છોકરીઓ જેટલો મળતાવડો ન હતો, તેમ પોતે પોતાના રૂપલાવણ્યમાં બીજી છોકરીઓ જેટલી ટાપટીપ રાખી શકતી નહિ. કેટલીક વાર રજાના કલાકમાં કૉલેજની લાઇબ્રેરીમાં 'વાંચનાગાર'માં સુધા અને નિપુણ બેજ જણ દૃષ્ટિએ પડતાં. આવું એકાંત બંને પ્રીવિયસ ક્લાસમાં હતાં ત્યારથીજ મળવા માંડ્યું, પરંતુ હજુ કોઈ દિવસ એક બીજા સાથે એક મિનિટ પણ વાત કરવાનો પ્રસંગ આવ્યો ન હતો. છતાં આખા ક્લાસમાં સુધાને કોઈ વિદ્યાર્થી માટે માન હોય તો તે નિપુણચંદ્રજ હતો. એક તો નિપુણચંદ્ર કૉલેજમાં પહેલો સ્કૉલર હતો, વળી પ્રોફેસરોનો માનીતો હતો, અને સુધાના પહેરવેશ સંબંધી, તેની વિચિત્રતા સંબંધી, તેની શ્રીમંતાઈ સંબંધી, આખા ક્લાસની બધી છોકરીઓ તેમજ છોકરાઓએ સીધી કે આડકતરી રીતે અનેક ટીકાઓ કરવામાં ભાગ લીધો હતો છતાં નિપુણચંદ્ર તેથી તદ્દન અલગજ રહ્યો હતો તે સુધા જોઈ શકી હતી. આ બધાં કારણોથી સુધાના હૃદયમાં નિપુણને માટે કંઈક અવર્ણનીય ભાવ ઉત્પન્ન થયો હતો, અને નિપુણને પણ કંઈક અકથનીય સંતોષ થતો હતો કે તેણે હજુ સુધી સુધાની યત્કિંચિત નિંદા કરવાની અસભ્યતા બતાવી ન હતી.

પ્રીવિયસમાં હતાં ત્યારે પહેલાજ ટર્મની આખરમાં બંનેનું એક વાર મૌન મીલન થયું. કૉલેજમાં બપોરની રજાનો કલાક હતો. લાઇબ્રેરીમાં સાતેક જણ હતાં, તેમાં નિપુણ અને સુધા પણ જુદાં જુદાં ટેબલ ઉપર વાંચતાં હતાં. બાકીનાં પાંચે જણ

એક ટેબલની આસપાસ તોફાન અને હસાહસ કરી રહ્યા હતા. હસાહસ પોતાને ઉદ્દેશીને છે એમ સુધાને ભાન થયું, અને વાંચવામાંથી ધ્યાન ઉડી ગયું પાંચમાં બે પારસી છોકરીઓ હતી તેઓનું 'હસવું' એટલે સુધી વધ્યું કે એજ મંડળના એક પારસી યુવકને બોલવું પડ્યું કે—

"અહિં બીજાઓ વાંચે એવનને ટમે ડિસ્ટર્બ (વિઘ્ન) કરોચ!" પણ આ શબ્દો નીકળ્યા કે તુરતજ મંડળના નેતા એક બીજાં પારસી વિદ્યાર્થી ખડખડાટ હસીને બોલી ઉઠ્યા.

'ગુડ બોય! હિયર, હિયર!'

ત્રીજા ગુજરાતી વિદ્યાર્થીએ ડહાપણ બતાવ્યું

"જમસેદ! તું ધન્નોજ તોફાની છે';

જમશેદે જવાબ આપ્યો

"ઠીક કયું, દીકરી!"

આખું આખું મંડળ ખડખડાટ હસી પડ્યું અને લાઇબ્રેરીમાં કોલાહલ મચી રહ્યો નિપુણનો મિજાજ હાથથી ગયો હતો, તેણે પુસ્તકમાંથી આ તોફાની મંડળ સામું ભવાં ચઢાવી જોવા માંડ્યું અને ક્ષણવાર સુધાના ટેબલ તરફ દૃષ્ટિ કરી તો સુધા પણ ખીજવાયેલી આંખોથી તેઓની સામે જોતી દેખાઇ સુધાએ તેજ ક્ષણે નિપુણના ટેબલ સામે જોયું તો ઉભયની દૃષ્ટિ મળી આ મૂર્ખાઓની મૂર્ખાઇ સંબંધી ઉભય એકમત થયા હોય તેમ દૃષ્ટિએ દૃષ્ટિને ઝીલી, બંનેને આશ્વાસન મળ્યું, અને આ ભયંકર કોલાહલમાં એકએકથી દૂર બેઠેલા આ યુગલે અપૂર્વ શાંતિ અનુભવી તેજ વખતે કોલેજનો ઘંટ થયો,

પચમ્રાર્ત બહાર નીકળી સુધાએ પુસ્તક બધ કર્યું, ખુરશી પરથી બેઠી થઇ, લાઇબ્રેરીના બાર આગળ આવી, પાછુ ફરીને પળવાર જોયુ, પુસ્તકો ભેળા કરતા કરતાં નિપુણે દરવાજા તરફ નજર કરી હોય એમ ઇસંભયુઁ 'ભાન' થયું, 'અને તુરતજ ચાલતી થઇ

આ બનાવ પછી ઉનાળાની રજા પડી, કોલેજ પાછી શરૂ થઇ, પરતુ સુધાએ આશા બાંધી હતી તેમ નિપુણની મિત્રતા બાધવાનો પ્રસગ એકદમ આવ્યો નહિ. તોપણ સુધાને એટલો લાભ થયો કે શરૂઆતમા કૉલેજ માટે જે કંટાળો ઉત્પન્ન થયો હતો, અને પોતે પોતાને એકલી પડી ગયેલી માનતી હતી, તે લાગણી ધીમે ધીમે ઓછી થઇ. હાઇ સ્કુલનો અભ્યાસ સુધાએ છોકરીઓની ખાસ સ્કુલમાજ કર્યો હતો તેથી ત્યા જો કે બીજી છોકરીઓ કરતા પોતાનો સ્વભાવ ઓછો મળતાવડો હતો તો પણ કેટલીક સાથે મિત્રાચારી પોતે કરી શકી હતી, અને પોતાને કોઇનુ હાસ્યપાત્ર થવાનો પ્રસગ તો કોઇ દિવસ આવ્યો ન હતો હાઇસ્કુલમા પણ તોફાની વિદ્યાર્થીઓ નહોતી એમ ન હતુ, પરતુ નહાની વયના બાળકોની મશ્કરીમા કે નિદામા એટલી કડવાશકે કઠોરતા કદાપિ પણ જોવામા આવતી નહિ કે જેનો અનુભવ પોતાને કૉલેજમા મોટી વયની છોકરીઓ અને છોકરાઓએ કરાવ્યો એટલુજ નહિ પણ હાઇ સ્કુલમા પ્રિન્સિપાલ, શિક્ષકો, કલાર્કો અને કન્યાઓ. સર્વ તરફથી તે માન પામી હતી અને એક બુદ્ધિશાળી અને તેજસ્વી બાળા તરીકે ઓળખાતી હતી પરતુ કૉલેજમા દાખલ થતા ત્યાના નવીન

વાતાવરણે શરૂઆતમાજ સુધાની આશાઓ નષ્ટ કરી, તેનું આત્મમાન ખંડિત કર્યું, અને કૉલેજમા એક બીજા પ્રતિ બનાવવામા. આવતી બેદરકારી જોઇ પોતે એકલી પડી ગઇ હોય એમ તેને અનુભવ થયો. બે માસના આ કડવો અનુભવ લીધા પછી પોતે બી .એ ની ડિગ્રિ લેવાના જે સ્વપ્ન બાધ્યાં હતા તે આપોઆપ શમી ગયા, અને ગમે તેમ કરી આ પ્રીવિયસનુ વરસ પુરૂ કરી અભ્યાસ માડી વાળવાનો નિશ્ચય કર્યો.

આવી માનસિક સ્થિતિમા લાઇબ્રેરીના બનાવથી સુધાના હૃદયને આશ્વાસન મળ્યુ,. અને કૉલેજના અભ્યાસમાં રસ ઉત્પન્ન થયો બીજા ટર્મની શરૂઆતમા જો કે નિપુણ સાથે વાત કરવાની તક નજ આવી અને જોઇએ તેવુ એકાત પણ ન મળ્યુ, તો પણ એકાદ માસ પછી એક એવો પ્રસગ બન્યો કે જે પ્રસગે સુધાનો જીવન પ્રવાહ બદલાવી નાખ્યો

એક દિવસે "A modern Utopia" ("એક અર્વાચીન ભાવનાસૃષ્ટિ") નામનુ પુસ્તક કોઇ કલાસમા ભૂલી ગયુ પાછળથી કૉલેજનો પટાવાળો કલાસમા બારણા બધ કરવા આવ્યો, ત્યારે આ પુસ્તક હાથમા આવ્યુ સર્વ વિદ્યાર્થીઓ ઘેર ચાલ્યા ગયા હતા, છતા સુધા પોતાની ગાડીની રાહ જોતી ઉભી હતી પટાવાળાએ આવી પુસ્તક સુધાના હાથમા મૂકયુ, અને પૂછ્યુ,

"આ ચોપડી તમારી છે? કલાસમા રહી ગઇ હતી"

સુધાએ પૂઠુ ઉઘાડી અદર નિપુણચદ્રનું નામ વાચ્યું.

અને ચોપડી પાછી આપતા આપતા બોલી.

"ના, મ્હારી નથી મિ૦ નિપુણચદ્રની છે."

પટાવાળાએ હજુ પુસ્તક પાછુ લીધુ નથી ત્યા ક્ષણવારમા સુધાને નવીન વિચાર સ્ફુર્યો;

"કાઇ નહિ, લાવ, કાલે હુ જ એને પાછી આપી દઇશ. મ્હારા કલાસમાજ છે"

પટાવાળાને નિરાત થઇ, અને "બહુ સારૂ" કહી ચાલતો થયો

સુધાને અપૂર્વ આનદ થયો, અને જાણે પોતાને નિપુણચદ્ર સાથે લાબા સમયની મૈત્રી હોય એવુ ભાન થયુ ઘેર જઇ ફરી ફરીને નિપુણચદ્રનુ નામ વાચ્યુ, અને અક્ષરનો વળાક ધારી ધારીને જોયો. અક્ષરનુ સૌદર્ય જોઇ એ અક્ષર લખનાર ઉપર વ્હાલ આવ્યુ બીજે દિવસે એ પુસ્તક તેને હાથોહાથ આપવાનો નિશ્ચય કર્યો, અને ત્યારે શુ બોલવુ અને કેમ વર્તવુ તેના વિચારમા દસ પદર મિનિટ નીકળી ગઇ અનાયાસે પુસ્તકના પાના ફેરવ્યા તો ઠેકઠેકાણે નિપુણચદ્રે લાલ પેન્સિલથી કરેલી નિશાનીઓ જોવામા આવી. નિશાનીવાળા ફકરાઓ વાચવા માડયા. વાચતા વાચતા પુસ્તકના વિષયમા અજબ રસ પડયો આવુ ઉત્તમ પુસ્તક વાચનાર માટે માનવૃત્તિ થઇ વળી વિચાર આવ્યો કે કાલે પુસ્તક આપવા વખતે શુ કહેવુ. અને પુસ્તક આપી દીધા પછી? "તમારો આભાર માનુ છુ"—વિશેષ એથી સબધ ન્હબાશે ખરો? આવી છુટ લેવા માટે ખોટો વિચાર તો

નહિ ખાશે ને? કદાચ તેને પોતાને પણ આ ગમતુ હોય. મ્હારે માટે લાગણી છે એતો ચોક્કસ. નહિતર બીજાઓ ટીકા કરે છે છતા તે કેમ નથી કરતા? અને તે દિવસે લાઇબ્રેરીમાં મારી સામે જોવાનુ કારણ શું? તો પછી આ તકનો લાભ શા માટે ન લેવો? પણ પુસ્તક આપી દીધા પછી તો તક પૂરી થાય છે હા, પણ પુસ્તક વાચવાને માટે માગી શકાય. એનાથી ના નહિ પડાય એટલે પરિચય વધવાનો કદાચ તેણે પુસ્તક પૂરૂં કર્યું નહિ હોય તો? તો વાચીને આપશે, પણ એ બ્હાને વાતચીત કરવાનો તો પ્રસગ મળશે બસ એ યુક્તિ ઠીક છે આ પ્રમાણે સુધાકુમારીની વિચારમાળા છેવટે આ યુક્તિ ઉપર આવીને અટકી

બીજે દિવસે નિપુણચદ્રે ક્લાસમા આવતાજ ખોવાયેલા પુસ્તકની શોધ કરી, પણ પત્તો લાગ્યો નહિ સુધાએ આ સર્વ દૂરથી જોયુ, પરતુ ઘટ વાગવાને એક બે મિનિટ બાકી હતી તેથી આ વખતેજ નિપુણને મળવાનુ યોગ્ય ધાર્યું નહિ, કારણ કે તે જાણતી હતી કે બે મિનિટમા કશી વાત ચીત થઇ શકશે નહિ, અને બીજા વિદ્યાર્થીઓની હાજરીમા નિપુણ પાસે જવા જેટલી પોતાનામા હિમ્મત પણ ન હતી પરતુ નિપુણે પુસ્તક શોધ્યુ અને છતા તે પોતાની પાસેજ સુધાએ રહેવા દીધુ એ વિચારથી સુધાને ખોટુ લાગ્યુ, અને પોતે જાણે કે પુસ્તક ચોર્યું ન હોય એવો ક્ષોભ થયો એ ક્ષોભ પાછો રજાનો ઘટ વાગ્યો ત્યારેજ ઓછો થયો

રજાનો ઘંટ વાગતા કેટલાક વિદ્યાર્થીઓ કોલેજના બગીચામા, કેટલાક કૉલેજના રૂમમા તો કેટલાક કોલેજ ક્વાર્ટર્સમા ગયા ઘણા જણા કલાસમાજ વાતોના ગપાટા મારવા ઉભા નિપુણ લાઇબ્રેરીમાંજ સીધો ગયો. સુધા તેની પાછળ પુસ્તક લઇને ઉપડી લાઇબ્રેરીના બાર આગળ સુધાએ નિપુણને પકડી પાડયો

"મિસ્ટર નિપુણચંદ્ર" નામ સાભળી નિપુણ ચમક્યો આટલા મધુર અવાજથી નિપુણચંદ્રને કોઇ સ્ત્રીએ બોલાવ્યો હોય તો આ પહેલીજવાર પાછું ફરીને જુએ છે તો સુધાને પોતાના તરફ ઉતાવળી આવતા જોઇ

"માફ કરજો આ હમારી બુક ત્હમે કાલે કલાસમા ભુલી ગયા હતા" એમ કહી સુધાએ પુસ્તક નિપુણને આપવા ધર્યું

"ઘણો ઉપકાર થયો હુ ક્યારનો શોધતો હતો.' મ્હે ધાર્યું જ હતુ કે હુ કલાસમા ભૂલી ગયો હઇશ," નિપુણે પુસ્તક હાથમા લેતા લેતાં ઉપકારની લાગણી પ્રદર્શિત કરી અને લાઇબ્રેરીમા જવા માડયુ

ઘેરથી ચોક્કસ કરેલી બાબત કહેવાની સુધાની હિમ્મત કોણ જાણે કયા ચાલી ગઇ? યંત્રની માફક પોતે પણ નિપુણની પાછળ લાઇબ્રેરીમા ઘસડાણી. સદભાગ્યે લાઇબ્રેરીમા બીજુ કોઇ ન હતુ

નિપુણ હમેશા જે ટેબલ ઉપર વાચતો તે તરફ તેણે જવા માડયુ, સુધાને ખેદ થયો કે તક હાથથી ગઇ. એ ખેદ થતાજ ભયંકર નિરાશા અનુભવી, અને નિરાશા સાથે પ્રથમ

નિશ્ચય મન આગળ ખડો થયો. "હમણાંજ અથવા તો કોઇ દિવસ નહિ" (Now or never) આ શબ્દો મનમા બોલાઇ જવાયા, અને ગમે તેમ કરી પુસ્તક વાચવાને માગવુ તો ખરૂ જ એમ નિશ્ચય કરી નિપુણ જ્યાં બેઠો હતો ત્યા આવેલા એક કબાટમાથી કોઇ ચોપડી કહાડવાના બહાનાથી નિપુણ તરફ ગઇ કબાટમા ચોપડીઓના નામ વાચતી હોય એમ ઘડીભર ડોળ કર્યો નિપુણ પાસેજ બેઠો હતો, અને એક પુસ્તક ઉઘાડીને તેણે વાચવુ શરૂ કર્યું હતુ.

નિપુણના ટેબલ પાસે સહસા આવી સુધા બોલી "માફ કરજો તમારા વાચવામા ડિસ્ટર્બ કરૂ છુ પણ મ્હારે ત્હમને પૂછવુ હતુ"

"કાઇ વાધો નહિ. પૂછવુ હોય તે ખુશાથી પુછો," નિપુણ પોતાનુ કુતૂહલ છુપાવી શકયો નહિ

"બીજુ કાઇ નહિ, પણ આ એચ. જી વેલ્સનુ પુસ્તક થોડો વખત વાચવાને આપી શકશો?"

"કોને ત્હમારે જોઇએ છીએ?" નિપુણે પૂછ્યુ

"હા, મ્હારેજ જોઇએ છીએ મે એમાથી કેટલાક ફકરા વાચ્યા તો બહુ રસ પડયો, પુસ્તક ઘણુ સરસ છે ત્હમે હાલ વાચતા હો તો પછી આપજો"

"ઘણી ખુશીથી મ્હારે હાલ તેની જરૂર નથી" નિપુણે પુસ્તક આપવા માડયુ

સુધાએ પુસ્તક લેતા લેતા પૂછયુ, "પાછુ તમારે કયારે જોઇશે?"

"ઉતાવળ નથી, પૂરૂ કરી રહો ત્યારે આપજો ત્હમારાં જેવાંને પૂરૂ કરતા વાર નહિ લાગે," નિપુણે વિવેક બતાવ્યો.

"ઘણી મહેરબાની, પણ ત્હમારી જેવી બુદ્ધિ મ્હારામા નથી એટલે વાર તો લાગશે," સુધાએ સ્મિતપુર્વક કહ્યુ

"આપણી બુદ્ધિની સરખામણી ત્હમે ક્યારે કરી ?" નિપુણનુ હૃદય પણ વધારે ખીલ્યુ.

"સરખામણી મ્હારે, કયા કરવાની છે ? આખા કલાસ સાથે હમેશા એ સરખામણી તો આપોઆપ થાય છે"

"સ્ત્રીઓને મીઠુ મીઠુ બોલતા આવડે તેવુ અમને આવડે નહિ" નિપુણે પ્રશસા સ્વીકારીને કહ્યુ.

"આ સરખામણી ત્હમે ક્યારે કરી, નિપુણચદ્ર ?" સુધાએ નિપુણના શબ્દોમાજ મશ્કરી કરી

"હમણાજ" કહી નિપુણચદ્ર હસી પડયો

સુધા શરમાઇ ગઇ.

આ પ્રસગ પછી ઉભયનો પરિચય વધ્યો. એક બે માસમા તો પરમ મિત્રો જેવા દેખાવા લાગ્યા લાઇબ્રેરીમા વાચવાને બદલે વાર્તાલાપમા વિશેષ સમય વ્યતીત થવા મડયો સુધાએ જે પુસ્તક વાચવા લીધુ હતુ તેમાંના કેટલાક વિચારો સમજવાનુ બ્હાનુ કહાડી તેણી અનેક વાર નિપુણ પાસે બેસવાની તક શોધતી ધીમે ધીમે એકએકની ખાનગી જીદગીની વાતો પણ થઇ. પોતાના વર્ગના વિદ્યાર્થીઓના તોફાન અને મૂર્ખાઇ ઉપર વિવેચન કરતા કરતા પોતે બને જણ એકજ હોય એમ ઉભયને ભાન થવા લાગ્યુ. બનેના

વિચારો, અભિલાષા, અને ભાવનાઓની એકતા બધાંવા માડી સબધ જામવામા સુધાની શ્રીમતાઇ કે નિપુણની હુશિયારી જરા પણ અતરાયરૂપ ન થઇ માત્ર કોલેજની સ્ત્રીવિદ્યાર્થીઓની તેમજ બીજા છોકરાઓની ચર્ચા અને ટીકાઓને લીધે બનેને પોતાની વાતચીતમા અને પરસ્પર જાહેર વર્તણુકમા સાવચેતી રાખવી પડી

આ નવીન સબધથી સુધાના જીવનમાં અનેક આતર તેમજ બાહ્ય ફેરફારો આપોઆપ થવા માંડયા જે વસ્તુઓ તરફ પ્રથમ તે બેદરકાર હતી તે તરફ અજાણતાં તેનુ ધ્યાન ખેચાયુ હમેશા બેદરકારીથી ફરફરતા કેશ સભાળથી અને સુદર રીતે ઓળાવા માડયા એકજ જાતની અને એકજ રગની સાદી સાડી પહેરનારી વિવિધ રગની અનેક નમુનેદાર મનોહર સાડીઓ પહેરતી જોવામા આવી હમેશના દળ ચ્હડેલા ઝાખા બૂટ ઉપર ચકચકતા પૉલિશે દેખાવ દીધો સુગધ વિનાના સાદા રૂમાલોને બદલે જુદી જુદી સુગધિથી બ્હેક બ્હેક મારતા ફૅન્સિ રૂમાલો આવવા માડયા જે સાડિ ગમે તેમ અવ્યવસ્થિત રીતે પહેરાતી તે હવે આકર્ષક રીતે મોતી કે હીરાજડિત સુવર્ણની પિન વડે વ્યવસ્થિત થઇને પહેરાવી શરૂ થઇ જે કેશનો અબોડો પ્રથમ બિયાબાન ઝાડી જેવો જણાતો તે હવે સુગધી વેણી આદિની મદદથી રમણીય ફૂલવાડી જેવો દેખાવા લાગ્યો. પહેલા શુષ્ક દેખાતી આખોમા અનેરૂ તેજ ઝળહળવા માડયુ. હમેશના ગભીર ચ્હેરા ઉપર જાદુઇ સ્મિત તરવરવા માડયુ. જુવાન વિદ્યાર્થીઓની અક્કડ ધબધ-

આાટ કરતી ચાલ કામલાગિનીની શરમાળ નાજુક ચાલમાં બદલાઇ ગઇ

નિપુણચંદ્રના સ્વભાવમા તેમજ રહેણીકરણીમાં પણ અણધાર્યુ પરિવર્તન થયુ, જે "ટાઇમટેબલ"મા કદિ પણ મીનમેખ થઇ શકે એમ હતુંજ નહિં તે ટાઇમટેબલ દિવસોના દિવસ સૂધી અનિયમિત ચાલ્યુ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વાચનમા રસ લેનાર હવે સાહિત્ય અને સમાજશાસ્ત્રમા રસ લેવા માડયો લાઇબ્રેરીમાજ પડી રહેનાર હવે દરિઆનો અને બગીચાનો ઉપયોગ કરતો દેખાયો કપડાની કરકસર કમી થઇ તેથી ખોરાકની કરકસર વધી દિવસનો વખત વાર્તાલાપમા વપરાવા માડયો તેથી રાત્રિનુ વાચન વધારવુ પડયુ પુસ્તકોની ખરીદી ઓછી થઇ, અને તેમા બચતા પૈસા ટ્રામ અને ગાડીભાડામા ખર્ચાવા શરૂ થયા. પોતાની જરૂરિયાતો કરતા સુધાની જરૂરિયાતો તરફ વધારે ધ્યાન આપવા માડયુ. પોતાના સંતોષ કરતા સુધાનો સતોષ વધારે કિમતી દેખાવા લાગ્યો દાખલા તરીકે, નિપુણે કૅાલેજમા પોતાની એકલાની મહેનતથી "Progressive society" ("પ્રગતિ સમાજ") નામની એક સભા સ્થાપી હતી અને તેના ઘણા મહાન ઉદ્દેશો રાખ્યા હતા, પરતુ તેમા બીજા કોઇની જોઇએ તેટલી સહાનુભૂતિ નહિ મળવાથી પોતે એ પ્રયાસ તદ્દન છોડી દીધો હતો, પરતુ સુધાને "પ્રગતિસમાજ"ના ઉદ્દેશો અને નિપુણના મનોરથો માટે એટલુ બધુ માન થયુ કે એ સમાજનો પુનરૂદ્ધાર કરવા તેણીએ નિપુણને સમજાવ્યું. સુધા

સાથે મૈત્રી બધાયા પછી નિપુણને સ્વાભાવિક રીતે આવા ધાધલ માટે વધારે કંટાળો આવતો હતો, પરંતુ સુધાના સંતોષની ખાતરજ "પ્રગતિ સમાજ"ને પુનર્જીવન આપવુ પડયુ

સુધા તેમજ નિપુણના જીવનમા આ ફેરફાર કૉલેજના વિદ્યાર્થીઓની જાણ બહાર રહી શકયો નહિ સુધાના પહેરવેશ તરફ તો તુરતજ ધ્યાન ખેચાયુ

"આજ બાઇ સાહેબ કંઇ રૉપમાચ, મ્હેરા!" એક દિવસ કૉલેજના પહેલા માળની પરસાળની બારીમાથી શીરીને સુધાને ગાડીમાથી ઉતરતી જોઇ, અને તુરતજ પોતાની સહિયાર પાસે ઉભરો બહાર કહાડયો

"તે તુ આજેજ જુવેચ? એ બાઇ સાહેબના નખરા તો ઘન્ના વખત થ્યા વધિયાચ!" મ્હેરાએ ટાપસી પુરી

"આગલનો પ્હેરવેસ તો કોઇ "કુલી"ની ઔયર જેવો હુતો, ને હમના હમના આ બધુ શુ!" શીરીને મુઝવણ જાહેર કરી

"સીરીન! તુ તો ઉંઘેચ કે સુ? આખી કૉલેજ જાનેચ ને ટુ નહિ જાનતી? એ ટો હવે માટીરા સાઠે બેસવા મંડીચ! પેલા સૉક્રેટિસ સાહે 'લવ–મેકિંગ' ને 'ફ્લર્ટિંગ' થાયચ તો"

"ટુ સુ બોલેચ, મ્હેરા? પેલા સાદુ જેવા ઓલિયા સાઠે 'ફ્લર્ટિંગ'!"

"ટુ ઘન્નીજ ભુલ ખાયચ. એ નિપુણ સાદુ બાદુ

નહીં હો, એ ટો સાદુના સાયામા સેટાન છે, સમજ્યુ ? પેલુ પ્રોગ્રેસિવ સોસાઇટીનુ ઢ`ઢ ગબ્બી એનેજ ઉભુ કરિયુ ચ," મ્હેરાએ પોતાની સહિયરને નિપુણચદ્રની ઓળખાણુ આપી

"ટિયારે જોરી ટો ઘ ની સારી બની! મુને બી લાગટુ ઉટું કે આ મિ૰ સૉક્રેટિસ જેવાં ફિલસુફ્નો ડોલ ઘાલ્લટા ઉટા, ને એવનની પેલાની સલુકાંઇ કેથે ચાલી ગઇ' એકવાર મે બેઉને સાડે ગાડીમા જટા જોયા ઉટા ટેની હવે સમજ પરી," શીરીનનુ વાકય પૂરૂ થતા સુધા તિરછી નજર નાખી પાસે થઇને ચાલી ગઇ

શીરીને નિપુણને અને સુધાને સુધાની ગાડીમા સાથે જતા જોયાં હતા તે વાત ખરી હતી પોતાની મૈત્રી જાહેરમા બહુ ન આવે તે માટે બ ને જણાએ બને તેટલી સાવચેતી રાખી હતી, પરતુ જે દિવસે શીરીને એમને જોયા તે દિવસે બન્નેને ઘણીજ અગત્યની વાત કરવાની હતી સુધાને ઘેર જવાનુ મોડુ થતુ હતુ, એકાત વિના વાત નિરાતે થઇ શકે તેમ ન હતી, અને આજે સુધાના પિતા બહારગામ ગયા હતા તેમ ઘરમા બીજું કોઇ હતુ નહિ તેથી સુધાની ગાડીમા જલદીથી સુધાને ઘેર જઇ વાત પુરી કરવાનુ બ નેએ યોગ્ય ધાર્યુ હતુ ગાડીમા સાથે બેસવાનો પ્રસગ પહેલોજ હતો તેથી જો કે સાજના અ ધારામા કોઇ જોઇ જાય એવો બહુ ભય ન હતો તોપણ ઉભયને અત્ય ત સ કોચ થયો કમનસીબે શીરીને બ નેને જોયા અને પાછળથી જયા જયા બની શકે ત્યા ત્યા આ વાત ફેલા-

વવામા તેણે પાછી પાની ભરી નહિ

સુધાને ઘેર નિપુણની આ મુલાકાત પહેલીજ હતી. તેથી સ્વાભાવિક રીતે મોજશોખથી ભરપૂર આ મહાલયમાં તેણે અપૂર્વ ક્ષોભ અનુભવ્યો. છતા સુધાએ, નિપુણની સાથે બને તેટલી છૂટથી વર્તન કર્યું, અને મોતાની જાહોજલાલીનું પોતાને જરાપણ ભાન ન હોય એ પ્રમાણેજ રીતભાત ચલાવી. ઘેર પહોચતાજ નિપુણે પ્રથમ ઉદ્‌ગાર કહાડયો —

"પેલી શારીને આપણને જોયા તે તમારૂ ધ્યાન હતું કે ?"

"હુ પણ એજ ત્હમને કહેવાની હતી પણ એની કોણ દરકાર કરે છે?" સુધાએ નિડરતા બતાવી.

"તેથી હુ ડરતો નથી, પણ ખોટી અફવા ફેલાવે તો નાહાક ત્હમારા નામને વગોવે," નિપુણે ખુલાસો કર્યો.

"નિપુણચદ્ર, એમ નિદાથી ડરશુ તો આપણું કેમ ચાલશે? જુઓ, આજે આપણે જે વાત કરવા મળ્યાં છીએ તેમા પણ સાથે રહીનેજ કામ કરવાનુ છે"

"તે હુ સમજયો, પરતુ મ્હારા વિચારો ત્હમને કેમ અનુકૂળ આવશે? અને મ્હારી પાસે તો નથી પૈસો કે નથી કુટુંબ કે નથી કીર્તિ, એટલે સમાજને માટે હુ લડત ચલાવતા હારી જાઉ તોયે મ્હારે કાઇ ખોવાનુ નથી, અને ત્હમારે તો ઘણું ખોવાનુ છે," નિપુણચદ્રે મૂળ વાત ઉપાડી

"એ ત્હમારા બહાના કામ આવે તેમ નથી અલબત, હું ત્હમારા કાર્યમાં કદાચ વિઘ્નરૂપ હઇશ, પણ હુ સમાજનું એક અગ છુ તો ત્હમારે એમજ ધારી લેવુ કે મ્હારી ઉન્ન-

તેની ખાતરજ ત્હમે મ્હને સાથે લીધી છે ”

“ એ કેમ બની શકે ? મ્હારી લડત ત્હમારા વર્ગ સામે-નીજ છે અને ત્હમને પોતાને સાથે કેમ યોજી શકુ ?” નિપુણે સુધાને મ્હાત કરવા પ્રયત્ન કર્યો પરતુ સુધાએ ગોઠવી રાખેલો ખુલાસો તુરતજ રજુ કર્યો.

“ તેટલા માટેજ મ્હારી ખાસ જરૂર છે હુ સાથે હઇશ તો કોઇ એમ ટીકા નહિં કરી શકે કે આ તો માત્ર પૈસા વિનાના માણસોની શ્રીમતો તરફ અદેખાઇનુ પરિણામ છે ”

“ ત્હમારી આ દલીલ ઘણી મજબુત છે એ હુ કબુલ કરૂ છુ, પરતુ ત્હમે એમ નથી માનતા કે ધનના ઇજારદારોની વિરૂધ્ધની લડતમાં ત્હમારા જેવા ધનવાનો ભાગ લીએ તે યોગ્ય નથી ? ”

“ એમા હુ કશુ અયોગ્ય જોતીજ નથી ત્હમેજ મ્હને કહેતા હતા કે આ લડત ધનવાનોની વિરૂધ્ધ કરતા ગરીબ અને મધ્યમ વર્ગની તરફેણમા વિશેષ ગણવાની છે અને હુ ત્હમારા સિધ્ધાતો, ત્હમારા વિચારો, ત્હમારી કાર્યપધ્ધતિ અને ત્હમારી ભાવનાઓ, સર્વમા એકમત છુ, તો પછી મ્હારા પિતાની શ્રીમતાઇ મ્હારા માર્ગમા શા માટે આવવી જોઇએ ? ’

સુધાની સચોટ દલીલો અને તેના ઉછળતા ઉત્સાહ પાસે નિપુણના વાધાઓ ચાલી શકયા નહિ, અને છેવટે નિપુણચદ્રથી સુધાને સમાજસમીકરણની પોતાના મોટા સ્વપ્નોમા અને

ન્હાના પ્રયત્નોમા પોતાની મદદગાર તરીકે સ્વીકાર્યા વિના રહેવાયુ નહિ આ પ્રસગ જ્યારે બને ઇટરમીડીયેટ ક્લાસમાં હતા ત્યારે બન્યો પ્રીવીઅસની પરીક્ષામા નિપુણે પોતાનો પહેલો નબર જાળવી રાખ્યો હતો, એટલુ જ નહિ પણ સુધા પણ નિપુણની ઉત્સાહભરી મદદથી ઉચે નબરે પાસ થઇ હતી.

ત્યાર બાદ "પ્રગતિ સમાજ" ને બને તેટલી લોકપ્રિય કરવામા સુધા અને નિપુણે તનતોડ મહેનત કરી, કારણકે સુધા અને નિપુણની ભાવનાઓ કહો તો ભાવનાઓ અને એમના જીવનના લક્ષ્યબિદુ કહો તો લક્ષ્યબિદુની સક્રાંતિ "પ્રગતિ સમાજ" ના ઉદ્દેશોમા થઇ રહી હતી અને ઉભયના મનોરથો નહાની વયમા કેટલા મોટા હતા તે "પ્રગતિ સમાજ" ના કેટલાક નીચે દર્શાવેલા ઉદ્દેશો ઉપરથી ખ્યાલમા આવશે —

"(૧) કુદરતે બક્ષેલા અમૂલ્ય ખજાનાઓ અને હજારો વર્ષની મહેનતથી કરોડો માનવીઓએ ઉપજાવેલી કિમતી વસ્તુઓ ઉપર આખી દુનિઆના સર્વ મનુષ્યોનો સરખો હક છે

(૨) મનુષ્ય જાતિને ઉપયોગી સર્વ વસ્તુઓની વહેચણી હાલના જમાનામા ઘણીજ અન્યાયભરેલી અને સ્વાર્થી દ્રષ્ટિથી થયેલી છે આખી દુનિઆમા માત્ર મુઠ્ઠીભર માણસોએ જગતની જાહોજલાલીનો જે ઇજારો પોતાને હાથ રાખ્યો છે તે તોડવાને મહાભારત પ્રયત્નો કરવાની અતિશય જરૂર છે

(૩) ખાનગી માલીકી અને ખાનગી મીલકતનુ ધોરણ જોઇએ તેના કરતા અતિશય ભયકર રીતે વધારે હદ સુધી

સાઇ જવામા આવ્યુ છે, અને તેથી મનુષ્ય જાતિની પ્રગતિ એકદમ અટકી પડી છે અટકાવી શકાય તેવા અસખ્ય અસહ્ય દુ ખો, દર્દો, ગરીબી, અન્યાય અને ઘાતકીપણુ, આ ખાનગી મીલકતના "બેહુદા" ધોરણને આભારી છે મનુષ્ય જાતિની અમોઘ શકિતના ભયકર વ્યયનું મૂળ કારણ થોડા ઇજારદારોએ હાથ કરેલી જગતની સઘળી દોલત, આપખુદી અને સત્તા છે

(૪) સમસ્ત જનસમાજની થતી જતી ખુવારી અને અધોગતિ અટકાવવી હોય તો સર્વ મનુષ્યોને કેળવણી, સુધારણા અને સસ્કૃતિ માટે એક સરખી તકો મળવી જોઇએ, અને દરેક મનુષ્યની સર્વ જરૂરીયાતો પૂરી પાડવાનુ કાર્ય સર્વોપરિ રાજસત્તાના હાથમા મૂકાવુ જોઇએ

(૫) સમાજમા અવતરતા બાળકોના કેળવણી, ભરણ-પોષણ, અને તદુરસ્તી માટે સમાજ સમસ્ત એટલે કે સર્વોપરિ સત્તા જવાબદાર હોવી જોઇએ અભણ, મૂર્ખ, દુરાચારી, અશકત, કે ગરીબીથી લાચાર, માબાપો ઉપર કુમળા બાળકોના પોષણની અને કેળવણીની જવાબદારી મૂકવી તે આખા પ્રજાજીવનની પાયમાલી કરનારી પદ્ધતિ છે, અને તે પદ્ધતિ જેમ બને તેમ સત્વર બધ થવી જોઇએ

(૬) મેળવવાની, કમાવાની, માલેક બનવાની, પચાવી પાડવાની ભાવના દુનિઆના ખૂણેખૂણામા વ્યાપી રહી છે, પરતુ આપવાની, આત્મભોગની, સર્વની સાથે રહીને ભોગ-

વાની, ભાવનાનો ઉપયોગ માત્ર એક મોજશોખ તરીકેજ થાય છે પરિણામે સમાજની મધ્યમા સ્વાર્થી, મતલબી, પ્રપચી અને યુક્તિબાજ નાગરિકો એટલા બધા મ્હોટા પ્રમાણમા ઉત્પન્ન થાય છે કે આખી દુનિઆ ઉપરથી ગમગીની, ચિતાં, ગરીબી અને ગભરામણનો કાળો પડદો ઉપડતોજ નથી તેથી કરીને જો કે ખુલ્લી જગા, ખુલ્લી હવા, કુદરતી પ્રકાશ, સૌદર્ય, તદુરસ્તી, આનદ, સુખ અને સ્વાતત્ર્ય જગતના દરેકે દરેક મનુષ્યને માટે પૃથ્વી પર પૂરતા છે, છતા કરોડો માનવીઓને તેનો ક્ષણવાર પણ અનુભવ થતો નથી. તેટલા માટે સ્વાર્થ કરતા સેવાની ભાવના લોકોની રગેરગમા વ્યાપી જાય એવુજ સમાજનુ બધારણ રચવુ જોઇએ ”

નિપુણચદ્રે ઘડેલા આ ઉદ્દેશો વાચીને અનેક વિદ્વાનો તેના ઉપર ખુશખુશ થઇ ગયા હતા અને હવે જયારે સુધા અને નિપુણ એક સાથે આ સમાજને ફતેહમદ કરવા પ્રયત્ન કરવા મડ્યા, ત્યારે કેટલાક સમજુ અને સારગ્રાહી સ્ત્રીપુરૂષોમાં ઉભયની નામના વધી માત્ર અદેખા વિદ્યાર્થીઓના મુખથીજ એમના આ કાર્યને ઉતારી પાડવામા આવતુ હતુ અને એમના અભ્યાસનો છબરડો વળી જશે એમ કેટલાક તો માનતા હતા એક બે પ્રોફેસરો પણ સુધા અને નિપુણની આ નવી પ્રવૃત્તિથી છેડાઇ પડયા હતા તે એટલે સુધી કે કેટલીકવાર વિદ્યાર્થીઓના કુડાળાઓમા સુધા અને નિપુણની ગેરહાજરીમા ઉભયની ટીકા કરવાની હદ સુધી પણ તેઓ

પહોંચ્યા હતા. એટલુજ નહિ પણ કલાસમા ઇતિહાસના પ્રોફેસર જયારે લેકચર આપતા ત્યારે પરોક્ષ રીતે "પ્રગતિ સમાજ" અને તેના ચાલકો ઉપર કટાક્ષ કરવાનુ ચુકતા નહિ કૉલેજના યુનિયનમા જયારે સુધા અને નિપુણના બીજા શુભેચ્છક, અને અંગ્રેજી ભાષાનાં પ્રોફેસર તરીકે ઓળખાતા ગૃહસ્થ જાહેર ભાષણ આપતા અથવા વાદવિવાદમા ભાગ લેતા ત્યારે વિદ્યાર્થીઓની ફરજ ઉપર એક લાબુ લચરક ભાષણ ઘુસાડી દેતા, અને આખા ભાષણનુ રહસ્ય એટલુજ આવતુ કે વિદ્યાર્થીઓએ પોતાની કૉલેજે આંકેલ કરેલા પોથા સિવાય બીજી કોઇપણ બાબતમાં રસ લેવો ન જોઇએ, અને એ સલાહ નહિ માનનારા ગુન્હેગાર સુધા અને નિપુણ છે એમ ધ્વનિમાં સર્વને સમજાવી દેતા છેવટે એટલી પણ પરોક્ષ સૂચના કરી દેતા કે આવતી પરીક્ષામા આવા વિદ્યાર્થીઓ (એટલે કે માત્ર સુધા અને નિપુણ) ની ભયકર નિષ્ફળતાજ થવાની

આ બધા "શુભેચ્છકો" ની "શુભેચ્છાઓ" છતા ઇન્ટરમિડિયેટમા નિપુણે પહેલે નબરે પરીક્ષા પસાર કરી। પરતુ સર્વને અતિ આશ્ચર્યનુ કારણ એ હતુ કે સુધાનો નબર ઉચો આવ્યો એટલુજ નહિ પણ બીજોજ આવ્યો

આ પૂર્વકથા ઉપરથી હવે વાચક સમજી શકશે કે સુધા અને નિપુણ કેટલા ગાઢ સબધમા આવ્યા હતા, અને સુધાના જીવન ઉપર નિપુણે કેટલી અજબ અસર કરી હતી. અત્યાર સુધી નિપુણે સુધાના કહેવા પ્રમાણે કયુ. હતુ તે સુધાના

સ્નેહને લીધે અને મીઠી રીતે સમજાવવાની સુધાની કળાને લીધે. પરંતુ "નિપુણ ભુવન" માં નિપુણચંદ્રે જે અનુભવ કર્યો તેથી તેની ખાત્રી થઇ કે ખરી રીતે માલેક પોતે નહોતો, પરંતુ સુધા હતી, પોતે સુધાને દોરનાર નહોતો, પરંતુ સુધા તેને દોરનાર હતી, સુધા પોતાની વ્હેચાણ નહોતી, પરંતુ પોતે સુધાનો વ્હેચાણ હતો છતાં આ વિચારથી નિપુણને જરા પણ ખોટું લાગે અથવા તો સુધાની અદેખાઇ આવે એવું એનું સંકુચિત મન ન'હતું પરંતુ આ સ્થિતિએ પોતે શી રીતે પહોચ્યો તેનું સંશોધન કરવામાં તેજ રાત્રિએ તે ગુંથાયો તેમજ ગુંચવાયો.

એ સંશોધન દરમિઆન બીજા પણ અનેક વિચારો ઉભરાયા કૉલેજમાં મેળવેલી કીર્તિ, "પ્રગતિ સમાજ" માં હાથ ધરેલું કાર્ય, સારા કુટુંબામાં મેળવેલા ટયુશનો, વિદ્વાનોમાં કાઢેલી નામના, આજીવિકા માટે મહા મહેનતે તૈયાર કરેલા જુજ સાધનો, આદિ સર્વ વસ્તુઓ એક મિત્રની ખાતર અને તે પણ એક તરૂણ સ્ત્રીમિત્રની ખાતર છોડીને ચાલ્યા જવું, અને બદલામાં વિદ્યાર્થીઓની, પ્રોફેસરોની, સારા કુટુંબોની અને જનસમાજની ટીકાઓ અને નિંદાની કમાણી કરવી એ મ્હેના જેવા વિચારશીલ, બુદ્ધિશાળી, સમજુ સ્કૉલરને માટે યોગ્ય છે ખરૂં ?—આ મહાપ્રશ્ને નિપુણચંદ્રનું માથું ફેરવી નાખ્યું નવલકથાના પાત્રની પેઠે પોતે પણ એક છોકરીની ખાતર આવી મૂર્ખાઇ શા માટે બતાવવી?—આ સવાલ મનને પૂછતાં પૂછતાં પોતે શરમાયો.

"અને મ્હારે અને સુધાને સબંધ પણ શો ?"—આ અંતિમ નિર્ણય એક વાર અંતરમાં થઇ પણ ગયો પરંતુ બીજીજ ક્ષણે આવા લાગણીવિનાના વિચાર માટે અત્યંત પસ્તાવો થયો. સુધાનું મનોહર મુખ, તેણીનું તેજસ્વી લલાટ, સ્નેહભીની આંખો, અને સ્મિતભર્યા ઓષ્ઠો, નજર આગળ ખડા થયા. તેના મધુર શબ્દો કાનમાં અથડાવા લાગ્યા તેની આશાઓ મન આગળ તરવરી આવી. ઉભયે સાથે ગાળેલી સુખી ઘડીઓનું જોસભેર સ્મરણ થયું. પોતાના જીવનમાં રસ અને આનંદનું સિંચન કરનારી ઉપર વ્હાલ ચડી આવ્યું, અને પોતે કરેલા હૃદયશૂન્ય વિચારો માટે સુધા પાસે જઇ ક્ષમા યાચવાને લાગણી થઇ આવી. પોતાની મહત્વાકાંક્ષાને સુધાએ કેટલું ઉત્તેજન આપ્યું હતું, પોતાની હુશીયારી અને શક્તિ સુધાના લાગણીભર્યાં, પ્રેમભર્યાં, વચનો વિના કેટલી નકામી હતી, અને પોતે અત્યાર સુધી જે કાંઇ કરી શકયો તેમાં પરોક્ષ રીતે સુધાની કેટલી બધી મદદ હતી, તે બધું એક સામટું યાદ આવ્યું. પોતાની સાથે સહકાર કરવામાં સુધાએ કેટલું બધું જોખમ ખેડયું હતું અને કેટલી કેટલી ટીકા અને કટાક્ષ સહન કરી હતી તેનું જ્યારે નિપુણને સ્મરણ થયું ત્યારે સુધાની ખાતર પ્રાણ પાથરવાને નિપુણ તૈયાર થયો અને સર્વ ઉપકારોના બદલામાં પોતે કયારે સુધાની આ નવી મુસ્કેલીમાં સહાયભૂત થાય અને કંઇક અપૂર્વ કરી બતાવે એ વિચારથી અધીરો થઇ ગયો.

સુધાની સાથે મુંબઇ છોડયા પછી તેની ન્હાની ન્હાની જરૂરીયાતો પૂરી પાડવામા કેટલો આનંદ થશે, અને ડગલે ડગલે આત્મભોગ આપવાની તેને કેટલી બધી તકો મળશે એ સ્વપ્નાઓમાં નિપુણ ગરકાવ થયો. રાત્રિની છેલ્લી ટપાલ આવી ન હોત તો નિપુણ આ સ્વપ્નમાંથી કયારે જાગત તેનુ અનુમાન થઇ શકતુ નથી પરંતુ ટપાલ આવી, અને નિપુણના સ્વપ્ન અધુરા રહ્યા

ટપાલમા કાગળ એકજ આવ્યો, અને છાપ ઉપરથી તે લોકલ હતો એમ જણાયુ પરંતુ શિરનામાના અક્ષર જોઇ નિપુણ ચમકયો. પત્ર સુધાનો હતો !

"સવારે મળી ગઇ અને સાંજેજ પત્ર !" નિપુણચંદ્રથી મનમા બોલાઇ જવાયુ

પત્ર ફાડતાં ફાડતાં વિચાર આવ્યો, "કદાચ જલદી ઉપડવાનુ હશે તેથી સૂચના કરી હશે !"

પત્ર ઉઘેડ્યો, પણ નીચેની લીટીઓ વાચતા નિપુણચંદ્ર દિગ્મૂઢજ થઇ ગયો

"પ્રિય નિપુણ,

"નિપુણ"ના મધુરા નામથી ત્હમને સંબોધવાની કદાચ આ પહેલી અને છેલ્લી તક છે તેથી લીધેલી છુટ માટે ક્ષમા આપશો એમ આશા રાખુ છુ

ત્હમને મળ્યા પછી તુરતજ હુ ઘેર ગઇ, અને ઘેર જતાજ મ્હારી મૂર્ખાઇ માટે મ્હને પસ્તાવો થયો મ્હારા સ્વાર્થ માટે

ત્હમારી આશાઓનું, ત્હમારા મનોરથોનુ, ત્હમારા જીવનનું બલિદાન આપવું તે કેટલુ ઘોર પાપ છે તે મ્હને પાછળ-થીજ સુઝ્યુ. સ્વાર્થમા અધ હુ પ્રથમજ આ જોઇ ન શકી તે માટે મ્હને શરમ આવે છે· ત્હમારી ઉચ્ચ ભૂમિકા સાથે મ્હારી ક્ષુદ્ર જીદગીની મ્હે સરખામણી કરી એ મ્હારી બાલિ-શતા હતી એમ હવે મને લાગે છે ત્હમારા મનોરથો સફળ કરવામા હુ ઉપયોગી થઇશ એ માન્યતા મ્હારી ધૃષ્ટતાનું પરિણામ હતુ ત્હમારા જેવા પ્રતાપી યુવક ધારે તે સાધી શકે તેમ છે ત્હેમા મારા જેવી મૂર્ખ સહચરી ઉલટાની વિઘ્નરૂપજ નીવડે એમ હું હૃદયપૂર્વક માનુ છુ.

તેથી સહવારે મ્હારી મૂર્ખતાએ માગેલુ 'અને ત્હમારી ઉદારતાએ આપેલુ વચન અમલમા મૂકવાનો હવે પ્રસ-ગજ નથી એમ ત્હમને જણાવવાનેજ આ પત્ર લખ્યો છે મ્હારે ઘર છોડી ન્હાસી જવાનુ કારણુ છે. ત્હમારે કશું નથી હુ હજુ સસારની નહાની નહાની વાતોમા સડુ છુ ત્હમે સમાજ સબધી મહાન વિચારોમા ઉડા છો તેથી ત્હમને મ્હારી સાથે લેવા એનો અર્થ એજ કે ત્હમારી ઉન્નતિની ટોચ ઉપરથી ત્હમને મ્હારી અધોગતિની ખાઇમા ફેકવા એ દુષ્ટ કાર્ય કરવા મ્હારૂ મન ના પાડે છે તમારી ઉદારતાનો આવો સ્વાર્થમય ઉપયોગ કરી લેવા જેટલી હુ હજુ અધમ થઇ નથી એટલા માટે હાલ તો અહિથીજ પ્રણામ છે આ પત્ર ત્હમને મળશે ત્યારે મે મુબઇ છોડી દીધુ હશે હુ ક્યાં જાઉ છુ તે ત્હમને જણાવવાથી ત્હમારા કાર્યમા વિઘ્ન થશે.

તેથી આ સબંધમાં મૌન રાખું તો ક્ષમા કરશો. મ્હારો આત્મા ત્હમારી પાસે છે, પરંતુ મ્હારા શરીરનો કોઇ બીજો માલેક ન થઇ જાય તે ખાતર મ્હારે નાસવું પડે છે. આ ન્હાની વાત મ્હારી જેવીને મોટી લાગે તો કૃપા કરી હસશો નહિ પરંતુ હિંદુ સંસારની આ ગુંચ પણ ઉકેલવાની તો છે, નિપુણ !

ત્હમારાથી જુદું પડવું પડે છે તેથી હ્દય બળીને ખાખ થાય છે પંણ આવું આવું મ્હારાથી લખાય કે ?

નિપુણ ! આ ઘેલી વાતો ભૂલી જજો અને તેની સાથે આ હતભાગિનીને પણ વિસરી જજો, નહિતર ત્હમારી અનેક કલ્યાણપ્રવૃત્તિઓમાં વિઘ્ન કરનારી તરીકે જવાબદાર હું ગણાઇશ.

લે. ત્હમારા તરફ અનેક
શુભેચ્છાઓ મોકલતી,
ત્હમારી ઉપકારવશ,
સુધા. ”

પ્રકરણ ૪ થું.

સુધા પાછળ શોધ.

જે વખતે નિપુણચદ્ર સુધાનો પત્ર વાચતો હતો, લગભગ તેજ વખતે પ્રમોદલાલ શેઠ પોતાના બગલામા દાખલ થયા શેઠ દાદર ઉપર ચ્હડયા અને મોટર તબેલા તરફ ગઇ આમ લગભગ હમેશા બનતુ હતુ છતા આજે કઇક તફાવત હતો. સામાન્ય રીતે સુધાકુમારી આ સમયે બગલાના ઓટલા ઉપર અથવા તો પોર્ચમા ઢાળેલા બાંકડા ઉપર વીજળિક દીવાથી વાચતી જોવામા આવતી, અને રાત્રિએ પોતાના પિતા બહારથી આવતા ત્યારે તેની સાથે ઉપર ગયા પહેલા ઓટલા ઉપરજ દશ પદર મિનિટ વાતો કરતી ત્યા સુધી મોટર હાકનારો શોફર વાતો સાભળવા માટે કાઇ ને કાઇ બહાનુ કહાડી મોટર સાફસુફ કરવાનો ડોળ કરીને ઉભો રહેતો, અને જેવા બાપદીકરી ઉપર જતા કે મોટરકાર તબેલે લઇ જતો પરતુ આજે સુધાકુમારી નીચે જોવામા ન આવી, તેથી શેઠ સીધા ઉપર ગયા, અને સ્વાભાવિક રીતે મોટર હાકનારને આજે મોટર અહિ ઉભા ઉભા સાફ કરવાનુ કારણ નહિ હોવાથી તરતજ મોટર લઇ ગયો

પ્રમોદલાલ શેઠે દાદર ચ્હડતા ચ્હડતા ધાર્યું કે કદાચ સુધા ઉપર વાચવામા અથવા કાઇ બીજા કાર્યમા ગુથાયેલી હશે. પરતુ ઉપર જતા કોઇ ખડમા સુધા જોવામા ન આવી.

શેઠને સહજ નવાઇ લાગી, કારણુ કે રાત્રિએ સુધા કવચિતજ બહાર જતી અને ત્યારે પણ અગાઉથી પોતાના પિતાને કહીનેજ

."નારણ!"ની બૂમ પડતાં "જી" કહીને નારણ હાજર થયો.

"બહેન કયા ગઇ છે? કહીને ગઇ છે કે નહિ?" શેઠે તુરતજ સવાલ કર્યો

નારણે ઉત્તર આપ્યો, "જી, બહેન તો કયાક બહાર ગયા છે, વહેલા આવવાનુ કહી ગયા છે, પણ વહેલાં ન આવે તો આપને ચિટ્ઠી લખી ગયા છે"

"પણ કયા ગયા છે તે કહી નથી ગયેલ?"

"જી ના, એ તો નથી કહ્યુ"

"ચિટ્ઠી કયા છે?" શેઠે ગુસ્સાથી પૂછ્યુ

"ટેબલ ઉપરજ મૂકી છે, આ લાવ્યો" કહી નારણ ચિટ્ઠી લેવા દોડયો પ્રમોદલાલ શેઠ કપડા કહાડવાનુ કાર્ય આગળ કરી નજ શકયા "ચિટ્ઠી" લખીને સુધા કદિ બહાર ગઇ ન હતી, તેથી આ નવી સ્થિતિથી શેઠને ગભરામણ થાય તે સ્વાભાવિક હતુ ઘડીભર પુત્રી ઉપર ગુસ્સો પણ આવી ગયો. "છોકરીને આટલી બધી 'છુટ'! રાત્રિએ ફરવાહરવાની હવે સખ્ત મનાઇ કરવી પડશે! આ તો બધુ અધારામાજ જાય છે! બહાર જવુ તે પણ પાછુ કોઇને ગણ્યા વિના! આપણે એ સુધારો જોઇતો નથી

સુધારાવાળા બધાઓને ફાસીએ ચ્હડાવવા જોઇએ !" શેઠની વિચારપરંપરા અહિં સુધી પ્હોચી, અને સુધારાવાળાઓને હજુ ફાંસીએ ચ્હડાવ્યા નહોતા ત્યાં નારણ અંદરથી સુધાકુમારીની ચિટ્ટી લઇ આવ્યો. . . . . .

શેઠે ગુસ્સામા ને ગુસ્સામાં કવરના ચીરેચીરા કરી અંદરથી "ચિઠ્ઠી" ને બદલે લાબો પત્ર કહાડયો. કવરના ચુરેચુરા થયા છતાં પત્ર આબાદ અખંડ રહયો પત્રનો આરંભ કરતાજ શેઠનો ગુસ્સો શમી ગયો અને 'ગમગીની' શરૂ થઇ. પત્ર નીચે પ્રમાણે હતો –

"વ્હાલા બાપુ !

આ પત્ર લખતા મારૂં હૃદય કંપે છે હું જાણુ છુ કે તમને મારી વર્તણુકથી ઘણોજ ક્રોધ ચ્હડશે. તેટલા માટે શરૂઆતમાજ તમારી પાસે ખોળો પાથરી દયા અને ક્ષમાની યાચના કરૂ છુ મારી આટલી વયમા મે કોઇ દિવસ તમારૂં દિલ દુભાવ્યુ નથી, તેથી જો આ પહેલીવાર મારે લીધે તમને દુઃખ થાય તો ઉદારતાથી માફ કરજો એટલુ માગી લઉ છુ.

મે ધાર્યું નહોતુ કે તમારી શીતળ છાયામાથી મારે આ પ્રમાણે ન્હાસવુ પડશે પણ, બાપુ ! વિધિના લેખ મિથ્યા થવાના નહિજ હોય. મારી બા બિચારી કહેતી હતા કે છોકરીને ભણાવો નહિ એ વાત ખરી હતી છતાં તમે અડગ રહ્યા અને મને ભણાવી સ્વાભાવિક રીતે મારા મનો-

રથો મોટા થયા, મારી આશાઓ વધી, અને મારી જીંદગીમા અસતોષ પણ વધ્યો એટલુ સારૂ છે કે મારી વ્હાલી મા આ બધુ જોવાને જીવતી નથી, નહિતર તેના કોમળ હૃદયને અપારાવાર આઘાત થાત તમે સસારની ભરતી–ઓટો જોયેલી છે, એટલે આશા રાખુ છુ કે આ બધુ જલદી ભૂલી જશો

મારૂ સગપણ તમે કર્યુ તેથી, બાપુ ! હુ તમારો દોષ કહાડતી નથી, પરતુ ખરો દોષ તો મારોજ હતો કારણકે જે બાબત મને ગમતી નહોતી તે તમને તુરતજ જણાવવાની મારી ફરજ હતી છતા થવાનુ હતુ તે થયુ પાછળથી મારી આખ ઉઘડી અને મે સગપણ તોડી નખાવવાને મારાથી બનતા તરફડિયા માર્યા એ તરફડિયા મારવામા તમને કેટલુ દુ ખ દીધુ છે તે મારા ધ્યાનમા છે, અને તેને માટે ફરીફરીને માફી માગુ છુ પણ હવે જયારે સ્થિતિ આવીજ છે, અને “ વિધિના લેખ ” ફરી શકે તેમ નથીજ તો પછી તમને સર્વને દુ ખ દેવાને બદલે મારેજ રસ્તો કરવો એ મને ઉચિત લાગ્યુ છે જયા સબધ થયો છે ત્યા મારા આત્માને શાતિ મળે તેમ નથી, અને જીદગીપર્યંત નિશ્વાસમા કહાડવી અને તમારા સુખી જીવનમાં હમેશનો કલેશ ઉભો કરવો તે મારા મનથી અશકય છે. તેથી આ માર્ગ લેવો પડયો છે

હું જાણું છું કે મારી આ છોકરમતથી તમારા હૃદયને ઘણો આઘાત થશે પરંતુ, બાપુ ! હું લાચાર છું મે ઘણા ઘણા વિચાર કર્યા, મનને અનેક રીતે સમજાવ્યુ પરંતુ આપના સુખ ખાતર હું આટલું આત્મબલિદાન આપી શકી નથી તે માટે હું શરમાઉં છું. મારાં સ્વાર્થી વિચારો માટે મને મારી જાત ઉપર તિરસ્કાર આવે છે. માત્ર સાચો ખોટો દિલાસો એટલોજ લઉં છું કે કુંવારી રહીને પણ કંઇક "સમાજ સેવા" હું કરી શકીશ, અને તમે જે કેળવણી આપી છે તેનો થોડો પણ સદુપયોગ કરવાને સમર્થ થઇશ

હું કયાં જાઉં છું તે કહી શકતી નથી પણ મારી ચિંતા કરશો નહિ તેમ મારી શોધખોળ પણ કરશો નહિ વળી જીવતી હઇશ અને સંજોગો અનુકૂલ હશે તો કોઇ દિવસ તમારી પાસે આવી માફીની ભિક્ષા માગી જઇશ બાપુ ! આ બધી સ્થિતિને માટે હું પોતેજ જવાબદાર છું મારા પૂર્વ કર્મોનાજ ફલ હું ભોગવું છું એમ સમજજો મારે માટે જરા પણ દુ:ખી થશો નહિ

મારા અંગ ઉપરના થોડા ઘરેણા અને મારી મુસાફરી માટેની જુજ ખર્ચી સિવાય બીજુ કશુ ઘરમાથી લીધુ નથી. જે મોતીની માળા હું પહેરતી તે પાછી તેજુરીમા મૂકી છે તેજુરીની ચાવી ટેબલના ખાનામા છે એજ

લિ. લાખોવાર તમારી પાસે ક્ષમાની ભિક્ષા માગતી, તમારી હતભાગિની પુત્રીના પ્રેમપૂર્વક પ્રણામ—"

પત્ર વાચતા વાચતાં પ્રમોદલાલના કપાળમાંથી પ્રસ્વેદનાં બિંદુ ટપકવા લાગ્યા.' જે માણસ હજારો લોકોને સલાહ દે તેવો હતો તે અત્યારે લાચાર જેવો થઇ ગયો બાજી આટલી હદ સૂધી બગડી હતી તે પ્રમોદલાલના સ્વપ્નામાં પણ ન હતું લગ્ન આટલી ગંભીર વસ્તુ છે તે તેણે આજેજ જાણ્યું તરૂણ છોકરીઓની લાગણીઓ આટલી જોસવાળી હોઇ શકે અને તેઓમા જોખમ ખેડવાની આટલી શક્તિ હોઇ શકે તે તેણે .પહેલીવારજ અનુભવ્યું શું કરવુ તે ઘડીભર સૂઝયું-જ નહિ છેવટે કંઇક આશા આવી. કદાચ સુધા હજુ મુંબઇ બહાર ન પણ ગઇ હોય એમ સ્ફુરણ થયુ પોતાના મોટરવાળાને તેમજ ગાડીવાનને બોલાવી મંગાવ્યા, પરંતુ એમની પાસેથી કશો પત્તો મળ્યો નહિ નોકર નારણે ખબર આપ્યા કે " સુધા બહેન તો ભાડુતી વિકટોરિયામાજ અહિંથી ઉપડયા હતા સાથે એક બૅગ હતી હુ પૂછવાનો હતો પણ બૅગ તો જયારે ગાડીમા બેઠા ત્યારેજ મંગાવી લીધી."

પ્રમોદલાલના મનનો ગુંચવાડો વધ્યો પરંતુ, "કંઇંક કરવુ તો જોઇએજ, અને છોકરીની શોધખોળ કર્યા વિના ઉંઘ પણ કેમ આવે? તેની મા જીવતી હત તો આમ મને નિરાંતે બેસવા દેત?"—આ છેવટના વિચારે બધી ગુંચવણનો અંત આણ્યો, અને પ્રમોદલાલે બહાર જવાની તૈયારી કરી, તુરતજ મોટર મંગાવી, અને બહાર ઉપડયા.

પ્રથમ તો પોતાના વેવાઇને ત્યાંજ પ્રમોદલાલ આવ્યા. પ્રમોદલાલની મોટરનું ભુંગળુ સાંભળી મણિકાંત ચોપાટ

રમતાં રમતા બેઠો થયો, અને પહેલા માળના દીવાનખાનાની પાસેના રવેશમાંથી જોયુ તો પોતાની અટકળ ખરી પડી અને પોતાના સસરાની મોટર કમ્પાઉન્ડના દરવાજામા પેસતા જોઇ સસરાને. જોતાજ મણિકાંત અંદર દોડ્યો. ચોપાટ સંકેલી લીધી, પોતાના દોસ્તારને પછી મળવાનુ કહી રવાના કર્યો, પોતે એકદમ હાથમાં છાપુ લઇ આરામ ખુરશીમા વાંચતો વાંચતો ગોઠવાઇ ગયો, વીજળીના બધા દીવા પ્રકટવાનો નોકરને ઑર્ડર કર્યો, પાનસોપારી તૈયાર રખાવ્યા, અને ટેબલ ખુરશી, ગાલીચો વિગેરે ઠીકઠાક કરાવ્યા

'શેઠ છે કે ?'નો અવાજ સ્પષ્ટ રીતે મણિકાંત સાંભળી શક્યો બીજી ક્ષણે નોકરે ઉપર આવી પ્રમોદલાલ શેઠ''પધાર્યા''ના મણિકાંતને ખબર આપ્યા "ઉપર પધારોને !" નો સંદેશો નીચે મોકલાવી મણિકાંતે વિવેક બતાવ્યો સંદેશો નીચે જતો હતો ત્યા મણિકાંતને એક વાત વીજળિક વેગથી યાદ આવી તુરતજ ખુરશીમાથી બેઠા થઇ મોટા અરીસા પાસે જઇ દાતિયા અને બ્રશની મદદથી વાળ ઠીકઠાક કર્યા, અને અંદરના રૂમની ખીતી ઉપરથી જાકીટ લઇ પહેરતો પહેરતો દીવાનખાનામા આવ્યો જાકીટના બુટાન પુરા બીડાયા નહોતા ત્યા પ્રમોદલાલ શેઠ દીવાનખાનામા આવી પહોચ્યા.

"સાહેબજી, શેઠ" નુ મણિકાંતે હાથ જોડી સ્વાગત કર્યુ.

આવતા વારજ પ્રમોદલાલે જમાઇરાજને પૂછ્યુ "શ્રીકાંત શેઠ ક્યાં ગયા છે ?"

'અહિંથી ક્લબમાં જવાનુ કહીને ગયા છે આપ બેસો

તો માણસ મોકલાવું," મણિકાંતે ઉત્તર આપ્યો

"હા, જરા માણસ મોકલાવો તો સારૂં, ઉતાવળનું કામ છે"

મણિકાંત તુરતજ નીચે દોડયો અને પોતાના પિતાને તેડવાને માણસ રવાના કર્યું પોતે ઉપલે માળે બેઠા બેઠાં પણ માણસને હુકમ કરી શકત, પરંતુ કોઇ રસ્તે પ્રમોદલાલની હાજરીમાં થોડું રહેવાય એ ઇરાદાથીજ મણિકાંતે નીચે આવવાની તસ્દી લીધી હતી માણસ રવાના થયા પછી પણ મણિકાંત થોડી વાર નીચેજ રહયો, અને બીજા નોકરને પાનસોપારી આપવાનું સૂચવ્યું પરંતુ પાનસોપારીનો ઉપયોગ કરવા જેટલી સ્વસ્થતા પ્રમોદલાલમાં રહી ન હોતી તેથી તે તો એક આરામખુરશીમાં ઉંડા વિચારમાં ગરકાવ થઇને પડયો હતો. મણિકાંત નીચે ગયો તેથી પ્રમોદલાલને પણ કંઇક શાંતિ થઇ હતી, પરંતુ મણિકાંતે હવે ધાર્યું કે પોતાના સસરાને એકલા મૂકવાથી તેને માઠું લાગશે, તેથી પોતે ઉપર આવ્યો આવીને વચમાં ગોઠવેલા ગોળ ટેબલ પાસેની એક ખુરશી ઉપર બેઠો, અને છાપું વાંચવાનો ડોળ કર્યો થોડી મિનિટ પસાર થઇ ત્યાં અચાનક પ્રમોદલાલ શેઠે સવાલ કર્યો,

"મણિકાંત ! પેલા માસ્તર હવે આવે છે કે ?"

"જી ના, એ તો કયારના આવતા બંધ થયા છે"

"એમ કેમ ?" પ્રમોદલાલે પાછો પ્રશ્ન કર્યો

"પિતાજી કહે છે કે તેથી મારાથી ધંધારોજગારમાં પૂરતું ધ્યાન આપી શકાતું નથી માસ્તર આવતા ત્યારે લગભગ

એકથી દોઢ કલાક વાચવામા ચાલ્યો જતો," મણિકાતે ખુલાસો કર્યો

પ્રમોદલાલે કઇક કરડાકીથી કહ્યું, "એ વાત તો તમે મને કરીજ નથી "

"મે ધાર્યું પિતાજીએ આપને કહ્યું હશે "

" ત્યારે હવે દુકાને તો નિયમસર જાઓ છો ને ?"

"જી હા હમણા જરા તબિયત નરમ રહે છે તેથી નથી જવાતુ " મણિકાતે અચકાતા અચકાતા ગપાટો માર્યો

"તબિયતમા શુ જણાય છે ?"

પોતાના સસરા આટલી હદ સુધી 'ક્રૉસ' કરશે તે મણિકાતે ધાર્યું નહોતુ, તેથી જવાબ સહજ મોડો નીકળ્યો

'માથાનો દુખાવો રહે છે"

"એમ અચાનક દુખાવો થઇ આવવાનું શુ કારણ? કયા ડાકટરની દવા લીઓ છો ?"

'સપડાયા!' "સસરાનુ મગજ સડી ગયુ છે"-તેની મણિકાતે ખાત્રી કરી લીધી પણ શાહબાશ છે ચોપાટની બાજીને અને કલબમા વાપરવામા આવતી વાચાળતાને કે હાજર જવાબ તુરતજ મળી ગયો, એટલુજ નહિ પણ "એકદમ સચોટ જવાબ"-

"વચમાં બહુ વાચવામા આવેલુ ત્યારનો સખત દુખાવો થઇ આવ્યો છે પિતાજીએ કહ્યુ કે થોડા દિવસ જરા આરામ

લઈશ એટલે મટી જશે તેથી ડાકટરને તબિયત બતા વીજ નથી"

"એટલુ બધુ શું વાચતા હતા?"–

પ્રમોદલાલની પ્રશ્નમાળા પરાં 'આગળજ ચાલી કૂસાયા

"આ છાપાઓ ને એક બે બીજાં પુસ્તકો કેટલીક ચોપડીઓ વાચવાનુ તો માસ્તરે કહેલુ"

"વાર્તાની ચોપડીઓ હતી કે બીજી કાઇ?"

"ના હતી તો વાર્તાનીજ, પણ અક્ષર ઘણા ઝીણા એટલે ગમે તેવી સારી આખો હોય તોપણ માથુ ચ્હડી આવે. પિતાજી હજુ કેમ ન આવ્યા? રામા! ઓ રામા! માળી!" છેલ્લી બુમો પાડતો પાડતો મણિકાત દાદર પાસે આવ્યો અને જાણ કે નોકરની શોધમા નીકળ્યો હોય તેમ નીચે ઉતરી આવ્યો. કારણ કે ખરી હકીકત એ હતી કે મણિકાતે વાર્તાના પુસ્તકો પણ વાચ્યા નહોતા અને સસરા પાસે ગપ મારી હતી, હવે જો પુસ્તકોના નામ પૂછવામા આવે તો મામલો ખતમ હતો, તેથી આ નવુ વિઘ્ન ઉભુ કર્યા વિના છુટકો ન હતો.

પ્રમોદલાલને પોતાના જમાઇના ખરા સ્વરૂપની ઝાખી અજેજ થઇ સુધાની કેટલીક વાતો હવે ખરી લાગવા માડી. સુધાની શોધમા શ્રીકાત શેઠની મદદ લેવાનો વિચાર લગભગ માડી વાળ્યો, કારણ કે મનમા નિશ્ચય થઇ ગયો કે હવે સુધા પાછી આવે તોપણ આ 'ગધેડા' સાથે તો આવી કેળવાયલી

છોકરીનો પનારો પાડવો નહિ. આટલા દિવસ મણિકાંતનાં વખાણ માત્ર બહારથીજ સાભળ્યા હતા, અને બે ચારવાર જ્યારે મળવાના પ્રસગ આવેલા ત્યારે શ્રીકાંત શેઠની ચાલાકીથી મણિકાંતની મૂર્ખાઇ દેખાઇ શકતી નહિ. પોતાની ન્હાની જ્ઞાતિમાં આવુ શ્રીમત કુટુબ, ન્હાની વયનો 'કમાતો' છોકરો અને બાપદાદાની આબરૂ—આ બધી સરખાઇ બીજે કયાય મળી શકવાનો સભવ ન હતો તેથી પ્રમોદલાલે અહિં સબધ બાંધ્યો હતો મણિકાત ચાલાક છે, 'કમાઉ' છે, 'વિદ્યાવિલાસી' છે, અને વળી ખાસ માસ્તર રાખી અભ્યાસ આગળ વધારશે એવો દિલાસો પ્રમોદલાલે લીધો હતો પરતુ આજે તેની ચાલાકી, કમાવાની શકિત અને વિદ્યા તરફ અભિરૂચિ ઝળકી ઉઠી અને પ્રમોદલાલની આખો ઉઘડી

આ વિચારવેદનામા પ્રમોદલાલે થોડી મિનિટ પસાર કરી અને મણિકાંતે નીચે જઇ ગ્રેમોફોનની નવી આવેલી કેટલીક પ્લેટોના નામ વાચવામા .સમય ગાળ્યો. ત્યા શ્રીકાત શેઠ આવી પહોંચ્યા શ્રીકાત શેઠ તુરતજ ઉપર ગયા, મણિકાત ગ્રેમોફોનની પ્લેટોનાં નામ બીજી વાર વાચવામા ગુથાયો. બને વેવાઇઓ મળ્યા, પણ હમેશની સહૃદયતાથી નહિ

"આજે કાઇ આ બાજુ નીકળી આવ્યા ?" શ્રીકાંત શેઠે વાત શરૂ કરી

"શ્રીકાત શેઠ, આપણા બને ઉપર અચાનક ફટકો પડયો છે લીઓ, આ વાચો" ગભીરતાથી સુશાનો પત્ર આપતા આપતા પ્રમોદલાલે ટુકામાં પતાવ્યુ

શ્રીકાંત શેઠ તો પત્ર વાંચીને દિગ્મૂઢ થવાને બદલે રાતા-પીળા થઇ ગયા—

'મેં તો તમને કયારનું કહ્યું હતું છોકરીઓને છુટ આપીને સરવાળે લાભ કોઇએ કહાડયો છે? તમો સુધરેલા-ઓને તો ઠીક છે, પણ અમારે તો નાક કપાવાનો વખત આવ્યો ને?"

"નાક કપાવાનો વખત આવ્યો કે નહિ તે હું જાણતો નથી, પણ તમારે બોલવાનો ને મારે સાંભળવાનો વખત તો આવ્યો," પ્રમોદલાલે ઉત્તર આપ્યો

"હજુ તો બાકી રહ્યું હશે શેઠ આ બધાને માટે જવા-બદાર તમેજ છો તમેજ છોકરીને માથે ચ્હડાવી હતી છોકરાં તો બિચારાં બાળક કહેવાય, પણ-"

શ્રીકાંતનું વાકય પૂરૂં થયું નહોતું એટલામાં બહાર ઉભેલા કોઇ આવનારના નામનું વિઝિટિંગ કાર્ડ લઇને નોકર દાખલ થયો વિઝિટિંગ કાર્ડમાં

"અનુપલાલ લશ્કરી ઉર્ફે વાયરલેસ,
છુપી પોલિસના અમલદાર."

નું નામ વાંચતાંજ શ્રીકાંત ચમકયો, અને તુરતજ "અંદર આવવા દે" નો ઑર્ડર આપ્યો

—•—

પ્રકરણ ૫ મું.

શ્રીકાન્ત શેઠને ત્યાં "વાયરલેસ."

કેટલાક છુપી પોલિસના અમલદારોની માફક ધનુષલાલ લસ્કરી ઉર્ફે 'વાયરલેસ'ના ચહેરામા બે ત્રણ ભાવોનુ અજબ મિશ્રણ હતુ ચપળતા, લુચ્ચાઇ, સત્તા, નિર્દયતા, અને નિડરતા, જૂદા જૂદા પ્રમાણમા ધનુષલાલના ધનુષરંગી સ્વભાવમા ભળેલા હોય એમ તેને જોતાજ લાગતું ભરેલું કદાવર શરીર, સામુ જોનારની આંખોમા પેસી જાય તેવી શકરાજેવી શિકારી આંખો, મનુષ્યના ચહેરાઉપર જેટલા મોટા નસકોરા સમાઇ શકે તેટલા મોટા નસકોરાવાળુ, અને મનુષ્યના ગાલો ઉપર જેટલા વિસ્તારથી ફેલાઇ શકે તેટલા વિસ્તારવાળુ, વિશાળ, ચપટુ નાક, અને ભાલાની અણિ જેવી તીક્ષ્ણ, વાકડી, વળ ચ્હડાવેલી, પિંગળી મૂછો, આટલી બાબત તો મિ૦ ધનુષલાલની ઝાખી થતાજ જણાઇ આવતી પરંતુ,... ...ન્હાનુ માથુ, મોટુ જડબુ, હસતી વખતે દાતની સાથે દેખાતા પેઢા, સહજ બહાર પડતો નીચલો હોઠ, ચ્હેરાના પ્રમાણમા મોટા કાન, બે મછોની વચ્ચે જોઇએ તેના કરતા જરા વધારે અંતર, બે નેણની વચ્ચે જોઇએ તેના કરતા જરા ઓછુ અંતર, આગળ પડતુ પેટ, પાછળ ઢળતી ગરદન, આ બધી વસ્તુ ઝીણવટથી જોયા વિના એકદમ ધ્યાનમા આવે તેવી નહોતી

ધનુષલાલ જ્યારે હસતો ત્યારે ચિત્તા જેવો દેખાતો અને

જ્યારે ગંભીર થતો ત્યારે શિકારી કૂતરાનું ભાન કરાવતો. આ સ્વભાવ તેણે નહાનપણથીજ કેળવ્યો હતો, પરંતુ છૂપી પોલિસમાં નોકર રહ્યા પછી તેને વધારે પુષ્ટિ મળી હતી. છૂપી પોલિસમાં અમલદાર તરીકેની તેની નિમણુંક તેના બે વડવાઓએ લશ્કરમાં કરેલી નોકરી અને બજાવેલી સેવાને આભારી હતી, તેમજ 'લશ્કરી'ની અટક પણ લશ્કરમાં વડવાઓએ મેળવેલી નામનાને આભારી હતી કેટલાકોને નવાઈ એ લાગતી કે મિસ્ટર લશ્કરી કોઈ દિવસ પોતાના પિતાનું નામ પોતાના નામની પાછળ લખતા નહિ તેમ બોલતા પણ નહિ "વાયરલેસ"નું અર્થસૂચક ઉપનામ ધનુપલાલે લોકો તરફથી મેળવ્યું હતું, અને તેનું કારણ સ્પષ્ટ હતું કારણકે ગમે તેવા ગુપ્ત બનાવો કે ગુનાહો, ગમે તેટલી યુકિતથી, ગમે તેવી ગુપ્ત જગામાં, ગમે તેટલી ગુપ્ત રીતે, બનતા, તોપણ વીજળિક વેગથી તેના 'વાયરલેસ' સમાચાર ધનુપલાલને કાને આવ્યા વિના રહેતા નહિ

આટલા બધા જાણીતા અને જેણે આખા શહેરમાં પોતાનો સિકકો બેસાડયો હતો તેને મુંબઈના મોટા બડેખાઓ માન આપે તે સ્વાભાવિકજ હતું ગૃહસ્થો તેમજ લફંગાઓ, શ્રીમંતો તેમજ ભીખારીઓ, અમલદારો તેમજ નોકરો, મિ૦ "વાયરલેસ"થી ડરીને ચાલતા, અને કોઈને ત્યાં મિ૦ "વાયરલેસ"ની પધરામણી સ્વાભાવિક રીતે શુકનવાળી ગણાતી નહિ આ ઉપરથી વાચક સમજી શકશે કે શ્રીકાંત શેઠ વાયરલેસનું વિઝિટિંગ કાર્ડ વાંચી ચમકયા તે સપ્રયોજનજ હતું

લશ્કરી અંદર આવતાજ શ્રીકાંતશેઠ તેમજ પ્રમોદલાલ ઉભા થયા અને બંનેએ તેની સાથે હાથ મિલાવી, હૃદયની ગભરામણ દબાવી, સ્વાગત કર્યું

"આવો, મિસ્ટર લશ્કરી, આજ તમે તસ્દી લીધી?" શ્રીકાંતે કટાક્ષ કરી

મિસ્ટર લશ્કરી બહુ લાંબી ટુંકીમાં કારણ વિના ઉતરતા નહિ, તેથી તેણે સીધોજ જવાબ આપ્યો,

"તમારા કામ માટેજ આવ્યો છું, શેઠ!"

"વળી છુપી પોલિસના અમલદાર સાથે અમારે શું લેવાદેવા?" શ્રીકાંતે ગભરામણથી છતાં સ્મિતપૂર્વક પૂછ્યું.

"લેવાદેવા ન હોય તો છૂપી પોલિસના અમલદાર તમારે ત્યાં આવે ખરા કે? હા, પણ મારે પ્રથમ પ્રમોદલાલ શેઠને એક સવાલ કરવાનો છે"

પ્રમોદલાલ શેઠ ટટ્ટાર થયા, અને પૂછ્યું,

"કોને? મને?"

લશ્કરીએ તાત્કાલિક જવાબ આપ્યો,

"જી હા, આપને આપના પુત્રી કયાં છે તે હું જાણવા માગું છું"

પ્રમોદલાલે વાત છૂપાવવા પ્રયત્ન કર્યો,

"તમારે જાણવાનું કાંઇ કારણ?"

"કારણ એજ કે હું તમને મદદ કરવા માગું છું તમારે વાત છૂપી રાખવાની જરૂર નથી, પ્રમોદલાલ શેઠ! સુધાકુમારી તમારે ત્યાંથી ન્હાસી ગયેલ છે તે હું જાણું છું, અને તેને ન્હસાડનાર કોણ છે તે પણ હું જાણું છું"

શ્રીકાંત શેઠ એકદમ ગાજી ઉઠયા

"હે! ખરેખર?" "જી હા, ખરેખર," લશ્કરીએ આમથી ટુંકો પ્રત્યુત્તર આપ્યો

શ્રીકાંત શેઠ ઉપર લશ્કરીએ ધારેલી અસર થઇ, અને તેઓ બોલી ઉઠયા,

"ત્યારે એ હરામખોરને ઠેકાણે પાડવો જોઇએ, કેમ પ્રમોદલાલ શેઠ! બોલતા નથી?"

પરંતુ પ્રમોદલાલ શેઠે બહુ શાંતિથી જવાબ વાળ્યો,

"પણ મારી સુધા કોઇના ન્હસાડવાથી ન્હાસે તેમ નથી"

છૂપી પોલિસના અમલદારથી આ સહન ન થઇ શકયું તેથી વધારે કરડાકીથી તેણે કહ્યું,

"શેઠ! તમારી મોટી ભૂલ થાય છે પૂરતી તપાસ કર્યા વિના આ લશ્કરી એક પણ પગલું ભરતો નથી તે તમે જાણો છો તમારે કોઇનો ગુન્હો છૂપાવવો હોય તો તમે જાણો પરંતુ તમને તમારી છોકરી માટે કાળજી નથી એ જોઇ મને આશ્ચર્ય થાય છે"

શ્રીકાંત શેઠે વચમાં પડી લશ્કરીને ટાઢા પાડવાનો પ્રયત્ન કર્યો,

"નહિ મિસ્ટર લશ્કરી, તમારામાં અમને પૂરતો વિશ્વાસ છે તમે કદિ ખોટું પગલું ભરોજ નહિ પણ એ લફંગો કોણ છે, અને સુધાકુમારી કયાં ગયેલ છે તેની બાતમી તો આપો"

'સુધાકુમારી કયાં ગયેલ છે તે અત્યારે હું કહી શકુ તેમ નથી, તેની ચોકસ બાતમી મેળવ્યા પછી હુ તમને જણાવીશ જે ગુનેહગારે તેને ન્હસાડેલ છે તેનો બધો ઇતિહાસ મારા જાણવામા છે, પરતુ તેની સામે પગલાં ભરવા પહેલા હુ કહુ તે કરવા તમે તૈયાર છો કે નહિ, તે જાણવા હું માગુ છુ "

" અલબત્ત! અલબત્ત! તમે શુ બોલો છો મિસ્ટર લશ્કરી ? જે લુચ્ચાએ અમારૂ નાક કાપ્યુ છે તેને શુ અમે જીવતો જવા દઇશુ ? તમે કહો તે કરવાને અમે તૈયાર છીએ," શ્રીકાન્ત શેઠે પોતાની ગરમાઇ બતાવવાને પ્રયત્ન કર્યો

એટલામા મોઢેથી સિસોટી બજાવતો બજાવતો મણિકાત ઉપર આવ્યો, અને આ ત્રિપુટિને ખાનગીમાં જોઇને એક ન્યુસપેપર લઇને ઉભો ઉભો વાચવા મડયો

મણિકાતને જોઇને ધનુપલાલે ધીમા અવાજથી વાત કરવા માડી,

" વાત એટલી હદ સુધી ગયેલી છે કે તમારે કામ ચલાવ્યા વિના છૂટકોજ નથી "

આટલુ બોલી લશ્કરીએ શ્રીકાન્ત શેઠના કાનમા કઇક છાની વાત કહી, શ્રીકાન્ત શેઠ આ શબ્દો સાભળતાંજ ઉભા થઇ ગયા, અને પ્રમોદલાલ શેઠને સબોધી નિ:શ્વાસ નાખ્યો,

" શેઠ, વાત હાથથી ગઇ છે "

પ્રમોદલાલે ઠડો જવાબ આપ્યો, "તમારા બોલવામા

મને કશી સમજ પડતી નથી "

શ્રીકાન્ત શેઠે પ્રમોદલાલના કાનમા કઇક છૂપી વાત કહી, પરતુ પ્રમોદલાલને તેથી અસર થઇ નહિ, અને પોતાની શકા રજુ કરી,

"પૂરાવા વિના એ હુ માનું નહિ એ માણસને હુ ઓળખું છુ પોલિસ ઉપર મને વિશ્વાસ નથી "

છેલ્લુ વાકય મિ૦ લશ્કરી માટે વધારે પડતુ હતુ-

મિ૦ લશકરીએ તુરતજ ઉત્તર આપ્યો,

" પૂરાવા છે, સાબીતી છે આ તો હુ તમને ચેતવણી આપવા આવ્યો હતો, છતાં તમારી આખ ન ઉઘડતી હોય તો હુ લાચાર છુ "

આટલુ કહીને લશ્કરીએ ચાલતા થવાનો ડોળ કર્યો, પણ તેને તુરતજ શ્રીકાન્ત શેઠે જતા અટકાવ્યો, અને કહ્યુ,

" નહિ, મિસ્ટર લશ્કરી ! તમારે માઠું લગાડવાનું કારણ નથી, તમારી સૂચના પ્રમાણે પગલા ભરવાને હુ તૈયાર છુ "

" તે ખરૂ , પરતુ તેમા પ્રથમ તો સુધાકુમારીની વય ૧૬ વરસ નીચે હોવી જોઇએ, નહિતર કાયદેસર પગલા ભરવામા વાધો આવે તેમ છે,"

લશ્કરીએ મુશ્કેલી રજુ કરી

શ્રીકાન્ત શેઠ બોલી ઉઠયા, "તેમા શુ ? ઉમર ઓછી કહેવાથી ગુન્હેગારને શિક્ષા થતી હોય તો એ રસ્તો થઇ શકે

તેમ છે, અને સુધાકુમારીને હજુ સોળમુ વરસ બેઠુ છે પણ ક્યાં, કેમ પ્રમોદલાલ શેઠ ? ”

પ્રમોદલાલ શેઠનુ ચારિત્ર્ય જૂદા પ્રકારનુ હતુ. તેનાથી આ સહન ન થઇ શકયુ, અને તેથી તેણે આ સુચનાને તિરસ્કાર કર્યો,

“ શ્રીકાન્ત શેઠ ! આવાં જૂઠાણા આ પોલિસોનેજ સોપો, આપણુ તેમા કામ નથી ૧૮ વર્ષની વયની છોકરીને હુ ૧૫ વર્ષની કહીને, અમુક કહેવાતા ગુન્હેગારને હેરાન કરવામા માણસાઇ જોતો નથી ”

આ શબ્દો સાભળી મિસ્ટર લશ્કરી પોતાની પ્રમાણિકતા બતાવવા ચૂકયા નહિ,

“ સુધાકુમારીનુ વય ૧૮ વર્ષનુ છે તેનો મને ખ્યાલજ નહિ તો પછી હુ લાચાર છુ છતા તમારે બીજી રીતે ગુન્હેગાર ઉપર દબાણ કરી સુધાકુમારીનો પત્તા મેળવવો હોય તો તે હુ કરી શકું તેમ છુ, જોકે તેમાં તમારે પૈસાનો થોડોઘણો ભોગ આપવો પડશે ”

શ્રીકાન્ત શેઠે તુરતજ ખુલાસો કર્યો,

“પૈસાની બાબતમા અમારા પ્રમોદલાલ શેઠ જરાયે પાછી પાની કરે તેમ નથી તેને માટે હુ ખાત્રી આપુ છુ પરતુ આ વાત શહેરમા ચર્ચાય નહિ એટલુ ધ્યાનમા રાખવાનુ છે. મિસ્ટર લશ્કરી ! આપણી આબરૂ તો તમે જાણો છો. નાહાક હો હો થાય તે સારૂ નહિ ”

લશ્કરીએ ટુકામા પતાવ્યુ,

“તેની અડચણ નહિ ત્યારે હવે આ સબંધી શી હીલ-ચાલ કરવી અને આપણને કેટલો ખર્ચ થશે એ બધી વાતચીત માટે આપ મને અવકાશે મળજો”

“કયા ઑફીસેજ મળશોને?” શ્રીકાન્તે પૂછ્યું

“ના, આવા કામકાજ માટે હું હમેશા ઘેરજ મળવાનું રાખું છું”

પ્રકરણ ૬ ઠું.

બનારસમાં અતિથિ.

મુસલમાનોનુ મક્કા, ખ્રિસ્તીઓનું રોમ, શ્રીમંતોનુ પારીસ, કલાકારોનુ વેનિસ, અને મુસાફરોનુ લંડન, જેટલુ ગણાય તેથી હજારગણુ વધારે બનારસ હિંદુઓનુ હતુ અને છે હિંદુઓની સંસ્કૃતિ, હિંદુઓનુ આર્યત્વ, પશ્ચિમના રંગથી રંગાયા-વિનાનુ હિંદુઓનુ હિંદુત્વ, હિંદુઓની મહત્તા અને હિંદુઓની નિર્બળતા, આ સર્વ જો કોઇ એક ઠેકાણે જોવામા આવતા હોય તો તે પવિત્ર કાશીમાં છે મુંબઇ જેમ આખા હિંદુસ્થાનનુ નહાનુ પ્રતિબિંબ છે, તેમ બનારસ પ્રાચીન હિંદુ સંસ્કૃતિનુ નહાનુ પ્રતિબિંબ છે

હિંદુ ધર્મનુ કેન્દ્રસ્થાન કાશી છે હિંદુ શાસ્ત્રમા પારંગત પંડિતો કાશીમા છે જ્ઞાન માટે ખરી પ્રીતિ કાશીમા છે સંસારના મોહવિલાસ કરતાં સરસ્વતીદેવીની કયાય વધારે પૂજા થતી હોય તો તે કાશીમા છે જગત્ના મહાનમ મહાન તત્ત્વજ્ઞો અને ધર્માચાર્યોએ પોતાની મુલાકાત માટે કિમતીમા કિમતી ભૂમિ કોઇ માની હોય તો તે કાશી છે માત્ર બ્રાહ્મણ ધર્મના મહાન નેતાઓનેજ કાશીના દર્શન કર્યા વિના છુટકો થયો નથી એમ નથી પરંતુ ભગવાન બુદ્ધ જેવાને પણ કાશીના સારનાથમા નિવાસ કરવો પડયો હતો, અને બુદ્ધધર્મનો વેગભર્યો ઉપદેશ કાશીમાજ શરૂ થયો

તો એજ પ્રમાણે ભગવાન ક્રાઇસ્ટ પણ કાશીના દર્શન કરી ગયાની હકીકત જાહેરમાં આવી છે. અને આ નવીન યુગનીજ વાત કરીએ તો એજ કાશીમાં "થિયૉસૉફિકલ સોસાઇટી"ની પ્રથમ કૃતિ "સેન્ટ્રલ હિંદુ કૉલેજ" જન્મ પામી, એજ કાશીમાં આર્યસમાજના સમર્થ નેતા સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ પોતાની વિજયપતાકા ફરકાવવાની મહેચ્છા પ્રકટ કરી, અને એજ કાશીમાં હિંદુઓનું વિશ્વવિદ્યાલય સ્થાપવાની યોજના સ્વીકારાઇ છે.

હિંદુસ્થાનનું હૃદય જેમ સયુક્ત પ્રાંત છે તેમ સયુક્ત પ્રાંતનું હૃદય બનારસ છે. સયુક્ત પ્રાંતમાં વધારેમાં વધારે વસતીનો દાવો બનારસ કરે છે પવિત્ર ગંગાની માનીતી ભૂમિ બનારસ ગણાય છે ગંગાના ઉત્તર કિનારા ઉપર ચાર માઇલ સુધી બનારસ પથરાયેલું છે ચાર માઇલનો આ તટ મંદિરો, રાજમહેલો, આદિથી છવાઇ રહ્યો છે. પીળા પત્થરોથી બંધાએલા આ મકાનો હિંદુ જીવનના ચોથા આશ્રમનું ભાન કરાવે છે અહિં ગંગા નદીનો ઉત્તર તટ થોડા થોડા વાળાવવાળો નથી, પરંતુ એકદમ સીધો હોવાને લીધે તટ ઉપરના મકાનો ગંગાના મસ્તકપર મુકુટ જેવા દેખાય છે; અને ખાસ કરીને રાત્રિએ જયારે નહાના નહાના અસંખ્ય દીવાઓથી આખો કિનારો ઝળહળી રહે છે, ત્યારે ગંગાના મુકુટમાં રોશનીનું ભાન થાય છે

ઉત્તર તટનું વાતાવરણ જેટલું પવિત્ર છે તેટલું દક્ષિણ તટનું જણાતું નથી ઉત્તર તટના ઘાટ, ઘાટની પગથી,

અને પગથી પગથી જાણે સીધો પ્રવેશ થઈ શકતો હોય એવા દેખાતા પીળા ભૂરા રંગના મકાનો, દક્ષિણ કાંઠા ઉપર દષ્ટિગોચર થતા નથી દક્ષિણ કાંઠો નીચાણમાં આવી જાય છે, અને ત્યાં મકાનો જોવામાં આવતા નથી તેથી બનારસની પ્રવૃત્તિનો યથાર્થ ખ્યાલ જોઈતો હોય તો આપણે ઉત્તર તટના ઘાટ તરફજ દષ્ટિ નાખવી પડશે

બનારસની વસતી બે લાખથી થોડી વધારે છે, પરંતુ ગંગાના ઘાટ ઉપર મનુષ્યોની જે મેદની જોવામાં આવે છે તે ઉપરથી એમજ અનુમાન થાય કે ત્યાંની વસતી બે લાખથી બે ચાર ગણી વધારે હોવી જોઈએ એવો અડસટ્ટો કરવામાં આવે છે કે દર વર્ષે બનારસમાં લગભગ દશ લાખ યાત્રાળુઓ આવજા કરે છે આ ગીચ વસતીની મધ્યમાં અને નદીથી થોડે દૂર એક નહાનુ ચોગાન આવેલું છે આ ચોગાનમાં હિંદુઓનું મુખ્ય મંદિર છે આ મંદિરની પાસેજ એક બીજુ દેવાલય છે જે લગભગ જર્જરિત સ્થિતિમાં દેખાય છે આ જર્જરિત દેવાલયનો અડધો ભાગ મુસલમાનોની મસજીદને માટે વપરાય છે મંદિર અને મસજીદનું આ મિશ્રણ ઘણોજ વિચિત્ર દેખાવ ખડો કરે છે મંદિર ભૂરા પીળા રંગના પત્થરોનું બાંધેલુ છે અને તેની જીર્ણાવસ્થા તેના ઝાંખરા રંગ ઉપરથીજ જણાઈ આવે છે, ત્યારે મસજીદ નવી, સફેદ, સફાઈથી લીંપેલી અને સૂર્યના કિરણોમાં ઝગઝગતી દેખાય છે

આ મંદિર-મસજીદથી થોડે દૂર બીજો એક દેખાવ ધ્યાન ખેંચે છે અને તે ઓરંગઝેબે બંધાવેલી મસજીદના

મિનારાઓ છે આ મસજીદની મૂળ જગાએ પ્રથમ એક હિંદુ દેવાલય આવેલું હતું, પરંતુ ઔરંગઝેબે દેવાલયનો નાશ કરી આ મસજીદના મિનારાઓ ઉભા કરવાનું યોગ્ય ધાર્યું હતું ઉપર વર્ણવેલ મંદિર-મસજીદની પાસે એક મહામું મકાન આવેલું છે, અને તે મકાનના ઉપલા માળના પ્રવેશમાંથી ઔરંગઝેબની મસજીદના મિનારાઓ તેમજ પડોશમાં આવેલ મંદિર-મસજીદનું છાપરૂ જોઇ શકાય છે

આપણી કથા દરમિઆન આ મહાના મકાનનો અનેક યાત્રાળુઓ વીશી અથવા તો ધર્મશાળા તરીકે ઉપયોગ કરતા હતા આ વીશીના માલેક એક ચાલાક ગોર અને ગોર કરતા પણ વિશેષ ચાલાક ગોરાણી હતા ગોર તીર્થગોરોના નમુનારૂપ હતા હૃષ્ટપુષ્ટ શરીર, વાચાળ જીભ, ભયંકર પાચનશક્તિ, અને યજમાનો તરફ અનન્ય પ્રીતિથી "સુદર્શન" નામે એમના ઓળખીતાઓમાં તેમજ અનેક યજમાનોમાં જાણીતા હતા યજમાનોને ધર્મપરાયણ જોઇને તેઓ ખુશખુશ થઇ જતા, પરંતુ કોઇ યજમાન ક્રિયાકાંડમાં સ્ખલન કરતો તો તેના ઉપર ગાળોનો વરસાદ વરસાવવામાં બાકી રાખતા નહિ છતાં પોતે પોતાની રહેણીકરણીમાં ક્રિયાકાંડ સંબંધી ઘણી સ્થિતિસ્થાપકતા સ્વીકારી હતી, અને એવીજ સ્થિતિસ્થાપકતા પોતાને ત્યાં આવનાર શ્રીમંત મુસાફર યજમાનો તરફ પણ બતાવતા મધ્યમ સ્થિતિના કે ગરીબ યજમાન માટે આ અપવાદ લાગુ પડતો નહિ, તેથી તેઓ બિચારાઓને "સુદર્શન મહારાજ" ને ખુશી રા

ખવા માટે બહુ યત્ન કરવો પડતો, અને ક્રિયાકાંડમાં બહુ ત-કલીફ લેવી પડતી.

સુદર્શન મહારાજ ગંગાને કિનારે એક ફેરો મારીને અ-ત્યારે ઘેર પાછા ફર્યા હતા. સવારના નવ વાગ્યાનો સુમાર હતો, એટલે ઘરમાં પગ મૂકતાંજ પોતાની પત્ની અંજનીને સંબોધી:

"નવી! સાંભળો છો કે? પેલો શ્વાન ગંગાતીરે ગયો કે નહિ?"

અંજની રસોડામાં તેર ચૌદ વર્ષની એક મુગ્ધ બાળકા સાથે કજિયામાં ગુંથાઇ હતી, એટલે સુદર્શનના આ સવાલ નો જવાબ દેવાનો તેને વખત નહોતો. બહાર ઓશરીમાં સુદ-ર્શન મહારાજે "નવી"ના બરાડા અને છોકરીના ડુસકા સાંભ-ળ્યા, એટલે પોતે એકદમ ચુપ થઇ ગયા, અને "નવી"ની મધુર વાણીના વેગનું માપ કરતા હોય તેમ ઓશરીમાં પડેલા એક ઘોડિયાની દોરી લઇ લહેકાથી ઘોડિયામાંના બાળકને હીંચકાવવા મંડ્યા.

"રાંડ! કાગડી! મરતીયે નથી! ...ને ખાવું, પીવું ને ખૂંદવું, ને કામમાં તો ઉપરવટણો, ને મુઇને કહીએ તો સા-મા જવાબ આપવા! જો કોઇ દિવસ સામો ઉતર વાળ્યો તો જીભ ખેંચી લઇશ, શંખણી! લે રાંડ કુતરીની પેઠ લબલબ કરતાં શીખી છે! આ તો એણે વહડાવીને! મોઢું તો ભૂંડું વાદરી જેવું, પણ રાંડને ખાવાનું જોઇએ, પીવ-નું જોઇએ, પહેરવાનું જોઇએ! ને પાછું રાંડને ઉપર જાતાં રડવું! મુડકી! કોઇ દિવસ જો તારા બાપનું મોં વાળ્યું તો આખોજ ફોડી નાખીશ."

"નવી" ગોરાણીના આ વચનામૃત કરતા પણ રસોડામા તેઓ જે અભિનય બતાવી રહ્યા હતા તેમા એમની કલા વધારે પ્રદર્શિત થતી હતી જે છોકરી ઉપર આ પુષ્પાંજલિ છંટાતી હતી તે રસોડામાં ચૂલા પાસેની એક બાળાના ખુણામા ધ્રુજતી ધ્રુજતી ઉભી હતી. તેના સુંદર માથા ઉપર તેમજ તેના કોમળ ગાલ ઉપર પાંચ દશ તમાચા તો પડી ગયા હતા 'નવી' ગોરાણી આ બીજો હુમલો તેના ઉપર લઈ આવ્યા હતા. એમના એક હાથે એમણે છોકરીનો એક કાન પકડ્યો હતો, અને કાનનો એટલો તો વળ ચડાવ્યો હતો કે માત્ર લોહી નીકળવાની બાકી હતી બીજા હાથના આગળા ધીમે ધીમે છોકરીના મ્હોડા સામે લબાતા ગયા અને છેવટ છોકરીની આખોમા પેસી જવાની તૈયારીમા હતા, ત્યા ઓશરીમા ઘોડિયામાના બાળકે ચીસ પાડી અને બાળકની ચીસ સાથે સુદર્શન પણ જાગી ઉઠ્યા

"આ કીકી ઉઠી તમને મે હજાર વખત કહ્યુ છે કે વેણુકી સાથે તમારે ઝુભાજોડ કરવી નહિ નાહાક તમારૂ માથુ દુખશે"

આ શબ્દોની ગોરાણી ઉપર અસર થઈ, અને "મર રાંડ" કહી છોકરીના બને કાનો ઝાલી તેનુ માથુ ધમ ધમાવી પાછલી ભીત ઉપર અફાળીને બહાર આવ્યા ભીંતમા માથુ સખ્ત રીતે પછડાયાથી છોકરીની આખોમાથી આસુની ધારા ચાલી રહી, છતા બીજીજ ક્ષણે આનું લઈ રસોઇના કામમા ગરીબડી છોકરી ગુથાણી

ગોરાણીએ બહાર આનાને "કાકા" ને લીધા. પરંતુ ગોર સાથે એક શબ્દ પણ બોલ્યા નહિ ગોરે "નર્મદા"નો ગુસ્સો ઓછો કરવા વાત કરવા માંડી,

"યજમાન આજ તો સ્નાનાર્થે ગયો હોય એમ જણાય છે પણ આ તલમાં 'તેલ' હોય એમ મને તો નથી લાગતું, તમે શું ધારો છો?"

"મુઆ તમારા યજમાનો બધાનો ઢસરડો મારાથી થતો નથી તમારી વેણુકાથી તો કાંઈ કામ થાયજ નહિ, ને પીટયા બધા નવાબ જેવા જ ચાલ્યા આવે છે છતાં પૈસો વાપરવો હોય ત્યાં તો બાખારીના બાખારી, ગોરાણીએ "વેણુકા" ઉપરનો ગુસ્સો પોતાને ત્યાં આવેલા યજમાન ઉપર ઢોળ્યો

સુદર્શન તુરતજ પોતાના શાણપની સાથે સમંત થયા -

"હું પણ એજ વિચારતો હતો મ્હને લાગે છે કે હવે તેને રસ્તોજ પકડાવી દઈએ એનામાંથી હવે કાંઈ વધારે નીકળે એમ નથી"

અજનીના બહારના ગુસ્સાથી અંજાઈ જવામાં ગોરે ભૂલ ખાધી હતી કારણકે યજમાનને રવાના કરવાની અજનીની અંતરની ઇચ્છા નહોતી તેથી ગોરના વિચારને અનુમોદન આપવાને બદલે પોતે આડી વાત નાખી,

"વેણુકી! ઓ વેણુકી! અહિં આવજે તો બા! આ કીકી બહેનને જરા રમાડ, ત્યાં હું દર્શન કરી આવું

"આવી, બા!" કહીને સ્નેહવાળુ તુરતજ રસોડામાંથી બહાર આવી અને કીકાને તેડી તેને રમાડવા માંડી.

અજની કપડા બદલાવવાને ઉપર ગઇ, અને ગોરને કાઇ ખાસ કામ ઘરમા નહિ હોવાથી પાછા યજમાનોની શોધમા સ્ટેશન તરફ ઉપડી ગયા અજની તુરતજ કપડા બદલાવી નીચે ઉતરી કીકીને રમાડવા અને રસોઇ જલદી તૈયાર કરવાની સ્નેહવીણાને સૂચના આપી અને દર્શનાર્થે જતા જતાં તેને કહેતી ગઇ, "જો બુદ્ધિદર્શન હમણા નિશાળેથી આવશે, પણ એ વાનરના હાથમા કીકી બ્હેનને રમાડવા આપતી નહિ. સમજી ?"

સ્નેહવીણાએ જવાબ આપ્યો, "એમના હાથમા નહિ આપું, બા !"

અજની "દર્શનાર્થે" ચાલતી થઇ

સ્નેહવીણાએ કીકીને રમાડવા માડી, રમાડતા રમાડતા, તેના મધુર કરૂણ સ્વરથી, એક મધુર, કરૂણાથી ઉભરાઇ જતુ ગીત ગાવાનુ શરૂ કર્યુ ગીતમા કીકી ઝોકા ખાવા લાગી, સ્નેહવીણાએ કીકીને પારણામા પોઢાડી, અને ધીમે ધીમે કીકાને હીચોળવામા તલ્લીન થઇ થાકી ગયેલી નિર્દોષ સ્નેહવીણા પોતે પણ પારણાના પાયાને અઢેલીને ઘડીભર નિદ્રાવશ થઇ ગઇ

સુદર્શન ગોરનુ ઘર આટલું શાન્ત અને સૂનુ કોઇકજવાર જણાતુ તેથી ગોરને ઘેર ઉતરેલો અતિથિ ઘરના ઓટલા ઉપર આવતાજ ચકિત થયો અને ઘેર તાળું મારેલુ હોવુ જ જોઇએ એમ માની દરવાજાની ઉપલી સાકળ ઉપર તેણે દૃષ્ટિ કરી પરતુ બાર અધુકડા હતા એટલે તાળુ દેખાય કયાથી ? તેથી અતિથિએ બ્હીતા બ્હીતા બાર ઉઘાડયા, પોતે અદર

આવ્યો, અને બ્હીતા બ્હીતા પાછા બાગ હાલા વાસ્યા આટલું કાર્ય કરી લીધા પછી અતિથિએ ઉંચે જોયુ તો સામેની ઓશરીમાં ઉપર વર્ણવેલો રમણીય તેમજ કરૂણ દેખાવ દૃષ્ટિએ પડ્યો. અતિથિ થોડી વાર તો આંગણામાજ ઉભો રહ્યો, અને એક ચિત્રકાર જેમ કોઇ રમણીય કુદરતી દેખાવ ચીતરવાને તેનું અવલોકન કરતો હોય તેમ સ્નેહવીણા સામે એક ચિત્તથી જોઇ રહ્યો પણ કદાચ ધરમાથી કોઇ પોતાને આ સ્થિતિમા જોઇ જાશે એમ ધારીને અથવા બીજા કોઇ કારણથી પોતે ઓશરી ઉપર આવ્યો ઓશરીના પગથિયા ઉપરજ તેનો અવાજ સાભળવાથી સ્નેહવીણા જાગી ગઇ સ્નેહવીણાએ તુરતજ માથા ઉપરથી ઉતરી ગયેલી ચુદડી ઠીકઠાક કરી, આખમા સુકાઇ ગયેલા આંસુ ચુદડીના છેડાથી લૂછી નાખ્યા, અને પારણા પાસેથી બેઠી થઇ ગઇ

અતિથિએ તુરતજ પ્રશ્ન કર્યો,

' કેમ, સ્નેહવીણા ! આજે બધા ક્યાં ગયા છે ?"

વીણાને પણ મુગ્ધ બનાવે એવા મધુર અવાજથી સ્નેહવીણાએ જવાબ આપ્યો,

" કાકા યજમાનોમા ગયા છે ને કાકી હમણાજ દર્શન કરવા ગયા બુદ્ધિદર્શનભાઇને આજે સવારની નિશાળ છે એટલે નિશાળે ગયા છે "

" ત્યારે આજે તો તમે એકલા પડી ગયા ?" અતિથિએ મશ્કરી કરી

સ્નેહવીણાને "સ્નેહવીણા"ના નામથી અને 'તમે'ના સર્વનામથી તેની દુ ખી છતા તેના મનથી લાબી જીંદગીમાં

કોઇએ સંબોધી હોય તો આ અતિથિએજ બીજા અનેક અતિથિઓ આ ઘરમા આવી ગયેલા. પરંતુ તેઓ બધા ગોર-ગોરાણીની માફક "વેણુડી" અને "તુ" નો ઉપયોગ કરવા-માજ પોતાની કાશીની યાત્રા યથાવિધિ માનતા ઘણાઓએ તો "વેણુડી"નું મળ નામ પૂછવાની તસ્દી પણ લીધી ન હતી આવી સ્થિતિમા સ્નેહવીણાને આ અતિથિ ઉપર પક્ષપાત બંધાય તે સ્વાભાવિક હતુ આ અતિથિ સાથેજ તે કંઇક હૃદય ખોલીને વાત કરી શકતી. પરંતુ તે પણ ગોર-ગોરાણીની નજર ચુકાવીનેજ, તેઓની હાજરીમા તો તેનાથી એક શબ્દ પણ ઉચ્ચારાય તો તેના ભાગ્યજ મળે આજે આવુ એકાત મળ્યુ તેથી અડધા કલાક પહેલાના આસુઓ નિર્દોષ બાળા ભૂલી ગઇ અને અતિથિની મશ્કરીનો હસતે મુખે ઉત્તર આપ્યો

"એકલી તો કાઇ નથી આ મારી બ્હેન છે ને ? વળી તમે આવ્યા એટલે હવે એકલી શાની ?"

અતિથિના હૃદયમા વ્હાલ ઉભરાયુ,

"સ્નેહવીણા! આવુ મીઠુ મીઠુ બોલતા તમને કોણે શીખવ્યુ ?"

સ્નેહવીણા શરમાઇ ગઇ, અને રસોડાના બારણાને અઢેલીને નીચુ જોઇ ઉભા રહી

ઉભયનુ મૌન ક્ષણવાર રહ્યુ, પણ એ ક્ષણમા યુગના યુગ જેટલુ કાર્ય થઇ ગયુ બનેની દૃષ્ટિ પણ નહોતી મળી છતા ઉભયના હૃદયતાર કંપ્યા, હૃદય હૃદયને ભેટયુ, અને પરસ્પર અનિર્વચનીય મોહ અને પ્રેમ ઉત્પન્ન થયો

છેવટે પુરૂષ હૃદયેજ નિડરતા બતાવી

"સ્નેહવીણા ! મારે તમને ઘણુ ઘણુ પુછવુ છે છતા તમે આ પ્રમાણે મૌનવ્રત સ્વીકારશો તો પછી આપણી વાતો કયારે થઇ શકશે ?'

'મ્હારા મૌનમવ્રતથી તમે બોલી ન શકો એમ નથી તમને સાભળવાનુ મને બહુ મન થાય છે, માટે તમે તમારે બોલવુ હોય તેટલુ બોલો, હુ બધુ રસથી સાભળ્યા કરીશ '

માત્ર ચૌદ વર્ષની, રંક, ફાટેલ ત્રેસકપડાથી શણગારેલી તેમજ ઘરકામ અને જૂલ્મ તથા નિર્દયતાની ઘટીમા દળાઇ જતી, અને શાળાના કાઇપણ શિક્ષણ વિનાની બાળામા આટલા વાકચાતુર્યની આશા અતિથિએ ભાગ્યેજ રાખી હતી સસારસમુદ્રને તળિયે જઇને અનેક રત્નો પડેલા છે તેનો અતિથિએ આજે સાક્ષાત્કાર કર્યો અને રમણીય પુષ્પો પોતાની સુગંધિ અને મધુરતા જગલના નિર્જન વાતાવરણમા ફેલાવી રહ્યા છે તે આ અતિથિ માનતો હતો, પરતુ આવા જીવન પુષ્પો આવે સ્થળે વિરાજતા હશે તેનુ તેને સ્વપ્ન પણ ન હતુ અતિથિને તેજ ક્ષણે અગ્રેજ કવિની પંક્તિઓ યાદ આવી

"Full many a gem of purest ray serene,
The dark, unfathomed caves of ocean bear,
Full many a flower is born to blush unseen,
And waste its sweetness on the desert air.'

પરતુ અતિથિ એટલુ ભૂલી ગયો કે જે ડહાપણ વયથી આવતુ નથી તે ડહાપણ દુખ, ગરીબી અને નિરાધારપણાથી

આવે છે અતિથિના મૌનથી બાળા અધીરી થઇ, અને માથું નીચુ રાખીને ધીમા સ્વરથી પાછી બોલી,

"તમારે મને શું પૂછવુ હતુ એ તો કહો"

અતિથિ સમાધિમાથી જાગ્યો,

"પ્રથમ તો એ કે તમને આ ઘરમા ગમે છે ?"

સ્નેહવીણાએ નિર્દોષ જવાબ આપ્યો,

"ગમવુ શુ ને ન ગમવુ શુ તે તમને મોટા માણસોને. મ્હારે મન તો બધુ સરખુ જ છે હુ આ ઘરમાજ ઉછરી છુ, અને આ ઘરમાજ દિવસ કહાડવાના છે પછી શુ ?"

"એ વાત તમે મને એક વાર કહી છે પણ જયા દિવસ કહાડવામા છે ત્યા દિવસો કહાડવા તમને ગમે છે કે કેમ ?"

'ન ગમતુ હોય તો પણ શુ કરીએ ? અને એવી વાત કાકા કાકીને કહેવાય પણ ખરી કે ?"

અતિથિએ વધારે હિમ્મત કરીને કહ્યુ,

"ધારો કે મ્હારી સાથે તમને મોકલાવે તો આવો ખરા ?"

સ્નેહવીણા હસી પડી, "તમે મ્હારી મશ્કરી કરો છો. એ તે કોઇ દિવસ બને ? કાકી પાસે આવી વાત કરુ તો મને માર્યા વિના રહે નહિ"

"એ હુ સમજયો. પણ ધારો કે તમને મારી સાથે મોકલાવે તો તમે આવો ખરા ?"

"પણ કાકી એમ ધારવા દેજ શાના ?"

અતિથિએ ઉંચી કેળવણી લીધી હતી, પરંતુ આ મુગ્ધ બાળાની દલીલ તોડવાને તે અશક્ત નીવડયો.

"વારૂ, પણ હું અહિ કાયમ રહું તો તમને આનંદ પડે કે નહિ?"

"વળી મશ્કરી શરૂ કરી!"

"નહિ, ખરેખર, તમે મને જવાબ તો દીઓ."

"હાજ તો, તેમા જવાબ શો દેવો હતો? આટલા વખતમા મારૂં મન આટલા ઉલ્લાસમા છે તે તમારા આવ્યા પછીજ"

સ્નેહવીણાનુ વાકય પૂરૂ થયુ નહિ ત્યા કીકા જાગી સ્નેહવીણા અત્યારસૂધી રસોડાના બારી પાસે ઉભી હતી તે તુરતજ પારણા પાસે દોડી અને કીકીને તેડી લીધી અતિથિ પારણા પાસેજ ઉભો હતો સ્નેહવીણા કીકીને ચુંબનથી છાની રાખવા પ્રયત્ન કરતી હતી ત્યારે અતિથિ પોતાના કોટના ખીસામાથી કંઇક ખોળતો હતો. છેવટે ખીસામાથી મુઠીવાળેલો હાથ બહાર કહાડી સ્નેહવીણા તરફ લબાવ્યો અને કહ્યુ,

"સ્નેહવીણા! આ લેશો કે?"

સ્નેહવીણાએ ચકિત થઇ પૂછ્યુ,

"શુ? રૂપિઓ? રૂપિઆને હુ શુ કરૂ?"

અતિથિએ વિનતિ કરી,

"જો તમારે મારા ઉપર હેત હોય તો મહેરબાની કરીને લઇ લીઓ. તમારે માટે ચુંદડી લેવાને હું આપુ છુ. મારી પાસે હાલ છૂટ નથી નહિતર મ્હારે તમારાં બધા કપડાનુ આપવુ હતુ"

સ્નેહવીણાનું નિર્દોષ હૃદય આ લાગણી સમજી ન શક્યું,

"પણ રૂપિઆનું હું કરૂં શું? મ્હારી ચુંદડી સારી છે હમણાજ મેં થીગડા મારીને સાધી છે વળી દીવાળી ઉપર કાકા બીજી અપાવવાના છે રૂપિઆની ચુંદડી કાંઇ મને લેતા આવડે?"

આ છેલ્લી મુશ્કેલી જુવાન અતિથિના મગજમા આ ક્ષણેજ ઉતરી

"વારૂ, ત્યારે હું તમને ચુંદડી લાવી આપીશ"

"નહિ એવું કશું કરતા નહિ કાકીને ખબર પડે તો મારા અંગ બળી જાય હું તમારે પગે પડું છું, કાકીને આ વાત કહેતા નહિ"

'ગભરાવ નહિ તમારા કાકીને કહુ એવો હું મૂર્ખ નથી તમારી મુશ્કેલી હવે મારા ધ્યાનમા આવી," એમ કહી અતિથિએ રૂપિયો પાછો ખીસામા મૂકયો થોડીવાર બને શાન્ત ઉભા, પરન્તુ એકાન્તનો બને તેટલો ઉપયોગ કરી લેવો એમ ધારી અતિથિએ પાછી વાત શરૂ કરી

"સ્નેહવીણા' હું હવે એક બે દિવસમા અહિથી જવાનો છું"

સ્નેહવીણાએ કટાક્ષ કર્યો, "તમે તો કહેતા હતા કે તમે અહિ કાયમ રહેવાના છો' એ તો હું જાણતીજ હતી અમારે ત્યા કોઇ મુસાફર તમે રહ્યા એટલું પણ રહેતા નથી"

"ત્યારે હું જોઇએ તેના, કરતા વધારે રહ્યો છું, ખરૂં ને?"

'હાજ તો તમે અહિ આટલુ બધુ રહ્યા તેથી કાકા ખુશી નથી"

અતિથિ આ જવાબથી કંઇક નિરાશ થયો.

"એટલા માટેજ હુ હમે જલ્દી જવાનો છુ પછી તો તમને બધાને નિરાંત થશે કેમુ ? મ્હારી પેઠે આટલો બધો વખત કોણ થોડાજ યજમાનો આપતા હશે"

સ્નેહવીણા કંઇ બોલ્યા વિના કાકીના મ્હોડા પાસે ઘુઘરો વગાડવા મંડી તેથી અતિથિને આગળ બોલ્યા વિના છૂટકો નહોતો

"બની શકે તો આજે સાંજેજ હુ જવા માગુ છુ. અત્યારે હુ બહાર જમવાનો છું, અને સાંજે પણ ઘેર જમીશ નહિ એમ કાકીને કહેજો હમણા હુ બહાર જાઉ છું, પાછો સાંજે સુદર્શન મહારાજને પૈસા ચૂકવવા આવીશ જરા મારૂ પોટલુ બાંધી રાખજો એટલે ચાલતી વખતે ઉતાવળ કરવી ન પડે," આટલુ બોલી અતિથિએ જવાની તૈયારી કરી, પરંતુ આ છેલ્લો ઘા સ્નેહવીણાને અસહ્ય લાગ્યો તેણીની આંખોમા આંસુ ભરાયા અને ગદ્ગદ કંઠ થઇ ગઇ, તો પણ પોતાની લાગણીઓ દબાવી બોલી,

"સાંજે જમ્યા વિના જશો ? વ્યાળુ કર્યા વિના મ્હારગામ જવુ તે ઠીક નહિ"

"નહિ, સાંજે પણ હુ બીજે કયાય જમવાનો છુ"

સ્નેહવીણા લાચાર થઇ ગઇ આટલી લાચારી, આટલી નામગીની, આટલી તીવ્ર લાગણી, તેણીએ કદિ અનુભવી ન

હતી. હવે શુ કરવુ તે સુઝયુ નહિ જે અતિથિની હાજરીથી તેનુ કુણુ હૈયુ ખીલ્યુ હતુ તે અતિથિના ઉપડવાની વાત સાભળી કરમાવા મ ડયુ પોતાની લાગણીઓ નિર્દોષ બાળા સમજી ન શકી જે કાઇ હૃદયમા થતુ હતુ તે અતિથિ પાસે કહેવાની હિમ્મત નહોતી, પરતુ અતિથિની સ્થિતિ પણ લગભગ તેવીજ હતી, તેથી તેના શબ્દો પછી જેટલી ત્વરાથી ઓશરી છોડવી જોઇએ તેટલી ત્વરાથી તે ઓશરી છોડી ન શકયો, અને ઘરમા થોડો વધારે સમય ગાળવાની આતર ઇચ્છાથી ઉપલે માળે જવાનુ બહાનુ શોધી કહાડયુ,

"લાવો, પોટલુ હુ જ તૈયાર કરી જાઉં, પછી સાજે ખટપટ નહિ" એટલુ કહી અતિથિ ઉપલે માળે ગયો સ્નેહવીણા પણ તેના કપડા શોધી આપવાનુ બહાનુ કહાડી તેની પાછળ પાછળ ઉપર આવી અતિથિ પોટલુ બાધવા મ ડયો, અને સ્નેહવીણા કીકીને રમાડતી રમાડતી અતિથિના કપડા ભેળા કરવા લાગી પોટલુ બ ધાઇ ગયુ અતિથિએ નીચે ઉતરવાની તૈયારી કરી સ્નેહવીણાએ હ્રદય ખાલી કરવાને છેવટના તરફડિયા માર્યા

"આજે ન જાઓ તો ન ચાલે?" કરૂણ સ્વરથી મુગ્ધાએ પૂછયુ

"નહિ, મ્હારે જવુ જ જોઇએ"

બાળા આનુ ખાળી ન શકી અતિથિ કાકી જેટલોજ નિર્દય જણાયો. માત્ર ઉભયની નિર્દયતાના ભાવમા તફાવત હતો, પરતુ એ ભાવોનુ પૃથક્કરણ કરવાની શક્તિ આ રક

છોકરીમા ન હતી છતા એ તફાવત તેનુ નિર્મલ હૃદય સમજી શકતુ હતુ તે ચોકસ છે, નહિતર નીચેના શબ્દો તેણીના મુખમાથી ન નીકળત

"આજે જવાના છો ક્યાં ? ઘેર જમો તો શુ ?" ખીશીવાળીની છોકરી જાણે અતિથિને વિવેક કરતી હોય તેવો દેખાવ જોઇ અતિથિ વિસ્મય પામ્યો, અને મનમા સહજ હસવુ આવ્યુ આ વિવેક જોઇને અતિથિ મોટેથીજ હસી પડત, પણ સ્નેહવીણાના અવાજ ઉપરથી તેણી રડી પડી હોય એમ તુરતજ તેને ભાન થયુ એ ભાન થતાજ અતિથિના હૃદયના ક્ષુદ્ર ભાવોએ ઉછાળો માર્યો પોતે ઉભો થઇને સ્નેહવીણા ઉભી હતી ત્યા આવ્યો અને પ્રેમભરી દ્રષ્ટિએ તેની સામે જોઇ રહ્યો

સ્નેહવીણા ફાટેલ તૂટેલ કપડામા સજ્જ થઇ હતી છતા તેનુ સૌદર્ય જોનારને આજી નાખે તેવુ હતુ ચુદડીમા થીગડાં, ઘાઘરીમા થીગડા, ચોળીમા થીગડા પરતુ એ થીગડાઓને પણ સ્નેહવીણાનુ મનોહર અગ દીપાવતુ હતુ દરેક હાથમા એક એક કાચની જાડી બગડી એ સ્નેહવીણાના સર્વ ઘરેણા હતા, પરતુ ઘરેણાની ખામીને લીધે તેનુ નૈસર્ગિક સૌદર્ય અને તેની સ્વાભાવિક કોમલતા વધારે બહાર આવતા હતા અતિથિએ જયારથી આ ઘરમા પગ મકયો ત્યારથીજ સ્નેહવીણાએ તેનુ આકર્ષણ કર્યુ હતુ, અને ત્યાર પછી સ્નેહવીણાના સદ્‌ગુણો તેમજ સદ્‌ગુણો સાથે તેણીની દુ:ખપર પગ જોઇ તેનો પ્રેમ

આ બાળા પ્રતિ શતધા વધ્યો હતો પરંતુ આ સઘળું છતાં તેણે આજે સ્નેહવીણામા જે તેજ, જે સૌંદર્ય, જે મનોહરતા, જે મધુરતા, જે કોમલતા, જોયા તેનો અનુભવ પહેલા કદિ પણ કર્યો ન હતો. થોડી પળ તો બન્ને સામસામાં ઉભાં રહ્યા; અતિથિ સ્નેહવીણાની એટલો તો નજદીક આવ્યો હતો અને તેણીની સામે પોતાની સ્નેહભરી આંખોથી એટલી બધી એકીટશે જોઇ રહ્યો હતો કે કુમારી શરમાઇ ગઇ, અને અતિથિની સામે પડખુ વાળી નીચુ જોઇને સ્તબ્ધ ઉભી.

અતિથિ પોતાનો સયમ રાખવાને અશક્ત નીવડયો:

'વીણા! તુ રડે છે શા માટે? તને ન ગમતું હોય તો હુ ન જાઉં"

"વીણા" અને "તુ" સાભળી સ્નેહવીણાના હૃદયમા પ્રેમનો ઉમળકો આવ્યો પણ બોલી શકી નહિ

"જો, તારે કાંઇ કહેવુ હોય તો જલદી કહી દે નહિતર પાછા બધા બહારથી આવશે તો કાંઇ વાત થઇ નહિ શકે"

આ ચેતવણીથી સ્નેહવીણા સાવચેત થઇ

"હા, તમે જરા વધારે રોકાઓ તો સારૂ. પછી તમારે ઉતાવળ હોય તો લાચાર."

"પણ હુ જયારે જઇશ ત્યારે આવુ ને આવું થશે ? ?"

"પછીની વાત પછી પણ હમણા રહી જાઓ"

"તેના કરતા તુ જ મ્હારી સાથે આવે તો ?"

"હુ કેવી રીતે આવુ ?"

"તને હુ સાથે લઇ જવા તૈયાર છુ તારા કાકાકાકી તો નહિ આપે તે હુ જાણુ છુ પણ આપણે છાનામાના નાશ્યા જઇએ તો પછી ?'

"જાનામાના શી રીતે જવાય ? કાકાને ખબર પડે તો પછી મ્હને જીવતી રહેવા દે ખરા કે ?"

"તેની ત્હારે ચિંતા નહિ. કોઇને આપણો પતો લાગશે તો ને ? માટે ચોક્કસ જવાબ દે. આ દુખમાંથી, આ કામના ઢસરડામાંથી, તારી કાકીના મારમાંથી, તારે છુટવું હોય, અને મ્હારી સાથે રહેવું હોય તો એકજ રસ્તો છે. ત્હારે ગભરા‍વાનું નથી. હું તારૂં પુરતું રક્ષણ કરીશ, પણ આ નર્કમાંથી હું તને છોડાવવા માગું છું."

સ્નેહવીણા આ સુચનાની ગંભીરતા બરાબર સમજી ન શકી, તેથી તેણીએ તો પોતાની મુશ્કેલીઓજ રજુ કરી.

"પણ આપણે જ્યાં જઇશું ત્યાંથી કાકા શોધી ક્હાડશે આખું કાશી કાકાને ઓળખે છે."

"આપણે કાશીમાં રહીશું તો ને ? આપણે બીજેજ ગામ જઇને રહીશું. કોઇને કશી ખબર પડવાની નથી."

"પછી ઘરનું કામ કાકીને કરવું પડે. એટલે મ્હારા ઉપર ગાળોનો વરસાદ વરસાવશે અને મને પાતાળમાંથી શોધી ક્હાડયા વિના રહેવાના નહિ."

"સ્નેહવીણા ! તું બાળક છે, એટલે ગભરાય છે. તારા કાકીથી ત્હારે હવે જરાયે બ્હીવાનું નથી. આપણે એવે ઠેકાણે જઇશું કે જ્યાં તારી કાકી કે તારૂં કોઇ ઓળખીતું આવી નહિ શકે. તારે પછી આ વૈતરૂં પણ કરવાનું નહિ રહે."

"કામ કરવાને મને વાંધો નથી. પણ પછી તમે મને એકલી મકીને કયાય ચાલ્યા તો નહિ જાઓ ને ?"

"નહિ, મારી વ્હાલી વીણા ! કદિ નહિ. હું હમેશાં તારી પાસેજ રહેવાનો."

"ખરેખર ? મ્હારા સમ ?"

"તારા સોગન ! વીણા !"

પ્રકરણ ૭ મું.

કાશ્મીરમાં વિયોગ.

" એક તો વસતઋતુ અને કાસ્મીરનો પ્રદેશ, પછી પુછવુ જ શુ ? હિમાલયમાથી ઉછળતી, કૂદતી, નાચતી, પછડાતી નદીઓ ખળખળ વહેતા ઝરણાઓથી છલકાતા પર્વતો, લીલા મખમલના ગાલીચા જેવી મનોહર વનસ્પતિ અને વનસ્પતિના ગીચ જગલોથી ઉભરાઇ જતા ડુગરો અને પાણી આ સર્વ અને તેથી હજારગણો વિશેષ કાસ્મીરનો મહિમા છે કાસ્મીરની કુદરતી લીલાનુ વર્ણન અનિર્વચનીય કહીએ તો ખોટુ નથી

કાસ્મીરની રાજધાનીનુ શહેર શ્રીનગર અંદર ગમે તેટલુ ગદુ અને કદરૂપુ હશે, પરતુ શ્રીનગરની આસપાસ જે કુદરતી સૌદર્ય જોવામા આવે છે તે શ્રીનગરની ગદકી અને રહેવાની મુશ્કેલીઓ સર્વ ભુલાવી દે છે શ્રીનગરના ધોરી રસ્તા એટલે શહેરમા થઇને વહેતી નહેરોજ સમજવાની છે શહેરમા જુદે જુદે સ્થળે જવુ હોય તો હોડીમા બેસીને જવાય છે હોડીને શ્રીનગરમા કિસ્તી કહે છે આવી કિસ્તીઓ શ્રીનગર પાસેના ડાલ સરોવરમા સફર કરતી અનેક જોવામા આવે છે

ડાલ સરોવરમા કિસ્તીમા બેની સેલગાહે નીકળવુ તે ગમે તેવા ચિતાતુર માણસને પણ હૃદયની શાંતિ અને આનદ

આપે છે. ડાલ સરોવરની મઝા લેવા કોઇપણ પ્રવાસી ચુકતું નથી. આજે પણ કેટલીક કિસ્તીઓ સરોવરની સપાટી ઉપર દૃષ્ટિગોચર થાય છે. કિસ્તીના હાંકનારા ખલાસીઓ કે જેઓને માઝી કહેવામાં આવે છે તેઓ સરોવર ઉપર એક બીજાની કિસ્તીઓ સાથે શરત કરવામાં ઘણી મોજ માને છે. હમણાંજ એક કિસ્તી તેની આગળની કિસ્તી પાસેથી સેલારો મારી શરતમાં આગળ નીકળી ગઇ. આ કિસ્તીમાં એક યુવક અને તરૂણી બેઠાં હતાં. તેઓની કિસ્તી હાંકનાર માઝીએ મોટી બૂમ પાડી, સખત હલેસું મારી આગલી કિસ્તીને પાછળ નાખી દીધી, અને બન્ને કિસ્તીના માઝીઓ સામસામા કંઇક બબડવા મંડયા. તે બધો તમાસો જોઇ યુવક અને તરૂણી ખૂબ હસી પડયાં. પાછળ પડી ગયલી કિસ્તીમાં એક જુવાન સ્ત્રી ઉંડા વિચારમાં બેઠી હતી તે આ ગડબડાટથી અને હસાહસથી એકદમ જાગૃત થઇ, અને આ શું થયું તે સમજી શકે તે પહેલાં આગળ નીકળી ગયેલી કિસ્તીમાંના યુગલ ઉપર તરૂણીની દૃષ્ટિ પડી. દૃષ્ટિ પડતાંજ તેના ચહેરા ઉપરના ભાવ એકાએક બદલાઇ ગયા. અને કંઇક વીજળિક આંચકો પોતાને લાગ્યો હોય તેમ સહસા ઉભી થઇ ગઇ. એકદમ માથું ઉંચું કર્યું, અને આંખો કિસ્તીમાંના પ્રવાસીઓ ઉપર ઠેરવી. હસવામાં તલ્લીન થયેલા પ્રવાસીઓને આ યુવતી તરફ નજર કરવાને અવકાશ પણ નહોતો તેમજ કારણ પણ નહોતું. ઊનના ઓવરકોટમાં વિંટળાયેલી તરૂણીની તેઓને ઝાંખી થયા વિના રહી નહિ. સૂર્યાસ્તનો સમય હતો અને કિસ્તી ઝપાટાભેર

પસાર થઇ ગઇ તેથી ઓવરકોટમાં સજ્જ થયેલ વ્યક્તિ પુરૂષ હતી કે સ્ત્રી હતી તેનો ખ્યાલ પણ હસનારાઓને આવ્યો નહિ. પરંતુ ઓવરકોટવાળી યુવતીની દૃષ્ટિ તો આ યુગલ ઉપરજ એકાગ્ર થઇ. તુરતજ આગલી કિસ્તી તીરની માફક તળાવના દરવાજામાંથી નહેરમાં ઉતરી પડી આ દરવાજામાં થઇને સરોવરમાં જવાય છે,' અને સરોવરમાંથી પાછા ફરતા પણ આ દરવાજામાં થઇને શહેર તરફ જવાય છે પાણીનું વ્હેન અનુકૂલ હોવાથી બંને કિસ્તીઓ ઝપાટાબંધ સરોવર છોડી શહેર તરફ ચાલી પરંતુ આગળ નીકળી ગયેલી કિસ્તી તે છેવટ સુધી આગળજ રહી, જો કે બંને કિસ્તી વચ્ચે બહુ અંતર રહ્યું નહોતું અને પોતાની કિસ્તી આગળ ન જાય એમજ પેલી યુવતી ઇચ્છતી હતી, કારણ કે પાછળ રહેવાથીજ તેણી આગલા યુગલ ઉપર પોતાની દૃષ્ટિ બરાબર રાખી શકે તેમ હતી

આ પ્રમાણે થોડે થોડે અંતરે બંને કિસ્તીઓ શહેરમાં પહોંચી પાછલી કિસ્તીમાં બેઠેલી સ્ત્રીપ્રવાસીનો ઉતારો બીજે સ્થળે હતો, પરંતુ તેની આગલી કિસ્તીમાં બેઠેલા ઉતારૂઓ સબંધી કંઇક વિશેષ જાણવાનું કુતુહલ થવાથી તેઓ જ્યાં ઉતર્યાં ત્યાંજ પોતે પણ ઉતરી રાત્રિનો સમય થઇ ગયો હતો, અને વસંતઋતુ હતી છતાં ટાઢ ઘણી લાગતી હતી, તેથી બંને મુસાફરો પછવાડે જોયા વિના પોતાના સ્થાન તરફ ઉપડ્યા યુવતી પણ તેઓની પાછળ સંતાતી સંતાતી ચાલી એક બે ગંદી ગંદલીમાં થઇને બંને મુસાફરો

એક ન્હાના બંદર જેવા મકાનમા પેઠા યુવતીએ બરાબર મકાનની નિશાની યાદ રાખી, અને પોતે પોતાના ઉતારા તરફ ઉપડી વચમા તેણીને પાછુ કિસ્તીમા બેસવુ પડયુ અને કિસ્તી બજારમા થઇને ચાલી બજારમા કાંઇક ધામધૂમ દૃષ્ટિએ પડતી હતી પંડિતોના તેમજ પંડિતાણીઓના ટોળેટોળાં કોઇના લગ્નના શામૈયામા નીકળ્યા હોય એમ જણાતુ હતુ પરંતુ યુવતીનુ મન બીજા વિચારોમા એટલુ બધુ ગરકાવ થયુ હતુ કે બજારની આ ધામધૂમ તરફ તે આકર્ષાયુ નહિ. તેણીને ઉતરવાનુ સ્થળ આવી પહોચ્યુ અને કિસ્તી ઉભી રહી માંઝીને પૈસા ચૂકવી યુવતી પોતાના મકાન તરફ ચાલી આ સ્થળ ઘણુ શાત અને નિર્જન જણાતુ હતુ અને આવુ એકાત સ્થળ પોતાના ઉતારા તરીકે પસદ કરવામા પોતે ડહાપણુ કર્યું હતુ એમ જ્યારે ઘેરે પહોચી ત્યારે તેણીને સહજ વિચાર આવ્યો !

આ એકાત સ્થળમા રહેનારી યુવતી પેલા પ્રવાસીઓમાના કોઇકને ઓળખતી હોય એમ તેણીની હીલચાલ જોનાર કળી શકે તેમ હતુ, એટલુજ નહિ પણ આ પ્રવાસીઓને જોયા પછી યુવતીની લાગણીઓમા અચાનક ફેરફાર થયો હતો તે પણ ચોકસ હતુ રાત્રિએ જમવું ભાવ્યું નહિ, તેમ ઉઘ પણ આવી નહિ સવારે હમેશ કરતા વહેલી પથારી છોડી અને ન્હાઇધોઇને પરવારી શ્રીનગરમા હમેશાં કોઇને કોઇ નવીન સ્થળ જોવા તે સવારમાજ ઉપડી જતી તેને બદલે આજે વિચારમા ને વિચારમા ઘેરજ આખી સવાર પસાર કરી સવારનુ ભોજન લેવાની તૈયારી હતી ત્યા કંઇક નવીન

સ્મરણ થયું, અને ઘરના નોકરને બોલાવ્યો, અને ઘરનો નોકર હાજર થતાં વિચાર બદલાયો અને નોકરને કાંઇ ખાસ કામ કહ્યા વિના પાછું કામે લાગવા કહ્યું

બીજી તરફ પ્રવાસીઓની સ્થિતિ જૂદા પ્રકારની હતી. એમને આ પ્રકારની ચિંતા તો હતીજ નહિ ખાસ કરીને સ્ત્રી-પ્રવાસી તો ઘણાજ આનંદમાં હતી, અને ઘેર પહોંચતાંજ પુરૂષપ્રવાસી માટે ઉતાવળથી તેમજ ઉત્સાહથી સાદી પણ સ્વાદિષ્ટ રસોઇ કરવામાં પરોવાઇ દરમિઆન પુરૂષ પ્રવાસી બહાર પોસ્ટ ઑફિસ તરફ ગયો, અને પોસ્ટ ઑફિસના કલાર્કને પોતાના મનીઑર્ડર સંબંધી પૂછપરછ કરી પાછો ઘર તરફ ફર્યો. તેના ચિંતાતુર ચહેરા ઉપરથી જણાતું હતું કે બહારથી કંઇક નિરાશા અનુભવીને તે ઘેર આવ્યો હતો. હકીકત એ હતી કે પોતે જે મનીઑર્ડરની આશા રાખી હતી તે હજુ આવ્યો નહોતો, અને પ્રવાસમાં પોતાની પાસેની ખર્ચી ખૂટી હતી પોતે અને પોતાની સાથેની તરૂણી આઠેક દિવસ થયાં શ્રીનગરમાં રહ્યા હતા, અને જો કે બંને ઘણીજ કરકસરથી રહેતા હતા છતાં હવે મનીઆર્ડર ન આવે તો શું થશે એ વિચારથી આ યુવકને ચિંતા થતી હતી તો પણ ઘેર આવી તરૂણીને આનંદ આપવાની ખાતર રૂચિ નહિ છતાં જમવા બેઠો સ્નેહાળ બાળાએ જમાડતાં જમાડતાં પૂછ્યું,

“ કેમ રસોઇ તો ઠીક થઇ છે ને ? બધી અહિ જોઇએ તેવી સામગ્રી મળતી નથી એટલે કાંઇ સ્વાદિષ્ટ ચીજ થઇ શકતી નથી ”

યુવકે હસીને જવાબ આપ્યો,

"તારી રસોઇ કયે દિવસે સારી નથી થઇ ? સામગ્રીની ખામી છતાં રસોઇ સ્વાદિષ્ટ કરવી એમાંજ હુશિયારી છે "

"તમને તો હમેશાં વખાણ કરતાંજ આવડે છે "

' વખાણ કરાવનાર હોય તો વખાણ થાય છે, નહિતર ક્યાંથી થાય ! ત્હારા જેવી આવડત તો ત્રીસ વર્ષની ભણેલી સ્ત્રીઓમાં પણ હોતી નથી "

"આમ તમે મને બહુ ચ્હડાવશો તો હું ખરેખર બગડી જઇશ "

' બગડી જઇને તું શું કરીશ ? '

આ સ્નેહાલાપથી યુવકની રૂચિ સતેજ થઇ, અને સંતોષથી જમી પાછો બહાર ગયો બહાર ક્યાંય ચોકસ જવાનું હતુંજ નહિ, એટલે રખડતો રખડતો પાછો થાકીને ઘેર આવ્યો

બીજી સવારે યુવક એકલોજ પાછો બહાર નીકળ્યો અને ફરીથી મનીઑર્ડર ઓફિસે ખબર કહાડી, પરંતુ મનીઑર્ડર આવ્યો નહોતો ત્યાંથી ટ્રામનીમાં એમ જુદે જુદે સ્થળે કેઇની શોધ કરતો હોય તેમ ભટક્યો જમવાનો વખત થયો તોપણ હજુ તે વધારે ભટકત, પણ ખીસામાં પૈસા લગભગ થઇ રહ્યા હતા એટલે ઘેર તરફ જવા નીકળ્યો ઘરથી ઘણું દૂર નીકળી ગયો હતો તેથી ટ્રામનીનો ઉપયોગ કર્યા વિના છૂટકો નહોતો તેથી એક જગાએ ટ્રામનીમાં બેસવાની તૈયારી કરતો હતો ત્યાં પાછળથી કોઇએ અચાનક પકડ્યો. યુવક ચકિત થયો—ગભરાયો—ધ્રુજવા મંડ્યો તુરતજ પકડનારે પૂછ્યું,

"પૂરનકાંત તુમ્હારા નામ ' '

યુવક જૂઠું બોલ્યો—ના પાડી

પકડનાર પોલિસ વર્ગનો હતો તે સ્પષ્ટ હતું, યુવકની ના સાંભળતાજ તેણે પુષ્પાંજલિ શરૂ કરી ધ્રુજતા પ્રવાસીના મોંઢા ઉપર પોલિસમહાશયે એક સુંદર તમાચો ચોડી દીધો. અને ભવાં ચઢાવી ત્રાડ પાડી

"બદમાશ! જૂઠ બોલતા હૈ!"

બીજીજ ક્ષણે પ્રવાસીને દોરડાથી બાંધવામાં આવ્યો અને જે કિસ્તીમાં તે ઘેર જવાનો વિચાર કરતો હતો તેજ કિસ્તી તેને પોલિસ સ્ટેશને લઇ ચાલી

તરૂણી બિચારી રસોઇ કરી પરવારી અને પોતાના પ્રિયજનની રાહ જોતી બેઠી, પરંતુ પ્રિયજન તો પોલિસના સ્વાધીનમાં ગયો હતો એટલે ક્યાંથી આવે? અગિયાર થયા બાર થયા એક થયો, છેવટે બે વાગ્યા, પરંતુ તરૂણીની રસોઇના વખાણ કરનાર આવ્યોજ નહિ બાળા અધીરી બની અનેક સ્વપ્નાં ઘડવા મંડી, ગભરાવા લાગી, લાચાર જેવી થઇ ગઇ ભૂખ અને તૃષાથી તેનું કોમળ મુખ કરમાઇ ગયું, પરંતુ ભોજન લેવાની કે પાણી પીવાની તેના સ્નેહાળ હૃદયે ના પાડી થાકેલી, કરમાયેલી, ગરીબડી, ડુસકા ભરતી, મુગ્ધ બાળા છેવટે ચિંતામાં ને ચિંતામાં નિદ્રાવશ થઇ આ નિદ્રા ક્યાંસુધી ચાલત તેની કલ્પના કરી શકાય તેમ નથી પરંતુ સાંજના લગભગ છ વાગ્યા ત્યાં ઘરનું બારણું ખખડ્યું અને નિદ્રાવશ બાળા સફાળી જાગી ક્ષણવાર તો શું થયું હતું તે વિસરી ગઇ બીજી ક્ષણે સર્વ હકીકત યાદ આવી, વિહ્વળ થઇ, પણ

તેણીને એટલું ભાન નહોતુ કે પોતે લગભગ ચાર કલાકની નિદ્રા કરી હતી છતા સવારનુ બધુ દુ ખ પળવારમા વિસરી ગઇ, કારણ કે બારણાનો અવાજ સાભળતા તેની ખાત્રી થઇ કે પોતાના પ્રિયજન વિના બીજુ કોઇ હોઇ શકેજ નહિ તેથી હરિણીની માફક બારણા ઉઘાડવા ગઇ નિમિષમાત્રમા સાકળ ખોલી, બારણા ઉઘાડિયા, અને આનદની ચીસ પાડવા ગઇ ત્યા તેજ પળે બારણામા પેલી યુવતી કે જેને આખી જીદગીમા જોઇ નહોતી તેને જોઇ

આ અજાણી સ્ત્રીને જોતાજ બારણા ઉઘાડવાને હોસથી દોડેલી બાળા અસહ્ય રીતે નિરાશ થઇ. તેણીની જીભ આપો-આપ અટકી પડી, રોવા જેવી થઇ ગઇ, શ્વાસ રૂધાયો આખોમાથી અશ્રુના બે બિંદુ સરી પડયા, અને આવનાર સ્ત્રીની સામે પૂતળીની માફક સ્તબ્ધ, લાચાર, ગમગીન, ગરીબડી થઇને ઉભી રહી

પ્રકરણ ૮ મું.

કરમાતી કુસુમકલિ માટે આત્મભોગ.

શ્રીનગરમા પકડાયેલા પ્રવાસીને વાચક ઓળખી લીધો હશે સુદર્શનગોરનો અતિથિ "પૂર્ણકાન્ત"જ આ કફોડી હાલતમા આવી પડ્યો હતો સ્નેહવીણા સાથે તેની જે વાતચીત આપણે છઠ્ઠા પ્રકરણમા જાણી છે તે વાતચીત પછી સ્નેહવીણા આ અતિથિ કે જેને આપણે હવે પૂર્ણકાન્તના નામથી ઓળખીશું તેના સ્નેહની જાદુઇ અસર નીચે સંપૂર્ણ રીતે આવી હતી. પૂર્ણકાન્તે પણ આ છોકરીના દુઃખી જીવનનો લગભગ પંદર સોળ દિવસ સુધી અનુભવ કર્યા પછી કોઇ પણ રસ્તે આ બાલના પુષ્પને સુદર્શન ગોર અને અંજની ગોરાણીના ઝેરી વાતાવરણમાથી મુક્ત કરવાનો નિશ્ચય કર્યો હતો.

સ્નેહવીણાનુ જીવન આ ગોરગોરાણીના ગૃહમા કેટલુ ત્યાજનક હતુ તે વાચક "નવી" ગોરાણીના એકજ ભાષણ ઉપરથી અનુમાન્યુ હશે પરંતુ સ્નેહવીણાના ખરા દુઃખોનો ખ્યાલ એક પુસ્તક ભરીએ તો પણ આવી શકે તેમ નથી. બચપણથીજ સ્નેહવીણાને માતાપિતાનાં દર્શન પણ થયા નહોતા માતાપિતાના વિયોગ વખતે સ્નેહવીણાની સમજશક્તિ જરા પણ ખીલી ન હતી તેણીને માતાનુ કે પિતાનુ જરા પણ સ્મરણ ન હતુ સુદર્શનને પિતા અને અંજનીને માતા કહેવાનું તેણીને શીખવવામા આવ્યુ હત તો તેણી તેમનેજ માતાપિતા માનત પરંતુ ગોરને "કાકા" અને

ગોરાણીને "કાકી" કહેતા શીખી હતી એટલે આખી પૃથ્વીપર તેણીના સગા આ "કાકા કાકી" જ હતા સુદર્શન મહારાજના પડોશીઓ તેમજ ઓળખીતાઓ પણ "વેણુડી" ને એમની ભત્રિજી તરીકે ઓળખતા સુદર્શન મહારાજની જ્ઞાતિના કોઇ માણસો બનારસમા હતા નહિ, એટલે "વેણુડી એમની ભત્રિજી હતી કે નહિ તે સબધી વિશેષ પૂરાવો કોઇ આપી શકે એમ નહોતા

સુદર્શન ગોર ગુજરાતના નિવાસી હતા, તેમજ એમના "નવી" ધણિયાણી પણ ગુજરાતનાજ હતા ગુજરાતના લોકો વ્યાપારમા બહુ હુશિયાર, હિમ્મતવાળા અને સાહસિક છે દેશને છોડી રહેવામા કમાણી આછી થતી હોય તો પરદેશ ખેડવામા તેઓ પાછી પાની ભરતા નથી સુદર્શનમહારાજે પણ જોયુ કે ગુજરાતમા "ગોર"ના ભાવ ઓછા થઇ ગયા છે તેથી તેણે તુરતજ બનારસમા કોઠી નાખી બનારસમા અનેક ગુજરાતી લોકો યાત્રા અર્થે દર વર્ષે આવે છે, અને ગુજરાતી ભૂદેવો કાશીમા બહુ જુજ છે, તેથી સુદર્શન મહારાજનો ધધો ઘણીજ ફત્તેહમદ રીતે ચાલ્યો તે સ્વાભાવિકજ છે

ગુજરાત તરફથી આવતા ઘણા ખરા યાત્રાળુઓને સુદર્શન ગોર સ્ટેશનથીજ હાથ કરી લેતા એક તો તોપે ગુજરાતી તીર્થ-ગોર અને વળી એમના ચોપડાઓમા કોઇપણ ગુજરાતી યાત્રાળુના વડવાઓની વશાવળી નીકળ્યા વિના રહેતી નહિ, તેથી એમને ત્યા લોકો તુરતજ ખેચાતા આ સવ યજમાનોની

આગતાસ્વાગતા, રસોઇપાણી, વિગેરેની જવાબદારી એકલી નેહવીણા ઉપરજ નાખવામાં આવતી અંજની ગોરાણી "નવાં" હતા અને માનીતા હતાં તેથી એમને કોઇપણ કામકાજની તસ્દી આંપવામાં આવંતી નહિ. દળવું, રસોઇ કરવી, કપડા ધોવા, પાણી કાઢવું, સર્વની પથારી કરી આપવી, "કીકી"ને રાખવી, વાસીદું વાળવુ, બત્તી કરવી, આટલી વસ્તુઓ તો સ્નેહવીણાને હમેશાં કરવીજ પડતી. વળી કોઇ દિવસ ખાસ કામકાજ આવી પડતુ તે જુદુ

જયારે ઘરના સર્વ માણસો નિરાંતે ઉંઘતા હોય ત્યારે સ્નેહવીણાને પથારીમાથી ઉઠવું પડતુ બીજાઓ જાગે તે પહેલા તો દળવાનુ, વાસણ માજવાનુ, પાણી ભરવાનુ ઘર સાફસુફ કરવાનું કામ તેને કરી લેવુ પડતુ શિયાળાની કડકડતી ઠંડી હોય તો પણ સવારના ચાર સાડાચાર વાગે ચરથરતી ઉઠતી ઘરના માણસોને તેમજ અતિથિઓને બે બે વાર ઉનુ પાણી પોતે કરી આપતી, પણ પોતાને ન્હાવામા ઉના પાણીનો ઉપયોગ કરવાની "નવી" ગોરાણી તરફથી સખ્ત મના હતી. કોઇ દિવસ જો બીજાઓને માટે ઉનુ પાણી મુકયુ હોય તેમાથી થોડા પાણીનો સ્નેહવીણા ઉપયોગ કરતી તો ગૃહિણી તુરતજ બોલતા, "ખાવાને અન્ન ન મળે, અને બાઇ સાહેબને ઉના પાણી જોઇએ ! હજુ તો ઉગીને સામી થાય છે ત્યા સુવાળપ તો જો સુવાળપ !" "સુવાળપ" માટે ગોરાણીને ખાસ તિરસ્કાર હતો અને તેથીજ શિયાળાની ટાઢીમાં સ્નેહવીણાના અંગો ઠુંઠવાઇ જતા તો પણ તેને તેની

ફાટેલી ચુદડી સિવાય કશું ઓઢવાનો આપવામાં આવતું નહિ, તેથી સ્નેહવીણા જ્યારે ટાંડી સહન કરી શકતી નહિ ત્યારે પોતાને પાથરવાને જે એકની એક ફાટેલ ગદી ગોદડી મળતી ને ઓઢી લેતી અને જમીન ઉપરજ પડી રહેતી પણ એક વાર "નવી" ગોગાણીને અનાયાસે આ ખબર પડતા એમનુ મગજ તપી ગયું અને એ દિવસ સુધી ગોદડી પાથરવાને કે ઓઢવાને આપીજ નહિ ગોગાણીનુ આ વર્તન એમના સિધ્ધાતને અનુસરતુ જ હતુ કારણ કે તે કહેતા કે, "પોતાની મેળેજ જમીન ઉપર સુવુ ગમે છે ત્યારે પછી ગોદડીની શી જરૂર છે ! રાડને પાથરવા ન આપીએ ત્યારે તોબરો ચઢાવે, અને પાથરવા આપીએ ત્યારે પાથરે નહિ ! ત્યારે છાશમા માખણ જાય ને ફુવડ કહેવાય એવુ શા માટે કરીએ ? ગોદડી પાથરવા માટે છે, ઓઢવા માટે નથી" એ દિવસ પછી સુદર્શન ગોરને કઇક દયા આવી અને વચમા પડયા ત્યારે સ્નેહવીણાની વ્હાલી ગોદડી પાછી તેને સ્વાધીન કરવામા આવી

પહેરવાના કપડામા પણ સ્નેહવીણાની સ્થિતિ એવીજ હતી ફાટેલ ચુથા જેવી એક ચુદડી ધોવાઇ ધોવાઇને ગળી જતી પણ તેને બદલે બીજી ચુદડી આવતીજ નહિ ચોળીમા પણ ચાર પાચ જુદા જુદા રંગના થીગડા મારીને સ્નેહવીણા ચલાવતી. પરતુ મુગ્ધ બાળાની ખરી મુશ્કેલી તો ઘાઘરી સબધીજ હતી કારણ કે સડી ગયેલી, ફાટેલી અને તદ્દન ટુકી પડતી ઘાઘરી બાળાનું શરીર પૂરતી રીતે ઢાંકી શકતી નહિ, તેથી સ્નેહવીણા બિચારી ઘાઘરી પહેરતા શરમાઇ જતી. આ

ઘાઘરી તો "નવી" ગોરાણીના મત પ્રમાણે "નવી" ગણાતી ગોરાણીનો મત ખરો હતો, કારણ કે આના કરતા પણ એક "જૂની" ઘાઘરી હતી, તેનો ઉપયોગ "નવી" ઘાઘરી ધોતી વખતે સ્નેહવીણાને કરવો પડતો. ભીખારી લોકોના કપડા કરતા પણ સ્નેહવીણાનાં કપડા વધારે દયા ઉપજાવે તેવા હતા, છતા સહનશીલ છોકરી કોઇ દિવસ કોઇપણ પ્રકારની માગણી કરતીજ નહિ પરંતુ, છેવટે જ્યારે ઘાઘરી પહેરતા નિર્દોષ છોકરી લજ્જાથી રડવા જેવી થઇ ગઇ, ત્યારે સુદર્શન મહારાજની આગલી પત્નીના પુત્ર "બુદ્ધિદર્શન" દ્વારા નવી ઘાઘરી માટે તેણીએ વિનંતિ કરી બુધ્ધિદર્શન જૂનીનો હતો અને "ઝીકી" 'નવી''ની હતી એટલે નવી ગોરાણીને બુધ્ધિદર્શન તરફ, અને આઘાત–પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે બુદ્ધિદર્શનને "નવી મા' તરફ એક પ્રકારનો અનિર્વચનીય તિરસ્કાર હતો "નવી મા ' માટે તિરસ્કાર એટલે "વીણા બહેન' માટે લાગણી હોય તે સ્વાભાવિક હતુ બુદ્ધિદર્શન માત્ર બાર વરસનોજ હતો, છતા આ વિષમય વાતાવરણમાંથી તે બચવા પામ્યો હતો, અને તેનુ હૃદય ભીનુ, સ્નેહભર્યું લાગણીવાળુ હતુ "સ્નેહવીણા ' માટે આખી દુનિઆમાં કોઇને જરા પણ દાઝ હોય તો તે બાળક બુદ્ધિદર્શનને હતી ત્રિલોકમા કયાય હૃદય ખાલી કરવાનુ સ્નેહવીણાને ઠેકાણુ હોય તો એકાતમા 'બુદ્ધિભાઇ'' પાસેજ હતુ

એટલા માટે જ્યારે બાળા લાચાર થઇ ગઇ અને ઘાઘરીની સ્થિતિ અસહ્ય થઇ પડી ' ત્યારે બિચારીએ બ્હીતા બ્હીતા એક દિવસ બુદ્ધિદર્શનને કહ્યુ,

"બુદ્ધિભાઇ! મ્હારી ઘાઘરી માટે જરા કાકાને કહેશો ? મ્હારી આ ઘાઘરી બહુજ ફાટી ગઇ છે મ્હને પ્હેરતા શરમ આવે છે. પણ નવી કાકીને નહિ કહેતા હો"

"કાકાને આજેજ કહુ મને પણ નવાઇ લાગની હતી. કે વીણા બહેન આવી ઘાઘરી કેમ પહેરી શકતા હશે! કાકાને કહીશ એટલે જરૂર લઇ દેશે. નવી કાકીને ખબર પણ નહિ પડે"

વચન પ્રમાણે બુદ્ધિદર્શને પોતાના પિતાને વાત કરી સુદર્શન મખ્ખીચૂસ હતો અને "નવી"ની ઇચ્છાથી વિરૂદ્ધ જતાં હમેશા અચકાતો, પરતુ બુદ્ધિદર્શનનો પડયો બોલ ઉપાડી લેતો તેથી છોકરાને સતોષ આપવાની ખાતર "નવી" ગોરાણીને કહ્યા વિના સ્નેહવીણા માટે બીજી ઘાઘરી તૈયાર કરાવી આપી ઘાઘરી જોતાંજ ગરીબ છોકરીને તો સોનાનો સૂરજ ઉગ્યો, અને તુરતજ જર્જરિત ઘાઘરી બદલાવી નવી પહેરી ગોરાણીએ આ જોઇ કે તુરતજ હકીકત કળી ગઇ, તેથી મહાભારત કલેશ કર્યો અને પહેલા બુદ્ધિદર્શનને તેની ગેરહાજરીમા ગાળો આપતી તે આજે તેની હાજરીમા છૂટથી ફેકવા માડી ગોર બહારથી આવતા એમને પણ ખખેરી નાખ્યા બે ત્રણ યજમાનો હતા તેઓ પણ આ કલેશથી કંટાળી ગોરનુ ઘર છોડી ગયા, પરતુ ગોરાણીનો ગુસ્સો લગભગ ૧૪૬ કલાક ચાલ્યો!

નવી ઘાઘરી મળ્યા પછી સ્નેહવીણાની બીજી મુશ્કેલીઓ

હતી તેથી દશગણી વધી બુદ્ધિદર્શન સાથે "ગપાટા" માર-
વાની મનાઇ થઇ રાત્રિએ અગિયાર વાગે નિદ્રાદેવીની છાયામાં
જતી તે હવે બા'ર વાગતા સુધી કામમાથી મુક્ત થઇ શકતી
નહિ "કીકી"ના જે ઝભલા ધોબીને અપાતાં તે સ્નેહવીણા
ને ધોવાનો હુકમ થયો બપોરે એક વાગે જમનારી હવે બે
વાગા સૂધી રસોઇમાથી મુક્ત થઇ શકતી નહિ હમેશાં
ગાળોની પુષ્પાંજલિ પામનારીની હવે મારથી પુજા થવા માડી.
કપડાં ધોવામાં હમેશા બે અઢી કલાક સુધી મહેનત કરનારી
હવે ત્રણ ચાર કલાક સુધી ધોઇને ઘેર પાછી ફરી શકતી
નહિ થાકીને લોથ થઇ જનારીને કોઇ નોકરની મદદની જે
આશા હતી તે નોકર હવે બિલકૂલ નહિ રાખવાનો ઠરાવ
કર્યો જે છોકરીને યજમાનો અને અતિથિઓ "સુદર્શન-
મહારાજ"ની ભત્રિજી તરીકે ઓળખતા તેની તરફ બુદ્ધિદર્શન
સિવાય સર્વનુ વર્તન એવું બદલાઇ ગયુ કે નવા યજમાનો
તો તેને "નવી" ગોરાણીની ચાકરડી તરીકેજ ઓળખવા લાગ્યા.

સ્નેહવીણાની આવી દુઃખદ હાલત હતી તે દરમિઆનજ
પૂર્ણકાત આ તીર્થગોરનો અતિથિ થયો બે દિવસમાજ
બાળાની સ્થિતિ પૂર્ણકાંત કળી ગયો તેનુ હૃદય દુઃખી
છોકરીનુ દુઃખ જોઇ બળીને ખાખ થઇ ગયુ છોકરીને
નિહાળીને જોનાર જોઇ શકે તેમ હતુ કે તેણીનુ સૌંદર્ય
હૃદયહારક હતુ તેણીની આખોમા મૃદુતા, નિર્દોષતા અને
સ્નેહમયતા ભરેલી હતી તેણીના ચ્હેરાની મનોહરતા કોઇ
ઇંદ્રભુવનને શોભાવે તેવી હતી તેણીના કાળા, લાબા વાળની
રમણીયતા જોઇ "નવી" ગોરાણી અતરમા બળી જતાં અને

ગમે તે બહાને તેણીના વાળની ટીકા કર્યા વિના ચૂકતા નહિ. આવું સૌંદર્ય અને આટલું દુખ એક સાથે જોઇ પૂર્ણકાંત પ્રથમથીજ સ્નેહવીણા તરફ આકર્ષાયો હતો. સાૈંદર્યનો અભ્યાસ પૂર્ણકાંતે તેના જીવનમાં આ પહેલીવારજ શરૂ કર્યો હતો, તેથી તેના હૃદયમા કદિ નહિ અનુભવેલી લાગણીઓ ઉભરાઇ. આવા સુંદર ખીલતા કુસુમને કરમાવી નાંખનાર રાક્ષસો સામે તેનુ ન્યાયશીલ મન ખડ કરી ઉઠયુ, કારણ કે સ્નેહવીણાના સ્વાભાવિક સૌંદર્ય છતા તે સૌંદર્યને "નવી" ગોરાણીએ પોતાનાથી બને તેટલુ છુંદી નાખ્યું હતું તે ચોકસજ હતું.

સ્નેહવીણા કોઇ બીજા વાતાવરણમા ઉછરી હત તો આ વખતે લગભગ ૧૮ વર્ષની લાગત એવુ તેનું શરીર હતુ. પરતુ ૧૪ વર્ષની છોકરી ૧૪ વર્ષનીજ દેખાવી જોઇએ એવો ગોરાણીનો જાણે કે સિધ્ધાંત ન હોય તેમ તેણીના શરીરનો વિકાસક્રમ દુખ, માર અને ઘરવૈતરાના બોજાથી અટકાવી રાખ્યો હતો! જે આંખોનુ તેજ જોનારને આંજી નાખે તેવુ હત તે આંખો રડી રડીને સુકી, ગરીબડી, ઉંડી ઉતરી ગયેલી જણાતી હતી. જે અવયવો ભરેલા, મોહક, અને સ્ત્રીના શણગારરૂપ હત તે કરમાઇ ગયેલાં, દુબળાં, હાડપિંજર જેવા દેખાતા હતા જે ચ્હેરાની સુરખી તંદુરસ્તીની પરાકાષ્ઠા સચવતી હત તે ચ્હેરો ફીકકો, લોહી વિનાનો થઇ ગયો હતો.

આ પ્રમાણે સ્નેહવીણાની મોહકતા ઘણી ઓછી થઇ ગઇ હતી તોપણ સૌંદર્યનો નવો અભ્યાસી પૂર્ણકાંત એની ખરી મોહકતા શી હોઇ શકે તે સમજી શકયો હતો. પરતુ

પૂર્ણકાંત માત્ર સ્નેહવીણાના સૌંદર્ય અને દુ.ખથીજ આકર્પાયે નહોતો. સ્નેહવીણાના સદ્‌ગુણો તેના રૂપ અને દુ ખથી પણ ચ્હડી જાય તેવા હતા અથવા તો એ સદ્‌ગુણો એના દુઃખોના મહિમારૂપજ હતા, કારણ કે કોઇ કોઇ સદ્‌ગુણ તો દુ.ખન સિંચનથીજ ખીલ્યાં હોય એમ જણાતુ હતુ આપણે જોઇ ગયા છીએ કે સ્નેહવીણા તરફ ગોરાણીની આટલી ભયકર વર્તણુક છતા સ્નેહવીણાનો પ્રેમ ગોરાણીની કીકી તરફ નિર્મલ અને અગાધ હતો ગોરાણીની ગેરહાજરીમાં કીકીને પ્રેમથી ચુબન કરનારીની આ પવિત્ર લાગણી માટે બીજા પ્રમાણની અપેક્ષા રહે છે ખરી ? કાર્યનો ગમે તેટલો બોજો હોય અને બીજાઓની દેખરેખ ન હોય, છતા તે ઉપાડી લેવામા સ્નેહવીણાની પ્રમાણિકતા અને ધર્મપરાયણતા વીસમી સદીના પડિતો અને વિદ્વાનોમા પણ ભાગ્યે દ્રષ્ટિગોચર થશે. પોતાને ખાવાને સારી ચીજ તો મળતીજ નહિ, છતા યજમાનો માટે તૈયાર કરેલી સ્વાદિષ્ટ વસ્તુઓમાથી થોડી પણ વધી હોય અને તેનો ઉપયોગ કરવાનો પોતાને અધિકાર હોય તો પણ આ ઉદારાત્મા એ ખાસ ચીજ બુદ્ધિદર્શનને છાનીમાની આપી દેવામાંજ આનદ માનતી ગમે તેટલો માર પડયે હોય અને આખોમાથી અશ્રુઓનો સાગર છલકાયો હોય, પરતુ બહારથી કોઇ યજમાન કે અતિથિ આવે તો સુદર્શન મહારાજની કીર્તિની ખાતર, કુટુબની શાતિની ખાતર, ગોરાણીને રીઝવવાને ખાતર, આ બાલયોગિની હસતે ચહેરે કાર્યમા પરોવાતી, ડુસકાઓને દબાવી દેતી અને શોકને હૃદયમા શમાવી દેતી

પોતાને "વેણુકી" કહેવામાં આવે, "રાંડ" કહેવામાં આવે, "કાગડી"ના નામથી બોલાવવામા આવે, કે "કુબ્જા" ના નામથી તિરસ્કારવામાં આવે, તો યે સંસ્કૃતિના અવતારરૂપ આ દેવીના મધુર મુખમાંથી. તો "કાકા", "અક્કી" "ફોઈકી બહેન", "બુધ્ધિભાઇ", " ' ભાઇ", ' '. બા", આદિ મધુર ફૂલોજ ઝરતા કુટુંબના માંણસો સાથે કે યજમાનો સાથે કે પડોશીઓ સાથે કે બહારના ગમે તે માણસો સાથે આ મધુરીને બોલવાનો પ્રસગ આવતો ત્યારે એની સંગીતમય, મૃદુ, વિવેકભરી, નિર્દોષ વાણીથી વાત કરનાર પુરૂષ, સ્ત્રી કે બાલક ઉપર એક જાતના જાદુ જેવીજ અસર થતી, અને તેની સાથે કોઇપણ બહાને વાત . લબાવવાનુ સર્વને મન થતું સ્નેહવીણાની આ મધુર વાણીથી ગોરાણી તો હમેશા ખીજવાતા, અને જ્યારે કોઇવાર કોઇ પડોશી કે યજમાન સ્નેહવીણાનું ઉપરાણું લેવાને હિમ્મત કરતુ ત્યારે ગોરાણી બોલી ઉઠતા, "રાંડે બધા ઉપર કામણજ કર્યું છે" ખરેખર ! સ્નેહવીણાની મીઠી, નિર્દોષ જીભ "કામણગારી"જ હતી

જેમ સ્નેહવીણાની વાણીથી પારકાં પોતાના થઇ જતાં તેમ બીજાઓના કામકાજ કરી દેવાની તેની ઉદારતા અને ચપલતાથી તે સૌના મન હરણ કરી લેતી. ઘરના દસરડાથી પોતે ગમે તેટલી થાકી ગઇ હોય છતા કોઇ પાડોસી કાઇ કાર્ય સોપે તો તે હસતે મુખે ઉત્સાહથી કરી આપતી કેટલી-એક આળસુ સ્ત્રીઓના તેણીએ દળણા દળી દીધાં હતા. કેટલીએક ફુલફટાક સ્ત્રીઓના કપડા ધોઇ આપ્યાં હતા

કેટલીએક ઉદ્યમી સ્ત્રીઓનાં છોકરાઓને રમાડયાં હતાં. પરંતુ બીજાઓનું કામ કરી આપવામાં ઘણી સંભાળ રાખવી પડતી. કારણ કે જો અજનીને તેની ખબર પડતી તો સ્નેહવીણા ઉપર તમાચાની અને કામ કરાવનારી ઉપર ગાળોની વૃષ્ટિ થયા વિના રહેતી નહિ પોતાની ગુલામ બીજાઓની ગુલામગીરી કરે એ ગુલામની માલેકને કેમ નહિ ગમતું હોય ? માનસશાસ્ત્રીઓને માટે આ એક વિચારવા જેવો પ્રશ્ન છે.

સ્નેહવીણાના રંક જીવનમા આ નહાની નહાની બાબતો કદાચ મહાન્ સદ્ગુણો તરીકે ન પણ દેખાય, પરંતુ આ સદ્ગુણો બતાવવાને જે આત્મબલ જે સહનશીલતા, જે ઉદારતા, જે પ્રેમ, જે સંસ્કૃતિ, જે ધર્મપરાયણતા જોઇએ, તેનો વિચાર કરવામા આવે તો સ્નેહવીણાનું જીવન એક ઉંચા પ્રકારનું તપ હતું એમ લાગ્યા વિના નહિ રહે પ્રિય વાચનાર ! તને કદાચ સ્નેહવીણા તપસ્વિની ન પણ લાગે, પરંતુ અતિથિ પૂર્ણકાંતના મનથી તો સ્નેહવીણા એક મહાન તપસ્વિની યોગિનીજ હતી અતિથિ ઘેરથી યાત્રા માટે, અનુભવ માટે કે બીજા ગમે તે કાર્ય માટે નિકળ્યો હશે, પરંતુ તેને આ યોગિનીનું યોગવ્રત જોવાનો જે પ્રસંગ મળ્યો તે તેના જીવનમા એક મહાન્ બનાવ હતો તે નિઃસંશય છે તેનો સુતેલો આત્મા ખરી રીતે હવેજ જાગ્રત થયો હતો એમ પૂર્ણકાંત માનતો હતો આ તપસ્વિની બાળાને શી રીતે મદદ કરવી, તેનું નિર્દોષ દુઃખી જીવન શી રીતે સુખમય કરવું, તેના થાકી થયેલા શરીરને શી રીતે આરામ આપવો, તેની આસપાસ ફરી વળેલા ખારા મહાસાગરમાથી તેને શી રીતે બચાવી લેવી,

—આ વિચારોજ પૂર્ણકાંતના મગજમાં ઉછાળા મારવા મંડ્યા, આ પ્રશ્નોએજ તેના આત્માનુ મથન કરવા માંડ્યું, એ ઉદ્દેશજ તેના સકલ જીવનનો ઉદ્દેશ આ વખતે બની રહ્યો.

સ્નેહવીણા સ્વભાવથીજ સ્નેહાળ હતી, અને તેમા પૂર્ણકાંતની મમતા જોઇ તેણીનું હૃદય અતિથિ માટે વ્હાલથી ઉભરાતું. પરંતુ પોતાની લાગણીઓ અતિથિને માત્ર સ્નેહભરી આંખથી અથવા તો આસપાસ નજર કરતા કોઇ હાજર ન હોય તો થોડા મધુર શબ્દોથીજ દર્શાવતી. પરંતુ પૂર્ણકાંત સાવચેત ન હતો. તેણે તો થોડા સમયમાંજ પોતાની ઉંડી લાગણી છૂપાવ્યા વિના સ્નેહવીણા તરફ પક્ષપાતભર્યું વર્તન કરવા માડ્યું, સ્નેહવીણાનુ હરવખત પોતે ઉપરાણુ લેવાનુ શરૂ કર્યું, કોઇવાર સ્નેહવીણા માટે ખાસ ખાવાનુ લઇ આવતા પણ પોતે અચકાતો નહિ, જોકે ઉદાર છોકરી એ બધી મહેરબાનીમા બુદ્ધિદર્શન અને કીકીને ભાગીદાર કર્યા વિના ચૂકતી નહિ પરંતુ આ સ્થિતિ વધારે વાર નભે તેમ ન હતી. ગોરાણી અતિથિની આ વર્તણુક તુરતજ સમજી ગઇ પરોક્ષ રીતે અતિથિને એવો ઠપકો આપ્યો, અને પ્રત્યક્ષ રીતે સ્નેહવીણાની એવી ખબર લીધી કે અતિથિને પોતાની લાગણીઓનો વેગ અટકાવવાની ફરજ પડી

પૂર્ણકાતને જયારે ગોરાણીએ ઠપકો આપ્યો અને "છોકરાઓને નહિ ચ્હડાવવા"ની સૂચના આપી, ત્યારે કંઇક અજબ રીતે ગોરાણીને પહેલીજવાર પૂર્ણકાત તરફ આકર્ષણ થયું કહેવાને દિલગીર છીએ કે તે આકર્ષણ વિકારવાળુ હતુ છતા એટલુ સારૂ થયુ કે પૂર્ણકાતનુ ગોરાણીના હાવભાવ

તરફ ધ્યાન ખેચાયુ નહિ. ગોરાણી શરૂઆતમાંજ પૂર્ણકાંત તરફ કેંન ખેચાણી તેનુ કારણ હતુ. પૂર્ણકાત સાથે ગોરની ગેરહાજરીમા નિરાંતે વાત કરવાનો આ દિવસેજ પ્રસંગ આવ્યો હતો ખરી રીતે પૂર્ણકાંતનું તેજ અને તેનું રૂપ નિરખીને જોવાની તક પણ આજેજ મળી હતી આ સર્વને પરિણામે સ્નેહવીણાએ ધાર્યુ હતું તેટલુ તોફાન ન થયું અને આજે ગોરાણીનો મિજાજ તદન હાથથી ન ગયો

છઠ્ઠા પ્રકરણમા આપણે ગોરાણીનું જે ભાષણ સાભળવાને ભાગ્યશાળી થયા છીએ તે ભાષણ કરવાને ગોરાણીને બે ત્રણ કારણો હતાં, અને તે કારણો ગોરાણીના જીવનના ઇતિહાસમાં બહુ પ્રધાન સ્થાન રોકતા હોવાથી અહિ તેની ઝાખી કરાવવાની અમને આવશ્યકતા લાગે છે

લગભગ આ બધા કારણો આગલી રાત્રિએજ બન્યાં હતા. આગલે દિવસે સ્નેહવીણા પુષ્કળ કપડાનો ગાસડો બાધી ધોવા બહાર ગઇ હતી અને સાજે ધોઇને મોડી ઘેર પહોચી હતી. ઘેર આવી ત્યારે અંધારૂ થઇ ગયુ હતુ, છતા કોઇએ બત્તી કરવાની તસ્દી લીધી ન હતી. તેથી આવીને તુરતજ સ્નેહવીણાએ બત્તી કરી, ચલામા દેવતા પણ થયો નહોતો તેથી ચૂલો સળગાવ્યો, અને રસોઇ શરૂ કરી ઘરમા પાણી થઇ રહ્યું હતુ પણ રસોઇની ઉતાવળમા પાણી ભરવા જઇ ન શકી સર્વ જમીને પરવાર્યા અને સુવા ગયા, તથા ગોર બહાર ટેલટપ્પા કરવા ગયા, ત્યારે ગોરાણીએ પાણી ભરી આવવાનો સ્નેહવીણાને હુકમ કર્યો અધારી રાત્રિએ ઘણેજ દૂર આવેલા કૂવામાથી પાણી ભરી આવવાની સ્નેહવીણામાં

હિમ્મત કે શક્તિ નહોતી, તેથી બ્હીતાં બ્હીતાં બિચારીએ કહ્યું,

"કાકી ! અત્યારે તો બધાંને માટે પાણી પુરતુ છે. ધોવા ગઇ હતી એટલે વાર લાગી ગઇ સવારે વહેલી ઉઠીને ભરી આવું તો ?"

"મ્હારે સવારે બવારે નહિ ચાલે કામાંકુટી હરામનું ખાવુ ને મસીદે સૂવુ મ્હારે ત્યા નહિ પોસાય. ચાલ જલદી કર, બેડાં લે જઇએ"

સ્નેહવીણા થરથરવા મ ડી કૂવો ઘણો દૂર હતો; કૂવાની આસપાસ વસ્તી પણ થોડી હતી, એ લત્તામા ક્યાંય દીવા પણ જોવામા ન આવતા, ત્યા અનેક સ્ત્રીઓ ઉપર બલાત્કાર થયાની વાતો સ્નેહવીણાએ સાભળી હતી, એ અધારામા જવાની હિમ્મત હિમ્મતવાન પુરૂષો પણ કરતા નહિ તેથી ૧૪ વર્ષની બાળક છોકરી ગભરાય તે સ્વાભાવિક હતુ બિચારીએ ફરીથી કાલાવાલા કર્યા.—

"કાકી ! અત્યારે તો બહુ અધારૂ છે, ને હું એકલી જાતા બીહું છુ. કોઇ અત્યારે પાણી ભરવા આવતુ નથી. સવારે વહેલી જાઉ તો ?" .

પણ ગોરાણીને આજે સ્નેહવીણા ઘેર રોકાય તે પરવડે તેમ નહોતુ ગોર બહાર ગયા હતા, અને આજે અતિથિની પાસે પોતાની કામના જાહેર કરવાનો ગોરાણીએ મહાભારત નિશ્ચય કર્યો હતો સ્નેહવીણાને એટલા માટેજ વધારે કપડાં ધોવા આપ્યા હતા ધોઇને તે વહેલી આવત તો પણ રાત્રિએજ પાણી ભરવા તેને મોકલવાની પોતે યુક્તિ રચી રાખી હતી. તેથી તે એકની બે થઇ નહિ. સ્નેહવીણાએ છેવટે ફાનસ

ભેળું લઇ જવાની વિનતિ કરી ગોરાણીને આજે ફાનસની જરૂર હતી તેથી એવી "નાજુકાઇ" અને "બ્હીકણુપણુ" તે શી રીતે સહન કરી શકે? છેવટે ડુસકા ભરતી ભરતી સ્નેહ-વીણા તૈયાર થઇ આ સર્વ રંગ પૂર્ણકાત જોઇ રહ્યો હતો. તેણે સ્નેહવીણાની છેવટની લાચારી જોઇ વચ્ચે પડવાનો પ્રયત્ન કર્યો પરંતુ ગોરાણીએ વિવેકથી તેમ નહિ કરવા "યજમાન"ને સૂચવ્યું આજે અજનીને વિવેકથી વાત કર્યા વિના છૂટકો ન હતો, કારણ કે થોડા સમયમા તે બધો વિવેક દરિયામા ફેંકી અતિથિને એક વિનતિ કરવાની હતી

ગોરાણીના વિચારથી અજાણ પૂર્ણકાતે અતિમ નિશ્ચય કર્યો પોતે સ્નેહવીણા સાથે જવાનુ અને તેણીની સાથે પાછા આવવાનુ જણાવ્યુ, અને કપડા પહેરી તૈયાર થયો અંજનીના મનોરથ હવામા ઉડી ગયા! પૂર્ણકાતને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ પૂર્ણકાત પોતાની જાતનો માલેક હતો એટલે એ બાબતમા કોઇનુ માને તેમ ન હતો હવે શું કરવુ? પાછુ એકાત કયારે મળે? ગોર પણ હમણા પાછા આવશે હરકત નહિ "વેણકી" ઘેર હેય તોપણ શુ? એ છોકરી શુ સમજવાની છે? માટે યજ-માનને અત્યારે જવા તો ના દેવો આ પ્રમાણે ગોરાણીએ કેસનો ફેસલો કર્યો આજે ઘણા દિવસે પોતે હસ્યા, પણ અતિથિની સામે દિલગીરી એટલીજ કે અતિથિ એ હસવામા કશુ કળી ન શકયો આજે લાબે સમયે સ્નેહવીણાને મીઠા શબ્દથી સબોધી,

"બેટા, વીણા! જા બાપુ, સૂઇ જા કાંઇ નહિ, સવારે ભરી આવજે. મ્હારી દીકરી ડાહી છે."

"ડાહી દીકરી" પોતાની વ્હાલી ગોદડી તરફ ગઈ. પૂર્ણકાંત સંતુષ્ટ અને શાંત થઇ પોતાના ઓરડામા ગયો.

પંદરેક મિનિટ પસાર થઇ. બુદ્ધિદર્શન અને કીકી નિદ્રાવશ થયા હતા ઘરમાં શાંતિ પથરાઇ હતી સુદર્શન મહારાજને આવવાને હજુ પોણો કલાક હતો, ઘરમા બધા દીવા ડુલી નાંખવામા આવ્યા હતા, માત્ર ગોરાણીનું ફાનસ ઝાંખુ ઝાંખુ બળતુ હતુ શ્વાસોશ્વાસ વધવા મંડયા, અતિથિ પાસે જવાને મન અધીરૂં થયુ, વાત કરવાને હિમ્મત શી રીતે કરવી તેનો 'નવી' ગોરાણીને સવાલજ ન હતો ઘરમાં શાંતિ પથરાયેલી જોઇ ગોરાણી ઉભા થયા હાથમા ફાનસ લીધુ દાદર ચ્હડયા ઉપલા માળની પરસાળમાં આવ્યા અતિથિના ઓરડા પાસે આવી પહોંચ્યા ધીમેથી બારણાંની તડમાથી જોયુ, પણ અંદર અંધારૂ હતુ એટલે કશું સંભળાયુ નહિ ધીમેથી બાર ધકેલી જોયા તો અંદરથી સાંકળ મારેલી જણાઇ શુ કરવુ? બોલાવુ? કોઇ સાંભળશે તો? ઉઘાડશે ખરા? નહિ ઉઘાડે તો? બારજ ખખડાવુ

બાર ખખડાવવાનો ઠરાવ બરાબર હતો, તેથી ધીમેથી બાર ખખડાવ્યા જવાબ ન મળ્યો બીજી વાર જરા વધારે જોરથી ખખડાવ્યા "કોણ?" કરીને અતિથિએ એકદમ પૂછ્યુ બાર ત્રીજીવાર ખખડાવ્યા

"કોણ છે?" એમ જરા વધારે જોસથી અતિથિ બોલ્યો.

જવાબ દેવાની હિમ્મત ઘડીભર તો ગોરાણી ખોઇ બેઠા. પણ પાછા તુરતજ બહાદુર થયા અને ધીમેથી બોલ્યાં.

"જરા ઉઘાડજો તો"

"કોણ, ગોરાણી?"

"હા, એ તો હું"

"કેમ, શું કામ છે?"

"જરા કામ છે, ઉઘાડો તો"

અતિથિ પથારીમાંથી બેઠો થયો અને બાર ઉઘાડયાં.

ગોરાણીના આ વખતના હાવભાવ ગમે તે પુરૂષ સમજી
ક તેવા હતા ગોરાણી ભર જુવાનીમા હતા ૨૬ વર્ષની
છતા અને આઠ વર્ષના ઘરવાસ છતા એમના મનથી
પોતે ૧૬ વર્ષના નવા પરણેતરજ હતા, તેથી કપડાલત્તાં
ને બીજી ટાપટીપમા જૈરાપણ ખામી રહેવા દીધી હતી નહિ.
ચારે અતિથિ પાસે આવ્યા તે પહેલાની પદર વીશ મિનિટમાં
મણે તેલ, અત્તર, કુમકુમ, કાકસી, આદિનો પૂરતો ઉપયોગ
ાં હોય એમ જણાતુ હતુ ખરી રીતે તો ટાપટીપ
શંનમહારાજને પોતાને પસદ હતી ૪૭ વર્ષની વય છતાં
રની રસિકતા ઘટવાને બદલે વધી હતી તેથી ગોરાણીની
પેકતા ખીલવવામા એમનો પણ હાથ હતો વળી તે એમ
ગુ માનતા કે યજમાનો આકર્ષવામા ગોરાણી પણ મદદરૂપ
પરતુ ગોરાણી એટલે કે એમનુ સૌંદર્ય મદદરૂપ છે એ
નનુ પૃથક્કરણ કરવાની ગોરને હિમ્મત થઇ નહોતી, જો કે
રાણી રૂપાળા દેખાવાને પ્રયત્ન કરતા ત્યારે તેને ઉત્તેજન
પવામા પ્રેરક છતા અજ્ઞાત કારણ એજ હતુ

છતા ગોરાણીના આજના શણગારની ખૂબી ઓરજ હતી.
ક નો પોતે હતી દેખાવડી, અને તેમા વિષયવિકારે

અને શણગારની અભિવૃદ્ધિ થઇ, એટલે એના મનથી આજે પોતે મોહિનીસ્વરૂપ બનીનેજ અતિથિ પાસે આવી હતી. ગોરાણીના ગૌર ગાલ ઉપર વિહ્વળતાને લીધે લાલ શેરડાઓ સ્પષ્ટ રીતે દેખાતા હતા, એની મારકણી કાળી. આંખોમાંથી વિષયવાસના ઝબુકતી હતી પાનપટ્ટીથી લાલ ચણોઠી જેવા રંગેલા અધુકડા હોઠો ઉપર કામવાસના તરવરી આવી હતી કસકસતી ચોળી નીચે એની વિકારમય ભરેલી છાતી વિષય ક્ષોભથી વેગબધ ઉચીનીચી થઇ રહી હતી. બારણું મૂલતાજ પોતે બારીક સાડીનો માથા ઉપરનો છેડો ખસેડી નાખ્યો, અતિથિના ઓરડામા ફાનસ લઇને પેઠી, અને યુક્તિથી પાછાં બાર વાસવાને પ્રયત્ન કર્યો, પરતુ અતિથિ બારમા આવી ઉભો એટલે એ પ્રયત્ન નિષ્ફળ ગયો. પૂર્ણકાત ગોરાણીથી વયમા કઇક નહાનો હતો, પણ એના ભરેલા કદાવર શરીરથી અને દેખાવડા ચ્હેરાથી તે ઘણોજ મોહક દેખાતો જેમ તે વયમા નહાનો હતો તેમ અનુભવમા પણ બાલકજ હતો તેથી બીજો કોઇ પુરૂપ જે સ્થિતિ નિમિષમાત્રમા કળી શકત તે પૂર્ણકાત નીચેની વાતચીત થયા પછીજ યથાર્થ રીતે સમજી શકયો.

ગોરાણી અદર આવતાજ અતિથિએ પૂછ્યું, "કેમ? શુ કહેતાં હતાં?"

અતિથિએ ગોરાણીના રૂપ તરફ બતાવેલી બેદરકારીથી તે નિરાશ પામી અને પોતે જે નિશ્ચય કરીને આવી હતી તે

ઘડીભર ડગમગી ગયો. તેથી શરૂઆતમા આડી વાત કરવાની ફરજ પડી.

"બીજુ કાંઇ નહિ. એ તો એટલું પૂછવા આવી હતી કે પાગરણ તો પૂરતુ છે ને ? આજે પાણી આવ્યુ નથી તેથી તમારો લોટો ભર્યો છે ખરો ને ?"

ગોરાણીએ આજે આટલી સભાળ લીધી તેથી અતિથિને નવાઇ લાગી, જો કે આ વાતચીત તેણે કઇક અર્થરહિત તો જાણી. તેણે વિવેકથી જવાબ આપ્યો

"કોઇ જાતની ખામી નથી. પાગરણ પૂરતુ છે, ને લોટો પણ ભરી ગયેલ છે સ્નેહવીણા બિચારી એમ તો ભૂલ કરે એવી નથી."

આગળ વાત શી કરવી તે ગોરાણીને સૂઝયુ નહિ યજમાન આવો શુષ્ક, અરસિક હશે તે તેણીના સ્વપ્નામા પણ ન હતુ કઇક હાસ્ય, કઇક વિનોદ, કઇક કટાક્ષ, કઇક મશ્કરી, કઇક નયનોનુ મિલન, કઇક સ્પર્શ, આમાનું કઇક તો થશેજ એમ ગોરાણીએ ધાર્યુ હતુ, પણ એમાની એક વસ્તુ પણ ન બની, ત્યારે હવે શી રીતે આગળ પગલુ ભરવુ ? આવી સ્થિતિમાં શી રીતે છૂટ લેવી ? અતિથિની આ વર્તણુકથી ગોરાણી સ્તબ્ધજ થઇ ગઇ છેવટે વીજળિક વેગથી નવો વિચાર આવ્યો, કદાચ એ વિચાર અતિથિએ સ્નેહવિણાનું નામ લેવાથીજ સ્ફૂર્યો હોય તો તે પણ સભવીત છે તેથી આગળ વાત કરવાની હિમ્મત થઇ.

"ત્યારે તો ઠીક. મ્હારી વીણામા ખામી તો નજ આવે. હ... મ્હારે તમને એક બીજી વાત કહેવી હતી, પણ હવે

એ વાત હું વીણા મારફતજ કાલે કહેવરાવીશ. તમારો શો જવાબ છે તે તમે વીણાને કહેજો એ લે હું જાણીશ. વારૂ ત્યારે અત્યારે તો સૂઇ જાવ તમને નાહક તસ્દી આપી." છેલ્લા બે વાકયો બોલતાં બોલતાં અંજનીએ પોતાની કામાંધ આંખો અતિથિ ઉપર તાકી અને તેની સાથે કામાંધ હાસ્ય કર્યું એ આંખોમા અને એ હાસ્યમાં વિકારમય મોહની એટલી બધી હતી કે બીજો ઓછા સયમવાળો પુરૂષ તેથી મ્હાતજ થઇ જાત, પરતુ પૂર્ણકાતનુ ચારિત્ર્ય ઘણી ઉચ્ચ ભૂમિકાનુ હતુ તે આ છેલ્લી વાતથીજ આ આખા પ્રસગનો તેમજ ગોરાણીના હમેશના હાવભાવનો મર્મ સમજ્યો, અને એ સમજતાજ તેનુ મગજ ગુસ્સાથી અને તિરસ્કારથી ઉકળી ગયું. પરતુ અંતરનો અગ્નિ એકદમ બહાર નહિ કાઢવા જેટલો તેનામા સયમ હતો, તેથી ટૂકોજ જવાબ આપ્યો.

"બહુ સારૂ"

પોતે સૂઇ જવાનો ટોળ કર્યો એટલે ગોરાણી ઓરડામાથી બહાર ગઇ પૂર્ણકાતે તુરતજ બાર બધ કર્યાં. ગોરાણી નીચે ગઇ, પરતુ પૂર્ણકાતને આ કુલટાની વર્તણુકના વિચારમા આખી રાત્રિ ઉધ ન આવી. તેણે રાત્રિએ બે સ્પષ્ટ નિશ્ચયો કર્યા એક તો એ કે આ ઘરને જેમ બને તેમ જલદીથી છોડવુ, અને બીજો એ કે નિર્દોષ સ્નેહવીણાને આ રાક્ષસોના હાથમાથી કોઇપણ ઉપાયે છોડાવવી

બીજે દિવસે સવારે ગોર અને પૂર્ણકાંત બહાર ગયા હતા ત્યારે ગોરાણી સ્નેહવીણાને ઉપર સૂચવેલી પોતાની

ઇચ્છા કહેતી હતી. ૧૪ વર્ષની નિર્દોષ બાળા મારફત આવી અધમ હીલચાલ ચલાવવામા ગોરાણીને જરા પણ સ કોચ હતોજ નહિ. પ્રથમ તો નિર્દોષ બાળકી ગોરાણીનુ કહેવુ સમજીજ ન શકી એટલે ગોરાણીએ વધારે ખુલ્લી અને હલકી રીતે સ્નેહવીણાને સમજાવ્યુ કે અતિથિને ગોરાણી સાથે ભ્રષ્ટાચાર કરવા માટે તેણીએ સમજાવવુ, અને પાછો તે શો સ દેશો આપે છે તે પોતાને પહોંચાડવો પવિત્ર છોકરીએ આ કાર્ય કરવાની ચોખ્ખી ના પાડી. ગોરાણીએ પ્રથમ તો મનાવી પટાવી સમજાવવાનો પ્રયત્ન કર્યો પરતુ બહાદૂર છોકરી એકની બે થઇ નહિ તેથી ગોરાણીએ છોકરીને અનેક પ્રકારની ધમકી આપી, છતા વીરાગના અડગ રહી છેવટે છોકરી ઉપર ગોરાણીના ક્રોધની ભયકર વૃષ્ટિ થઇ, આજે ગોરાણીએ માર મારવામા બાકી ન રાખી. આ ધાધલ ચાલતી હતી ત્યાજ આપણે પાંચમા પ્રકરણમા જોયુ છે તેમ સુદર્શન મહારાજના પગલા સ ભળાયા એટલે તુરતજ ઉસ્તાદ અ જનીએ વાત ફેરવી નાખી, અને જાણે ઘરકામ માટેજ પોતે સ્નેહવીણાને ખીજાતી હોય તેમ પોતાનુ ઐતિહાસિક ભાષણ શરૂ કરી દીધું, જે આપણે આગળ વાચી ગયા છીએ

ત્યાર પછી સ્નેહવીણા અને પૂર્ણકાત વચ્ચેની વાત પણ આપણે જાણી છે આવી સ્થિતિમા દુ ખી દિવસો ગાળનારી નિરાધાર છોકરી પૂર્ણકાત જેવા પ્રેમાળ, બુદ્ધિશાળી, અને ઉદાર માણસ સાથે ન્હાસી જવાનો નિશ્ચય કરે તેમા તેનો શો દોષ ? તે દિવસે જે એકાત મળ્યુ હતું તેમા સ્નેહવીણાએ તથા પૂર્ણકાતે છેવટે ભાગી જવાનો ઠરાવ ચોકસ

કર્યો હતો શી રીતે ન્હાસવુ તેની યુક્તિ પણ ગોઠવાઇ ગઇ હતી પોતાને ગોરાણીએ કરેલી હલકી સૂચના પણ સ્નેહવીણાએ પૂર્ણકાતને કહી પૂર્ણકાંતે આગલી રાત્રિના ગોરાણીના પરાક્રમ ની હકીકત સ્નેહવીણાને કહી ઉભયનાં હૃદયો આજે અપૂર્વ રીતે એક બીજા પાસે ઉઘડયાં અને ખીલ્યા

બીજેજ દિવસે સ્નેહવીણા કપડા ધોવ.નુ બહાનું કાઢી પોટલુ બાધી બહાર ગઇ; પૂર્ણકાત પોતાનો સામાન અગાઉથી છાનોમાનો બહાર લઇ ગયો હતો, અને ચોકસ કરેલે સમયે બંને એક ઠેકાણે મળ્યાં. તુરતજ ત્યાથી સ્ટેશને ઉપડયા, સ્ટેશને ટ્રેન થોડા સમયમા આવી પહોચી, અને પૂર્ણકાત તથા સ્નેહવીણા શ્રીનગર તરફ રવાના થઇ ગયા રસ્તાની અનેક મુશ્કેલીઓ સહન કરીને, પરતુ ઉભયના નિર્મલ સ્નેહની હુંફમા, બને જણ સહીસલામત શ્રીનગર પહોચ્યા

પાછળથી સ્નેહવીણા માટે શોધખોળ થઇ પણ જ્યારે પૂર્ણકાંતનો પણ પત્તો ન લાગ્યો ત્યારે અનુમાન થયુ કે કદાચ તે પોતેજ છોકરીને લઇ ગયો હશે પરતુ ખરો પત્તો મળતા એક અઠવાડિઉ થઇ ગયુ બનારસના એક બીજા તીર્થગોરે પૂર્ણકાત અને સ્નેહવીણાને સ્ટેશને જોયા હતા અને પોતે એજ ટ્રેનમા એક પાસેના શહેર તરફ મુસાફરીએ ઉપડયો હતો તે જ્યારે ચાર પાચ દિવસ પછી પોતાની મુસાફરીમાથી પાછો ફર્યો ત્યારે તેણે બને શ્રીનગર તરફ ઉપડી ગયાનો પત્તો આપ્યો.

પૂર્ણકાત સામે બનારસના મૅજિસ્ટ્રેટ પાસે ૧૪ વર્ષની છોકરીને તેના વાલીના કબજામાથી ન્હસાડવાની ફરિયાદ નોધાવવામા આવી, પૂર્ણકાત સામે વૉરટ કાઢવામા આવ્યુ, અને વૉરંટથી પૂર્ણકાતને શ્રીનગરમા પકડવામા આવ્યો

પ્રકરણ ૯ મું.

મૅજિસ્ટ્રેટની કોર્ટમાં.

પૂર્ણકાંતને બનારસની પોલિસ શ્રીનગરથી પકડીને બનારસ તરફ ઉપડી તે પહેલા તેની પાસેથી સ્નેહવીણાનો પત્તો મેળવવાને તેઓએ ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ એ પ્રયત્ન તદ્દન નિષ્ફળ ગયો પૂર્ણકાંતને ધમકી, લાચ, અને માફીનાં વચન આપવામા આવ્યા છતાં તેણે સ્નેહવીણાનો બિલકૂલ પત્તો આપ્યો નહિ શ્રીનગરમા અનેક ઠેકાણે શોધખોળ કરવામાં આવી, પરંતુ ખંડેર જેવા મકાનમા રહેતી છોકરી આબાદ રીતે બચી ગઇ પૂર્ણકાંત જાણતો હતો કે સ્નેહવીણાથી અચાનક વિયોગ થવાથી તેણીની સ્થિતિ ઘણીજ કફોડી અને દુઃખદાયક થશે, પરંતુ તેની સાથે એની એટલી પણ ખાત્રી હતી કે સુદર્શનમહારાજના ઘર કરતા બીજે ગમે તે સ્થળે અને ગમે તેવી નિરાધાર સ્થિતિમા તે વધારે સ્વસ્થતાથી અને શાંતિથી રહેશે. આ વિચારથીજ તેણે સ્નેહવીણાનો પત્તો પોલિસને આપ્યો નહોતો

શ્રીનગર સુધી સુદર્શનમહારાજે આવવાની તસ્દી લીધી હતી એ વાત જાણવા જેવી છે, કારણકે ફુટબૉલ જેવા એમના શરીરને બહુ મુસાફરી સામાન્ય રીતે માફક નહોતી આવતી. વળી, સ્નેહવીણા માટે ગોરમહારાજની લાગણી એટલી બધી ઉભરાઇ નહોતી જતી કે આટલો ખર્ચ અને પોતાની કિંમતી ચરબીનો આટલો વ્યય તેઓ નાહક માથે વ્હોરે પરંતુ આ

બધા શ્રમનો મુદ્દો જૂદો હતો. અજની ગોરાણીનો ઘેરથી સાફ હૂકમ હતો કે ગમે તેમ કરીને એ હરામખોર અતિથિ અને એ ઉદ્ધત છોકરીને પાછા ઘેર લઇ આવવા. ગોરાણીને અતિથિની જરૂર શી હતી તે આપણે જોયું છે, અને સ્નેહવીણા જવાથી ઘરના કામકાજનો બોજો "સુવાળપ" ને ધિક્કારનારા સુવાળાં ગોરાણીને માથે આવી પડયો હતો તે ભૂલી જવાનુ નથી. આ તો ગોરાણીનો મુદ્દો થયો પરંતુ ગોરનો હેતુ આ કરતા પણ વધારે અર્થસૂચક હતો. સ્નેહવીણા નવ દશ વર્ષની હતી ત્યારથીજ ગોરે પોતાની વધેલી મિલકતનો હિસાબ ગણી કાઢયો હતો. આવી રૂપાળી છોકરીના દામ મનમાનતા મળશે એમ તેઓ ધારતા હતા. અને દર વરસે એ દામનુ ચક્રવર્તી વ્યાજ વધતુ હતુ એ ચોકસ હતુ. તેથી આટલી મોટી પુજી એકજ તડાકે ખોઇ બેસવી તે સુદર્શન ગોર જેવા વેપારી બુધ્ધિવાળા બ્રાહ્મણને ગળે કેમ ઉતરે ? એટલા માટે બનારસથી શ્રીનગરનો અને શ્રીનગરથી બનારસ સુધીનો મુસાફરી ખર્ચ તેમજ પોલિસ, વકીલ, આદિને આપવાનો સર્વ ખર્ચ આ જીવતી પુંજીમાથી ભવિષ્યમા કાઢી શકાશે એવી ગણત્રીથીજ સુદર્શનમહારાજે આ ગંભીર પગલુ ભર્યુ હતું

આવા વિચારથી નીકળેલાને જયારે ખરો મુદ્દામાલ હાથ ન લાગ્યો ત્યારે તેને કેટલી નિરાશા થઇ હશે તે વાચનાર સમજી શકશે. પૂર્ણકાંતને સજા કરવા કરતા સ્નેહવીણાનો કબજો મેળવવાને માટેજ ગોરના આ તરફડિયા હતા, તેથી

જ્યારે સ્નેહવીણા વિના માત્ર પૂર્ણકાંતને લઇનેજ પોલિસ બનારસ તરફ ઉપડી ત્યારે સુદર્શનમહારાજની મૂળ ઝનુન લગભગ ૯૫ ટકા કમી થઇ ગઇ હતી પરંતુ પોલિસને આવા કેસો ભાગ્યેજ મળતા એટલા તેઓ પોતાની બાહોશી બતાવવાની આ તક જવા દીએ તેમ નહોતા, તેથી બનારસ પહોંચતાજ પુર્ણકાંતને મૅજિસ્ટ્રેટ સમક્ષ ઉભો કરવામાં આવ્યો.

કેસ તૈયાર કરવામાં ગોરની તેમજ ગોરાણીની મદદ આવશ્યક હતી પરંતુ ગોરનું જોસ શમી ગયું હતું, અને ગોરાણીને પૂર્ણકાન્ત તરફ દુશ્મનાઇને બદલે પ્રીતિ હતી આથી કરીને પોલિસને કેસ ઉભો કરવામાં ઘણી મુશ્કેલી પડી. તો પણ લીધેલી વાત હાથથી જવા દેવામાં પોતાની નામોશી ગણાય એમ માનનારી પોલિસ એકદમ નમ્યું આપે તેવી નહોતી, તેથી આરોપી ઉપર આરોપ ઘડવા પહેલા જે પુરાવો તેઓ ભેળો કરી શક્યા તે પુરાવો મૅજિસ્ટ્રેટ પાસે રજુ કરવાની શરૂઆત થઇ

પ્રથમ તો સુદર્શનમહારાજ પોતેજ સાક્ષીના પિંજરામાં પધાર્યા! પૂર્ણકાંતને પિંજરામાં મૂકવાને બદલે બહાર છૂટો ઉભો રાખ્યો હતો અને પોતાને પિંજરામાં ધકેલવામાં આવ્યા એ વિચારથી ગોર તો દિગ્મૂઢજ થઇ ગયા "આમાં આરોપી આ હરામખોર કે હું ?"—એમ ત્રણ વાર પોતે મનમાં ને મનમાં બબડ્યા! પરંતુ "કાયદા પાસે લાચાર," એટલે ફરિયાદ થઇ શકે તેમ નહોતી! સુદર્શનમહારાજે સોગન લીધા પછી એમના વકીલ જુબાની લેવા ઉભા થયા, જો કે સોગન લેતા

શ્રદ્ધાળુ અને ધર્મપરાયણ તીર્થગોરના શ્વાસોશ્વાસ ભયંકર રીતે વધી ગયાની હકીકત અમારે અત્ર ભૂલી જવી ન જોઇએ.

વકીલે બહુજ રૂઆબમાં તેમજ ગંભીરતાથી. ઉભાં થઇ જે ખોખારો મર્યો તે ઉપરથી કોર્ટમાંઃ આ તંમાસો જોવા આવનારાઓ એમ સમજી શકયા કે હમણા આખું આભ ફાટી પડશે ! વકીલની ગંભીરાઇ ઉપરથી અજાણ્યો માણસ એમજ અનુમાન કરી શકે કે આખા દેશ ઉપર મહાન આફત આવી પડી હશે, અથવા તો દુનિઆનો પ્રલયકાલ દરિઆમાથી ડોકિયા કરી રહ્યો હશે ! પ્રથમ તો એમણે પોતાની ખુરશીની પાછળ ફરીને પોતાનાં ચશ્મા કપાળ ઉપર ઉંચા ચઢાવી દીધા અને પછી બહુજ બારીકીથી પૂર્ણકાન્તનુ નખથી શીખ સુધી અવલોકન કર્યું અવલોકન કરતી વખતે વકીલમહાશયની ઉંડી ઉતરી ગયેલી, નુકી આંખોમાથી એટલો તો અગ્નિ વરસતો હતો કે એમનો દેખાવ જાણે કે વાઘ પોતાના શિકાર તરફ ધારી ધારીને જોતો હોય એવો થઇ રહ્યો હતો વકીલોની આવી કટાક્ષના અનુભવ વિનાનો બિચારો પૂર્ણકાંત ઘડીભર થરથર્યો બીજીજ ક્ષણે વકીલે મૅજિસ્ટ્રેટ સામુ જોયુ અને સહજ સ્મિત કરી માથુ ધુણાવ્યું જાણે મૅજિસ્ટ્રેટ એમના મત સાથે મળતા થયા હોય એમજ બીજાઓને લાગ્યુ પોતે આરોપીની કરેલી તુલના આ પ્રમાણે મૅજિસ્ટ્રેટ સાહેબને ‘વાયરલેસ’થી જણાવીને વકીલ સાહેબ પરબારા સુદર્શનમહારાજ ઉપર ઉતર્યા

“રાજગોર સુદર્શન બ્રહ્મદર્શન તમારૂ નામ?” તો પહેલો ગોળો વકીલે છોડયો

પહેલાજ ગોળાથી મ્હાત થઇ સુદર્શનમહારાજે ચોથરાતા અવાજે સલાહ જાહેર કરી —

"જી ના, સાહેબ ! મ્હારા વડવાઓ રાજગોર હતા, પરન્તુ હુ તો માત્ર તીર્થગોરજ છું "

જવાબ નીકળતાજ મૅજિસ્ટ્રેટ સાહેબે તે અક્ષરે અક્ષર નોંધી લીધો ! સુદર્શનગોરની ખાત્રી થઇ કે એમણે અત્યત ઉપયોગી જુબાનીથી શરૂઆત કરી હતી વકીલ સાહેબને આ જવાબમા પ્રથમ તો કાંઇ હરકત જેવુ ન જણાયુ, પણ જ્યારે એમણે મૅજિસ્ટ્રેટને ઘણીજ સભાળથી આ જુબાનીની નોંધ લેતા જોયા એટલે પોતાના સાક્ષીએ છબરડો વાળ્યો હોય એમ એમને લાગ્યુ, તેથી આ ખરાબ શરૂઆતની ખરાબ અસર જજ સાહેબ ઉપર ન રહી જાય એવા ઇરાદાથી એમણે તુરતજ હવે આ ઉપયોગી દેખાતી બાબતની ચોખવટ કરવાનો નિશ્ચય કર્યો

"પણ તમે પોલિસને તમારૂ નામ તો રાજગોર તરીકે આપ્યુ છે, ખરૂ ને ?"

વકીલ આ માણે બાધી લે તે સુદર્શન મહારાજને ઠીક ન લાગ્યુ' વળી તે એમ અગ્રેજી ભણેલાઓથી બુધ્ધિમા ગાજ્યા જાય તેવા નહોતા નહાનપણથીજ એમણે વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો, તેથી આ કટાકટીના વખતે વ્યાકરણજ એમની મદદે આવ્યુ

'જી ના, સાહેબ ! રાજગોર મ્હેં મ્હારા નામ તરીકે નહિ આપેલુ, પરતુ મ્હારા વિશેષણ તરીકે. એને માટે મ્હારી પાસે સાક્ષીઓ છે, સાહેબ !"

નિમિષમાત્રમા આપ્યો જવાબ અક્ષરેઅક્ષર જજ સાહેબની નોંધબુકમાં નોધાઇ ગયો! વકીલ સાહેબ ગભરાયા. એમણે મોટા બડેખાઓને સાક્ષીઓના પિંજરામા હફાવ્યા હતા ગમે તેવા હુશિયાર ન્યાયાધિશથી પણ પોતે કોઇ દિવસ મ્હાત થયા નહોતા વિરૂધ્ધ પક્ષના વકીલોની ગર્જનાઓથી પણ કોઇ દિવસ એમણે પાછી પાની ભરી નહોતી. સાક્ષીઓ એમને જોતા કે કંપતા એમના પોતાના પક્ષના સાક્ષીઓ પણ એમના પ્રશ્નોથી મુઝાઇ જતા! પરંતુ આજે આ ગોળમટોળ ભૂદેવે વ્યાકરણની જે ઝીણવટ રજુ કરી તેથી વકીલ સાહેબ એમની આખી કારકીર્દિમા પહેલીજવાર શરમાઇ ગયા, અને કંઇપણ ઉચ્ચાર કર્યા વિના ખાલી હોઠ ફફડાવવા મડયા!

વકીલે જોયુ કે આ સાક્ષી સાથે દલીલમા ઉતરવાથી પોતાનીજ કિમ્મત થઇ જશે, તેથી એમણે જુબાની આગળ ચલાવી

"વારૂ, આ કેસમા તમે ફરિયાદી છો?"

સુદર્શનમહારાજે પહેલા બે જવાબ ઉપરથી અટકળ કાઢી હતી કે આ લુચ્ચા વકીલોને એકદમ નમતુ નહિ આપવાથીજ કોર્ટ ઉપર જોઇએ તેવી અસર થાય છે, તેથી તુરતજ વકીલ ઉપર હુમલો કરતા હોય એમ જવાબ આપ્યો,

"જી ના સાહેબ! ફરિયાદી તરીકે મને નોધાવવામા આવ્યો છે, પરંતુ ફરિયાદ કરવાની સલાહ તમે અને પેલા તમારી પાસે ઉભેલા સાહેબેજ આપી હતી સોગન લીધા પછી હું જૂઠુ બોલવા માગતો નથી, સાહેબ!"

બીજુ વકીલ મડળ ખડખડ હસી પડયુ.

દરેક શબ્દ ન્યાયાધિશ સાહેબની નોટમા લખાઇ ગયો ! સાક્ષીનો આટલો જવાબજ વકીલ સાહેબના ગાત્ર શિથિલ કરવાને બસ હતો, પણુ ન્યાયાંધિશે તેમા ઉમેરો કર્યો,

"કેમ મિ૦ પન્નાલાલ ! કેસ હવે આગળ ચલાવવાની ઇચ્છા છે ? હુ માનુ છુ કે સાક્ષીએ ઘણીજ ઉપયોગી જુબાની આપી દીધી છે અને તમારી સાથે જે "સાહેબ"ને સડોવે છે તે કોણુ છે ?"

વકીલે માત્ર છેલ્લા વાકયનોજ ઉત્તર આપ્યો,

"એ તો જમાદાર અગીરખાનુ નામ સાક્ષી આપવા માગે છે પણ મ્હારે એ બાબત સાથે કશો સબધ નથી તે આપ નામદાર જોઇ શકશો"

"તે ખરૂ, પણુ હવે તમે કેસ આગળ ચલાવવા માગો છો કે નહિ તે જાણુવાની મ્હારી ઇચ્છા છે"

"સાહેબ, હજુ મ્હારો કેસ જેવોને તેવોજ છે હુ નથી ધારતો કે સાક્ષી આ કેસ નબળો કરવા માગતો હોય આ ઉપરાત પણુ, સાહેબ ! મ્હારી પાસે બીજા સાક્ષીઓ છે"

"બીજા સાક્ષીઓ કોણુ છે ?"

"એક તો અજનીબાઇ સુદર્શન આ સાક્ષીની સ્ત્રી અને જે છોકરીને નસાડવામા આવી છે તેની કાકી"

"ત્યારે હાલ એ સાક્ષીનેજ બોલાવીએ તો શુ ? કારણુ કે હુ નથી ધારતો કે આ સાક્ષીમાથી આપણુને કાઇ વિશેષ માહિતી મળી શકે"

વકીલ ન્યાયાધિશની આ વાતચીત સુદર્શનગોરથી સહન થઇ શકી નહિ, તેથી તેઓ તુરતજ બોલી ઉઠયા

"સાહેબ ! સવાલ પૂછવો હોય તો મને પૂછો, પણ, બાઇમાણસ પિંજરામા નહિ આવે સાહેબ !" અને મને ન પૂછવું હોય તો પેલા જમાદાર ને આ વકીલ સાહેબ બધું જાણે છે-એમને પૂછી જુઓ, નામદાર !"

વકીલ મંડળ અને ન્યાયાધિશ પેટ પકડીને હસવા મંડયા માત્ર જુબાની લેનાર વકીલ પોતે હતા તેથી પણ વિશેષ ગંભીર થઇ ગયા, અને બોલ્યા,

"ત્યારે સાહેબ, હુ અંજનીબાઇને બોલાવુ છુ." ન્યાયાધિશે માંડમાંડ હસવુ અટકાવીને સંમતિ આપી

"અંજનીબાઇ સુદર્શન"નો પોકાર થયો, પણ કોઇ દેખાયુ નહિ બીજી વાર વધારે જોસથી બૂમ પાડવામા આવી ત્યારે અંજનીગોરાણી બહારથી વીજળીની માફક ચમકયાં. ગોર અંજનીને અટકાવવા દોડયા, પણ ગોરાણી સાક્ષીના પિંજરામા આવીને ઉભા ગોર લાલચોળ થઇ ગયા અને ગોરાણીએ ઠંડા પેટથી બધી બાજુ દ્રષ્ટિ ફેરી આખી કોર્ટનુ અવલોકન કર્યું અંજનીએ પુર્ણકાંત તરફ ખાસ કટાક્ષ કરી, પણ તેનો અર્થ બીજુ કોઇ સમજે તેમ નહોતુ.

"અંજનીબાઇ સુદર્શન તમારૂ નામ ?" વકીલે શરૂઆત કરી

"જી હા"

"સુદર્શન બૂદર્શનના તમે ધણિયાણી થાઓ ?"

"જી હા"

આ સાક્ષીની સરળતાથી અને ત્વરિત જવાબથી ન્યાયાધિશ તેમજ વકીલ ખુશ થયા તેઓએ ધાર્યું કે આ સાક્ષી ઝપાટાબંધ જુબાની આપી કેસ પુરવાર કરશે

"સ્નેહવીણા છોકરી તમારે ત્યા રહેતી હતી ?"

"જી હા, પણ અમે એને "વેણકી" કહીને બોલાવીએ છીએ, સ્નેહવીણા નહિ"

વકીલે એ વાત તુરતજ કબૂલ કરી

"તે બરાબર છે તમે તેને 'વેણકી' કહેતા, ખરૂ ને ?"

"જી હા."

"વેણકી તમને શુ થાય ?"

"શું થાય તે મને ખબર નથી, ગોરને પૂછો ?"

"તમારી ભત્રિજી થાય, ખરૂં ને ?

"ભત્રિજી થાય એમા અમારી ગુન્હેગારી શુ ? એ મને કાકી કહેતી, બાકી કોણ કહે છે કે અમે એને અમારી ભત્રિજી કહીએ છીએ ?" ગોરાણીને આ ખુલાસો કરવાનુ કારણ સાફ હતુ. એમને એવી બ્હીક પેસી ગઇ હતી કે "વેણકી"ને ભત્રિજી કહેવામા રખેને પોતે ફસાઇ પડે

ગોરાણીનો જવાબ નોંધી લીધા પહેલા ન્યાયાધિશે ઉંચુ માથુ કરી વકીલ સામે જોયુ વકીલ ન્યાયાધિશની મુસ્કેલી સમજી ગયા અને મુસ્કેલીનો નીચે પ્રમાણે નિકાલ કાઢયો

"હુ નથી ધારતો કે આ બહુ ઉપયોગી હકીકત હોય તો પણ હુ વિશેષ ખુલાસો સાક્ષી પાસેથી કઢાવવા માગુ છું"

"ફરિયાદી કોણ છે ?" ન્યાયાધિશે પૂછ્યુ

"સુદર્શન ગોર" વકીલે ઉત્તર આપ્યો

"છોકરી કોના કબજામા હતી ?"

"સુદર્શન ગોરના"

"સુદર્શન ગોરના કબજામા શી રીતે આવી ?"

"એ ખુલાસોજ હુ મેળવવા માગું છુ, નામદાર" ખોખારો ખાઇને વકીલે ફરીથી ગોરાણીની જુબાની શરૂ કરી

"વેણુકી તમારી ભત્રિજી હતી કે નહિ તે અમે જાણવા માગતા નથી, પણ એ તમારા કબજામા હતી એ વાત તે ખરી છે ને ?"

"તમે તે શુ પૂછો છો ભાઇ સાહેબ ! અમારા કબજામા હોય તો ન્હાસી શાની જાય ?"

વકીલ ચશ્મા લુછવા મડ્યા ખોખારો ખાધો ખુરશી ઉપર એક પગ ટેકવ્યો, પણ બીજો પ્રશ્ન યાદ આવ્યો નહિ

"કેમ ? મિસ્ટર પન્નાલાલ ! આગળ ચલાવો," ન્યાયાધિશે વકીલનુ મોન જોઇને સૂચના કરી.

"જી હા, હુ એજ વિચાર કરૂ છુ" વકીલે આગળ ચલાવ્યુ

'વારૂ, ત્યારે તમે જેને વેણુકી કહો છો તેના બાપનુ નામ શુ ?"

પ્રશ્ન પુછતાજ ગોરાણી ટટ્ટાર થયા. અને સાફ રીતે બોલી ઉઠ્યા,

"તે એનો બાપ જાણે હુ શું જાણું ?"

વકીલમડળ મ્હોડે રુમાલ દેવા છતા હસતુ લાગ્યુ

શકયુ નહિ પરંતુ ન્યાયાધિશ ગંભીર થઇને બોલ્યા,

"મિસ્ટર પ્રન્નાલાલ ! આ કેસમાં ઘણો ભેદ લાગે છે."

"જી હા, મ્હને પણ ભેદ હોય એમ જણાય છે"

"ત્યારે જે ભેદ તમને જણાય છે તે જાણી લીધા પછીજ કેસ આગળ ચલાવવાની તસ્દી લીઓ તો તમને કાંઇ વાંધો છે ?"

"જી ના, ખાસ વાંધો નથી આરોપી છુટી જાય છે એજ પશ્ચાત છે"

આટલા વખત સૂધી સુદર્શનગોર એકાગ્ર ચિત્તથી આ સઘળો તમાસો જોઇ રહ્યા હતા અને કયારના બોલવાને ઉત્સુક થઇ રહ્યા હતા, તે હવે કોર્ટમાં ઉભા ઉભા બોલી ઉઠયા,

"સાહેબ, એની ફીકર રાખો મા જમાદાર સાહેબ જેવા ને વકીલ સાહેબ જેવા બાહોશ અમલદાર હશે તો આરોપીઓ તો હું જોઇએ તેટલા લાવી આપીશ"

ગોરના કેટલાક યજમાનો, બીજા તીર્થગોરો તથા ઓળખીતાઓ સુદર્શનમહારાજના પરાક્રમ જોવાને કોર્ટમાં આવ્યા હતા તેઓ એમની આ હિમ્મત જોઇને છક થઇ ગયા, અને સર્વ લોકો સુદર્શનમહારાજની પ્રશંસા કરવા મંડી પડયા !

ન્યાયાધિશ જાણે મોટી આફતમાથી મુક્ત થયા હોય તેમ શાંતિનો નિ:શ્વાસ નાખીને ચુકાદો આપવા મંડયા,

"આપણે ખુશ થવાનું છે કે કેસ અહિંથીજ પુરો થાય છે ખોવાયેલી છોકરી કોના કબજામાં હતી અને તેનો પિતા કોણ છે તે કોઇના જાણવામાં નથી ફરિયાદીને ફરિયાદ કરવાનો હક્ક શો છે તે પણ સમજી શકાતું નથી. તેથી આરોપી સામે કોઇપણ જાતનો કેસ પુરવાર થયો નથી.

હું આરોપી પૂર્ણકાંતને છોડી મૂકવાનો હુકમ કરૂં છું અને સાક્ષીઓ સુદર્શનગોર તથા અંજનીબાઇની વર્તણુક આ બાબતમાં મને શંકાભરેલી જણાય છે તેથી એમનો ખરો ઇતિહાસ જાણવામાં અને નહિ કે આવા નિર્દોષ માણસને હેરાન કરવામાં પોલિસ વધારે તસ્દી લેશે એમ હું આશા રાખું છું.”

મૅજિસ્ટ્રેટ સાહેબનો ચુકાદો પૂરો થયો કે તુરતજ કોર્ટમાંથી કોઇએ ઉભા થઇને નીચે પ્રમાણે કંઇક માર્મિક શબ્દો કહ્યા,

“નામદાર ! આપનો ચુકાદો વ્યાજબી છે કારણ કે પ્રથમ તો આ ગૃહસ્થનું નામ પૂર્ણકાંત છે એજ મોટી ગપ છે”.

“નામદાર” જડ્જ તો આ સાંભળીને છકજ થઇ ગયા વકીલો તથા બીજા લોકો પણ ડોકાં લાંબા કરી કરીને આ વિચિત્ર હકીકત જાહેર કરનારનું મુખ જોવાને ઉંચા નીચા થવા મંડયા દરમિઆન આરોપી પૂર્ણકાંત કોર્ટમાંથી અદૃશ્ય થયો

પ્રકરણ ૧૦ મું.

વિયોગમાં મૈત્રી.

શ્રીનગરમા સ્નેહવીણાની શી સ્થિતિ થઇ તે તરફ આપણે હવ દષ્ટિ કરીએ જે દિવસે પૂર્ણકાંતને શ્રીનગરથી લઇ જવામાં આવ્યો તે આખો દિવસ સ્નેહવીણાએ ચિંતામા અને ગમગીનીમા પસાર કર્યો જે અજાણી સ્ત્રી તેને ત્યા તેજ સાંજે આવી હતી તેની કેટલીક વાતચીતથી સ્નેહવીણાની ગભરામણમાં વધારો થયો

અજાણી યુવતીએ તો તુરતજ સ્નેહવીણાને આગલી સાંજે ડાલ સરોવરમા કિસ્તીમા યુવક સાથે બેસી સેલગાહ કરવા નીકળેલી તરૂણી તરીકે ઓળખી કાઢી પરંતુ સ્નેહવીણાએ આ સ્ત્રીને કદિ જોઇ ન હતી, તેથી અચાનક પોતાને ત્યાં તે શા માટે આવી હશે તેના વિચારમા પડી. પૂર્ણકાંતની રાહ જોતી હતી અને તેને મળવા માટે દોડીને બારણા ઉઘાડવા આવી હતી, ત્યા પૂર્ણકાંતને બદલે આ નવીન સ્ત્રીને જોઇ સ્નેહવીણાના હ્રદયને મોટો આઘાત થયો

બાર ઉઘડતાજ અજાણી સ્ત્રીએ પ્રશ્ન કર્યો, "નિપુણચંદ્ર અહિં રહે છે ?"

સ્નેહવીણાએ જવાબ આપ્યો, "ના, અહિં નથી રહેતા."

બારણા તુરતજ બંધ કરવાને સ્નેહવીણાએ પ્રયત્ન કર્યો, પરંતુ અજાણી સ્ત્રીએ વાત આગળ ચલાવી

"ત્યારે અહિ કોણ રહે છે ?"

"તમારે શું કામ છે ?"

"મ્હારે મળવુ છે"

"કોને મળવુ છે ?"

"નિપુણચદ્રને"

"પણ નિપુણચદ્ર નામનુ કોઇ માણસ અહિં રહેતુ જ નથી"

અજાણી સ્ત્રીને લાગ્યુ કે આ છોકરી જૂઠુ બોલે છે. વળી બીજી ક્ષણે એમ પણ વિચાર આવ્યો કે કદાચ પોતે જેને ડાક્ષ સરોવરમા જોયો હતો તે નિપુણચદ્ર ન પણ હોય. તોપણ આ ઘરમા કોણ રહે છે તેની પૂરતી માહિતી મેળવીનેજ પાછુ જવુ એમ નિશ્ચય કર્યો, અને ફરીથી સ્નેહવીણાને પૂછ્યુ,

"પણ અહિ કોઇ ગૃહસ્થ તો રહે છે ખરાને ?"

"હા, રહે છે તમારે શુ કામ હતુ ?"

"એમનુ નામ શુ ?"

"પૂર્ણકાત"

અજાણી સ્ત્રીની અટકળ ખોટી પડી, પોતે નિરાશ થઇ ગઇ, વળી વિચાર આવ્યો, "નામ બદલાવ્યુ તો નહિ હોય ને ?" 'આ પૂર્ણકાતને નજરે જોઉ તો બધી શકા દૂર થશે" તેથી સ્નેહવીણા બારણા બધ કરવા જતી હતી તેને ફરીથી અટકાવીને બોલી,

"એમને મ્હારે મળવુ છે. અદર છે કે નહિ ?" સ્નેહવીણા આશ્ચર્યચકિત થઇ અજાણી સ્ત્રીને પૂર્ણકાતને મળવાનું

કારણ શુ હોઇ શકે ? બને સગા થતા હશે ? છેવટે ઉંઘમાથી જાગે તેમ ક્ષણવાર વિચાર કરી સ્નેહવીણાએ ઉત્તર આપ્યો,

"ના, ઘેર નથી, બહાર ગયા છે"

આ જવાબ પેલી સ્ત્રીને ઉડાવનારો લાગ્યો, અને કંઇક ભેદ છૂપાવવાને છોકરી પ્રયત્ન કરે છે એમ તેની ખાત્રી થઇ

"બહારથી કયારે આવશે ?" અજાણી સ્ત્રીએ પાછો પ્રશ્ન કર્યો

"ગયા છે તો કયારના, એટલે હવે આવવા જોઇએ"

આ જવાબમા અજાણી સ્ત્રીએ કંઇક સરલતા જોઇ, અને પોતાની શકા કદાચ ખોટી પણ હોય એમ લાગ્યુ, તો પણ આ ગુચવણ ઉકેલવાની ખાતર તેણે કહ્યુ,

"એ આવે ત્યાસધી હુ અહિ ગઇ જોઉ તો તમને વાધો છે ?"

"ના, વાધો શાનો ? આવોને અદર બેસે હમણા આવશે"

બારણા બધ થયા બને અદર ગયા ઘડીભર સ્નેહવીણા પોતાનુ દુ ખ વિસરી ગઇ પૂર્ણકાન્ત સવારથી સાજસુધી ઘેર આવ્યો નહોતો એ વાત પણ ભૂલી ગઇ આવનાર સ્ત્રી સાથે રસપૂર્વક વાતો કરવા મડી, અને તે પણ સ્નેહવીણાની નિર્દોષતા અને મધુરતાથી તેના તરફ લોહચુબકની માફક આકર્ષાણી

પૂર્ણકાન્તે બનારસ છોડયા પછી સ્નેહવીણાને પોતે બને શી રીતે બનારસથી ન્હાસ્યા હતા અને પોતાનો ઇતિહાસ

કેવો હતો તે બધી હકીકત પારકા માણસને નહિ કહેવાની કશી સૂચના કરીજ ન હતી આવી સાવચેતી નહિ રાખવાના બે કારણો હતા. એક તો એ કે પૂર્ણકાંતે એમ ધાર્યું હોય કે એવી રીતે વાત કરવાથી કદાચ સ્નેહવીણાને એમ લાગે કે આ પગલું અણઘટતુ ભરાયુ છે વળી તેને એમ પણ વિચાર આવ્યો હોય કે શ્રીનગરમાં તેઓનુ ઓળખીતુ કોઇ મળવાનુ નથી એટલે એ સાવચેતી નકામી છે ગમે તે હો, પરંતુ પૂર્ણકાંતે સ્નેહવીણાને પોતે ઉઠાવેલા સાહસની હકીકત બીજાઓથી ગુપ્ત રાખવાની સૂચના કરી ન હતી પછી એવી સૂચના કરતા તે ભૂલી ગયો હોય તો તે પણ બનવાજોગ છે

એજ પ્રમાણે પર્ણકાતે પોતાનો પૂર્વ વૃત્તાંત પણ સ્નેહવીણાને કહ્યો નહોતો તેમ સ્નેહવીણાએ એ સબંધી પૂછપરછ પણ કરી ન હતી તેણીને તો પૂર્ણકાંતના સમાગમથી અને "નવી" ગોરાણીના પંજામાથી મુક્તિ મળવાથી એટલી શાંતિ થઇ હતી કે આવી બાબતો જાણવાની ચિંતા કે ઉત્સુકતા રહી ન હતી છતા પૂર્ણકાતે સ્નેહવીણાનો સર્વ ઇતિહાસ જાણવાની તજવીજ કરી હતી, પરંતુ તેમાંથી કશુ જાણવા જેવુ તેને મળ્યુ નહોતુ

અજાણી સ્ત્રીએ વાતચીતથી સ્નેહવીણા પાસેથી પર્ણકાતનો ઇતિહાસ જાણવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ પ્રથમ તો કંઇ માહિતી મળી નહિ ધીમે ધીમે સ્નેહવીણાનો સબંધ "પર્ણકાત" સાથે શો છે તે જાણવાને પ્રશ્નો પડાના અને બને વચ્ચે કોઇ જાતનુ સગપણજ નથી એમ જ્યારે જણાયુ

ત્યારે વધારે હકીકત જાણવાનું તે સ્ત્રીને મન થયુ, અને આ ઇતિહાસ ભેદવાળો છે એમ તેની વધારે ખાત્રી થઇ.

છેવટે સ્નેહવીણા પાસેથી એટલો પતો મળ્યો કે બને જણ બનારસથી આવ્યા હતા આ અજાણી સ્ત્રી પણ થોડા દિવસ પહેલા બનારસમાજ હતી એ વાતને તેણે આ બાતમી સાથે સાધીને પોતાનુ અનુમાન દ્રઢીભૂત કર્યુ ત્યાર પછી એટલા પણ ખબર મળ્યા કે પુર્ણકાંત મુબઇથી બનારસ આવ્યો હતો અજાણી સ્ત્રીની શંકા ખરી પડવા મડી હોય એમ જણાયુ ધીમે ધીમે પર્ણકાંત કઇ તારીખે બનારસ આવેલ તે પણ જાણી લીધુ, અને કયે દિવસે બનારસ છોડયુ તે હકીકત પણ મેળવી તેની લગભગ ખાત્રી થઇ કે પોતે ડાલ સરોવરમા જે યુવકને ઓળખી કાઢ્યો હતો તેજ આ હોવો જોઇએ, અને તે બીજો કોઇ નહિ પણ નિપુણચંદ્રજ સ્નેહવીણાએ એ પણ કહ્યુ કે આગલી સાજે તે અને પૂર્ણકાંત સાથ ડાલ સરોવરમા સફર કરવા નીકળ્યા હતા વાત મળી !

પરંતુ સૌથી ઉપયોગી વાત તો લગભગ છેલ્લીજ નીકળી "પૂર્ણકાંત હજુનથી કેમ ન આવ્યા? ક્યા ગયા છે?' એમ જયારે અજાણી સ્ત્રીએ પૂછ્યુ ત્યારે જવાબમા સ્નેહવીણાએ કહ્યુ, 'કોણ જાણે કેમ હજુ ન આવ્યા' એમ કહેતા હતા કે અહિ એમનુ કાઇક ઓળખીતું છે તેને કદાચ મળવા ગયા હોય અને ત્યા રોકાઇ ગયા હોય તો કહેવાય નહિ"

આ શબ્દો સાંભળતાજ પેલી સ્ત્રીના ચ્હેરા ઉપર અચાનક ફેરફાર થઇ ગયો પોતે એક અતિ ગુપ્ત વાત જાણી

લીધી હોય અથવા તો પોતાની ખોવાયેલી વસ્તુ શોધી કાઢી હોય તેમ ડોકુ ઉચુ કરી તેણે નિરાતથી ઉડો શ્વાસ લીધો, અને તેના હોઠ ઉપર સહજ સ્મિત પ્રકાશી રહ્યુ.

"વારૂ, ત્યારે હુ કાલે પાછી આવીશ આજ તો મોડુ થઇ ગયુ છે એટલે વધારે નહિ રોકાઉ"

સ્નેહવીણા પોતાનુ દુખ ભૂલી ગઇ હતી તે પાછુ તાજુ થયુ, અને જે સ્ત્રીના થોડા સમાગમથી પોતાને શાતિ થઇ હતી તેનાથી જુદુ પડવુ ન ગમ્યુ, તેથી તેણે આગ્રહ કરવા માડ્યે,

"જરા બેસોને? હમણાજ આવશે અધારૂ થઇ જશે તો તમને ઘેર મુકી જશે"

હિદુ સ્ત્રીઓની આ બલિહારી છે ગમે તેવી અજાણી સ્ત્રીઓ ક્ષણવારના સમાગમમા એકબીજા સાથે એટલી તો હળીમળી જાય છે કે અજાણ્યુ માણસ એમજ જાણે કે તેઓનો વરસો સુધીનો સબધ હશે એક તો હિદુ સ્ત્રીઓની આ ખાસિયત, અને તેમા વળી સ્નેહવીણાની મધુર વાણી, પછી આવનાર સ્ત્રીને તેના ઉપર વ્હાલ આવે તેમા શી નવાઇ? અજાણી યુવતી પોતાનુ વ્હાલ બતાવ્યા વિના રહી શકી નહિ

"નહિ, હુ પાછી આવીશ ત્હારી સાથે વાત કરવામા મને બહુજ મઝા આવે છે, એટલે તુ ના કહીશ તોયે આવીશ પણ મ્હારે ત્યા પણ ત્હારે આવવુ પડશે હો," એમ કહી તેણે સ્નેહવીણાનો વાસો થાબડ્યો, સ્નેહવીણા હસતી હસતી નીચુ જોઇ રહી, યુવતીએ તેની સોડમા લઇ તેનુ માથુ પપાળ્યુ, અને બને છુટા પડ્યા

"તમારે ત્યા જરૂર આવીશ આવજો હો તમારૂ નામ શુ એ તો હુ પૂછતાજ ભૂલી ગઇ?" સ્નેહવીણાએ છુટી પડતી વખતેજ પૂછ્યુ

"મ્હારૂ નામ સુધાકુમારી હુ પાછી કાલે આવીશ હો"

"આવજો સુધાબહેન"

પ્રકરણ ૧૧ મું.

એકને દિલાસો, બીજાની નિરાશા.

સુધાકુમારીએ પોતાનું મુંબઇનું ઘર છોડતી વખતે ધાર્યું હતું કે તેની પાછળ ઘણી શોધખોળ થશે તેથી જેમ બને તેમ કોઇ ગુપ્ત અને દૂરના પ્રદેશમાં જઇને રહેવાનો તેણે નિશ્ચય કર્યો હતો. પ્રથમ તો તે બનારસ ગઇ હતી તે એવા હેતુથી કે બનારસમાં લાખો માણસો યાત્રાર્થે આવે જાય છે એટલે યાત્રાળુઓની મેદનીમાં પોતે કોઇનું ખાસ ધ્યાન ખેંચશે નહિ પરંતુ ઘેરથી નીકળ્યા પછી પ્રથમના જોસ અને ઉત્સાહ એકદમ ઓછા થઇ ગયા. પોતે ધાર્યું હતું કે નિપુણચંદ્રનો વિયોગ સહન થઇ શકશે. જગતમાં પોતાનું કોઇ સગું છેજ નહિ એવા નિશ્ચયથી પોતે ઘરનો ત્યાગ કર્યો હતો. આ સર્વ વિચારો ટ્રેનમાં બનારસ સુધી મુસાફરી કરી ત્યાં સુધી તો ટકી રહ્યા. પરંતુ બનારસ પહોંચતાંજ પોતે એકલી પડી ગઇ, અને પોતાના પ્રિયજનથી પોતે વિયોગ માથે વ્હોરી લીધો હતો તેનું ભાન થયું.

પ્રથમ વિચાર તો એજ આવ્યો કે આ પ્રમાણે ન્હાસીને ક્યાં જવું અને શું કરવું ? નિપુણચંદ્ર વિના શું કરી શકાય ? કોનાથી ન્હાસવું ? શા માટે ન્હાસવું ? આ પ્રશ્નપરંપરાથી તેનું મગજ ચગડોળે ચ્હડયું. કોઇ હિંદુસ્થાની ગોરને ત્યાં ઉતારો લીધો હતો એટલે કોઇ તેની સ્થિતિ કળી શકે તેમ

નહોતુ અથવા સ્થિતિ જાણવા પ્રયત્ન કરે તેમ નહોતુ, એટલુ સારૂ થયુ નહિતર પહેલેજ દિવસે સુધાકુમારીએ આ ચિંતાને લીધેજ ઉપવાસ કર્યો હતો તે તેની રીતભાત બરાબર ધ્યાનથી અવલોકનાર જાણી શકે તેમ હતું .

બીજે દિવસે સુધાની બેચેની વધી, અને જ્યારે રહી ન શકાયુ ત્યારે નિપુણચંદ્ર ઉપર પત્ર લખ્યો પત્રમા એટલુજ લખ્યુ હતુ કે પોતે સહીસલામત બનારસ પહોચ્યા હતી, અને તેથી ચિંતા કરવી નહિ પત્ર લખવાનો મૂળ ઉદ્દેશ એ હતો કે જો નિપુણચંદ્ર જાણે કે સુધા બનારસમા છે તો જરૂર તે બનારસ આવશે, અને કદાચ નહિ આવે તો તેના સ્નેહની કસોટી થશે પરંતુ પત્ર પૂરો લખી લીધા પછી પોતાની નિર્બળતાને માટે શરમ આવી નિપુણચંદ્ર જેવા બુદ્ધિશાળી યુવાન પોતાની યુક્તિ અને લાચારી પત્ર ઉપરથી તુરતજ સમજી શકશે, અને પોતાની નબળાઇ ઉપર હસશે એમ લાગ્યુ તેથી છેવટની થોડી લીટી ઉમેરી "મારી પાછળ કોઇ જાતની શોધ કરશો નહિ, તેમ હુ કયા છુ તે કોઇને કહેશો નહિ કારણ કે તમે કોઇપણ કદાચ બનારસ આવશો તોયે તે વખતે મે બનારસ કયારનુ છોડી દીધુ હશે"

આ પ્રમાણે પત્ર લખાયો હતો કેવા હેતુથી અને પૂરો થયો કેવી સૂચનાથી! પત્ર ટપાલમા પડયો, પરંતુ તેમા લખેલા છેલ્લા બે વાકયો મગજમા રમી રહ્યા જે વાત લખાઇ ગઇ તે હવે અમલમા મૂકવી એજ નિશ્ચય થયો તેથી એક બે દિવસ ગંગાને કિનારે ફરીફરીને પગને અને મગજને થકવ્યા પછી શ્રીનગર જવાનુ પ્રોગ્રામ ઘડી કાઢયુ અનેક મુશીબતો

બેઠીને શ્રીનગર પહોંચી મુસાફરીનો થાક ઉતર્યા પછી શ્રીનગરની આસપાસની કુદરતી લીલાનુ અવલોકન કરી હ્રદયને આરામ આપવા વિચાર કર્યો પરંતુ જેમ જેમ કુદરતી સૌંદર્ય જોતી ગઇ તેમ તેમ હ્રદય શાંત થવાને બદલે વધારે ઉકળવા માંડ્યુ

'मन एव मनुष्याणां कारण बंधनमोक्षयो ।

એ સૂત્ર સિદ્ધ થયુ પોતે ઉઠાવેલા સાહસ માટે અત્યંત પસ્તાવો થયો કેટલો વખત આ એકાંતમા પસાર કરવો તેના વિચાર આવવા લાગ્યા આ પ્રમાણે જીવન ક્યા સુધી ગાળવુ તેની ચિંતા થઇ પડી સાથે લીધેલી ખર્ચી ખૂટે તો પછી શુ કરવુ ? આટલી લાંબી મુસાફરી માટે વધારે પૈસા લેવાની જરૂર હતી, છતા ન લીધા તો હવે કેમ કરવુ ? ઘરેણા વેચવા ? અને એ ખૂટે પછી ? સગા વિના, મિત્ર વિના, ઓળખીતા વિના, સ્વદેશી લોકો વિના, કોઇ ખાસ પ્રવૃત્તિ વિના, દિવસો શી રીતે પસાર કરવા ? ઘેરથી નીકળતી વખતે બહાદૂર દેખાતી બાળા આ સર્વ મુશ્કેલીઓથી રંક ગાય જેવી થઇ ગઇ

"પાછી મુંબઇ જાઉ તો ?"—આ છેવટનો વિચાર ધ્યાને આવ્યો અને આ પગલુ ભરવાથી શુ પરિણામ આવે તેની ગણત્રી કરવા માંડી ડાલ સરોવરમા કિસ્તીમા બેઠી બેઠી આ ગણત્રી ઉપરાઉપરી બે દિવસ સુધી કરી હતી, અને ત્રીજે દિવસે પણ એજ વિચારમા હતી ત્યા પૂર્ણકાંત અને સ્નેહવીણાની કિસ્તી તેની પાસેથી પસાર થઇ જતી તેણે જોઇ હતી પૂર્ણકાંતનો ચ્હેરો તેને સહસા નિપુણચંદ્ર જેવોજ લાગ્યો, અને તે નિપુણચંદ્રજ હોવો જોઇએ એમ તેના મનમાં

ઉગી આવ્યુ. નિપુણચંદ્ર આ પ્રમાણે અચાનક અહિં શી રીતે આવ્યો હશે તેનો વિચાર કરવાને બદલે હવે તેને શી રીતે શોધી કહાડવો, અને કયા મળવુ, અને તે નિપુણચંદ્ર પોતેજ છે કે નહિં, એ બધી ચિંતામા સુધા તલ્લીન થઇ

સુધાએ પૂર્ણકાંત અને સ્નેહવીણાની પાછળ પાછળ જઇ તેઓનુ રહેઠાણ જોઇ લીધું હતુ તે આપણે આગળ કહી ગયા છીએ પ્રથમ તો નોકર મારફત ખબર કઢાવવાનો વિચાર થયો, પણ નોકરને બોલાવતાજ વિચાર બદલાયો અને પોતે જાતેજ જવાનો નિશ્ચય કર્યો કારણકે નોકરને મોકલતા ખોટી માહિતી લઇ આવે તો ' અને પોતાને નિપુણચંદ્રથી છૂપાવાનું કારણ શુ છે ? વળી તેની સાથે તરૂણ છોકરી કોણ છે એ જાણવાનુ કુતૂહલ પણ સુધાને થઇ આવ્યું જો એ નિપુણચંદ્રજ હોય તો આ જુવાન છોકરી કોણ હોવી જોઇએ ? શુ નિપુણચંદ્ર જેવો ઉત્તમ ચારિત્ર્યવાળો યુવક આ પ્રમાણે કોઇ છોકરી સાથે છૂટ લીએ ? આ બધી ગુચવણોનો નિકાલ કરવાને સુધાએ પોતેજ તેને ત્યા જવાનુ નકકી કર્યું, અને એ પ્રમાણે ગઇ પણ ખરી તે આપણે જોયુ છે

સુધાએ ચલાવેલી આ શોધ હવે નિપુણચંદ્રને મળવાને બદલે તેના ચારિત્ર્ય સબંધી અને સ્નેહવીણાનો ઇતિહાસ જાણવા માટે વિશેષ હતી નિપુણચંદ્રે જે છૂટ સુધા સાથે લીધી નહોતી એવી છૂટ તે આ છોકરી સાથે લેતો હોવોજ જોઇએ એમ એણે માત્ર ડાલ સરોવરના બનાવ ઉપરથી અનુમાન્યુ હતુ, અને તેથી સુધાના દિલને માઠુ લાગ્યુ હતુ.

આ લાગણીને ઇર્ષ્યા કહેવી કે નહિ તે અમે જાણતા નથી. પરંતુ જો તે ખરેખર ઇર્ષ્યાજ હોય, તો સ્નેહવીણાની સાથેની જે મુલાકાત સુધાએ કરી તે મુલાકાતથી ઇર્ષ્યાની લાગણી લગભગ અદૃશ્ય થઇ હતી, અને ઇર્ષ્યાનું કારણ સ્નેહવીણા સુધાનું પ્રીતિપાત્ર બની હતી તે ચોક્કસ છે

સુધા ગયા પછી સ્નેહવીણાની ગમગીની વધી, પૂર્ણકાંત આવ્યોજ નહિ સ્નેહબીની બાળાએ જમ્યા વિના અને ઉંઘ વિના રાત્રિ પસાર કરી જે અજાણી સ્ત્રીને પ્રથમ જોતા તેણે નિરાશા અનુભવી હતી તે સ્ત્રીજ હવે તેને દિલાસારૂપ લાગી તેથી સવારથી પૂર્ણકાંતની તેમજ સુધાની રાહ જોતી બેઠી આખી રાત્રિના ઉજાગરાથી અને રડી રડીને રંક છોકરીની આંખો શ્યામણી થઇ ગઇ હતી સુધાકુમારી પોતાના વચન પ્રમાણે સવારે આવી પહોચી બહારથીજ સુધાએ સ્નેહવીણાના ડુસકા સાભળ્યા અને તેના હૃદયમા એકદમ ફાળ પડી સ્નેહવીણાએ બાર ઉઘાડયા, સુધાએ તુરતજ પૂર્ણકાંતના સમાચાર પૂછ્યા સ્નેહવીણાએ કહ્યુ કે પૂર્ણકાંત ઘેર આવેલજ નથી, અને એમ કહેતા કહેતા તે રડી પડી સુધાએ દિલાસો આપ્યો, પરંતુ સ્નેહવીણાનુ રૂદન શમ્યુ નહિ સુધાના દિલમાં પ્રેમની, દયાની, કરૂણાની લાગણીઓ ઉભરાણી, અને પૂર્ણકાંતને ઠપકો આપવા લાગી પરંતુ પૂર્ણકાંતને પોતાનો દેવ સમજનારી છોકરી તે સહન કરી ન શકી, તેથી આપોઆપ તેનુ રૂદન બંધ થયુ, અને તેણે પૂર્ણકાંતનો બચાવ કર્યો. કાઇપણ અકસ્માત બન્યો

પૂર્ણકાંત તેને છોડીને જાયજ નહિ એમ સ્નેહવીણાએ નિશ્ચય-પૂર્વક જણાવ્યું

સુધા તુરતજ સ્નેહવીણાની લાગણી કળી ગઇ, અને તેથી પૂર્ણકાંતને ઠપકો દેવાને ફરીથી તેણે હિમ્મત કરી નહિ ધીમે ધીમે નિરાધાર સ્નેહવીણા પોતાનું હૃદય ખાલી કરવા મંડી, અને પોતાને પૂર્ણકાંતે સુદર્શન ગોરના કારાગ્રહરૂપ ઘરમાંથી કેવી રીતે છોડાવી હતી, અને બન્ને કેવી રીતે શ્રીનગર આવ્યાં હતાં, તે સર્વ હકીકત સુધાને કહી સુધાને આ સર્વ વાતમાં ઘણોજ રસ પડયો તે તો એમજ માનતી હતી કે પૂર્ણકાંત તે નિપુણચંદ્રજ હોવો જોઇએ, અને તેથી સ્નેહવીણા તરફ તેનું વ્હાલ વધ્યું

સ્નેહવીણા પાસે પૂર્ણકાંત થોડા પૈસા મૂકી ગયો હતો તે સિવાય બીજી ખર્ચી હતી નહિ એ બધી હકીકત પણ સુધાએ જાણી લીધી છેવટે ઘણી રીતે સ્નેહવીણાને મનાવીને તે પોતાને ઘેર લઇ ગઇ વિયોગથી ઝુરી મરતી છોકરીએ જમવાની નાજ પાડી છતાં સુધાના સ્નેહને અને તેણીના કાલાવાલાને વીણા અધીન થઇ પાછાં બન્ને પૂર્ણકાંતના રહેઠાણમાં આવ્યાં સ્નેહવીણાને દિલાસો દેવા ખાતર સુધા રાતજ સૂતી એ પ્રમાણે બે, ત્રણ, ચાર, રાત્રિ પસાર થઇ, પણ હજી પૂર્ણકાંતનો પત્તો લાગ્યો નહિ

છેવટે બંને રાહ જોઇ જોઇને કંટાળ્યાં પૂર્ણકાંતને શોધી કાઢવાનું કારણ જેટલું સ્નેહવીણાને હતું તેથી વિશેષ સુધાને હતું સુધાએ શ્રીનગર છોડવાના જે વિચારો ઘડયા હતા તે

વિચારો હવે અમલમા મૂકવાનો તેણે વિચાર કર્યો 'શ્રીનગરથી ઉપડવાનુ પ્રોગ્રામ ચોકસ થયુ સ્નેહવીણાનુ હવે ખરૂં સ્નેહી સબંધી કોઇ હોય તો તે સુધાજ હતી, એટલે પોતાનુ બધુ ભવિષ્ય તેણે સુધાના હાથમાજ સોપી દીધુ છેલ્લા દિવસોમા સુધાએ પૂર્ણકાત માટે ઘને તેટલી શોધ કરી હતી, પણ જ્યારે કાઇપણ સમાચાર ન મળ્યા ત્યારે સુખદુ ખની ભાગીદાર બન્ને બાળાઓ શ્રીનગરથી ઉપડી ગઇ

પૂર્ણકાત જ્યારે બનારસની કોર્ટમાથી મુકત થયો ત્યારે જે મનીઑર્ડરની તે શ્રીનગરમા રાહ જોતો હતો તે મનીઑર્ડર તેને બનારસમા મળ્યો મનીઑર્ડરમા મળેલા પૈસાનો પહેલોજ ઉપયોગ શ્રીનગર તરફ ઉપડવાની તૈયારીમા કર્યો સ્નેહવીણાની શ્રીનગરમા કેવી દુ ખમય સ્થિતિ થઇ હશે તેની તે કલ્પના કરી શકયો હતો કોઇ અજાણી સ્ત્રી આ રક બાળાની મદદે આવશે તે તેણે સ્વપ્ને પણ ધાર્યુ નહોતુ તેથી જેમ બને તેમ જલદી શ્રીનગર જઇ એ નિરાધાર છોકરીના આસુ લુછવા એજ વિચાર પૂર્ણકાતના મનમા રમી રહ્યો હતો ભૂખ, તરસ, તડકો, ઠંડી, કે મુસાફરીની બીજી અનેક હાલાકીઓની દરકાર કર્યા વિના પૂર્ણકાત શ્રીનગર પહોચ્યો પરતુ પોતે ભાડે લીધેલા મકાને ગયો ત્યા તાળુ જોયુ, ફાળ પડી, પરતુ એકદમ નિરાશ ન થયો ઘરના માલિક પાસે ગયો, તેણે ખબર આપ્યા કે એ છોકરી તો કોઇ બીજી સ્ત્રી સાથે શ્રીનગરથી રવાના થઇ ગયેલ છે, અને ઘરનુ ભાડુ પણ ચૂકવી ગયેલ છે'

પૂર્ણકાંતની નિરાશા વાચક સમજી શકશે છતાં એ ભયંકર નિરાશામાં કંઇ આશાનું બીજ હોય તો સ્નેહવીણા સાથે કોઇ યુવતી હોવાના સમાચારજ. છેવટે સ્નેહવીણા એકલી પડી નથી અને તેને મદદ કરનારી કોઇ સ્ત્રી મળી છે એ વિચારથી કંઇક શાંતિ થઇ; પણ કદાચ એ સ્ત્રી અંજની ગોરાણી જેવીજ કોઇ હોય તો? આ શંકાથી પૂર્ણ-કાંતની ચિંતા વધી. શ્રીનગર શહેરમાં અથવા ડાલ સરોવરમાં જાણે કેમ સ્નેહવીણા પૂર્ણકાંતથી છુપાઇને બેઠી હોય તેમ પૂર્ણકાંતે એક આખો દિવસ શોધ ચલાવી ઘરના માલેકને ફરી ફરીને પૂછ્યું કે જેથી કયા શહેર તરફ જવા સ્નેહવીણા ઉપડી છે તેના કંઇક સમાચાર મળે, પરંતુ મકાનવાળાને તે ખબર નહોતા મળ્યા એટલે કયાથી કહી શકે? છેવટે પૂર્ણ-કાંત થાકયો, અને શ્રીનગર છોડ્યું

પ્રકરણ ૧૨ મું.

મુંબઇ શા માટે છોડયું ?

ધનુપલાલ લશ્કરી શ્રીકાન્ત શેઠ પાસે ગયો હતો તેના બે કારણ હતાં એક તો એ કે આવા કેસો ડિટેકટિવ અમલદારોને ભાગ્યેજ મળતા એટલે જો તેમા પોતાની બાહોશી બતાવાય તો લોકોમા લશ્કરીની હતી તેથી પણ દસગણી વધારે નામના થાય, એટલું જ નહિ પણ આવા પૈસાદારોના કુટુંબની છોકરીની ધરપકડમા સારી પેઠે પૈસો મારી લેવાય આ ઉપરાંત બીજુ કારણ આથી પણ વધારે ગંભીર હતુ ઘણી વાર લશ્કરીએ સુધાકુમારીને જાહેરમા જોઇ હતી, અને કોઇપણ રીતે સુધાકુમારી પોતાને હાથ આવે તેને માટે તેણે બહુ તરફડિયા માર્યા હતા. સુધા ઉપર લશકરી એટલો તો મોહિત થયો હતો કે સુધાની પાછળ તેણે એક જબરી જાળ પાથરી હતી

પ્રમોદલાલ શેઠના મોટર હાકનાર શોફર સાથે ધનુપલાલે યુક્તિસર દોસ્તી બાધી લીધી હતી, આ શોફર સુધાકુમારીની સર્વ હીલચાલનુ ધ્યાન રાખતો, અને તેનો બધો રિપોર્ટ ખાનગીમા લશ્કરીને પહોચાડતો આ શોફર મારફતજ ધનુપલાલ જાણી શકયો હતો કે સુધાકુમારીને નિપુણચંદ્ર સાથે મૈત્રી છે, અને શોફરના રિપોર્ટ ઉપરથીજ તેણે અનુમાન બાધ્યુ હતુ કે સુધાને ન્હસાડનાર નિપુણચંદ્ર હોવો જોઇએ. લશ્કરીને એમ સ્પષ્ટ જણાયુ કે તેની આખી બાજીમાં કોઇ

વિઘ્નકર્તા હોય તો નિપુણચંદ્રજ છે સુધા અને નિપુણચંદ્ર વચ્ચે જો કાઇ અંતરાય થાય તો પોતાનો મનોરથ જલદી સફળ થાય એમ તે માનતો હતો

બળાત્કાર કે ધમકી કે ભયથી, લશ્કરી કદાચ સુધાકુમારીને એક વાર તો ફસાવી શકત. પરંતુ એનુ પરિણામ તો એજ આવે કે પોતે નોકરીમાંથી બરતરફ થાય અને કદાચ જેલયાત્રા પણ ભોગવવી પડે તેથી આ જાતનુ જોખમભરેલું પગલુ ભરવાની તેની ઇચ્છા ન હતી તેની ધારણા તો સુધાકુમારીને સમજાવીને પોતાની કરી લેવી, અને પ્રમોદલાલ શેઠની પુંજી તેણીની મારફત હાથ કરવી આવી ધારણા પાર પાડવાનો માર્ગ તો સુધા સાથે સખ્તાઇથી વર્તવાને બદલે સમજાવટથી અને ધૈર્યથી પગલુ ભરવુ એજ હતો તેથીજ જ્યારે બીજા અનેક પરાક્રમો તે આંખના પલકારામા કરતો ત્યારે આ કાર્યમા તેની સ્થિતિ લગભગ દોઢ વરસ પહેલાં હતી તેવીને તેવીજ આજે પણ રહી હતી

પ્રમોદલાલ શેઠ બહુ સીધી લાઇનના માણસ છે એટલુ તો લશ્કરી જાણતો હતો, પરંતુ તે આટલા બધા સખત અને મક્કમ હશે તે તેણે ધાર્યુ નહોતુ પોલિસ ઉપર પ્રમોદલાલની ટીકાથી લશ્કરીને ઘણોજ ગુસ્સો લાગ્યો હતો સમય સાચવી લેવાની ખાતરજ તે કાઇ બોલ્યો નહોતો શ્રીકાન્ત શેઠને હાથમા રાખવામાજ ફાયદો છે એમ તે ચેતી ગયો હતો, અને શ્રીકાન્ત શેઠ પોતાની આબરૂ, પુત્રની વહુ, અને પ્રમોદલાલની પુંજીની ખાતર આસમાન પાતાળ ભેળા કરે તેવા હતા તેથી

લશ્કરીની પોતાને ત્યા મુલાકાત થયા પછી બીજેજ દિવસે તેને ત્યા ગયા, અને સુધાકુમારીનો પત્તો મેળવવા માટે તેની સાથે ભાજગડમા પડયા

લશ્કરીના ગનથી શ્રીકાન્ત પોતાના કાર્યમા એક હથિયારરૂપંજ હતો. પણ શ્રીકાન્ત શેઠના મનમા એમ હતુ કે લશ્કરી જરા પૈસાનો લાલચુ છે એટલે પ્રમોદલાલ શેઠને ખાતે થોડો ખર્ચ કરવાથી પોતાનુ કાર્ય કરી આપશે શેઠે લશ્કરી પાસે પોતાનો ઇરાદો છુપાવ્યા વિના વાત કરી

"જુઓને, મિસ્ટર લશ્કરી! છોકરીની પોતાની આપણને બહુ દરકાર નથી અને તેને માટે આપણે આ તકલીફ લેના પણ નથી પણ આવુ કુટુબ, અને આટલો પૈસો હરવખત મળતા નથી પ્રમોદલાલનો વારસ આપણો મણિકાનજ છે એ તો તમે જાણો છો તમે મને મ્હારા આગલા કાર્યમા પૂરતો સતોષ આપ્યો હતો, અને મ્હારી આબરૂ બચાવી લીધી હતી તેથી મને સપૂર્ણ ખાત્રી છે કે આ બાબતમા પણ તમે ઉપાસ રાખશો નહિ તમારી મહેનતનો બદલો મળ્યા વિના નહિ રહે"

"શ્રીકાન્ત શેઠ, તમારી બધી સ્થિતિ મ્હારા જાણવામા છે, અને તેટલા માટેજ હુ આટલી માથાકૂટમા પડયો છુ પણ શેઠ આ બાબતમા ખર્ચ ઘણો થશે તમે જાણો છો કે પેલી ચદ્રપ્રભાની બાબતમા મે તમને કેવી આફતમાથી બચાવી લીધા હતા, છતા તેમા મ્હારી જોઇએ તેવી કદર થઇ નહોતી આમા પણ એમ ન થાય એટલુ જો ધ્યાન રાખ

"ચંદ્રપ્રભાની બાબતમા બધો ભાર મ્હારી કેડ ઉપર હતો, અને મ્હારી અંદરની સ્થિતિ કેવી છે તે તો તમે જાણો છો પણ આ બાબતમા તો પ્રમોદલાલ શેઠને પૈસેજ તમારી કદર થવાની છે, માટે આજેજ તમે પેલા હરામખોરને કબજે કરો તો કાઇ વાંધો છે ?"

"એમ ઉતાવળ કરવી કામની નહિ પ્રથમ તો તમારે પ્રમોદલાલ શેઠને સમજાવવા પડશે તેણે મ્હારી સાથે આવવુ પડશે કારણ કે બધુ રીતસર થવુ જોઇએ"

"તેની હુ હમણાજ ગોઠવણ કરૂ છુ પ્રમોદલાલ શેઠ તમારી સાથે આવે પછી શુ ?"

"તો પછી ફ-તેહ"

શ્રીકાન્ત શેઠ તરતજ પોતાના વેવાઇને ત્યા ઉપડયા

પ્રમોદલાલ પોતાના જુદા જુદા મિત્રોને સુધા સબધી કાગળો લખવામા રોકાયલા હતા ત્યા શ્રીકાન્ત શેઠ આવી પહોચ્યા આવતા વારજ શ્રીકાન્ત શેઠે પ્રમોદલાલને એક મોટુ ભાષણ આપ્યુ અને સુધારાવાળાઓ ઉપર ગાળોનો વરસાદ વરસાવી મૂકયો પ્રમોદલાલે મુગે મોઢે બધુ સાભળ્યા કર્યું છેવટે ડિટેકિટવ અમલદાર લસ્કરીને તેની શોધમા મદદ કરવાનુ શ્રીકાન્ત શેઠે સૂચવ્યુ પ્રમોદલાલે ચોખ્ખી ના પાડી. શ્રીકાન્તનુ મગજ ઉકળી ગયુ સુધા ઉપર સખ્ત ટીકા કરી. પ્રમોદલાલ તે સહન કરી ન શકયો, અને બન્ને વેવાઇઓ વચ્ચે બોલાચાલી વધી. છેવટે અત્યત કડવાશથી બન્ને જૂદા પડયા

પ્રમોદલાલે લસ્કરીની તેમજ શ્રીકાન્તની વાતચીત ઉપ-રથી જાણી લીધુ કે તેઓ નિપુણચદ્રને હેરાન કરવાની તયા-

રીમા હતા એક નિર્દોષ વિદ્યાર્થી આ પ્રમાણે આફતમાં આવી પડે તે પ્રમોદલાલને રૂચ્યુ નહિ નિપુણચંદ્રને તે સારી રીતે ઓળખતો હતો સુધાના મિત્ર અને સલાહકાર તરીકે અને એક અતિ હુશિયાર વિદ્યાર્થી તરીકે નિપુણચંદ્રનુ પ્રમોદલાલ સાથે ઓળખાણ થયુ હતુ નિપુણચંદ્ર માટે લોકો શક લઇ જાગે તે તેણે કદિ પણ ધાર્યું નહોતુ અને જયારે સુધાને નિપુણચંદ્ર સાથે ફરવા હરવાને તેણે છૂટ મૂકી હતી ત્યારે આ જાતનો વિચાર કોઇ દિવસ તેના મનમા આવ્યો ન હતો વળી, સુધાના પત્ર ઉપરથી પણ સ્પષ્ટ હતુ કે સુધાના આ પગલામાં નિપુણચંદ્રનો હાથ ન હતો તેથી જેમ બને તેમ વખતસર નિપુણચંદ્રને ચેતવણી આપવી એ તેને યોગ્ય લાગ્યુ પરતુ પોતે નિપુણચંદ્રનુ ઘર કોઇ દિવસ જોયુ ન હતુ, અને તે કયા રહેતો હતો તેની પણ ખબર નહોતી.

કૉલેજમા જઇ નિપુણચંદ્રના મકાનની ખબર કાઢી હત તો કદાચ પ્રમોદલાલ તેનુ ઠેકાણુ મેળવી શકત પણ કૉલેજમા ખબર કઢાવવાથી કદાચ ચર્ચા થાય એ બ્હીકથી એ વિચાર માંડી વાળ્યો ઘરના નોકરોને પૂછ્યુ પણ તેઓએ કશી માહિતી આપી નહિ એકાદ દિવસ આ પ્રમાણે નીકળી ગયો બીજે દિવસે કોઇએ ઉડતા ખબર આપ્યા કે સુધાકુમારી માથેરાનમા છે. એ ખબર મળતાજ પ્રમોદલાલ માથેરાન ઉપડયો માથેરાનમા જગલે જગલ, દરેક પૉઇંટ, અને દરેક ઝાડીમા પ્રમોદલાલે તપાસ કરી અને કરાવી, અને જયારે બિચારો ફરી ફરીને થાકી ગયો ત્યારે પોતાને આ સમાચાર આપનાર ગૃ-

હસ્થે મુંબઇથી કાગળ લખ્યો કે તેને મળેલી માહિતી બરાબર નહોતી, અને તેથી હવે માથેરાનમા વિશેષ તસ્દી લેવા નહિ '

માથેરાનમા ત્રણ ચાર દિવસની શોધ કરી પ્રમોદલાલ પાછો ફર્યો તેજ દિવસે શ્રીકાન્ત શેઠ અને એમના ચિરંજીવી મણીકાત એમને મળવા આવ્યા. આ વખત બહુ મીઠાશથી વેવાઇઓએ વાતચીત કરી પ્રમોદલાલે જ્યારે જણાવ્યુ કે માથેરાનમા ક્યાંય પત્તો મળ્યો નહિ, ત્યારે શ્રીકાન્ત શેઠ બોલી ઉઠયા,

"શેઠ, હુ તો તમને કહેતોજ હતો કે આ બધા ફાંફા છે જે હરામખોરે આ બાજી રચી છે તેની ધરપકડ નહિ થાય ત્યા સુધી કશી બાતમી મળવાની નથી."

પ્રમોદલાલે કઇ જવાબ ન આપ્યો શ્રીકાન્તે આગળ ચલાવ્યુ,

"તમે ગમે તે ધારતા હો, પણ મ્હારી તો ખાત્રી છે કે પેલા નિપુણીયાના આ બધા ધંધા છે વળી, તમે માથેરાનની ગપ સાંભળી એટલે અમે કામ ઢીલુ મૂકી દીધુ હતુ, નહિ-તર અત્યારે એ ભીખારીને જીવતો રહેવા દીધો ન હત આજે તો મે લશ્કરીને કહી દીધુ છે કે ગમે તે ખર્ચ થાય પણ ગુન્હેગારને હાથમાંથી છટકી જવા દેવો નથી"

એટલામા પ્રમોદલાલ શેઠનો શોફર કોઇની ચિઠ્ઠી લઇને હાજર થયો ચિઠ્ઠી શ્રીકાન્ત શેઠ ઉપર હતી શ્રીકાન્ત શેઠે તુરતજ ચિઠ્ઠી ઉઘાડી અક્ષર ધનુષલાલ લશ્કરીનાજ હતા.

આખી ચિઠ્ઠી ઉપર એકવાર નજર ફેરવી જઇને શ્રીકાન્તે મોટેથી વાચવા માડ્યુ,

"શેઠ સાહેબ શ્રીકાન્ત શેઠ,

ગુન્હેગારને ત્યા ખબર કાઢતા બાતમી મળી છે કે તે મુબઇમા નથી મુંબઇ ક્યારે છોડયુ તે કોઇ કહી શકતું નથી, પરતુ તે મુબઇની બહાર ઉપડી ગયેલ છે તે વાત ચોકસ છે હવે આપ જોઇ શકશો કે મ્હારી શકા ખોટી નહોતી. મ્હારી સલાહ પ્રમાણે કર્યુ હત અને આપના વેવાઇ આડા આવ્યા ન હત તો આ સ્થિતિ ન થાત કારણકે હજુ મ્હને શકા છે કે જે રાત્રિએ હુ આપના વેવાઇને ત્યા આવેલો તે રાત્રિએ ગુન્હેગાર મુબઇમા હતો હવે હુ લાચાર છુ આપના વેવાઇ માથેરાનથી આવ્યા હોય તો એમને પણ આ સમાચાર આપશો

હુ છુ,
આપનો

ધનુષલાલ લસ્કરી"

ચિઠ્ઠી પૂરી કરીને શ્રીકાન્ત શેઠે ઉમેર્યુ,

"લીઓ શેઠ! હવે ખાત્રી થઇ? અમે તો તમને કહેતા હતા, પણ તમારા ધ્યાનમા ન આવે એટલે લાચાર."

પ્રમોદલાલે આ વાકયનો જવાબ આપવાને બદલે શોફ઼-રને પ્રશ્ન કર્યો,

"તને આ ચિઠ્ઠી કોણે આપી?"

"લસ્કરી સાહેબે." શોફરે ઉત્તર આપ્યો.

"પણ તુ શા માટે ત્યા ગયો હતો ?"

"મને તો, સાહેબ ! નિપુણચદ્ર શેઠનુ ઘર બતાવવા લશ્કરી સાહેબ લઇ ગયા હતા'.

"તને એ ઘરની ક્યાથી ખબર ?" . . .

"સુધા બહેનને હુ ઘણી વખત મોટરમા ત્યા લઇ ગયો છુ સાહેબ !"

"વારૂ, જા"

શોફર પાછળ જોતો જોતો રવાના થયો પ્રમોદલાલને પસ્તાવો થયો કે પ્રથમજ તેણે શોફરને પુછી નિપુણચદ્રનુ ઘર ન શોધી કાઢયુ કારણ કે પોતે નિપુણચદ્રને મળ્યા હોત તો બધી શકાઓનુ નિરાકરણ થઇ જાત

મણિકાન્ત અને શ્રીકાન્ત ઘેર ઉપડયા ધનુષલાલ લશ્કરીની બાતમી ખરી હતી કે નહિ તેની તેઓએ ફરીથી તપાસ કરી, અને નિપુણચદ્ર મુબઇ બહાર ઉપડી ગયો હતો તેના ખાત્રી થઇ

વાચકને યાદ હશે કે સુધાકુમારીએ બનારસ જઇને બીજેજ દિવસે નિપુણચદ્ર ઉપર પત્ર લખ્યો હતો, અને એ પત્ર મળતાજ સુધાની પાછળ વલખા મારતો નિપુણ તુરતજ બનારસ ઉપડી ગયો પોતાની પાસે પુરતા પૈસા નહોતા, સ્કોલરશિપનો હફતો આવ્યો નહોતો, જેઓને ભણાવતા હતો તેઓનો મહિનો પણ અધુરો હતો, અને પરીક્ષા પાસે આવતી હતી, તો પણ આ બધી મુશ્કેલીઓ છતા કોઇ પણ રીતે

સુધાનો પત્તો મેળવવાની ખાતર તેણે મુંબઇ છોડયુ તેજ દિવસે લશ્કરીએ તેને ત્યા ખબર કઢાવી, અને નિરાશા અનુભવી

જો કે સુંદરીએ લખ્યુ હતુ કે મારી પાછળ આવતુ નહિ, અને આવશો તોયે મે બનારસ છોડયુ હશે વિગેરે પરતુ નિપુણના દિલમા આશા હતી કે કદાચ સુધા હજુ બનારસમાજ હશે

બનારસમા આવીને નિપુણચદ્રે દિવસોના દિવસ સુધી શોધ ચલાવી પરતુ સુધા સબધી કાઇ પણ માહિતી ન મળી છેવટ જ્યારે તે બનારસ છોડી મુબઇ પાછો આવવાને તૈયાર થયો ત્યારે આકસ્મિક રીતે બનારસની જાણીતી "પુરાણ વસ્તુ શોધક સભા"ના સમાગમમા આવ્યો, અને એ સભા વડે જ સુધાનો પત્તો મેળવ્યો

પ્રકરણ ૧૩ મું.

"પુરાણ વસ્તુ શોધક સમાજ."

નિપુણચંદ્ર મુંબઇમાં હતો ત્યારેજ તેને ઉડતા સમાચાર મળ્યા હતા કે ડિટેક્ટિવ પોલિસ તેની પાછળ લાગી છે આ કારણથી તેમજ કદાચ સુધા એના આવવાની વાત જાણીને છટકી જાય તેથી નિપુણચંદ્ર બનારસમાં પૂર્ણકાતનું ના નામ ધારણ કરી સુદર્શન મહારાજને ત્યાં ઉતર્યો હતો.

ત્યાર પછી સુધાની શોધમાં નીકળેલાને સ્નેહવીણાને બચાવવાનો બીજો ધર્મ કેવી રીતે પ્રાપ્ત થયો તે આપણે જો... જે બનારસમાં અનેક ઠેકાણે પૂર્ણકાતે અથવા નિપુણચ... શોધ ચલાવ્યા પછી અને તદ્દન આશા છોડી દીધા પછી સુધાકુમારીની હીલચાલ સંબંધી છેવટે તેને શી રીતે માહિતી મળી તે ઉપયોગી અને જાણવાજેવી હકીકતની નોંધ લીધા વિના અમને ચાલતું નથી

સુદર્શન મહારાજ જેમ તીર્થગોરોના શિરોમણિ ગણા... હતા તેમ પંડિતોમાં પણ તેમની નામના કંઇ જેવી તે... નહોતી વ્યાકરણમાં એમની પારંગતા આપણે મૅજિસ્ટ્રેટના કોર્ટમાં જોઇ શકયા છીએ એ ઉપરાત શાસ્ત્રાર્થ, ભાષાજ્ઞાન, પૌરાણિક વિદ્યા, આદિમા એમણે બનારસના પંડિતોમાં ઘણો સારો સિક્કો બેસાડયો હતો બનારસની સુવિખ્યાત "પુરાણ વસ્તુ શોધક સમાજ"ના તે એક અગ્રણી સભાસદ હત

ર ને, "પુરાણુ વસ્તુ શોધક સમાજ"ના એક અગ્રણી
ાસદ થવુ તે ન્હાનીસૂની વાત નહોતી ખાસ પ ડિતાઇ,
.-તા, અને અનુભવ વિના આ મહાન સમાજના સભાસદ
) થઇ શક્તાજ નહિ, તો પછી તેના અગ્રણી સભાસદ
'તેમા કેટલી લાયકાતની જરૂર હશે તે આપોઆપ સમજી
ાશે હિંદુસ્થાનમા પશ્ચિમ તરફના અનેક વિદ્વાનો પ્રાચીન
ચખોળ માટે ઉતરી આવે છે, પરતુ ગમે તેવા વિદ્વાન
ચકને આ "પુરાણુ વસ્તુ શોધક સમાજ"ના એક વાર પણ
ન કર્યા વિના છુટકો થતો નહિ દુનિઆની ભાષા સબધી
વખોળ કરવી હોય તો 'પુરાણુ વસ્તુ શોધક સમાજ" તેને
ટે કેન્દ્રસ્થાન ગણાતી હતી દુનિઆના જૂના પત્થરો અને
ચીન શિલ્પશાસ્ત્ર સંબધી માહિતી મેળવવી હોય તો
,રાણુ વસ્તુ શોધક સમાજ"નો આશ્રય લેવોજ પડતો
ાનુના જૂના ખડેગેનો ઇતિહાસ જાણવો હોય તો "પુરાણ
તુ શોધક સમાજ પાસે જાઓ એટલે ચોકસ હકીકત
વાનીજ પૃથ્વી ઉપર પુરાણી અને જગલી પ્રજાઓની
કથાઓનો મોટામા મોટો ભડોળ કયાય હોય તો તે
'રાણુ વસ્તુ શોધક સમાજ"ના મકાનમાજ
પ્રાચીન શોધખોળના ગમે તેટલા અટપટા નમુનાઓ આ
ાજના ધુરધર સભાસદો પાસે પોતાના ગુપ્ત ખજાનાઓ
લા મૂકયા વિના રહી શકતા નહિ જીર્ણ દતકથાઓના
તેટલા મુસ્કેલ પ્રશ્નો આ સમાજમા ઉકેલાયા વિના રહેતા
. ઇગલડથી. ફ્રાન્સથી, જર્મનીથી, રશિયાથી, ગ્રીસથી,
લીથી, કે અમેરિકાથી, વિદ્વાનો, સાક્ષરો, ભાષાશાસ્ત્રીઓ

ઇતિહાસકારો, કલાકારો કે પંડિતો, હિંદુસ્થાનની મુલાકાતે આવતા ત્યારે હિંદુસ્થાનની અર્વાચીન જીંદગી તરફ જે ધ્યાન આપતા તેના કરતા હજાર ગણું ધ્યાન આ "પુરાણ વસ્તુ શોધક સમાજ" અને તેની સંખ્યાબંધ શાખાઓ તરફ આપતા. એટલુંજ નહિ પરંતુ યૂરોપ અને અમેરિકાના સમર્થ લેખકો અને ન્યુસપેપરવાળાઓ હિંદુસ્થાન સંબંધી જે કાંઇ લખતા તે હિંદુસ્થાનની આધુનિક, શુષ્ક અને પશ્ચિમના પગલે ચાલનારી હીલચાલો સંબંધી લખવાને બદલે પોતાની કિમતી કલમ "પુરાણ વસ્તુ શોધક સમાજ," તેની હીલચાલો, તેના પગલાં, તેની ઉપયોગિતા, તેની પૌરાણિકતા, તેની મહત્તા, તેની ઐતિહાસિકતા, અને તેની અમરતા સંબંધી યશોગાન ગાવામાંજ કામે લગાડતા

આવી મહાન્ વિશ્વવ્યાપક સમાજના પોતે એક સભાસદ અને નેતા છે તે સુદર્શન ગોર કોઇપણ નવા આવનાર યજમાનને કહ્યા વિના રહેતા નહિ પરંતુ ગમે તે કારણથી શરૂઆતથીજ નિપુણચંદ્ર સાથે એમના ગ્રહ મળ્યા નહિ. એટલે નિપુણચંદ્રને એ ઉપયોગી હકીકત કહેવામાં આવી નહોતી છેવટે જ્યારે સુદર્શનને એમ લાગ્યું કે યજમાનને પોતા તરફ જેવી માનવૃત્તિ જોઇએ તેવી નથી, અને જ્યારે એ માનવૃત્તિ ઉત્પન્ન કરવામાં પોતાના ભાષણો, ક્રિયાકાંડ, શ્લોકો, ચંડીપાઠ, પૌરાણિક કથાઓ, આદિ સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા, ત્યારે છેવટનો દારૂગોળાનો ઉપયોગ કરવોજ જોઇશે એમ ગોરમહારાજની ખાત્રી થઇ વળી આ અરસામાં

સુદર્શન મહારાજે પોતેજ "પુરાણુ વસ્તુ શોધક સમાજ"ને એક પુરાણી વસ્તુનો ઇતિહાસ, અર્થ અને મર્મ શોધી કાઢવાને ચૅલેન્જ આપ્યુ હતુ, અને પોતે આપેલા પુરાણા નમુના પાછળ સમાજના મહા સમર્થ વિદ્વાનો રાત્રિ દિવસ મહેનત કરી રહ્યા હતા તેથી પોતાની આ મહત્તાનુ ભાન યજમાનને કરાવવામા આવે તો એ "ઉધ્ધંત" અને "નાસ્તિક" જુવાનનો ગર્વ ઉતરી જાય, અને પોતાના શિરછત્ર પૂજ્ય ગોરને વિશેષ નમ્રતાથી પોતાનુ મસ્તક નમાવે, એમ સુદર્શન ગોરની ખાત્રી થઇ

તેટલા માટે પ્રથમ તો પૂર્ણકાતમા આ સમાજ સબધી જિજ્ઞાસા ઉત્પન કરવાનો સુદર્શન પડિતે આરભ કર્યો,

'પૂરનકાત' હુ ધારૂ છુ કે તમે સસ્કૃતનો સારો અભ્યાસ કર્યો છે"

"જી, એટલો બધો અભ્યાસ હુ કરી શકયો નથી પણ સસ્કૃતનુ થોડુ ઘણુ જ્ઞાન અમારી કૉલેજમાથી જે મળી શકયુ તેટલુ મેળવ્યુ છે," પૂર્ણકાતે નમ્રતાથી જવાબ આપ્યો

"તમારી કૉલેજો સસ્કૃત ભાષા શુ શીખવવાની હતી! તમે લોકો વીસ વીસ વરસ સુધી અભ્યાસ કરોછો, છતા તમે સસ્કૃત વ્યાકરણમા ચચુપાત પણ કરી શકતા નથી ત્યારે અમારા પડિતો પાસે શીખનારા આઠ આઠ વરસના વિદ્યાર્થીઓને આખુ પાણિની મુખપાઠ હોય છે"

"એ વાત હુ કબૂલ કરૂ છુ પણ અમારે માત્ર સસ્કૃતજ શીખવાનુ હોતુ નથી તેની સાથે બીજા ઘણા વિષયો કરવા પડે છે"

"વારૂ, બીજા વિષયોમા પુરાણવસ્તુશોધકશાસ્ત્ર તમને શીખવે છે કે નહિ?"

"કેવુ શાસ્ત્ર આપે કહ્યુ?"

"પુરાણવસ્તુશોધકશાસ્ત્ર."

"એ શાસ્ત્રનું નામ હું આજેજ જાણુ છુ"

"હે! શુ કહો છો? આ શાસ્ત્રનુ નામ પણ તમે આજેજ જાણો છો! શિવ શિવ શિવ! ભારત માતા! તારી આ સ્થિતિ!"

સુદર્શન મહારાજના આ કરૂણાલાપનો ઉત્તર પૂર્ણકાન્ત શી રીતે આપી શકે! તેથી તેણે તો મૌનજ પકડયુ

સુદર્શન મહારાજ હવે મળ વાત ઉપર આવ્યા, 'ત્યારે તો તમે અહિંની સુવિખ્યાત, જગજાહેર પુરાણ વસ્તુ શોધક સમાજનુ નામ પણ નહિ સાભળ્યુ હોય?"

ગોરની ખાત્રી હતી કે પૂર્ણકાન્ત આ સમાજથી સારી પેઠે વાકેફ હોવોજ જોઇએ, પણ ભાવ ખાવાની ખાતરજ એમણે એવો પ્રશ્ન કર્યો હતો પરતુ જ્યારે પૂર્ણકાન્તે નીચે પ્રમાણે મીઠો ઉત્તર આપ્યો ત્યારે ગોર મહારાજની મુખમુદ્રાની અને એમના મસ્તકમા લોહીના વેગની સ્થિતિ તમે શુ ધારો છો? "મૂર્ખ," "નાસ્તિક," "છોકરા"એ આ જવાબ દીધો!—

"જી ના એ સમાજની હયાતી હુ આજેજ જાણુ છુ"

ગોરનુ મુખ લાલચોળ થઇ ગયુ એમની આખી જીંદગીમા આટલી નિરાશા અને આટલુ ઝખવાણાપણુ એમણે

કદિ પણ નહિ અનુભવેલ સેકડો યજમાનો અને ગગાને તીરે સમાગમમા આવેલા ઓળખીતાઓને "પુરાણ વસ્તુ શોધક સમાજ"નો અતથી ઇતિ સુધી ઇતિહાસ કહેવામા અને તેની સાથે પોતાનો કેટલો ગાઢ અને માનભરેલો સબધ છે તેનું ફરી.ફરીને હજારો વાર વર્ણન કરવામા આવે જે કટાળો આવ્યો તેનો હજારમો ભાગ પણ આવ્યો નહોતો પરતુ આ મહાન્ સસ્થાનુ ભાન આ "શ્વાન"ને કરાવ્યા વિના ચાલે તેમ નહોતુ તેથી એ સસ્થાની સ્થાપના પહેલાના પચીસેક વરસના ઇતિહાસથી માડીને પોતાના છેલ્લા પરાક્રમ સુધી બહુજ ટુકામા સર્વ હકીકત પૂર્ણકાતને કહી સભળાવી એ હકીકત ઘણીજ રસભરી હતી, 'પરતુ સુદર્શન મહારાજની વર્ણનશક્તિ અમારામા નહિ હોવાથી વાચકને અમે કટાળો આપીશુ નહિ સવારના સવા નવથી બપોરના સાડા બાર અને સાત મિનિટ સુધીમા આ ટૂકુ વર્ણન એમણે પતાવી દીધુ હતુ એટલી નોધ અહિ લેવી જોઇએ અને એ વર્ણન સાભળ્યા પછીજ પૂર્ણકાંતને અને ગોર મહરાજને ભોજન મળ્યુ હતુ એટલે ઉભયના રૂચિ પણ ઘણી સતેજ થઇ હતી એ ઉપયોગી વાત પણ ભૂલી જવી ન જોઇએ

સુદર્શન ગોરે પુરાણ વસ્તુ શોધક સમાજ સમક્ષ છેલ્લામા છેલ્લો જે પ્રાચીન નમુનો શોધખોળ માટે મૂક્યો હતો, અને જેને માટે બધા સભાસદોમા મોટી ચળવળ ચાલી હતી, અને જે નમુનાની અનેક છાપેલી નકલો પશ્ચિમના અનેક શોધખોળ શાસ્ત્રીઓ યરોપ અમેરિકામા લઇ ગયા હતા, તે એક જૂના લાકડાનો કટકો હતો. લાકડાની પહોળાઇ ઓછામાં

ઓછી ૧ ઇંચ, અને વધારેમાં વધારે ૨ાા ઇંચ, જાડાઈ ૧ાા ઇંચ, અને લંબાઈ ૯ાા ઇંચ હતી આ લાકડાનો કટકો સુદર્શન પંડિતના જૂના મકાનમાંથીજ મળી આવ્યો હતો. અને તે મકાનના વાડામાં પથ્થરઓની લાદીઓ નીચે દટાએલો માલુમ પડયો હતો વાડાની પાસેજ પૂંજાનું નહાનું મંદિર હતું અને એ મંદિર આ મકાનના મૂળ માલેકોની દસ પંદર પેઢીથી ઉતરી આવ્યું હતું લાકડાનો કટકો ઘણો લીસો હતો તે ખાસ ધ્યાન ખેંચનારી બાબત હતી વળી, કોઈ કોઈ ઠેકાણે લાકડાને સિંદૂર લગાડવામાં આવ્યો હતો તે ચોક્સ હતું કોઈ પુરાણા મંદિરનો તે ભાગ હોવો જોઈએ એમ મહોટે ભાગે અનુમાન હતું સૌ કરતાં ઉપયોગી બાબત તો લાકડા ઉપર કોતરેલો લેખ હતો એ લેખ નીચે પ્રમાણે હતો —

स

रिकात

च

द्रपर

मानिदि

कारि

वा

हालिस

ने

हविणा

छेद

सक

त:चद।

આ કાંઇ લેખનો અર્થ હજુ સુધી કોઇપણ કરી શક્યું નહોતું પૂર્ણકાંતને જ્યારે તે બતાવવામાં આવ્યો ત્યારે તે તાજુબ થયા વિના રહ્યો નહિ આ લેખ કેટલો ઉપયોગી હોવો જોઇએ, અને તેની પાછળ "પુરાણ વસ્તુ શોધક સમાજ' ની સર્વ શક્તિ કેવી રીતે કામે લગાડવામાં આવી છે, અને સુદર્શન મહારાજ પાસેથી તે સબંધી બને તેટલી માહિતી મેળવવાને મોટા મોટા પંડિતો કેટલા તલપાપડ થઇ રહ્યા છે તેનો યથાર્થ ખ્યાલ આપવાને, સવારના સવા ત્રણ કલાક અને સાત મિનિટના ભાષણ પછીના ભોજન માટે અન્ન-પાચન તરીકે પૂર્ણકાંતને સુદર્શન મહારાજ 'પુરાણ વસ્તુ શોધક સમાજ'ની સભામાં લઇ ગયા

સમાજના મકાનનું બહારનું ગૌરવ પણ સમાજના નામને અનુરૂપજ હતું મકાન પુરાણું અને જર્જરિત અવસ્થામાં હતું તે સ્પષ્ટ રીતે દેખાઇ આવતું હતું અને મકાન કરતાં અધિકાર વધારે પ્રાચીન લેખાતો હોય તો મકાનની અંદરની સ્થિતિ પણ પ્રાચીનતાનું ભાન આપતી હતી સમાજના મકાનમાં પેસતાંજ પૂર્ણકાંત સહજ ગભરાયો અને તેથી સુદર્શન મહારાજને પૂછ્યું ,

"ગોર મહારાજ! હુ સમાજનો સભાસદ નથી એટલે અહિ આવવામા મને વાધો તો નથી ને?"

સુદર્શને ધીમા અવાજથી જવાબ આપ્યો, 'પૂરનકાત! હવે અહિ મને ગોરના નામથી નહિ બોલાવતા સમાજમા સર્વ લોકો મને પંડિતજીના નામથીજ ઓળખે છે, માટે તમારે પણ એ રીતેજ મને સબોધવો તમે સભાસદ નથી તેની અડચણ નહિ, એ તો તમારૂ નામ હુ યુક્તિસર નોધાવી દઇશ"

સુદર્શન પડિતના બોલવાનો પૂર્વાર્ધ પૂર્ણકાતને માન્ય હતો, પરતુ ઉત્તરાર્ધ નહોતો. તોપણ સભાની મધ્યમા પહોંચી જવાથી વિશેષ વાતચીત કરવાનો સમય રહ્યો નહિ

સભામા સુદર્શન પડિતના કાબ્ધલેખ સબધીજ ચર્ચા ચાલતી હતી મહામહોપાધ્યાય સૂર્યવદન શશિવદન શર્મા આ લેખ સબધી પોતાનો સિદ્ધાત સ્થાપિત કરવાને પ્રયત્ન કરી રહ્યા હતા, અને વેદચુડામણિ, પડિતકુલભૂષણ, શ્રીયુત વાક્‌પટુ વિચારપટુ વર્મા એ સિદ્ધાતનુ ખડન અનેક શકાઓ રજુ કરીને કરી રહ્યા હતા સભામા આ ચર્ચાની ઝપટ જોઇને નિપુણચદ્ર તો સ્તબ્ધજ થઇ ગયો, અને પોતે સૌથી પાછળના બાકડા ઉપર છાનોમાનો બેશી ગયો પરતુ સુદર્શન પડિતે તેનો હાથ ઝાલીને આગળની બેઠક ઉપર લઇ જવાનો આગ્રહ કર્યો તેથી બ્હીતા બ્હીતા ત્યાથી ઉઠીને પાછો સુદર્શન પાસેની બેઠકમા ગોઠવાઇ ગયો

અનેક પંડિતોએ સુદર્શન પંડિતને જે રીતે નમસ્કાર કર્યા તે ઉપરથી નિપુણચંદ્ર સમજી શકયો કે ગોરમહારાજની પોઝિશન ઘણી માનભરી હોવી જોઇએ

મહામહોપાધ્યાય સૂર્યવદન શશિવદન શર્માની દલીલો સચોટ હતી તેમાં જરા પણ શંકા નથી, અને તે દલીલોથી આખી સભા ઉપર ઘણી ઉંડી અસર થતી હતી તે પણ નિર્વિવાદ છે ઉકત કાષ્ઠલેખના સંબંધમાં એમનું અનુમાન નીચે પ્રમાણે હતું હજુ એમણે આખો સિદ્ધાંત અથવા તો લેખનો આખો અર્થ શોધી કાઢયો નહોતો, પરંતુ દરેકેદરેક શબ્દ એમણે અર્થવાળો કરી બતાવ્યો હતો એજ નવાઇભરેલું હતું એમના મત પ્રમાણે,

'આ લેખ સંસ્કૃત ભાષામાં લખાયો છે એ નિર્વિવાદ છે વૈદિક સંસ્કૃત છે કે સાહિત્યકારોનું તે હજુ હું કહી શકતો નથી પરંતુ ભાષા તુરતજ સમજી શકાતી નથી તેજ બતાવે છે કે તે સંસ્કૃત હોવી જોઇએ હવે આપણે આખા લેખનો અર્થ સમજવાને બદલે પ્રથમ તો દરેકે દરેક શબ્દનો અર્થ શોધી કાઢીએ સંસ્કૃતમાં स શબ્દ તો જાણીતો છે स નો અર્થ હમેશની માફક હું "તે" લઉં છું બીજો શબ્દ रिकात છે પરંતુ रिकात એવો કોઇ શબ્દ સંસ્કૃત ભાષામાં હયાતી ભોગવતો નથી અને મ્હને લાગે છે કે તે रिक्ता નો અપભ્રંશ હોવો જોઇએ સુજ્ઞ પંડિતો જાણી શકશે કે रिक्ता શુકલપક્ષના ચોથા, નવમા અને ચૌદમા દિવસને કહેવામાં આવે છે. એજ પ્રમાણે હું બીજા શબ્દોને પણ ઘટાવી શકીશ

(તાળીઓનો અવાજ) ત્રીજો શબ્દ च તો "અને"ના અર્થ-માંજ વપરાઇ શકે द्रपर ને હુ द्वापर સમજુ છું, અને દ્વાપર યુગને બદલે તેનો પ્રયોગ થયો હોય એમ લાગે છે. भार्नांद ને भानुदिन એટલે કે રવિવારજ, સમજવાનો છે करि શબ્દ જાણીતો છે करिन, એટલે હાથી, એ સૌ કોઇ સમજી શકે તેમ છે वा એટલે અથવા, તેમા કાઇ મુશ્કેલી છેજ નહિ हलस નો પ્રયોગ हालिपा માટે થયો હોય એમા આપને કોઇને આશ્ચર્ય લાગે છે? हालिपा એટલે હળનો હાથો અર્થ થાય છે (તાળીઓનો અવાજ) હવે આ શબ્દ માટે બીજી પણ શકા થઇ શકે તેમ છે. અને તે એ કે हल्लीश નામનો નાચ પણ સભવી શકે આ બે અર્થમાથી કયો યોગ્ય છે તે જયારે આપણે આખા મત્રનો અર્થ ગોઠવીશું ત્યારે જોઇ શકાશે ને નો અથ હુ કરી શકતો નથી તે મ્હારે કબુલ કરવુ પડશે हविणा તો સ્પષ્ટ છે हविना=હવિથી એજ અર્થ છે छेद મા કશી મુશ્કેલી છેજ નહિ. ત્યાર પછીના બે શબ્દો सक અને तं હુ સાથે લઉ છુ, અને તે सकट ને બદલે વપરાયા હોવા જોઇએ બનવા જોગ છે કે सकट એટલે કે ખરાબ, દુષ્ટ આદિ તત્ત્વો નિર્મૂલ કરવાને ઇશ્વરને આ પ્રાર્થના હોય પરતુ મ્હારી છેલ્લી મુશ્કેલી છેલ્લા ત્રણ અક્ષર સબધીજ છે દેવનાગરી લિપીમા તે લખાયા નથી તેથી એ કઇ ભાષામા છે તે ચોકસ કરવુ જોઇશે એટલે હાલ એ સબધી હુ કાઇ કહી શકુ તેમ નથી પરતુ આશા છે કે જે મહાન્ લેખનો એક પણ અક્ષર સમજવાને આપણે

અત્યાર સૂધી શક્તિમાન થયા નહોતા તેના ઉંડા અર્થની કુંચી શોધી કહાડવા હું સમર્થ થયો છું (તાળીઓનો અવાજ) સર્વશાસ્ત્રસંપન્ન પંડિત શ્રી સુદર્શનજીએ આ સભાને આ મહાન્ શોધખોળની તક આપી છે. અને પોતાની શોધક બુદ્ધિને આવી સુંદર રીતે વાપરી છે તે માટે આ સભા તો શું પણ આખું જગત આભારી છે અને હમેશને માટે આભારી રહેશે, એમ મ્હારૂં દૃઢ માનવું છે."

તાળીઓના ગગડાટ વચ્ચે મહામહોપાધ્યાય પોતાનું ભાષણ પુરૂં કરીને બેસી ગયા સુદર્શન પંડિતે પણ ખૂબ જોરથી તાળીઓ પાડી હતી તે જાણવા જેવું છે સૂર્યવદન શર્મા બેસી ગયા પછી તુરતજ વાકપટુ વિચારપટુ વર્મા ઉભા થયા આ મહા ખેલાડી પંડિત હવે શું કરશે તે જોવાને આખી સભા આતુર થઇ રહી હતી વાકપટુ વર્માએ નીચે પ્રમાણે ચલાવ્યું,

"શ્રીયુત, વિદ્વદ્વર, પંડિતશિરોમણિ સભાપતિ મહાશય, અને અન્ય સુજ્ઞ સભ્યો,

મારે મહામહોપાધ્યાય શ્રીયુત સૂર્યવદન શશિવદન શર્મા સાથે બાથ ભીડવી તે એક ગર્જના કરતા વિકરાળ સિંહ સાથે બાથ ભીડવા સમાન છે (તાળીઓનો અવાજ) તો પણ આ નમ્ર સેવક (તાળીઓનો અવાજ) આપ સમક્ષ આ મહા પ્રશ્નમાં કેટલીક મુશ્કેલીઓ રજુ કરવાની હામ ધરે છે શ્રીયુત સૂર્યવદને ("મહામહોપાધ્યાય કહો" નો અવાજ)–મહામહોપાધ્યાય સૂર્યવદને જૂદા જૂદા શબ્દોનો ગમે તે અર્થ કર્યો હોય તેની

સાથે મ્હારે કશું લેવાદેવા નથી પરંતુ એ શબ્દોના જંગલમાંથી કોઇ જાતનો માર્ગ નીકળે છે કે નહિ એજ ખરો પ્રશ્ન છે. હવે મહામહોપાધ્યાયે જે ઘટના બતાવી છે તે પ્રમાણે તો આ પ્રાચીન કાષ્ઠ લેખનું ભાષાંતર નીચે પ્રમાણે થાય છે.-

"તે

શુકલપક્ષના ચોથ નવમાં અને ચૌદમા દિવસો,

અને

દ્વાપરયુગ,

રવિવાર,

હાથી,

અથવા,

હળનો હાથો,

?

હવિથી

છેદ

દુષ્ટ

?"

(તાળીઓનો અવાજ)

સભ્યો, આ ગોટાળાચક્રમાંથી કોઇ જાતનો અર્થ નીકળી શકે ખરો ?-અને"

વાકપટુ આગળ બોલવા જાય છે ત્યાં સુદર્શન એકદમ ઉભા થયા અને ગાજી ઉઠયા,

' શ્રીયુત વાકપટુ ("વેદ ચુડામણિ કહો" નો અવાજ)–વેદચુડામણિ વાકપટુ ભૂલી જાય છે કે આ સાધારણ લેખ, કે સાધારણ ભાષા, કે સાધારણ શબ્દ, કે સાધારણ પ્રસંગ નથી. મ્હારા મનથી અહિં આપણે એક અદ્વિતીય મંત્રનો અર્થ કરવા બેઠા છીએ, અને તેથી વ્યાકરણના સામાન્ય નિયમોથી તેનો અર્થ શી રીતે થઇ શકે ?"

(તાળીઓનો ગડગડાટ)

વાકપટુએ શંકા આગળ ચલાવી,

"પરંતુ આ અસાધારણ મંત્ર છે તે આપ શા ઉપરથી કહી શકો છો ?"

સુદર્શન પંડિત તુરતજ ઉભા થયા,

"કારણકે તેનો અર્થ થઇ શકતો નથી" (તાળીઓનો ગડગડાટ.)

"એ સિવાય આ લેખને એક અદ્વિતીય મંત્ર કહેવાનું કારણ છે કે ?" વાકપટુએ પૂછ્યુ

"બીજુ કારણ એ કે તે એક જીર્ણ મકાનમાથી હાથ આવેલ છે," સુદર્શને ઉત્તર આપ્યો

"મકાન જીર્ણ હશે, પણ લેખ જીર્ણ છે તેની સાબીતી ? અને તે એક મંત્ર છે તેનો પુરાવો ?"

"લેખ જીર્ણ ન હોય તો આપ સમજી કેમ શકતા નથી ? મંત્ર ન હોય તો પશ્ચિમના મહાન પંડિતો તેની નકલ યુરોપ અમેરિકામાં શા માટે લઇ જાય ?" (તાલીઓનો અવાજ)

આ પ્રમાણે આ સંવાદ લગભગ એક કલાક ચાલ્યો, પરંતુ પરિણામ કાંઇ આવ્યું નહિ. ત્યાર બાદ નવા સભાસદો નોધવાનુ કાર્ય ચાલ્યુ. સુદર્શને તુરતજ પૂર્ણકાંતનું નામ નોધાવ્યુ. પૂર્ણકાંતે ઘણી આનાકાની કરી, પછી નોંધાવીશ એમ જણાવ્યું, પોતે બનારસમાં બહુ રહેવાનો નથી, વિગેરે અનેક દલીલો આપી, પરંતુ સુદર્શન પંડિતના જોસ આગળ તેનું કશું ચાલી શક્યુ નહિ.

પૂર્ણકાંતનું સભાસદ તરીકે નામ નોંધાઇ ગયા પછી સર્વ પંડિતોએ તેને કંઇક બોલવાનો આગ્રહ કર્યો. નવા સભાસદની શક્તિનુ માપ કરવાની ખાતર આ લેખ સંબંધીજ તેનો અભિપ્રાય જણાવવા પ્રમુખે પણ બહુજ દબાણથી કહ્યુ પૂર્ણકાંતે ચોખ્ખી ના પાડી. કારણ કે જો કે તે અત્યાર સૂધી સભામાં રસપૂર્વક બધી ચર્ચા સાભળતો હતો, પરંતુ તેના મનથી આ આખી ચર્ચા અર્થરહિત અને મૂર્ખાઇભરેલી હતી તેને જ્યારે સુદર્શન ગોરે ઘેર આ લેખ વંચાવ્યો ત્યારેજ કંઇક અજબ અકસ્માત્‌થી તેણે આ લેખનો અર્થ જૂદોજ કર્યો હતો, અને એ લેખનું ખરૂ રહસ્ય પોતે હાથ કર્યું હતુ એમ તેની ખાત્રી થઇ હતી તેથીજ આ સભામા એ લેખનો અર્થ કેવો થાય છે તે કુતૂહલ થવાથી અહિ આવ્યો હતો. જ્યારે બીજા સભાસદો પંડિતોના ભાષણોથી અને સિદ્ધાંતોથી ખુશ-ખુશ થઇ ગયા હતા અને તાળીઓના અવાજથી આખા હૉલને ગજાવી રહ્યા હતા ત્યારે તે પોતાના મનમા સર્વની હાસિ કરતો હતો અને ડંડાગાર થઇને બેઠો હતો.

પરંતુ સુદર્શન પંડિતે તો પુર્ણકાંતને તેની બેઠક ઉપરથી હાથ ઝાલી ઉઠાડયો અને પ્રમુખની બેઠક પાસે પરાણે લઇ ગયો, એટલુંજ નહિ પરંતુ સભામાં જાહેર કર્યું,

"આપણા સમાજના નવા સભાસદ પંડિત પૂર્ણકાંત આ પ્રાચીન લેખ ઉપર પોતાનો અભિપ્રાય કહેવા માગે છે. એમના જ્ઞાનનો, એમની બુદ્ધિનો, એમની પંડિતાઇનો મને પૂરતો અનુભવ છે અને તેઓ આ પ્રશ્ન ઉપર અપૂર્વ પ્રકાશ નાંખશે તે મારી દૃઢ માન્યતા છે. તો આપ સર્વ સભ્યો એમને એક ચિત્તથી સાભળશો"

સભા તાળીઓના અવાજથી ગાજી ઉઠી, અને સર્વ પૂર્ણકાતને સાભળવાને તૈયાર થઇ ગયા. પૂર્ણકાત તો આભોજ બની ગયો. પોતે આ લેખ સંબધી જે અભિપ્રાય બાંધ્યો હતો તે અહિ કહી દેવો કે કેમ તેના વિચારમા ક્ષણવાર બોલી ન શકયો. પરતુ દરેક ક્ષણ જતી હતી તે સભાને વધારે આતુર બનાવતી હતી, અને સુદર્શનની પ્રસ્તાવના પછી પોતે તુરતજ ન બોલે તો સભાસદોમાં હાસ્ય થયા વિના રહે નહિ, એ વિચારથી પોતે લેખ સબધી જે અનુમાન કર્યું હતું તે સભા સમક્ષ નીચે પ્રમાણે કહી બતાવ્યું,

"**પ્રમુખ સાહેબ અને સભ્યો,** (તાળીઓનો અવાજ.)

આપે મ્હને આજે બોલાવવાની જે તક આપી છે તેને માટે હું આપનો ઘણોજ આભારી થયો છું. (તાળીઓનો અવાજ) આપ જેવા સમર્થ વિદ્વાનો પાસે મ્હારે મ્હારા અભિપ્રાયો બતાવવા તે નિરર્થક છે. હુ સસ્કૃત ભાષાનો

જાણકાર નથી, તેમજ પ્રાચીન વસ્તુઓનો અભ્યાસી નથી. તો પણ આજે સવારમાંજ પંડિત શ્રી સુદર્શન મહારાજે મ્હને આ લેખ બતાવ્યો હતો, અને તે વખતેજ મ્હેં મ્હારા મનમાંજ મ્હારી અલ્પ મતિ પ્રમાણે તેનો અર્થ કરેલો હતો તે આપ પાસ રજુ કરૂ છું. (તાળીઓનો ગડગડાટ.) આ લેખનો આપ સર્વેએ જે બારીક અભ્યાસ લાંબા સમય સુધી કર્યો છે તેવી તક મને મળી નથી. તેથી મ્હારા અનુમાનમા જે કાંઇ દોષ હોય તેને માટે આપ ક્ષમા આપશો એમ હુ આશા રાખુ છુ. (તાળીઓનો અવાજ.)

હવે, હુ પોતે ગુજરાતનિવાસી છું, એટલે સ્વાભાવિક રીતે આ લેખ મે ગુજરાતી ભાષામાંજ ઘટાવ્યો છે. (સર્વ સભાસદો પોતાનાં ડોકાં ઉચા કરી આતુરતાથી પૂર્ણકાંત સામે જોઇ રહ્યા કેટલાક તો અર્ધા ઉભા થઇ ગયા) ગુજરાતી ભાષામા જો લેખને ઘટાવીએ તો મ્હારા નમ્ર મત પ્રમાણે આખા લેખનો અર્થ ઘણોજ સરલ થઇ પડે છે. (સુદર્શન અને સૂર્યવદન ઉચે સિલીગ સામે જોવા મડયા)

ત્યારે પ્રથમ તો હુ સર્વ અક્ષરોને શબ્દોના ક્રમમા આ પ્રમાણે ગોઠવુ છુ —

સરિકાત ચદ્રપરભાનિ દિકરિ વાહલિ સનેહવિણા છે.

દસકત ચદા

(સભા દિગમઢ થઇ ગઇ. સુદર્શનનું મ્હોં પડી ગયું.) આ પ્રમાણે ગોઠવવાથી આપણે એક પણ અક્ષર મૂકી દેતા નથી, અને છતા અર્થ આપોઆપ નીકળી આવે છે. આ

શબ્દો સહજ અશુદ્ધ રીતે લખાયા છે, તેથી જોડણી સુધારીને આપણે લખીએ તો આ રીતે લખી શકાય.—

શ્રીકાત—ચદ્રપ્રભાની દીકરી વહાલી સ્નેહવીણા છે.

દસકત—ચદા

(સુદર્શન ઉચાનીચા થવા માડયા સર્વ્ર્વદન સભા છોડી જવાની તૈયારી કરવા મડયા) 'ચદા' નામની સ્ત્રીએ નવરા બેઠા બેઠા અથવા તો બીજા કોઇ હેતુથી આ શબ્દો કોતર્યા હોય એમ જણાય છે. એ 'ચદા' ઉપલા વાકયમા આવતી ચદ્રપ્રભાનુ ટકુ નામ હોય એમ અનુમાન થાય છે. સ્ત્રીઓ સાધારણ રીતે જોડણીમા ભૂલો કરે છે તેવીજ ભૂલો અહિં પણ થઇ હોય તે દેખાતુ છે એક તો એ કે જોડાક્ષરોને બદલે લગભગ બધે ઠેકાણે આખા અક્ષરો જૂદા જૂદા લખ્યા છે માત્ર 'ચદ્ર'નો 'દ્ર' બરાબર લખ્યો છે 'શ્રી'નો 'સરિ,' 'પ્રભા'ના 'પરભા,' અને સ્નેહ'નો 'સનેહ,' એવી રીતે ઉપયોગ કરવામા આવ્યો છે. તેમજ જયા જયા અનુસ્વાર જોઇએ ત્યાં ત્યા અનુસ્વાર મકાયુ નથી અને દરેક ઠેકાણે 'હ્રસ્વ ઇ' નોજ ઉપયોગ કર્યો છે જોડણીના આ દોષો બરાબર ધ્યાનમા રાખવામા આવે તો આખા વાકયનો અર્થ સ્પષ્ટ છે 'વહાલી' ને બદલે 'વાહલિ'નો પ્રયોગ પણ સમજી શકાય તેમ છે આ ઉપરથી મ્હારા મત પ્રમાણે આ લેખનો અર્થ તો એટલોજ છે કે ચદા નામની સ્ત્રી લખે છે કે સ્નેહવીણા નામની એક છોકરી શ્રીકાત અને ચદ્રપ્રભાની વહાલી દીકરી છે.

જો આ લાકડાનો કડકો વધારે પહોળો હત તો એક લીટી-માંજ આખુ વાકય ચ દાએ કોતર્યું હત એમ હુ માનુ છું. તેમજ દરેક ઠેકાણે લાકડાની પહોળાઇ સરખી હત તો દરેક આખો શબ્દ એક પછી એક કોતર્યો હત .પર તુ લાકડાની પહોળા-ઇમાં જયા જેટલા અક્ષર સમાયા તેટલા કોતરાયા છે, એટલે સ્વાભાવિક રીતે એક આખા શબ્દના અક્ષરો બીજા શબ્દના અક્ષરોમાં ભળી ગયા છે, અને તેથીજ આ ગોટાળો થયો છે.

મ્હારા નમ્ર અભિપ્રાય પ્રમાણે લેખ તદ્દન તાજોજ છે, તેમ એમાં કોઇ જાતનો ગુપ્ત મ ત્ર હોય તે પણ દેખાતુ નથી. આ લેખમાં પ ડિતોએ સિ દરીનો સૂર્ય કરી દીધો હોય એમ મને તો જણાય છે (બે ચાર પ ડિતો મુઠ્ઠીવાંળીને ઉભા થઇ ગયા.)

આપે એક ચિ-તથી મ્હારા વિચારો સાભળવાની તસ્દી લીધી તે માટે હુ આપનો ફરીથી ઉપકાર માનુ છું"

પૂર્ણકાતે પોતાની બેઠક લીધી, પણ પ્રથમ જેમ તેને તાળીઓના અવાજથી વધાવવામા આવ્યો હતો તેવુ કશુ ભાષણ પૂરૂં થયે જોવામા આવ્યું નહિ. સુદર્શન ગોર તો રાતાપીળા થઇ ગયા, અને આ "શ્વાન"ને હુ અહિ કયાંથી લાવ્યો એ પસ્તાવામાજ ગરકાવ થયા. સૂર્યવદન શર્મા પૂર્ણ-કાંતનુ ભાષણ પૂરૂ થયુ તે પહેલાંજ ગુસ્સામા સભા છોડીને ચાલ્યા ગયા બીજા પ ડિતો નિરાશ થયા. અને જે શાતિ પ્રવર્તવી જોઇએ તેને બદલે આખી સભામાં અધૈર્ય પ્રવર્તી રહ્યું. ઘોઘાટ મચી ગયો સભાસદો પૂર્ણકાંતને તેમજ પૂર્ણ-

ાને સભાસદ તરીકે દાખલ કરાવનાર સુદર્શનને ગાળો દેવા
ડયા દિવસોના દિવસ સુધી જે મહા પ્રાચીન લેખ માટે
ગી સભાએ મહાભારત શ્રમ ઉઠાવ્યો હતો, અને જેને માટે
રાણ વસ્તુ શોધક સમાજ''ની બીજી ૧૯ ઉપશાખાઓમાં
ખોળ થઇ રહી હતી, તેમજ જેની પાછળ યૂરોપ અને
રિકાના સમર્થ શોધખોળશાસ્ત્રીઓએ હજારો રૂપીયાનો
ર્ચ કરી નાખ્યો હતો, અને છતા જે લેખના અર્થમાં કોઇ
જરાયે ચચુપાત હજુ સુધી કરી શકયુ નહોતુ, તે લેખ
નહાનો છોકરો, અને તે પણ સંસ્કૃત જ્ઞાનની ગન્ધ
ાનો, એકજ દિવસમાં ઘટાવી દીએ તે બનેજ કેમ?
ર્શન પંડિત જેવાના 'જર્જરિત ગૃહમાથી નીકળેલો અને
નાગરી લિપીમા લખાયલો લેખ ગુજરાતી ભાષામાં સંભ-
' કેમ? સિંદૂરના ડાઘવાળો, અને કાષ્ઠ ઉપર કોતરાયેલો
એક ગુપ્ત મંત્ર નથી એમ કહીજ કેમ શકાય?

છેવટે સભાસદોએ માહોમાંહે નિશ્ચય કર્યો કે બીજી
ામાં પૂર્ણકાતનું નામ સમાજના લિસ્ટમાથી કાઢી નાંખવું.
માત્ર છેલ્લોજ કાર્યક્રમ રહ્યો હતો અને તેમાં જૂદી
ી શાખાઓ સાથેનો પત્રવ્યવહાર, વિગેરે રજુ કરવાનો
ા. સમાજના મંત્રીએ જૂદા જૂદા પત્રો વાચી સંભળાવ્યા,
ને ઘણાખરા પત્રોમા આ 'પ્રાચીન' લેખ માટે સુદર્શન
ડેતની અને બનારસ સમાજની અત્યંત પ્રશંસા કરવામાં
વી હતી. આ વાંચનથી સભાસદોમા પાછો ઉત્સાહ આવ્યો,
ને દરેક પત્રને તાળીઓના અવાજથી વધાવી લેવામા
વ્યો. દરેક શાખાના મંત્રીએ આ લેખ માટે શોધખોળ

શરૂ કરી દીધાનું જણાવ્યું હતુ. માત્ર એકજ પત્ર નિરાશાજનક હતો અને તે સાંભળીને કોઇએ તાળીઓ પાડી નહિ. પરતુ પુર્ણકાંતને તો આ ઇશ્વરેજ મોકલાવ્યો હોય એમ લાગ્યુ. પત્ર નીચે પ્રમાણે હતો,

"પુરાણ વસ્તુ શોધક સમાજના મંત્રી જોગ,'

મુંબઇ.

મહાશય,

આપનો પત્ર મ્હને બનારસમાજ મળ્યો હતો. પરંતુ હુ જણાવવાને ઘણી દિલગીર છું કે હાલ હુ કોઇ જાતની જાહેર પ્રવૃત્તિ લઇ શકુ તેમ નથી નાદુરસ્ત તબિયતને લીધે હું શ્રીનગરમા આવી છુ. અહિ આપના સમાજની શાખા ફ-તેહમંદ થઇ શકશે કે નહિ તે હુ કહી શકતી નથી. પરતુ મ્હારાથી તો એ કાર્ય બની નહિ શકે. કારણ કે શ્રીનગર હું થોડા સમયમા છોડવાની છું. હાલ એજ.

લે૦ આપની આભારી,

સુધાકુમારી પ્રમોદલાલ."

છેલ્લું નામ સાંભળતાજ વીજળિક આચકો લાગ્યો હોય તેમ પુર્ણકાંત ઉભો થઇ ગયો, અને સુદર્શન ગોરની રાહ જોયા વિના પોતે ઘેર પાછો આવ્યો. સુધાકુમારી શ્રીનગરમાં હતી તે નિપુણચંદ્રની ખાત્રી થઇ, અને હવે વગર વિલંબે ત્યાં ઉપડવુ તે નિશ્ચય થયો. "પુરાણ વસ્તુ શોધક સમાજ" ની આ મુલાકાત જે રાત્રિએ અંજની ગોરાણી પોતાની નીચ કામના માટે પર્ણકાંત પાસે ગઇ હતી તે દિવસેજ લેવામાં આવી હતી, અને ત્યારપછી ત્રીજેજ દિવસે નિપુણચંદ્ર શ્રીનગર ઉપડી ગયો.

પ્રકરણ ૧૪ મું.

નોકરીની ભાંજગડ.

સુધાકુમારીના ગુમ થવા પછી અને નિપુણચંદ્ર મુંબઇ પાછો ફર્યો ત્યાર પછી આજે લગભગ ત્રણ વર્ષ વીતી ગયાં છે કૉલેજમાં સૌ કરતા બુદ્ધિશાળી, ઉદ્યમશીલ, અને પ્રભાવાન્ ગણાતો નિપુણચંદ્ર છેવટે બી. એ થઇ નજ શકયો. ગ્રૅજ્યુએટ થવાનો પોતાનો મનોરથ જ્યારે પાર ન પડયો ત્યારે નિપુણચંદ્રના હૃદયને કેટલો આઘાત થયો હશે તે સહજ સમજી શકાશે આજીવિકાના સાધનની ખામીએ પ્રતાપી અને બુદ્ધિમાન્ યુવકોને અધવચથી હમેશને માટે અભ્યાસ છોડી દેવો પડે છે તે હકીકત કેટલીબધી કરૂણામય છે તેનો ખ્યાલ અનુભવ વિના આવવો મુશ્કેલ છે

કૉલેજમા સૌનુ ધ્યાન ખેચનાર, પ્રોફેસરોનો માનીતો, વિદ્યાર્થીઓમા અદેખાઇ ઉપજાવનાર, અને વિદ્વાનોમાં આદર પામનાર, નિપુણ આજે સર ધનસુખભાઇ પ્રિયસુખભાઇ સુધારકના એક ખાનગી કલાર્ક તરીકે કામ કરતો જોવામા આવે છે કલાર્કની આ નોકરી મેળવવામા પણ નિપુણચંદ્રને જેવી તેવી મુશ્કેલી સહન કરવી પડી નહોતી. અનેક અરજીઓ, અનેક મુલાકાતો, અને અનેક ભલામણોની લગભગ ચાર માસ સૂધીની પરંપરા પછી આ "બાદશાહી નોકરી" મેળવવાને તે શકિતમાન થયો હતો. લગભગ સવા બે વર્ષની નોકરી પછી આજે તેનો પગાર રૂ ૨૩ થી વધીને રૂ. ૩૨ સૂધી પહોચ્યો હતો

બનારસમા અને શ્રીનગરમાં સુધા તેમજ સ્નેહવીણા માટે ફાંફાં માર્યાં પછી નિપુણચંદ્રને મુંબઇ આવવુ પડયુ ખચીં ખૂટી હતી, અને છ માસિક પરીક્ષા વખતે પોતાની ગેરહાજરીને લીધે કૉલેજની સ્કૉલરશિપ તે ખોઇ બેઠો હતો.. શ્રીનગરથી નિસ્તેજ, નિરાશ અને દૂર્બળ થયેલો તે મુંબઇ પાછો ફર્યો ત્યારે હજુ કૉલેજમા તેનુ માન જેવુ ને તેવુ જ હતુ. સુધાની નિષ્ફળ શોધમા પોતે સમય અને પૈસાની બરબાદી કરી અને સ્કૉલરશિપ ખોઇ તે માટે નિપુણને ઘણુ લાગી આવ્યું. પરતુ નિપુણનો ખરો સતાપ તો ત્યારે શરૂ થયો કે જ્યારે કલાસમા પૂછાતા પ્રશ્નોના જવાબ અગાઉની માફક સાચા, સચોટ અને સત્વર આપવાને બદલે તે ભૂલ-ભરેલા, શરમાવનારા અને ગભરાયલા જવાબો આપવા મંડયો. આથી તેનો પશ્ચાત્તાપ અને તેની ગભગામણ વધ્યા

સ્કૉલરશિપની સાથે આજીવિકાનુ એક બીજુ સાધન પણ નિપુણના હાથથી ગયુ ત્યારે તેની ચિંતાનો પાર રહ્યો નહિ જે છોકરીને પોતે ભણાવવા જતો તે છોકરીના લગ્ન કરવાનો સમય પાસે આવવાથી તેણીના પિતા સર ધનસુખ-ભાઇએ નિપુણને છેલ્લા મહિનાનો પગાર ચુકવી હવે વધારે તસ્દી નહિ લેવાનુ જણાવી દીધુ એજ ક્ષણે લાચાર થઇ ગયેલા નિપુણે બી એ. નો અભ્યાસ માડી વાળ્યો, કારણ કે હવે તેના હાથમાં માત્ર ૯ રૂપિયાનુ એકજ શિક્ષણ રહ્યું હતુ, અને આ નજીવી રેકમમા કૉલેજનો અભ્યાસ અને આજીવિકા ચલાવવા તે લભગ અશકય જેવું હતુ

તો પણ પંદરેક દિવસ સૂધી નિપુણે કૉલેજમાં હાજરી આપી. પરંતુ કૉલેજમાં હવે તેને રસ રહ્યો નહોતો. સુધા અને સ્નેહવીણા સંબંધી સર્વ સ્વપ્નાંઓ તે ભૂલી ગયો હતો. અને હવે જીવનના કાંઇપણ ઉદ્દેશવિનાનો હોઇને તેનું સર્વ તેજ આપોઆપ ઉડી ગયું કૉલેજમા સર્વ લોકો આ ફેરફાર કળી ગયા ઉગતા સૂર્યને પૂજનારો સમૂહ આ નિસ્તેજ દેખાતા યુવકને ધીમે ધીમે ઓછું માન આપવા લાગ્યો, અને થોડા સમયમા આખી કૉલેજના આદરનુ આ કેન્દ્રસ્થાન તિરસ્કારને પાત્ર થવા માંડ્યું. નિપુણ હવે અભ્યાસને બદલે નોકરીની શોધમા પરોવાયો નોકરીને માટે આ બુદ્ધિશાળી યુવકને કેવાં વલખા મારવા પડ્યા હતા, અને કેટલા અપમાનો સહન કરવા પડ્યાં હતા તેનુ યથાર્થ વર્ણન આપવાને અમે અશક્ત છીએ પરંતુ તેના એક બે અનુભવોની અહિં નોંધ લીધા વિના ચાલતુ નથી.

શરૂઆતમા તો શિક્ષણો શોધવા સિવાય નિપુણને આજીવિકાના સાધન માટે કશુ સુઝ્યુ નહિ પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગનાં છોકરાંઓને ખાનગી શિક્ષણની જરૂર ભાગ્યેજ હોય છે. અને જરૂર હોય તો તે પૂરૂ પાડવાની તેમના માબાપોમાં શક્તિ હોતી નથી તેથી માત્ર શ્રીમંત વર્ગની મહેરબાની ઉપરજ નિપુણનુ ભવિષ્ય ટીંગાઇ રહ્યું હતું. પરંતુ શ્રીમંતોને ગ્રૅજ્યુએટો મળી શકે એટલે તેઓ અંડર-ગ્રૅજ્યુએટોને શી રીતે સ્વીકારી શકે? વળી, એમનુ ઓળખાણ થાય એ કંઇ ન્હાનીસૂની વાત નથી, છતાં નિપુણ જેવાઓ પગારની, અને તે પણ "મોટા" પગારની વાતો કરે તે કેમ

પરવડે ? તો પણ એક ગૃહસ્થે તો પોતાને ત્યાં ખાવાપીવાની સગવડ કરી આપવાનું પણ કહ્યું, માત્ર તેના બે છોકરાઓ અને ત્રણ છોકરીઓને એક એક કલાક જરા "રસ્તે ચડાવવા" એટલુંજ કાર્ય નિપુણે કરવાનું હતું ! પરંતુ "દુનિઆદારીથી તદ્દન અજાણ" નિપુણે આ "સોનેરી તક" મૂર્ખાઇથી ,જવા દીધી !

ત્યાર પછી એક બે અંગ્રેજી હાઇસ્કુલના માસ્તર માટે નિપુણે અરજી કરી. જગા ખાલી હતી, પરંતુ ગ્રેજ્યુએટ થયા વિના હાઇ સ્કુલમાં તેને શી રીતે રાખી શકાય ? છેવટે ચાર નિષ્ફળતા પછી પાસ થયેલા એક તાજા ગ્રૅજ્યુએટનાં નસીબ ઉઘડી ગયા, અને ૨૫ રૂપીયાની અદેખાઇ ઉપજાવે તેવી નોકરી નિપુણના હાથથી ગઇ. નિપુણ લાચાર થઇ ગયો. હવે એક છેલ્લો પ્રયોગ અજમાવવાને તેણે ચોક્કસ કર્યું. આ પ્રયોગમા થોડો ખર્ચ કરવો પડે તેમ હતો અને તેથીજ નિપુણે તે તરફ ધ્યાન આપ્યુ ન હતુ. થોડા સમય થયાં "મોટી, ઉત્તમ, આબરૂદાર, નોકરીઓ અને ધંધાદારીઓ મેળવી આપવા માટે ' એક "ગંજાવર" "સર્વિસ એજન્સિ" મુંબઇમાં ઉઘડી હતી આ સર્વિસ એજન્સિ સબંધી નિપુણે ન્યુસપેપરો તેમજ હૅંડબિલો દ્વારા ઘણીજ પ્રશંસા સાભળી હતી, અને આ ખાતાએ બહાર પાડેલા કેટલાક છાપેલાં સર્ટિફીકેટો ઘણાં લલચાવનારા હતા

"સર્વિસ એજન્સિ" સંબંધી લખતા એક સર્ટિફિકેટ નીચે પ્રમાણે ખાત્રી આપતુ હતુ —

"આ નામાંકિત એજન્સિનો આશરો લીધા પછી માત્ર ૧૩ દિવસમાજ આ સર્ટિફિકેટ આપનારને ધાર્યા કરતાં ૧૩ ગણુ વધારે પગારની નોકરી આ એજન્સિએ મેળવી આપી છે. સર્ટિફિકેટ આપનારે વિશેષમાં કહેવુ જોઇએ જોકે તે પોતાની કિમ્મત ઓછી આકતો નથી, તો પણ આ એજન્સિએ તેના કિમ્મતમા ૧૩ ઘણો વધારો કરી આપ્યો છે એ જેવી તેવી વાત નથી. જેઓ નમ્રતાને લીધે પોતાને માટે માન ધરાવતા ન હોય અથવા તો જેઓની બીજાઓ મૂર્ખાઇથી ઓછી કિમ્મત આકતા હોય તેઓને આ એજન્સિનો ખાસ આશરો લેવાની હુ સખત ભલામણ કરૂ છુ."

છેવટે આ નામાકિત એજન્સિની ઑફિસમા નિપુણ એક દિવસે ગયો. ઑફિસ હાર્નબી રોડ ઉપર ભપકાબધ મકાનમાં આવેલી હતી. મકાનના પગથિયા ચ્હડતાજ લિફ્ટની મદદ મળી, અને નિપુણ ઝપાટાબધ ત્રીજે માળે પ્હોચ્યો તુરતજ "સર્વિસ એજન્સિ"ના માલેકો "મેસર્સ ચચળલાલ ફાઉલર એન્ડ કપની"ના બાહોશ ઍસિસ્ટટ મૅનેજર મિ૦ દિલફરોઝ પીસ્તાવાળાએ નિપુણચદ્રની મુલાકાત લીધી, અને તેની સર્વ હકીકત સાભળી લઇ તેના નામઠામ રજીસ્ટરમા નોધી લીધાં મિ૦ પીસ્તાવાળાએ પોતાની નોધબુકમાં બીજી કેટલીક બાબતો પણ નોધી લીધી, અને નોધબુકની હકીકત વાઓળના હોય તેમ ફરીફરીને વાચવા મડયા.–
"બાવાજી! કાઇબી હરકત નહિ ઉમર વરસ એકવીસ ધન્તુ જ સોજુ વય ડિગ્રી નથી પન ચાલસે વારૂ, પન તમે પગારનુ કેમ નઇ બોલિયા?"

નિપુણે જવાબ આપ્યો,

"એ તો હવે જે મળે તે એ બધુ તમારી મુનસફી ઉપર મૂકું છુ."

"ધન્નુંજ સારૂ. પન, જુઓની, મિ૦ નિપુન ચંડર, હમનાં હમનાં "રેત" ધન્નાજ કમી થઇ ગયાચ .તો બી આ હમારી એજન્સિ ને લીધેજં આટલીબી મારકેત વૅલ્યુ રાખ્બી શકયા છીએ. વારૂ, તમે કાઇ ગેમ્સ-ગમત રમત જાનો છો કે કેમ?"

"એ બાબતનો મને શોખ નથી, એટલે એમાં હું કાંઇ પણ લાયકાત બતાવી શકુ તેમ નથી," નિપુણે ખુલાસો કર્યો.

"તિયારે એમાં તો ધન્ની અરચન આવસે. પન તેનિસ, ક્રિકેત, ક્રોકે, ફુતબોલ, કાઇબી નહિ?"

"હું દિલગીર છુ કે એમાનુ કશુ રમતા મને આવડતું નથી મ્હારા અભ્યાસમા તથા બીજી પ્રવૃત્તિમા આને માટે મને સમયજ મળ્યો નથી"

"તે બધુ સમજિયો. પન જુઓની મિસ્તર, જરૂર પરે તો તમે જાનતા નથી એમ કે'વાનુ નથી, અને એ તો નોકરી મલ્યા પછી બધુ શીખી લેવાય. વારૂ, કિંદરગાર્તન તો જાનતા હસોજ?"

"નહિ, એ વિષયનો અભ્યાસ મે કર્યો નથી. કોલેજમાં એ વિષય શીખવવામા આવતોજ નથી."

"પન તમારે કદાચ કિંદરગાર્તન શીખવવું બી પરે. માતે તમારી લાયકાતમા કિંદરગાર્તન હુ ખાસ ઉમેરવા માગુ ચ"

"એમ કરવું નકામું છે. કારણ કે કદાચ કિંડરગાર્ટન શીખવવાનુ સોપવામા આવે તો એકજ દિવસમાં પકડાઇ જઇશ. હુ એ સબંધી જરા પણ જાણતો નથી."

"તેને માતે તમારે ગભરાવાનુ કારન નથી. તમે પોતે મૂર્ખા બની બોલી બગારસો નહિ, તો તમે કોઇ દિવસ પકડાવાના નથી. આપણે તિયાં કેથે ખરૂ કિંદરગાર્તન કોઇ જાતનું જ નથી, એટલે તમને કોન પકરવાનુ ઉતું? બધે થેકાને-હ બગજ ચાલેચ. સમજિયાને? એ તો સારી દિગ્રી અને રેકમેનદેસન હોય તો તમારી આવરત કોઇ જોતુ નથી. હું તમારી જગાએ હોઉં તો દીગ્રી લીધા વિના પગલુ ન ભરૂ, અને અમુક કે ટમુક મને આવરતુ નથી એવી સાફાઇ ન કરૂ વારૂ, તે બધું થઇ રેસે. તમારૂ નામ રજીસ્તર કરી ડઉચ રજીસ્તર ફી, સાહેબ, પાચ રૂપિયા છે"

નિપુણચદ્રે પાચ રૂપિયા આપ્યા અને મિ૦ પીસ્તાવાળાએ નામ રજીસ્ટર કરી દીધુ રજીસ્ટર કરતી વખતે મિ૦ પીસ્તાવાળાએ એવો દેખાવ કર્યો કે જાણે તેણે નિપુણચદ્રને નોકરીમાજ રાખી દીધો ન હોય!

"સર્વિસ એજન્સિ"નુ મકાન છોડયા પછી નિપુણની આખ પહેલીજ વાર ઉઘડી કે પોતે ધારતો હતો તેટલી લાયકાત પોતાનામા નહોતી જ્ઞાન અને નોકરી માટે લાયકાત એ બે જુદી વસ્તુ છે. તે તેણે પ્રથમજ અનુભવ્યુ. અને એ અનુભવની સાથે નિપુણના હૃદયને મોટો આઘાત થયો. થોડા દિવસ આ ગમગીનીમા ગાળ્યા પછી મિ૦ પીસ્તાવાળાનો

જવાબ આવ્યો કે એક ખાતામાં તેની નિમણુક થઇ જવાનો સંભવ છે, માટે બીજેજ દિવસે સારા લેબાસમા તેણે એ ખાતાના વડાને મળવાને માટે "સર્વિસ એજન્સિ"ની ઑફિસમા હાજર થવુ આ નવી આફત માટે નિપુણ બિલકૂલ તૈયાર ન હતો મિ૦ પીસ્તાવાળાએ સારા લેબાસ ઉપર એટલો બધો ભાર મૂકયો હતો કે તેના ઉમરજ નોકરીનો બધો આધાર હતો એમ નિપુણને જણાયુ પરતુ ૧૫ કલાકમા સારા કપડાંની સગવડ નિપુણથી કોઇ રીતે થઇ શકે તેમ નહોતી. પોતાના સારામાં સારા કપડા તરફ મિ૦ પીસ્તાવાળાએ તિરસ્કારથી જોયુ હતુ તે તે જાણતો હતો, એટલુજ નહિ પરતુ મિ૦ પીસ્તાવાળાએ પહેલીજ મુલાકાતમા કેટલીક ખર્ચાળ સૂચનાઓ કરી હતી તે અમલમા મૂકવા જેટલી નિપુણના બજેટમા શકિત ન હતી તે ચોકસ હતુ તેથી લાચાર થઇને નિપુણે "સર્વિસ એજન્સિ"મા જવાનુ માંડી વાળ્યુ

છેવટે સર ધનસુખભાઇનો આશ્રય શોધવો પડયો જો કે સર ધનસુખભાઇએ તો પોતાની પુત્રીનુ શિક્ષણ પૂરૂ થયેલુ હોવાથી નિપુણને હમેશને માટે પાણીચુ આપ્યુ હતુ, તોપણ તે છોકરીને નિપુણ ઉપર દયા આવી અને છેવટે પોતાના પિતાના કાલાવાલા કરી નિપુણને કયાકની નોકરી અપાવી પહેલા તો સર ધનસુખભાઇએ માત્ર પોતાને ત્યા ખોરાકી પોશાકી આપવાનુ સૂચવ્યુ, પરતુ નિપુણની ઘણી વિનતિ પછી રૂ ૨૩ નો માસિક પગાર ચોકસ થયો.

શરૂઆતમાંજ નિપુણચંદ્ર સર ધનસુખભાઇનો જમણો હાથ થઇ પડયો, જોકે તેની આ લાયકાતનું નિપુણને જેમ બને તેમ ઓછું ભાન થાય તેવી તજવીજ રાખવાને "સર" ચૂકયા નહોતા. "સર" નો સર્વ પત્રવ્યવહાર નિપુણના હાથથી કરવામાં આવતો. અનેક જાહેર અને સરકારી ખાતાંઓ તરફથી જુદા જુદા પ્રશ્નો સંબંધી જે અભિપ્રાયો "સર" પાસેથી માગવામાં આવતા તે નિપુણના મગજમાંથી નીકળતા, નિપુણના હાથથી લખાતા, અને "સર"ની સહી નીચે "સર" ના પોતાના તરીકે પસાર થતા! જાહેર સભાઓમાં "સર" જેટલા ભાષણો વાચતા તે સર્વ નિપુણની કલમને આભારી હતા, અને જો કોઇ દિવસ અકસ્માતને લીધે નિપુણની મદદ ન મળી હોય, અને તેથી અવશ્ય સર છબરડો વાળતા ત્યારે એમ કહેવાતુ કે આજે 'સર" બરાબર "ફૉર્મ"મા નથી. નિપુણ "સર"ની નોકરીમા દાખલ થયા પછી "સર" ની 'પબ્લિક મૅન" તરીકે હજાર ગણી નામના વધી. "સર" ને પોતાને પણ એવું ભાન થયુ કે એમની બુદ્ધિની દિનપ્રતિદિન પ્રગતિ થાય છે! એટલુ જ નહિ પરતુ જયારે નિપુણના હાથથી લખાયેલુ ભાષણ "સર"ના ભાષણ તરીકે "ભાષણ"ના દિવસથી ચોવીસ કે અડતાળીસ કલાક વહેલુ છપાતુ, ત્યારે "સર" મલકાઇ મલકાઇને તે વાંચતા, અને તેના બધા વિચારો અને ભાષા પોતાનાજ છે એવું મમત્વ એમને થઇ આવતુ

પરંતુ વધારે વિચિત્ર હકીકત તો એ હતી કે જે લોકો પાસે પ્રથમ નિપુણચદ્ર નોકરી માટે અથવા ભલામણ માટે

ગયો હતો અને જેઓએ એની લાયકાતની ખામી ઉપર તેને મોટા ભાષણો સંભળાવ્યાં હતા તેઓ પણ નિપુણચંદ્રના પોતાના હાથથીજ લખાયેલાં અને "સર" ના મુખથી વંચાયેલાં ભાષણોની અતિશય તારીફ કરવા લાગ્યા ! એક બે પ્રેસવાળાઓ પાસે જ્યારે નિપુણે વીસેક રૂપિયાની નોકરી માગી હતી ત્યારે તેઓએ એને જણાવ્યું હતું કે, "મિસ્ટર ! તમે હજુ બાળક છો તમે 'જર્નલીઝમ'મા સમજો શુ ? તમારા વિચારો અને તમારી ભાષા બિલકુલ ઠરેલ નથી જાહેર સવાલોનું તમને કશુ ભાન નથી, એટલે તમારાં છોકરમતના લખાણ અમારા જૂના પ્રખ્યાત છાપાઓને શા કામના ?" આ ગૃહસ્થોજ એમના "જૂના પ્રખ્યાત છાપાઓ"મા સર ધનસુખભાઇના ભાષણો કે લખાણો અક્ષરે અક્ષર છાપતા હતા એટલુંજ નહિ પરંતુ તેઓ પોતાના અગ્ર લેખોમાં આ ભાષણોને "અતિશય ઠરેલ, ઉંડા વિચારોથી ભરપૂર, બહુજ મનનીય, અપૂર્વ, અને ભાષા તથા જ્ઞાનના ઉત્તમ નમુના રૂપ" તરીકે ઓળખાવતા હતા ! અને છતા એ ભાષણો અને લખાણો અક્ષરેઅક્ષર નિપુણચંદ્રના હાથથી તૈયાર થતા !!

આ વાત થોડો સમય તો ગુપ્ત રહી. પરંતુ ધીમે ધીમે સર ધનસુખભાઇની આ અચાનક હુશિયારી માટે જાહેરમા શંકા થવા માડી. મોટા શહેરોમા કેટલીક વાર મોટા બનાવો કરતા પણ નહાની નહાની વાતોની બહુ ચર્ચા થાય છે, અને આ ચર્ચા કેટલીકવાર એટલા રસથી, એટલા ઉત્સાહથી અને એટલા ઉન્માદથી ચલવુ રાખવામા આવે છે કે બહારથી આવ-

નાર મુસાફરો દિગ્મૂઢજ બની જાય છે, કારણકે તેઓ તો એમજ ધારે છે કે મોટાં શહેરોમા મોટી વાતોજ થતી હશે, અને ત્યા નહાની, નજીવી, નિર્માલ્ય, ખાનગી કુથલીને સ્થાનજ નહિ હોય પરતુ મોટા શહેરોની આ બલિહારી ત્યાના નિવા-સીઓજ સમજી શકે છે મુબઇ શહેર મોટા શહેરોની આ બલિહારીથી મુકત નથી આ સમયે આ જાહેર ચર્ચાનો વિષય સર ધનસુખભાઇ અને નિપુણચદ્ર થઇ પડયા હતા કેટલાકો એમ વાત કરતા હતા કે સર ધનસુખભાઇ નિપુણને દત્તક લેવાના છે કટલાકો એમ કહેતા હતા કે "સર"ની છોકરી નિપુણચદ્ર સાથે પરણશે બીજાઓએ એવી ગપ ઉડાવી હતી કે "સર" થોડા સમયમા વાનપ્રસ્થ થવાના છે અને પોતાની બધી મિલકત નિપુણચદ્રને સ્વાધીન કરવાના છે "સર"નાં ભાષણો અને લખાણો સબધી સખ્ત અફવા હતી કે નિપુ-ણનો તેમા ખાસ હાથ છે કોઇ એમ અભિપ્રાય આપતા કે પહેલા "સર" લખી જાય છે અને પછી નિપુણ સુધારી જાય છે. બીજો મત એવો હતો કે નિપુણ પ્રથમ લખી જાય છે અને પછી "સર" સુધારી જાય છે ત્રીજો મત એવો હતો કે "સરમા એક વાકય લખવાની પણ શક્તિ નથી, અને તે ભારોભાર નિપુણ પાસેથી ઉછીનુ લે છે સારે નસીબે નિપુ-ણના ચારિત્ર્ય સબધી બે મત નહોતા તથાપિ "સર"ની પુત્રી નિપુણ ઉપર આશક છે એવી વાતો કરનારાઓનો ટોટો હોતો 'અદર ખાનાની વાતોના જાણકાર' કહેતા કે થોડા સમયમા "સર"ની પુત્રી તથા નિપુણ ઇગ્લડ ઉપડી જવાનાછે.

આખા મુંબઇમા થોડો સમય તો આ વાતો સિવાય બીજી વાતો ભાગ્યેજ થતી કલબોમા, જીમખાનાઓમા, લાઇબ્રેરીઓમા, હાઇકોર્ટ, પોલીસ કોર્ટ અને સ્મૉલ કૉઝ કોર્ટમા, દુકાનોમા, ચોપાટી ઉપર, બૅન્ડ સ્ટૅન્ડ ઉપર, ફુટપાથ ઉપર, મેળાવડાઓમા, નાચ પાર્ટીઓમા, અને જાહેર સભાઓમા, સર્વત્ર સર ધનસુખભાઇ અને નિપુણચંદ્ર ચર્ચાઇ રહ્યા હતા. ધનસુખભાઇનો અઢળક પૈસો, સરકારમા એમનુ મોટુ નામ, શેઠિયાઓમા એમની મોટી કીર્તિ, જાહેર સવાલોમા એમનું અગ્રણીપણું, આટલી વસ્તુઓજ એમને ખાસ ચર્ચાસ્પદ બનાવવાને બસ હતી પરંતુ તે ઉપરાત બીજા ખાસ કારણો અચાનક ઉમેરાયા જાહેર ભાષણો અને લખાણોમા સચોટ ભાષાદ્વારા બહાર આવતા સ્વતંત્ર અને ઉચ્ચ વિચારો, નિપુણચંદ્ર સાથેનો ગાઢ સબંધ, નિપુણચંદ્રની વિચિત્રતા, નિપુણચંદ્રનુ ઉત્તમ ચારિત્ર્ય, નિપુણચંદ્રની ચપલતા, નિપુણચંદ્રની બુદ્ધિ, નિપુણચંદ્રની નમ્રતા, ધનસુખભાઇની પુત્રીનો અણધાર્યો માનસિક વિકાસ, અને આ સર્વની પાછળ કંઇક ન સમજાય તેવો ગુપ્ત ભેદ,—આ કારણોથી ધનસુખભાઇ અને નિપુણ મુબઇની આખે ચ્હડે તો તેમા કશુ આશ્ચર્ય નહોતુ.

મુંબઇમા આ ચર્ચા કયા સુધી ચાલત તે કહી શકાતુ નથી તો પણ જો એક આકસ્મિક કારણથી નિપુણને મુબઇ છોડવુ પડયુ ન હત તો આ ચર્ચા ઘણી લાબી ચાલત એમા શક નથી. નિપુણ "સર"ને અતિશય ઉપયોગી થઇ પડયો

હતો છતાં નિપુણનો પગાર રૂ. ૩૨ થી વિશેષ આગળ વધે એવી આશા દેખાતી ન હતી વધારે કરૂણાજનક હકીકત એ હતી કે નિપુણને એક કલાર્કને બદલે એક હલકા નોકરની માફક રાખવામા આવતો હતો સર ધનસુખભાઇની પુત્રી કુલીનાથી આ સહન થઇ શકતું નહોતુ પરંતુ તે નિરૂપાય હતી. શેઠના હલકા નોકરો જેટલું પણ કોઇ નિપુણને માન આપતા નહિ. તેમા માત્ર અપવાદરૂપ કુલીનાજ હતી. કુલીનાને નિપુણ માટે અતિશય માન હતું તેથીજ તે એમ ઇચ્છતી કે નિપુણને બીજે કયાંય વધારે સારી નોકરી મળે અને પોતાના ઘરના વૈતરામાંથી તે છૂટે તો સારૂં કારણ કે નિપુણને શેઠના ભાષણો લખી દેવા પડતા અને તેનો સર્વ પત્રવ્યવહાર ચલાવવો પડતો એટલુ જ કાર્ય નહોતુ. ઘરનું શાક નિપુણને લઇ આવવાનુ હતું. ઘરનો સર્વ કોઠાર નિપુણે ખરીદવાનો હતો શેઠ બહારગામ જતા ત્યારે તેના નોકરની માફક નિપુણે સાથે જવું પડતુ. શેઠની ઑફિસમાં ચ્હાપાણી નિપુણે તૈયાર કરવાં પડતાં મુસાફરીમાં રસોઇનું કાર્ય પણ નિપુણને સોપવામાં બાધ નહોતો, પરંતુ તેના સદ્ભાગ્યે તે રસોઇની કલાથી અજ્ઞાન હતો. નિપુણને આથી ઘણુ લાગી આવતુ પરંતુ ગરીબીને લીધે તે લાચાર હતો. તેની મુશ્કેલીઓ, તેની આવડત અને તેના સદ્ગુણો માત્ર કુલીનાજ સમજતી. તેટલા માટેજ તે નિપુણને કોઇ વધારે સારે સ્થળે ગોઠવાયેલો જોવાને આતુર હતી. આવી તક એક દિવસે કુલીનાને મળી, અને તેનો તેણીએ તુરતજ ઉપયોગ કર્યો. કુલીના નિપુણને પોતાના મોટા ભાઇની માફક ચહાતી,

છતાં પોતે એક વાર તેની શિષ્યા હોવાથી તેની સાથે બહુ છૂટથી વાત કરતાં અચકાતી. છતાં એક દિવસ સાંજે નિપુણ પાસે દીવાનખાનામાં જઇ નીચે પ્રમાણે વાતચીતની શરૂઆત કરી –

"માસ્તર, આજે તુમારે કયાય બહાર જવાનુ છે?"

"ના, બહેન આજે તો ઘેરજ છું."

"બહુ સારૂ, ત્યારે હુ પણ આજે ફરવા નહિ જાઉં. મારે તમને એક વાત કહેવી હતી."

"કોને મ્હને?"

"હા, તમને. તમે કોઇ સારી નોકરીની શોધમા છો એમ મે સાભળ્યુ છે તે વાત ખરી?"

નિપુણ ગુંચવાયો –

"સારી નોકરી મળે તો લેવી એવો મારો પહેલા વિચાર હતો. પણ એવી નોકરી મળી નહિ એટલે એ વિચાર હવે મે માડી વાળ્યો છે. પણ તમને કોણે કહ્યુ?"

"ગમે તેણે. પણ હવે કોઇ સારી નોકરી મળતી હોય તો લેવા ખુશી છો કે નહિ?"

"તમે મારી મશ્કરી કરો છો, કુલીના બહેન! ખરેખર હુ એમ ન્હાસી જવા માગતો નથી જઇશ તો બાપુની રજા લઇનેજ જઇશ."

"માસ્તર, હુ મશ્કરી નથી કરતી. તમે જાઓ તો હું ઉલટાની ખુશી છું. કારણ કે અહિં કરતા તમારી બીજે ઠેકાણે સારી કદર થશે. પણ જો મારા કહેવાનો ખોટો અર્થ લેવાનો નથી. હું તમને કહાડવા માગતી નથી. તમે અહિં છો તેથી બાપુને ઘણો ફાયદો છે અને મને પણ મોટો

લાભ છે તમારા જેવા બુદ્ધિશાળી અને ભલા માણુસ અમને મળવા મુશ્કેલ છે," કુલીનાએ બહુ લાગણીપૂર્વક પોતાનો વિચાર જણાવ્યો.

નિપુણ આ લાગણીથી ચકિત થયો. "નહિ રે, હું કયાં નથી જાણતો કે તમારા બધાંનો મ્હારા ઉપર ઘણોજ પ્રેમ છે"

"ત્યારે હુ તમને એ કહેવા માગતી હતી કે મુબઇ બહાર મે તમારે માટે એક નોકરીની તજવીજ કરી છે તમને જો ઠીક લાગે તો ખુશીથી જાઓ, નહિતર આ તો તમારૂ ઘરજ છે"

"કુલીના બહેન! મારે માટે તમારી આટલી બધી કાળજી જોઇ હુ શરમાઇ જાઉ છુ"

"તમે કયારે શરમાયા નથી? વારૂ, પણ જો તમારી ઇચ્છા હોય તો દેવલાલીમા "સ્ત્રી પ્રગતિ સમાજ" નામની સસ્થા છે તેમા એક કુશળ કાર્યકર્તા પુરૂષની જરૂર છે પગાર માસિક રૂ ૫૦) મળશે, અને રહેવાની તથા ખાવાપીવાની સગવડ પણ સમાજ તરફથીજ થશે મને એ સમાજની શાખા મુબઇમા ખોલવાનુ પૂછવામા આવ્યુ છે. સમાજની અધિષ્ઠાત્રી સાથે પત્રવ્યવહાર થતા આ જગાની મને ખબર પડી અને મે હકીકત પૂછી તો આ પત્ર મળ્યો છે" કુલીનાએ પત્ર નિપુણના હાથમા મૂકયો

નિપુણે પત્ર વાચ્યો, પત્ર વાચતાજ તેણે દેવલાલી જવાનો નિશ્ચય કર્યો, અને બ્હીતા બ્હીતા એ નિશ્ચય કુલીનાને કહ્યો કુલીના આનદપૂર્વક સમત થઇ

પ્રકરણ ૧૫ મું.

"સર"નું ઘર છોડયું.

નિપુણચંદ્રે દેવલાલી જવાનો નિશ્ચય કર્યો છતાં તેના ભાગ્યમા તો મુબઇજ લખાયુ હતુ. કારણ કે આ નિશ્ચય થયા પછી બીજેજ દિવસે નિપુણને તેની એક જૂની અરજીનો જવાબ મળ્યો. આ પત્ર એક દૈનિક અગ્રેજી છાપાના અધિપતિ તરફથી હતો અને તેમા નિપુણને રૂબરૂ મળવાનુ સૂચન કરવામા આવ્યુ હતુ. તુરતજ નિપુણ છાપાના અધિપતિને મળ્યો નિપુણની વાતચીતથી અધિપતિ ખુશી થયો અને તેને એક અગ્રેજી લેખ લખી લાવવાનુ કહ્યુ બીજે દિવસે નિપુણ માગેલો લેખ તૈયાર કરીને પાછો અધિપતિની ઑફિસે આવ્યો, લેખ પસાર થયો, અને નિપુણની નિમણુક થઇ ચુકી. આ અચાનક સિતારો ખુલેલો જોઇને નિપુણ તો અજબજ થઇ ગયો. કારણ કે શરૂઆતથીજ તેનો માસિક પગાર રૂ ૭૫ ચોકસ કરવામા આવ્યો !

આ નવી નોકરી ચોકસ થઇ કે તુરતજ નિપુણે સર ધનસુખભાઇનુ ઘર છોડયું પરતુ તે વખતે સર ધનસુખભાઇએ વિવેક કરવામા અને ગરજ બતાવવામા બાકી ન રાખી

"તમારે પગારજ વધારે જોઇતો હતો તો મને કહેવુ હતુ, પણ આવુ બદાવૈતરૂ મને પૂછ્યા વિના સ્વીકાર્યુ તે ઠીક ન કર્યુ," સર ધનસુખભાઇએ લાગણીપૂર્વક પોતાનો પ્રથમ ઉદ્‌ગાર બહાર કાઢયો

"માત્ર પગારનોજ સવાલ નહોતો, પણ આ લાઇનમાં મને રસ પડે છે, તે ઉપરાંત આગળ ઉપર પ્રેસમાં સારો લાભ મળવા સંભવ છે"

"લાભ તો મારે ત્યાં વધારે મળત કે પ્રેસમાં વધારે મળશે? અહિં તમને શું ખોટું હતું? તમે કહ્યું હત તો પાંચ રૂપિયા વધારી આપત"

નિપુણને ખરો ઉત્તર આપવો પડયો, "પગાર વધારવાનું આપને ઘણીવાર કહ્યા છતાં આપે મહેરબાની ન કરી ત્યારેજ આ નોકરી મારે સ્વીકારવી પડી છે."

સર ધનસુખભાઇ આ સ્પષ્ટ ખુલાસા માટે તૈયાર નહોતા, તોપણ તેમણે બચાવ કર્યો,

"મને શી ખબર કે તમને પગારની આટલી બધી જરૂર છે? પોતાને બહુ જરૂર હોય ત્યારે કહેવુ જોઇએને? અમારા કામકાજમા આવી નહાની બાબતોમા અમારૂ ધ્યાન રહેતું નથી. હજુ પણ ૩૨ ના ૩૫ કરી આપવાને ખુશી છું. માટે હવે પ્રેસમા જવાનો વિચાર માંડી વાળો. કુલીના! એ કુલીના!"

નિપુણ સ્તબ્ધજ થઇ ગયો, દરમિઆન કુલીના આવી.

"કેમ, બાપુ, મને બોલાવી?"

"હા. નિપુણચંદ્ર આપણે ત્યાંથી જવાનું કરતા હતા, પણ હવે પાછુ આપણે ત્યાંજ રહેવાનું ચોક્કસ થયુ છે.".

કુલીના નિરાશ થઇ ગઇ. નિપુણે મૌન તોડયું,

"સાહેબ, મને જવા દો તો મહેરબાની. આપને તો બીજો સારો માણસ મળી રહેશે, પણ પાછી મને આવી નોકરી નહિ મળે."

"તો તમારી મરજી. હું તો તમારી ખાતર આ સગવડ કરતો હતો. બાકી અમારા લોકોને માણસ જોઇએ તેટલા."

"તે હું કયા નથી જાણતો? સાહેબ!"

"વારૂ, ત્યારે કોઇ કોઇ વાર ઘેર આવતી રહેજો, અને આપણે ત્યા કાંઇ બહુ કામકાજ નથી એ તો તમે જાણો છો. છતાં નવરાસ હોય ત્યારે આવી જાઓ તો સારૂ."

"ઘણી ખુશીથી. આપને જયારે જરૂર હોય ત્યારે વગર સંકોચે ફરમાવજો"

આ પ્રમાણે સર ધનસુખભાઇએ રજા આપી. કુલીના તો ખુશીજ હતી, છતાં નિપુણથી જૂદી પડતી વખતે ત્હેને લાગી આવ્યું અને સર ધનસુખભાઇ કરતાં કુલીનાની ખાતરજ નિપુણે તેઓને ત્યાં અવારનવાર આવવાનું વચન આપ્યું. નિપુણે "સર"નો બંગલો છોડયો ત્યારે બહારની ઓશરી સુધી "જય જય" કરવા કુલીના એકલીજ આવી હતી, બન્ને જૂદાં પડયાં ત્યારે કુલીનાની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. નિપુણ આ કળી ન શકત, પરંતુ કુલીનાના છેલ્લા શબ્દો "આવજો નિપુણભાઇ"એટલા બધા કંપથી બોલાયા કે નિપુણનુ ધ્યાન કુલીનાની આંખ તરફ સહસા ખેંચાયું. અશ્રુનો વિનિમય અજબ રીતે ત્વરિત હોય છે, તેથી નિપુણની આંખો પણ તુરતજ ભીની થઇ. એટલું સારૂં થયું કે નિપુણ જલદીથી રવાના થયો, નહિતર સર ધનસુખભાઇ આ સ્થિતિ કળી જાત, કારણકે બીજેજ ક્ષણે ઓશરીમાં તેના ચંપલનો અવાજ સંભળાયો.

પ્રકરણ ૧૬ મું.

એક નહાનું પ્રોગ્રામ.

"કેમ, નિપુણ ગયો ?" ઓશરીમા પગ મૂકતાજ સર ધનસુખભાઇએ પ્રશ્ન કર્યો

'હા, હમણાજ ગયા," આસુ છુપાવીને કુલીનાએ ઉત્તર આપ્યો

"સર" ઘણા નિરાશ થયા અને પાસે પડેલી આરામ ખુરશીમા વિચાર કરતા પડયા કુલીના પોતાના ઓરડામા ગઇ અને બારણા વાસીને ડુસકે ડુસકે રડી બે ત્રણ વરસ સાથે રહેલો સામાન્ય નોકર પણ ઘર છોડીને જાય ત્યારે ઘર સૂનું લાગે છે તો પછી નિપુણ જેવો બુદ્ધિશાળી, માયાળુ, ઘરનો કાર્યભારી ચાલ્યો જાય તેથી ઘર સુનું જણાય તો સ્વાભાવિક છે નિપુણ ઉપર કુલીનાનુ વ્હાલ અલૌકિક હતુ કોઇને કડવો શબ્દ કહેવો નહિ અને સર્વના કડવા શબ્દ હસીને સાભળી લેવા એ જેવોતેવો ગુણ નથી સર્વથી લાયક છતા સર્વથી નમ્ર થવુ તે જેવુ તેવુ લોહચુબક નથી નિપુણમા આ બન્ને ગુણ હતા તેથીજ તે ગમે તેવા કડક મિજાજવાળાઓનુ પણ કૃપાપાત્ર બની જતો પછી નિર્દોષ, મમતાળુ, એકલી પડેલી કુલીનાનુ વ્હાલ તેના ઉપર ઉભરાઇ જાય તેમા આશ્ચર્ય શુ ?

રડીને હ્રદયનો ભાર ઓછો કર્યા પછી કુલીનાએ દેવલાલી પત્ર લખ્યો, અને આગલી રાત્રિએજ લખેલા પત્રમા પોતે

નિપુણ માટે જે ભલામણ કરી હતી તે હવે વ્યર્થ હોઇને બીજા કોઇ માણુની તજવીજ કરી લેવા "સ્ત્રી પ્રગતિ સમાજ" ની અધિષ્ઠાત્રીને સૂચવ્યુ અધિષ્ઠાત્રીને પોતાની સસ્થાના કાર્ય અર્થે એક હુશિયાર અને ચારિત્ર્યવાળા પુરૂષની અતિ-શય જરૂર હતી તેથી કુલીનાંનો પ્રથમ પત્ર આવતા તે ઘણી ખુશ થઇ ગઇ, પરતુ બીજો પત્ર આવતાં અત્યત નિરાશ થઇ. છેવટે જાતે મુબઇ જઇને તજવીજ કરવાનો તેણીએ નિશ્ચય કર્યો

કુલીના અને "સ્ત્રી પ્રગતિ સમાજ"ની અધિષ્ઠાત્રી વચ્ચે ઘણો ગાઢ પ્રેમ જામ્યો હતો કુલીના દેવલાલી જતી ત્યારે "સમાજ"ની અતિથિ થતી, અને અધિષ્ઠાત્રી મુબઇ આવતી ત્યારે કુલીનાને ત્યા ઉતરતી આ મૈત્રીમા સર ધનસુખભાઇએ બહુ માયુ માયુ નહોતુ, અને કુલીનાના આનદની ખાતર આ અધિષ્ઠાત્રીનો સર ધનસુખભાઇ પણ પોતાને ત્યા સારો સત્કાર કરતા નિપુણ ગયા પછી કુલીના તદ્દન એકલી પડી ગઇ હતી અને ઘર ઘણુ સુનુ થઇ ગયુ હતુ, તેથી પોતાની સ્ત્રીમિત્રની અચાનક મુલાકાતથી કુલીના ખુશખુશ થઇ ગઇ.

"ઓહો! આજ તો આમ અચાનક? ચદા બહેન!" ચદ્રપ્રભાને જોતાજ કુલીનાએ સ્વાગત કર્યુ.

"શુ કરૂ? તારે તો હવે દેવલાલી આવવુજ નહિ, પછી મારે તો ખબર કાઢવીજ જોઇએ ને?" "સ્ત્રી પ્રગતિ સમાજ" ની અધિષ્ઠાત્રીએ ઉત્તર આપ્યો

ચદ્રપ્રભાનો હાથ ઝાલી કુલીનાએ તેને કોચ ઉપર બેસાડી અને હૃદયના ઉભરા બહાર કાઢવાનુ શરૂ કર્યુ.

"ચંદ્રા બહેન! તમે આવ્યાં તેથી બહુજ ઠીક થયું. હમણાં મને બિલકુલ ગમતું નથી. બાપુ પણ ગઇ કાલના બહારગામ ગયા છે."

"ત્યારે પછી, ઘેલી! દેવલાલી આવતું રહેવું નહોતું? હમણાં તો ઘણાં વખત થયાં ત્યાં આવી નથી. "સમાજ"નું રૂપ તો હવે તદ્દન બદલી ગયું છે. વળી, થોડો સમય થયાં બીજી બે બાઇઓ દાખલ થઇ છે તેથી સર્વને ઘણો આનંદ પડે છે. મારી ખાત્રી છે કે તું આવીશ તો તને તેઓથી જૂદા પડવું ગમશેજ નહી."

"એ નવી બાઇઓ વળી કોણ છે?"

"બન્ને બહેનો છે, બન્ને ભણેલી છે; ને બન્ને તારા જેવી રૂપાળી છે" છેલ્લા શબ્દો બોલતા બોલતા ચન્દ્રપ્રભાએ કુલીનાના ગાલ ઉપર હસતા હસતાં તમાચો માર્યો.

"મરો રે મરો તમે! મોટા અધિષ્ઠાત્રી થયા તોયે નહાની છોકરીઓની મશ્કરી?" કુલીના છણકો કરી, ચન્દ્રપ્રભાની સોડમાંથી ખસી જઇ, કોચના બીજા ખૂણામા જઇ બેઠી.

"હા, પણ પેલા ગૃહસ્થનુ પછી શુ થયુ?"

"એ તો બીજે ઠેકાણે નોકરીમા દાખલ થઇ ગયા."

"કેમ, દેવલાલીની નોકરી ન ગમી?"

"ના, ગમવાનો સવાલ ન હતો, પણ મેં તમને લખ્યું તેને બીજેજ દિવસે તેને વધારે સારી નોકરી મળી ગઇ એટલે પછી દેવલાલી આવવાનું માંડી વાળ્યુ"

"પણ ત્યા મળતુ હોય તેટલુ આપણે આપીએ. આપણે સારા માણસની બહુજ જરૂર છે હજુ પણ સમજે તેમ હોય તો સમજાવિએ."

'તમે કહો તો બોલાવી મંગાવું' એ માને એમ મને લાગતુ નથી. તો પણ તમે વાત કરી જુઓ."

છેવટે નિપુણને તેડાવવામાં આવ્યો. નિપુણને જોઇ ચંદ્રપ્રભા ચકિત થઇ કારણ કે હજુ સુધી કુલીનાએ નામ આપ્યુ નહોતુ. અને નિપુણને તો ચંદ્રપ્રભા સર ધનસુખભાઇના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે ઓળખતી હતી જો કે તેની સાથે વાતચીતનો બહુ પરિચય નહોતો.

ચંદ્રપ્રભાએ નિપુણને ઘણો આગ્રહ કર્યો, પરંતુ નિપુણે મુશ્કેલી રજુ કરી

"હુ અહિ બંધાઇ ગયો છુ નહિતર તમારી ઉત્તમ સંસ્થાની સેવા કરવામા હુ કદિ પણ આનાકાની કરત નહિ",

ચંદ્રપ્રભાએ છેવટે કહ્યુ,

"ત્યારે હું લાચાર છુ પરંતુ કોઇ કોઇ વાર અમને સલાહ આપતા રહેશો તો મોટી મહેરબાની થશે. તમારા જેવા સુજ્ઞ માણસની સહાનુભૂતિ હશે તો અમારી સંસ્થાને અસંત લાભ થશે. કોઇ વાર દેવલાલી આવી જાઓ અને અમારી સંસ્થાની મુલાકાત લઇ જાઓ તો ઘણું સારૂ."

"ઘણી ખુશીથી. હમણાં તો મને અવકાશ મળે તેમ નથી, પણ આવતા અઠવાડિઆમા છેલ્લા બે દિવસ હુ છુટો થઇ શકીશ ત્યારે જરૂર દેવલાલી આવી જઇશ. તમારી સંસ્થાની મે ઘણી પ્રશંસા સાંભળી છે અને તે નજરે જોવાની મને ખાસ ઇચ્છા છે."

"ત્યારે, કુલીના ! તુ પણ સાથે આવ તો શુ ?" ચદ્ર-પ્રભાએ કુલીનાનુ મૌન તોડયુ.

"બાપુ ઘેર હશે તો હુ પણ આવીશ કેમ નિપુણભાઇ મને સાથે લઇ જશો કે ?" કુલીનાએ મશ્કરી કરી

"મે દેવલાલી સમાજ જોઇ નથી, એટલે તમારે મને લઇ જવાનો છે, મારે તમને લઇ જવાના નથી," નિપુણે સ્મિત-પૂર્વક ઉત્તર આપ્યો

"વારૂ, ત્યારે હુ તમને લઇ જઇશ કેમ કબૂલ છે ને ?"

"કબૂલ "

"પણ તમે તો મોટા "સબ-એડિટર," એટલે મારી સાથે મુસાફરી કરતા શરમાશો નહિ ને ?"

"તમારે મશ્કરી કરવી હોય તેટલી કરી લો. પણ તમારે મને દેવલાલી લઇ જવાનો છે, અને મારે તમારી સાથે આવવુ છે હવે તમારૂ એકલસુરાપણુ ચાલશે નહિ"

"ચાલો ચદ્રા બહેન ! નિપુણભાઇ હવે મજબૂત છે તેની હુ ખાત્રી આપુ છુ, કારણ કે નહિતર મને મ્હેણા મારવાની શરૂઆત કરે નહિ"

ચદ્રપ્રભાએ સતોષ જાહેર કર્યો,

" તમારી ઉભયની લડાઇમા મને મોટો ફાયદો થયો એક તો નિપુણભાઇનુ દેવલાલીનુ પ્રોગ્રામ ચોકસ થયુ, અને ઉપરાત અમારા લુચ્ચા કુલીનાબાઇ પણ બધાઇ ચુકયા"

આ શબ્દોથી ત્રિપુટિ હસી પડી

પ્રકરણ ૧૭ મું.

બિહાગવન.

સામાન્ય રીતે વિધવાશ્રમો, અનાથાશ્રમો, આદિનુ વાતાવરણ સ્તનુ અને ગમગીનીભરેલુ હોય છે પરંતુ, જો કે "સ્ત્રી પ્રગતિ સમાજ"મા મોટી સખ્યા વિધવાઓની હતી તો પણ ત્યાનુ વાતાવરણ આનન્દમય, ચેતનમય, અને પ્રકાશમય જણાતુ હતુ જેમ આ સસ્થા વિધવાઓ માટે આશીર્વાદરૂપ હતી તેમ કુમારીઓ અને સૌભાગ્યવતીઓ માટે સ્વર્ગ સમાન હતી પ્રાચીન ગૌરવ અને સાત્વિકતાની સાથે આધુનિક ઉત્સાહ અને સ્વાતત્ર્યની મિલાવટ અર્થે આ સસ્થાની સ્થાપના થઇ હતી સ્ત્રીઓ સુદર અને શીલવતી થાય, સ્વતત્ર છતા કુટુમ્બભકત થાય, બલવતી અને નીરોગી થાય, દેશસેવક અને સમાજપોષક થાય, વિદુષી છતા નમ્ર થાય, રસજ્ઞ છતા ગભીર થાય,—આવો આ સમાજનો ઉદ્દેશ હતો.

દેવલાલીની આસપાસ ઉજડ ખેતરો ગમે તેટલા વિસ્તારમા પથરાયા હશે, પરતુ "સ્ત્રી પ્રગતિ સમાજ" તો એક અનુપમ ફુલવાડી બની રહી હતી સમાજનુ કમ્પાઉડ એટલુ બધુ વિશાળ હતુ, અને કમ્પાઉડ વૃક્ષોથી, ઘટાઓથી, કયારાઓથી અને કુજોથી એટલુ તો ઝુકી રહ્યુ હતુ કે સમાજના મકાનોનુ દર્શન મુશ્કેલીથી થઇ શકતુ હતુ છતા સમાજનુ

માત્ર એકજ મકાન નહોતુ 'કુમારી–આશ્રમ,' 'વિધવા–વિશ્રામ,' અને 'મહિલા–નિકેતન' એ પ્રમાણે ત્રણ વિશાળ મકાનોએ આ "બિહાગવન" ના ત્રણ ખૂણા રોકયા હતા "સ્ત્રી પ્રગતિ સમાજ" નીજ આ સર્વ લીલા હતી છતા લોકોમા આ સ્થળ 'બિહાગવન"ના તેના ખાસ નામથીજ ઓળખાતુ હતુ, તેથી અમે પણ સગવડની ખાતર આ સસ્થાના આ વિશાળ નિવાસને "બિહાગવન"ના નામથી ઓળખાશુ

બિહાગવનના "મહિલા-નિકેતન"મા સૌભાગ્યવતીઓ, વિધવાઓ અને કુમારીકાઓ કથાશ્રવણ કરવા અર્થે, ભાષણ અર્થે, સ્નેહ સમેલન અર્થે, સગીત અર્થે, કે એવા બીજા કોઇ પ્રસગે એકઠી થતી ત્યારે 'વિધવા–વિશ્રામ'મા સ્ત્રી પ્રગતિ સમાજની વિધવા સેવિકાઓનો નિવાસ રાખવામા આવ્યો હતો આ વિધવાઓ સમાજમા કાયમ રહેનારી હતી, અને તેઓએ પોતાનુ જીવન સમાજને અર્પણ કર્યુ હતુ "કુમારી–આશ્રમ" કુમારી બાળાઓને માટેજ હતો કુમારીઓના અધ્યયન માટે, તેઓની ગમ્મતરમત માટે, તેઓના આવાસ માટે, તેમજ તેઓને અર્થે ખાસ ઉપયોગી પ્રવૃત્તિઓને માટે આ આશ્રમની યોજના કરવામા આવી હતી સ્ત્રી પ્રગતિ સમાજની સેવિકાઓ અથવા સમસ્ત જન સમાજ માટે ઉત્તમ ગૃહિણીઓ આ કુમારી–આશ્રમ તૈયાર કરતો હતો કુમારીઓને પોતાના કુટુમ્બજનને મળવા જવાની છુટ રાખવામા આવી હતી અને પાચ વર્ષ સુધી બિહાગવનમા જીવન ગાળ્યા વિના કોઇ પણ કુમારીને કાયમની સેવિકા તરીકે સ્વીકારવામા આવતી નહિ સુશીલ, સ્નેહાળ, કર્તવ્ય પરાયણ,

બુદ્ધિશાળી અને દેશના સ્થભરૂપ દેવીઓ દેશને ચરણે અર્પણ કરવી એ કુમારી-આશ્રમનો મુદ્રાલેખ હતો

"કુમારી-આશ્રમ"ની ઉન્નત ભાવનાને પગલે ચાલનારી નિર્દોષ બાલાઓ સાસારિક ઉપાધિઓ અને વિવિધ પ્રકારની વાસનાઓથી દૂર રહે અને તેમના જીવન પ્રવાહમા મલિનતા પ્રવેશવા ન પામે તેટલા માટે આસપાસનુ સર્વ વાતાવરણ વિશુદ્ધ, પવિત્ર અને સાત્વિક રાખવામા આવ્યુ હતુ તેટલા માટેજ કુદરતની છાયા તળે આ અનેરૂ સ્થળ યોજયુ હતુ બિહાગવન કુદરતનુ પ્રિયતમ બાળક હોતુ જેમએ તે તેને જોતાંજ જણાતુ રસીલી કુદરતે અને માલિનીઓએ પોતાની સઘળી પ્રવીણતા, રસિકતા અને કળા બિહાગવનને શોભાવવામા ઢાલવી દીધી હતી બિહાગવનની નવપલ્લવ ભૂમિમા એવુ કોઇ પુષ્પ કે પત્ર નહિ હોય, એવો કોઇ વેલો કે વેલડી નહિ હોય, એવો કોઇ કુજ કે કયારો નહિ હોય, એવુ કોઇ વૃક્ષ કે તરૂવર નહિ હોય, ર ! એવી કોઇ પાદડી કે પાખડી નહિ હોય, કે જેમા ઘેલી કહો તો ઘેલી અને શાણી કહો તો શાણી કુદરતે પોતાની સર્વગ્રાહી શકિતનો ઉદાર હાથે ઉપયોગ કર્યો ન હોય ! બિહાગવનની બલિહારી એ હતી કે તેની જાદુઇ છાયામા આવનાર ગમે તેવી રમ્ય વસ્તુને પણ બિહાગવન પાસેથી રમ્યતા ઉછીની લેવી પડતી ! તેથી જેમ 'સ્ત્રી પ્રગતિ સમાજ"ના મનોરથ મહાન હતા તે તેમનુ વાતાવરણ મનોહર હતુ

આજે બિહાગવનમા આનંદોત્સવ છે પૂર્ણિમાની રૂપેરી રાત્રિનુ તેજ જોતા એ તેજ આ આનંદોત્સવનુ કારણ હોય

એમ જણાય છે પણ નહિ, ઉત્સવનુ કારણ "સ્ત્રી પ્રગતિ સમાજ"નો દશમો વાર્ષિક સમારભ છે આ જાણ્યા પછી રાત્રિનુ તેજ આ ઉત્સવને આભારી હશે એમ લાગે છે. પણ નહિ રાત્રિનુ તેજ સ્વચ્છ આકાશને અને હસતા ચન્દ્રને આભાંરી છે છતા આકાશની સ્વચ્છતા અને ચન્દ્રનું હાસ્ય "કુમારી-આશ્રમ"માંથી બહાર નીકળતી, શ્વેત, સ્વચ્છ, સુંદર વસ્ત્રમા સજ્જ થયેલી, કુદરતને દીપાવતી, મન્દ મન્દ હસતી, કુમારીઓને આભારી હોવા જોઇએ તે નિશક છે. કુમારીઓના વસ્ત્રાભૂષણ આશ્રમના નિયમને અને બ્રહ્મચારિણીવ્રતને અનુરૂપજ હતા શ્વેત સાડી કહો કે કથા કહો તે ચન્દ્રના તેજને અપૂર્વ શ્વેતતા આપી રહી હતી અલકારો પણ વસ્ત્રને શોભાવે તેવાજ હતા કોઇએ પોતાના છુટા, લાબા, કાળા, ઝળકતા કેશની લટોમા સુગધમય પચરગી પુષ્પો ગોઠવેલા છે. કોઇએ પોતાના મસ્તકના અગ્ર ભાગમા મુકુટની માફક પુષ્પકલગિ ધારણ કરી છે કોઇએ મનોહર પાખણિની રીબન બનાવી વાળમા વિટાળી છે; કોઇએ સુદર પુષ્પપાનથી ભરપુર કુમળા વેલાઓની કટિમેખલા બાધી છે, અને કોઇએ કઠમા કુસુમમાળ લટકાવી છે

સમાજના સમારભમા દિવસે બહારના અતિથિઓએ તેમજ બિહાગવનના સર્વ નિવાસીઓએ ભાગ લીધો હતો, તેથી રાત્રિ કુમારીઓને ખાસ અર્પણ કરવામા આવી હતી બિહાગવન આ બ્રહ્મચારિણીઓના મધુર સગીતથી સ્વર્ગસમાન બની રહ્યુ હતુ વિધવા-વિશ્રામ અને મહિલા-નિકેતનમાથી સર્વ સ્ત્રીઓ કુમારી-આશ્રમના આ સૌન્દર્યનિધિને જોવાને

બહાર નીકળી આવી હતી ગીત ગવગવનાર એ તેજસ્વી
બાળાઓ આખા બિહાગવનને લોહચુંબકની માફક આકર્ષી
રહી હતી બિહાગવનનુ સગીત વૃદાવનની અલૌકિક વાસ-
ળીને પણ ઘડીભર મ્હાત કરે તેવુ-માધુર્યની મહારાણી
વીણાને પણ મુગ્ધ બનાવે તેવુ હતુ. પુષ્પની સુગધિથી
ભભકતી ફુલવાડી સગીતની સુગંધીથી ભભકી રહી હતી,
એટલામા બિહાગવનના દરવાજામાથી કોઈએ સખ્ત રીતે દોરી
તાણી અને ઘટનો અચાનક અવાજ થયો અવાજ થતાજ
સગીત બધ પડયુ આટલા જોસથી કોઈ પણ અતિથિએ
બિહાગવનનો ઘટ કદિ પણ વગાડયો નહોતો

અતિથિને આવકાર આપવાને હમેશા અધિષ્ઠાત્રી પોતેજ
દરવાજો ખોલવાને આવતી, પરતુ રાત્રિના અગિયાર વાગે
બિહાગવનની મુલાકાતે કોઈ કદિ પણ આવતુ નહિ તેથી
આ વખતે દરવાજો ખોલવા જતા ચદ્રપ્રભાને અનેક તર્ક-
વિતર્ક થયા દરવાજો અધિષ્ઠાત્રીના આવાસથી ઘણો દૂર હતો
તેથી સ્વાભાવિક રીતે ચદ્રપ્રભાને દરવાજે પહોચતા વિલબ
થયો તેથી બીજી વાર ઘટનો અવાજ કરવામા આવ્યો
ચદ્રપ્રભાના પગલા ઢીલા પડવા માડયા ત્રીજો અવાજ થયો
છેવટે દરવાજો ઉઘડયો, ઉઘડતાજ એક પોલિસ અમલદાર,
ત્રણ પોલિસના સિપાઈઓ, એક ગૃહસ્થ જેવા કપડાવાળો
અને લટારા જેવી આખોવાળો પુરૂષ, અને એક તરૂણ ખૂબ-
સુરત છોકરો અધિષ્ઠાત્રીની દૃષ્ટિએ પડયા

પ્રકરણ ૧૯ મું.

એક અણધારી મુલાકાત.

"આ સમાજના ઉપરિ તમે છો?" પોલિસ અમલદારે બિહાગવનના દરવાજા ઉઘાડનાર ચંદ્રપ્રભાને પ્રશ્ન કર્યો.

ચંદ્રપ્રભાએ નીડરતાથી છતાં વિવેકથી ઉત્તર આપ્યો.

"જી હા, કેમ, શું કામ છે?"

"તમારે ત્યાં એક જુવાન છોકરી હમણાં નવી રહેવા આવી છે તે ક્યાં છે?"

"મારે ત્યાં હાલ કોઇ નવી છોકરી દાખલ થઇજ નથી."

"હાલ નહિ તો થોડા સમય પહેલા દાખલ થયેલી હોવી જોઇએ."

"થોડા સમય પહેલાં ઘણી કુમારીઓ દાખલ થઇ છે."

"પણ, મારે તો વીણા નામની છોકરીની જરૂર છે."

"વીણા નામની કોઇ છોકરી અહિં દાખલ થઇજ નથી," અધિષ્ઠાત્રીએ ખાત્રીપૂર્વક જવાબ આપ્યો.

"તમે જૂઠું બોલો છો મારી ખાત્રી છે કે તે છોકરી આ સ્થળેજ છે," પોલિસ અમલદારે કરડાકી બતાવી.

પરંતુ ચંદ્રપ્રભા બહાદુર તેમજ આત્મમાનવાળી હતી તેણે પોલિસ અમલદારને બરાબર ખેરી નાખ્યો.

"મી૦ લશકરી, જરા વિચારીને બોલો. તમે ક્યાં કોના સાથે વાત કરો છો તેનું તમને ભાન નથી. હું કહું છું કે વીણા નામની કોઇ છોકરી અહિં છેજ નહિ બસ, એ

સિવાય બીજુ કાંઇ કામકાજ ન હોય તો મહેરબાની કરીને રવાના થાઓ"

પોલિસ અમલદાર આપણો જાણીતો લશ્કરીજ હતો અધિષ્ઠાત્રીએ પોતાનુ નામ શી રીતે જાણ્યુ તેના વિચારમા તે ચદ્રપ્રભાને ઉતર આપતા ચુકી ગયો, અને ચદ્રપ્રભાએ દરવાજો બધ કરવાની તજવીજ કરી પરતુ તુરતજ લશ્કરીને ભાન આવ્યુ અને તેણે પોતાની સાથે આવેલા ગૃહસ્થને પૂછ્યુ

"તમારી ચોક્કસ ખાત્રી છે કે તમારી ભત્રિજી આ સ્થળેજ છે?"

ગૃહસ્થે ઉતર દીધો "જમાદાર સાહેબ, મને તો જરાએ શકા નથી ખાતમી આપનાર માણસના શબ્દો હુ બ્રહ્માના અક્ષર લેખુ છુ પરતુ મે આ 'બુદ્ધિ"ને કહ્યુ હતુ છતા બુધવારે કાશી છોડ્યુ તેનુ આ સર્વ પરિણામ છે'

છોકરો બોલી ઉઠ્યો,

"નહિ કાકા, તમેજ ઉતાવળ કરતા હતા મારી બાએ તો ના પાડી હતી મે તો ઉલટાનુ કહ્યુ કે વીણા બહેન મુબઇમા ક્યાથી હોય"

આ સર્વ મુશ્કેલીનો નિકાલ લાવવાને લશ્કરીએ પ્રયત્ન કર્યો

"ત્યારે અમને તમારા આશ્રમની મુલાકાત લેવા દો તો તમને કાંઇ વાધો છે?"

ચદ્રપ્રભા હા પાડવા જતી હતી, પરતુ આશ્રમની એક બીજી બહાદુર વિધવા ચદ્રપ્રભાની પાછળ પાછળ દરવાજે

આવીને ઉભા હતી અને સર્વ હકીકત સાભળી રહી હતી તે બોલી ઉઠી

"નહિ, અત્યારે સ્ત્રીઓના આશ્રમમા પુરૂષોથી આવી શકાયજ કેમ? આવવુ હોય તો સવારે આવજો, અને તે પણ આવા શંકા ભરેલા હેતુથી તમને દાખલ થવા દેવા કે નહિ તે અધિષ્ઠાત્રીના હાથમાં છે"

"તમે કોણ છો, બાઇ? તમે જાણો છો કે હુ એક પોલિસ અમલદાર છુ?" લશ્કરીએ પોતાની પોઝિશનનું પ્રદર્શન કર્યુ

"હુ આ સસ્થાની એક સસ્થાપક છુ, અને તમે નિર્દોષોના ગળા રેસનાર હલકા સિપાઇભાઇ છો તે મારા જાણવામા છે ચદા બહેન, અદર ચાલો, આ લોકો સાથે આપણે શું લેવાદેવા?" વિધવાની આખમાથી ક્રોધનો અગાર ભભુકી નીકળ્યો હતો

ચદ્રપ્રભાએ તેને શાત પાડવા પ્રયત્ન કર્યો,

"કાશી, એમ ગુસ્સે થવાનુ કારણ નથી મી૦ લશકરી એમની ફરજ અદા કરવા અહિ આવ્યા છે તેમા આપણે માઠુ લગાડવાનુ કારણ નથી"

કાશીબાઇ કઇક શાત પડી લશ્કરી ગુસ્સો ગળી જઇને બોલ્યો,

'ત્યારે અત્યારે અદર દાખલ થવાની તમે મને ના પાડો છો?"

"કાઇ પણ કારણ વિના હુ તમને અદર દાખલ કરી શકુ તેમ નથી"

"વારૂ, હુ બળાત્કારથી પ્રવેશવા માગતો નથી"

તુરતજ લશ્કરી ત્યાંથી ચાલી નીકળ્યો તેની પાછળ પોલિસના માણસો અને કાશીના ગૃહસ્થ તથા તેનો છોકરો પણ ઉપડયા

બિડાગવનના દરવાજા બંધ કરવામાં આવ્યા કે તુરતજ ચંદ્રપ્રભાએ કાશીબાઇને પ્રશ્ન કર્યો, "કાશી, તેં એ લોકોને ઓળખ્યા કે ?"

"તમે મને વાત કરી હતી ત્યારથીજ એ ચાડાળોના મને ભણકારા વાગતા હતા પેલો છોકરો કોણ હતો ?"

"તે પેલા ગોરનો છોકરો બુધ્ધિદર્શન છોકરો ઘણોજ ચાલાક ને માયાળુ છે"

"ને પેલો વાનર જેવો તે ગોર પોતે ?" ,

"હા, એ સુદર્શન ગોર પોતે અને આ ધનુષલાલ લશ્કરીજ મને ત્યાં મૂકવા આવ્યો હતો"

કાશીબાઇએ એક શંકા કરી,

"પણ એ તમને ઓળખી કેમ ન શકયો ?"

"મને પણ જરા આશ્ચર્ય થયું લશ્કરી કે ગોર કોઇજ ઓળખી ન શકયું તે અજબની વાત પણ આજ એ વાતને પંદર સત્તર વર્ષ થઇ ગયા એટલે ભૂલી જાય તેમાં નવાઇ નહિ"

"અને તમારા ચ્હેરામાં પણ ઘણો તફાવત થઇ ગયો છે એ પણ કારણ ખરૂં. પહેલાં તમારૂં એક પ્રકારનું તેજ હતું, હવે બીજા પ્રકારનું છે," કાશીબાઇએ સ્મિતપૂર્વક મશ્કરી કરી.

ચંદ્રપ્રભા પણ હસી.

"એ તારૂં લાંબું ભાષણ હું સમજી ન શકી. પહેલાનું તેજ શું અને હવેનું તેજ વળી શું ?"

કાશીબાઇએ ખુલાસો કર્યો,

"ત્યારે તમે તો સમજતાંજ નથી ને ? પહેલાનું તમારૂ તેજ રાજસિક હતું, અને હવે સાત્વિક તેજથી તમે દીપો છો એટલે રાજસિક આંખો હવે તમને ઓળખી શકે તેમ નથી"

"આ બધું મુખસામુદ્રિક તું ક્યાં શીખી ? દરદીઓની સારવાર કરવામાં ?"

"આ જ્ઞાન મુખસામુદ્રિક કહેવાય કે નહિ તે હું જાણતી નથી, પણ અનેક દરદીઓના અનુભવથી મને ઘણું જાણવાનું મળ્યું છે તે વાત ખરી છે !"

'એટલેજ તમે નર્સો આટલી બધી હુંશિયાર હો છો !"

"અને છતાં એ હુંશિયાર નર્સો ચંદ્રા બહેનને પૂજે છે !"

ચંદ્રપ્રભા મ્હાત થઇ સ્મિત કરીને એકીટસે અવર્ણનીય પ્રેમથી કાશીબાઇની આંખો સાથે આંખો મેળવીને ઘડીભર ઉભી રહી, ક્ષણમાં સ્નેહસકેતરૂપ તમાચો કાશીબાઇને માર્યો. કાશીબાઇથી હસી પડાયું ઉભય એક ઘટાના પડછાયામાં ઉભી હતી તેથી દૂરથી કોઇ આ તોફાન જોઇ શકે તેમ નહોતું. છતાં પવનથી પાંદડાનો અવાજ થતાં બન્ને ચમકી, પાછળ જોયું પણ કોઇ દેખાયું નહિ તેથી એકએકથી શરમાઇને ફરીથી હસી પડી ચંદ્રપ્રભા કાશીબાઇનો હાથ ઝાલી તેને પાસેની એક એકાન્ત ઘટામાં લઇ ગઇ, અને બન્ને એકએકની સોડમાં ઘટાની છાયામાં છુપાયેલા બાંકડા ઉપર બેસી ગઇ

"ચંદ્રા બહેન, હવે આ ગુપ્ત ભેદ આપણે ક્યાં સુધી રાખવો છે ?

'પણ એ કહી દેવાથી ફાયદો શો? બિચારી બન્ને એક એકને અનન્ય પ્રેમથી ચાહે છે તેમા જો એક સાથેનો મારો સબધ એમને માલમ પડે તો એ સ્નેહ વહેચાઇ જાય એમ તને લાગતુ નથી? ઉભય આપણી પાસે બહેનો તરીકે જાહેર થઇ છે તો એ ભ્રાન્તિ દૂર કરી બન્નેને શા માટે શરમાવવી જોઇએ?"

"ત્યારે એ વાત કદિ કોઇને કહેવાનીજ નહિ?"

"કારણ વિના નહિજ"

"માતા પુત્રીની નિકટમા રહે છતા પુત્રી માતાને ન ઓળખે તે કેટલી કરૂણાજનક સ્થિતિ?"

"પરતુ માતાનો શરમભરેલો પૂર્વાશ્રમ પુત્રી જાણે તે વધારે કરૂણાભરેલુ નહિ?'

ચદ્રપ્રભાના આ શબ્દોથી કાશીબાઇની આખોમાથી અશ્રુના બે બિદુ સરી પડ્યા તુરતજ કુમારી-આશ્રમમા કુમારીઓનુ સગીત પણ શરૂ થયુ કોઇ અલૌકિક મધુરો સ્વર પ્રથમ એકલો સભળાયો અને પછી બીજીઓએ તે ઝીલી લીધો

"ચદા બહેન' ઓળખ્યો એ સ્વર?" અત્યાર સુધી બહાદૂર રહેલુ હૈયુ આ માર્મિક શબ્દથી બાળકની માફક રડી પડ્યુ

કાશીબાઇ ચદ્રપ્રભાનુ હૈયુ કળી ગઇ અને બોલી,

"તમે ભૂલોછો ચદા બહેન' એ સૂર સુધાનો છે

કાશીબાઇની યુકિત સફળ થઇ તેના શબ્દોએ શકા ઉત્પન્ન કરી, અને એ શકાના ઉત્તર આપવામા ચદ્રપ્રભાની અશ્રુધારા ક્ષણવાર અટકી

"નહિ, એજ મ્હારી વ્હાલી સ્નેહવીણાનો સૂર'

પ્રકરણ ૧૯ મું.

સુધા અને વીણાની ઓળખ

ચન્દ્રપ્રભાને માથે ધર્મસંકટ આવી પડયું હતું સુધાકુમારી અને સ્નેહવીણા "સ્ત્રી પ્રગતિ સમાજ"માં દાખલ થઇ હતી બન્નેએ પોતાનો ખરો ઇતિહાસ છુપો રાખવાનો પ્રયત્ન કર્યો હતો અને બન્ને બહેનો તરીકે ઓળખાતી હતી. પરંતુ ચન્દ્રપ્રભાએ તેમજ કાશીબાઇએ એમનો ખરો ઇતિહાસ ધીમે ધીમે મેળવી લીધો હતો વાચકે અનુમાન કરી લીધું હશે કે "પુરાણ વસ્તુ શોધક સમાજ"ના ઐતિહાસિક કાષ્ઠ-લેખમાં જે ચંદ્રપ્રભાનું નામ આવતું હતું તે આ ચન્દ્રપ્રભા પોતેજ હતી, અને નિપુણચન્દ્રે એ કાષ્ઠ લેખનો અર્થ બરાબર વટાવ્યો હતો પોતાની પુત્રી સ્નેહવીણા પંદર સોળ વર્ષ પછી આવી રીતે અચાનક પોતાને મળશે એમ ચન્દ્રપ્રભાએ સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું સ્નેહવીણા કિશોરાવસ્થામાંજ માતાથી વિખુટી પડી હતી એટલે તેણી પોતાની માતાનો ઇતિહાસ ન જાણે અને માતાને ઓળખી ન શકે તે સ્વાભાવિક હતું એટલુંજ નહિ પરંતુ બિહાગવનમાં એકાદ વર્ષ વીતી ગયા પછી પણ સ્નેહવીણા ચન્દ્રપ્રભાને ઓળખી શકી નહોતી, જો કે માતા સર્વ ઇતિહાસથી વાકેફ હતી

જેમ સ્નેહવીણાથી કેટલીક હકીકત ગુપ્ત રાખવામાં આવી હતી તેમ સુધાકુમારીથી પણ એક બાબત અત્યાર સુધી છુપી રાખવામાં આવી હતી. પરંતુ એ બાબત હવે

વહેલી મોડી જાહેર થયા વિના રહેવાની નહોતી બિહાગવનના ત્રણુ જૂદા જૂદા ખૂણામા આવેલા મકાનોની આપણે કઇક ઓળખાણ કરી છે, પરતુ હાલ ચોથા ખુણામા એક નવીન મકાન લગભગ તૈયાર થઇ રહેવા આવ્યુ હતુ આ મકાન ખાસ માદાઓની માવજત અર્થેજ ('નર્સિંગ હોમ' તરીકે) ઠલાયદુ રાખવામા આવનાર હતુ આટલી હકીકતથી બિહાગવનના સર્વ નિવાસીઓ જાણીતા હતા પરતુ સુધાકુમારીને ખરૂ કુતુહલ તો ત્યારેજ ઉત્પન્ન થયુ કે જ્યારે મકાનના આગલા ભાગમા મકાનનુ નામ કોતરાવવામા આવ્યુ. શિલ્પીએ 'પ્રમોદ ભુવન" શબ્દો કોતર્યા કે તુરતજ સુધાનુ ચિન્ત ચગડોળે ચડયુ "પ્રમોદ" શબ્દ કોને ઉદ્દેશીને છે તે અનેક બિહાગવનવાસિનીને પૂછ્યુ પણ કોઇએ સતોષકારક ઉતર આપ્યો નહિ કાશીબાઇ અને ચદ્રપ્રભાને પણ યુકિતસર પ્રશ્ન કરવામા આવ્યો, પરતુ તેઓએ તો પ્રમોદભુવન એટલે આનદભુવન એમ અર્થ કરીને વાત ઉડાવી

નહાની બાળાઓ પાસેથી છેવટે બાતમી મળી કે કોઇ શેઠના ખર્ચથી પ્રમોદભુવન બાધવામા આવ્યુ છે સુધાનુ કુતૂહલ વધ્યુ એક દિવસ બપોરના બાર વાગતે સર્વ ભોજનશાળામા ગુથાયા હતા ત્યારે સુધા એકલી બહાર નીકળી આવી અને પ્રમોદભુવનના મિસ્ત્રી પાસે આવીને ઉભી

"મિસ્ત્રી, આ નામ તમે કોતર્યુ તેમા પ્રમોદ એટલે કોણ " સુધાએ મિસ્ત્રી પાસે આવતાજ પ્રશ્ન કર્યો.

"કેમ, તમે નથી જાણતા, બહેન ? પેલા મુબઇવાળા શેઠ અહિ માદા થઇને આવ્યા હતા તે "

"હા હા, યાદ આવ્યુ હુ તદ્દન ભૂલી ગઇ એ શેઠનું નામ શુ વારૂ?" સુધાએ વધારે હકીકત મેળવવાને યુકિત કરી

"પ્રમોદલાલ શેઠ બિચારા ભગવાનનુ માણસ હતા પણ લોકો એટલા સ્વાર્થી છે કે કાઇ કોઇનુ નથી તમારા પેલા તારાબાઇ ન હોય તો પ્રમોદલાલ શેઠ જીવવા પામે નહિ કે' છે કે સગી દીકરી હતી તે પણ ન્હાસી ગઇ છે"

"પ્રમોદલાલ શેઠ પછી કયા ગયા તેની તો ખબરજ પડી નહિ!" સુધાએ અનુમાનના આધારે વાત આગળ ચલાવી

"હા એ તો જુઓ કે' છે કે બધો પૈસો ચંદાબાઇને આપી ગયા તે વાત સાચી?" મિસ્ત્રીએ સુધા પાસેથી બાતમી મેળવવાનો પ્રયત્ન કર્યો

"થોડી સાચી ને થોડી ખોટી," સુધાએ પોતાનુ અજ્ઞાન છુપાવવાની યુકિત રચી

દરમિઆન "સુધા બહેન! ઓ સુધા બહેન"ની કોઇએ બૂમ પાડી અને સુધા કુમારી-આશ્રમ તરફ દોડી

બૂમ સ્નેહવીણાનીજ હતી બપોરનુ ભોજન કર્યા પછી થોડો સમય સર્વ આરામમા ગાળતા સ્નેહવીણા અને સુધા આ વખતે હમેશા પોતાની ખાસ મુકરર કરેલી ઘટાની છાયામા દોરડાને હિંચકે બેસીને વાર્તાવિનોદ કરતી આજે સ્નેહવીણાને સુધા પાસે પેટ ભરીને વાતો કરવાની હતી એટલે હિંચકો અનુકુળ નહોતો, તેથી લીલા મખમલ જેવા ઘાસથી આચ્છાદિત થયેલો અને ગીચ વૃક્ષોની છાયામા આવેલા ક

ત્રિકોણાકાર જમીનના ટુકડા ઉપર પોતે સૂતી થોડો સમય રાહ જોઇ છતા સુધા આવી નહિ તેથી હરિણીની માફક અધી બેઠી થઇને આસપાસ નજર ફેંકવા માડી છેવટે દૂરથી સુધાને સ્નેહવીણાએ પ્રમોદભુવન પાસે ઉભેલી જોઇ, અને "સુધા બહેન ' ઓ સુધા બહેન"નો ટહુકો સુધાના કાનને પહોચાડયો ટહુકો સાભળતાજ સુધા પોતાની સખીને ભેટવા હરિણીની માફક દોડતી આવી

"ત્યાં પેલા કડિયા પાસે શુ કરતા હતા ?" સ્નેહવીણાએ મ ગલાચરણ કર્યું

સુધા સ્નેહવીણા પાસે બેઠી અને તેણીના ગળામા પોતાનો હાથ નાખીને બોલી

"અલી, આવુ બોલતા કયાથી શીખી ?"

' તમારી પાસેથી "

"શ્રીનગરમા તો ગરીબ ગાય જેવી હતી "

"અને હજીયે કયા નથી ?" સ્મિતપૂર્વક ભ્રુકુટિ સ્હડાવતાં સ્નેહવીણાની મધુરી લુચ્ચાઇ પ્રકાશી નીકળી

"ત્યારે બોલ, હવે તારે શુ કહેવુ છે ?" સ્નેહવીણાના કંઠમાથી હાથ સેરવી લઇ સુધા સહસા ઉભી થઇ ગઇ, અને આસપાસ ઉડતા કાગળના કટકા વીણી લઇને પાસે આવેલી કચરાની ટોપલીમા નાખવા ચાલી

સ્નેહવીણા રીસાણી,

"આવજો હુ તો આશ્રમમા જાઉ છુ "

"કેમ ? ત્યારે મને બોલાવી શા માટે ?"

"આ કચરો ભેળો કરવા માટે.'

સુધા હસી પડી પાછી ફરી, સ્નેહવીણાનો હાથ ખેંચી તેને ઉભી થતી અટકાવી અને ખોળામા કાગળના ટુકડા મકી પાછી સ્નેહવીણા પાસે બેઠી.

"આ રિસાવાનુ પણ એજ શિખવ્યુ કે ?"

"હાજતો તમે પુસ્તકો વાચતા શિખવ્યુ અને પુસ્તકોએ રિસાતા શિખવ્યુ.'

'વારુ, પણ તુ સવારે કહેતી હતી કે તારે પેટ ભરીને વાતો કરવી છે તેનુ મગલાચરણ કરવુ છે કે નહિ ?"

"મગલાચરણ તો થઇ ગયુ હવે તો પહેલો અધ્યાય શરૂ થશે"

"ચાલો ત્યારે શરૂ કરો, શાસ્ત્રી મહારાજ !" સુધા અદબપલાઠી વાળીને બેઠી અત્યાર સુધી ગભીર મુખ રાખીને વાતો કરનારી સ્નેહવીણા અટ્ટહાસ્ય કરવા મડી સુધાના અદબપલાઠી અને માન ચલ્લુજ રહ્યા તેમ સ્નેહવીણાનુ હાસ્ય ખીલતુ ગયુ સુદર્શન ગોરના ઘરમા હમેશા બેચારવાર રડનારી, ગભીર, કરૂણામય મુખાકૃતિ આટલી છૂટથી અને આટલા આનદથી હસી શકે તે સ્નેહવીણાના જીવનમા જેવુ તેવુ પરિવર્તન નહોતુ સો વર્ષના ડોસા જેટલુ ડહાપણ બતાવનારી "વેણકી" આજે મશ્કરીની મઝા માણે તે સુધાકુમારીની સ્નેહભરી સંગતિની જેવીતેવી અસર નહોતી. આ વિચાર સુધાને આ ક્ષણે બહુ તીવ્ર રીતે થયો

તેની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાયા. રખેને સ્નેહવીણા આ આંસુ કળી જશે એ ભીતિથી પોતાની હાસ્યજનક ગંભીરાઇ છોડી સુધા પણ ખૂબ હસવા મંડી પડી અને એ રીતે આસુને છૂપાવ્યા.

છેવટે સુધાએ ગંભીરતાથી વાત શરૂ કરી, "ચાલ, આપણે ખૂબ હસી લીધું. હવે તારી વાત કહે"

"વાત તો એટલીજ કે ગઇ રાત્રિએ કોઇ અહિ આવ્યુ હતુ તે તમે જાણ્યુ ?"

"કયારે ? કોઇએ ત્રણવાર જોસપુર્વક ઘંટ વગાડયો હતો એટલુ મારા ધ્યાનમા છે"

"બસ એજ પ્રસંગે"

"પણ હતુ કોણ ?"

"હતા તો ઘણાયે જણ પોલિસના માણસો મારા સુદર્શન કાકા અને બુદ્ધિદર્શન"

"હે ! તે શી રીતે જાણ્યુ ?"

"મને શંકા તો કયારનીયે હતી. ચંદ્રપ્રભાબહેન તથા કાશીબહેનને આ સબંધી વાતો કરતા મે સાભળ્યા હતા તે લોકો મારે માટે મુંબઇમા તપાસ કરતા હતા એમ ચંદાબહેન કહેતા હતા, અને ચંદાબહેન આપણને ઓળખી ગયા હોય એમ મને શંકા જાય છે"

"અને છતા આ બધુ તે મને કહયુ જ નહિ ?"

"પણ મારી ખાત્રી થાય ત્યારે કહુ ને ?"

"વારૂ, પણ ગઇ રાત્રિએ પેલા લોકો આવ્યા હતા તેની ખાત્રી શી?"

"ખાત્રી એજ કે આપણુ ગીત બધ પડયા પછી હું દરવાજાની આસપાસ ભમતી હતી અને ત્યા મે નજરોનજર સુદર્શનકાકાને અને બુધ્ધિદર્શનને જોયા, અને પોલિસનો અમલદાર ચદાબહેન સાથે વાતો કરતો હતો તે પણ થોડી ઘણી સાભળી"

"કુમારી–આશ્રમમા રહીને આ પ્રમાણે ચોરી કરતાં શીખીને?" સુધાએ ઠપકો આપ્યો

સ્નેહવીણાએ નિર્દોષ ઉત્તર દીધો, "એમા ચોરી શાની? અધિષ્ઠાત્રી પોતે મારાથી વાતો છાની રાખે તેમા ચોરી નહિ અને હુ મારી પોતાની હકીકત જાણવા પ્રયત્ન કરૂં તેમા ચોરી!'

"વારૂ પછી બીજુ કાઇ?"

"બીજુ કાઇ? હે! બીજુ કાઇ!" પાણીનો ઘુટડો પીતી હોય તેમ એક એક શબ્દ ગળીને સ્નેહવીણા બોલી

સુધા અધીરી થઇ

"કેમ, બહુ વિચાર કરવો પડે છે? વાત કરવી તેમાયે તારો લ્હેકો તો ખરોજ"

સ્નેહવીણા ખડખડ હસી પડી,

"ત્યારે અમારે બોલવુ શી રીતે? બોલિયે તો મશ્કરી કરો, મુગા રહીએ તોયે મશ્કરી કરો, ચાલીએ તો મશ્કરી કરો, ઉભા રહીએ તો મશ્કરી કરો, બેસીએ તો મશ્કરી કરો"

"તમારા ભાષણની ઝમક જોઇ હવે બીજો અધ્યાય શરૂ કરો"

"બીજો અધ્યાય ટુંકોજ છે. જેમ પહેલા અધ્યાયમા તમે અને ચોર ઠરાવી તેમ બીજા અધ્યાયમા હુ તમને જુઠા ઠરાવવા માગુ છુ."

"ત્યારે બતાવો તમારૂં પરાક્રમ"

"તમે મને કહેતા હતાં કે તમારા પિતાજી કયાં છે તેની તમને ખબર નથી! અને એમના નામથી તો આ પ્રમોદભુવન ચણાય છે!"

"પ્રમોદભુવન એમના નામથી ચણાય છે કે નહિં તે હુ જાણુતી નથી, પણ એમ હોય તો પણ મે કહેલી હકીકત ખોટી શી રીતે ઠરે છે?"

"એટલા ઉપરથી કે તમે તો મારી પાસે ગરીબ તરીકે ઓળખાતાં હતા અને તમારા પિતા બહુ શ્રીમત છે એમ મને ખબર મળ્યા છે"

"મારા પિતા શ્રીમત હોય તેથી હુ ગરીબ ટળી જતી નથી"

"આ બધો ભેદ તમે મને સમજાવ્યો નહોતો"

"તે વખતે સમજાવવાનુ કારણ નહોતુ"

"વારૂ, હવે સમજાવશો?"

"તારો અધિકાર આવશે એટલે આપોઆપ તુ સમજી જઈશ"

"ચાલો, ત્યારે હમણા તો અમે નાલાયક છિએ," સ્નેહ-ગાણા છણકો કરીને ચાલવા જતી હતી ત્યા સુધાએ અટકાવી

"પણ આ બધી બાતમી તે મેળવી કયાથી એ તો કહે"

"બિહાગવનમા બધા જાણે છે આપણી ગેરહાજરીમા ઘણીયે વાતો થાય છે તે બધી ચોરી કરી કરીને મેં ભેળી કરી લીધી છે"

"તુ હૂશિયાર ખરી"

"પોતાના સબધી હકીકત મેળવુ ત્યારે હુશિયાર અને મારા સબધી કાઇ જાણુ 'તો ચોર! ધન્ય છે તમારી ન્યાયબુધ્ધિને, સુધાબહેન!"

સુધા હસી પડી, સ્નેહવીણાને આલિંગન કર્યું અને પોતાની વ્હાલી સખીની જીત કબુલ કરી, "તુ જીતી અને હુ હારી બસ, હવે ખુશી થઇ?"

"ખુશી તો ત્યારે થાઉ કે તમે જે સ્નેહીની વાત હરવખત કરો છો તેની સાથે તમે લગ્ન કરો અને પછી મને તમારા મુબઇ શહેરમા તમારી મેમાન તરીકે બોલાવો"

"પણ તે પહેલાં તારા સ્નેહી સાથે તો તુ ચોકસ કર"

"કયા સ્નેહી?"

"જેના લેખ તુ હમેશા વાચે છે તે"

"મારા સમ, હુ કાઇ સમજતી નથી"

"ખરેખર? આ ઍાંગ્લે ન્યુસના તત્રી તે તારા પૂર્ણકાન્ત"

સ્નેહવીણા ચુપજ રહી સુધાએ આગળ ચલાવ્યુ,

"ઘણા વખત પહેલા તે અહિ આવનાર હતા, પણ કોણ જાણે કેમ અટકી ગયા 'હવે આ અઠવાડિઆમાજ અહિ આવનાર છે આપણે અહિ છિએ તેની એને હજુ

ખાતમી મળી હોય એમ લાગતુ નથી. કોઇ કુલીના નામની કુમારીને લઇને આવવાના છે."

સ્નેહવીણાનુ મસ્તક પ્રસ્વેદથી ભીનુ થઇ ગયુ, શરીરમા કપ થયો, અને બોલવાનુ સૂઝયુ નહિ એટલામા ચદ્રપ્રભા અને કાશીબાઇ આ દિશામા આવતી દેખાણી સહસા સુધા અને સ્નેહવીણા ઉભી થઇ ગઇ ચદ્રપ્રભા અને કાશીબાઇ પાસે આવતાં બંને, બહેનો'એ નમસ્કાર કર્યા.

ચદ્રપ્રભા બોલી,

"ત્યાજ બેસી રહો અમારે પણ તમારી સાથે કેટલીક વાતો કરવાની છે"

પ્રકરણ ૨૦ મું.

'બૉમ્બે ન્યુઝ'ના તંત્રીનું બજેટ.

નિપુણચંદ્રે ચંદ્રપ્રભાને દેવલાલી આવવાનું વચન આપ્યું હતું, પરંતુ હજુ સુધી તે વચન તે પાળી શકયો નહોતો જે 'પેપર'ની ઑફિસમા તેની નોકરી હતી તે 'પેપર'નો બોજો દિવસે દિવસે નિપુણચંદ્ર ઉપર આવવા લાગ્યો, એટલે નિપુણચંદ્રનાં બીજા પ્રોગ્રામો અનિયમિત થવા મડયા ધીમે ધીમે "બૉમ્બે ન્યુઝ"ના અગ્રલેખો લખવાનું પણ તેને સોપવામા આવ્યું એ અગ્રલેખોએ જાહેર પ્રજાનું ધ્યાન તુરતજ ખેચ્યુ કેટલાકો નિપુણચંદ્રની Born Journalist (જન્મથીજ પત્રકાર)ના નામથી પ્રશસા કરવા લાગ્યા કેટલાકો ટુંકા સમયમાજ પત્રકાર તરીકે નિપુણની નિપુણતા જોઇ વિસ્મય પામ્યા 'બૉમ્બે ન્યુઝ' ના માલેકને અનેક દિશામાથી અભિનંદનો મળવા મડયા નિપુણ ઉપર પત્રના માલેકની મહેરબાનીનો પાર રહ્યો નહિ આટલી નહાની વયમા, ગ્રૅજયુએટ થયા વિના, ઇંગ્લંડ ગયા વિના, અને કોઇ અનુભવી (Veteran) પત્રકાર નીચે તાલીમ લીધા વિના, નિપુણ પોતેજ આ ઉત્તમ અગ્રલેખોનો લેખક હોઇ શકે તે બીજા અનેક પત્રકારોએ માન્યુંજ નહિ

"આ નહાનલા પોરિયાનું એદિતર (તંત્રી) તરીકે નામ આપવું એબી એક જાતની ઍદવરતિઝમેન્ત (જાહેરાત) છે તું સું ધારેચ જમસેદ?" એક પારસી પત્રકારની ઑફિસમા આ પ્રમાણે વાતચીત ચાલી રહી હતી.

જમશેદજી પણ એક જૂના પત્રકાર હતા એટલે એમને 'બૉમ્બે ન્યુઝ' માટે બહુ માન નહોતુ

"એમજ તો, પન તમુને આય પેપરના આર્તિકલોમા એવુ તે સું એકસ્ત્રા ઑર્દિનરી (અસાધારણ) લાગેચ તે હુ સમજી શકતો નથી આય આર્તિકલોં કોઇ દંહારી વિનાના પોરિયાએજ લખેલા હોવા જોઇએ, નહિ તો તે મીઠા વિનાના હોઇ સકેજ નહિ"

ત્રણ ચાર પત્રકારો અને તેઓના કેટલાક મિત્રો અને ખુશામતખોરોની લગભગ આખી મંડળી ખડખડ હસી પડી તેમાથી એક ઇસ્કી ગુજરાતી જુવાન ઉભો થઇને જમશેદજીનો વાસોજ થાબડવા મંડયો, અને બહુજ લહેકાથી બોલ્યો,

"વેલ ડન! વેલ ડન! ડિયર ઓલ્ડ બૉય! હુ બી એજ કહુચ કે આ ટકાના તીન સેર આર્ટિકલોમા બજ્યુ છે શુ?"

પ્રથમ પત્રકાર મિ૦ રૂસ્તમ ફરામે જવાબ આપ્યો,

'ગમે તે હો, પન 'બૉમ્બે ન્યુસ'નુ સેલ (ખ્રેચાણ) આ લેખોથી વધિયુચ તેમા કોઇથીબી ના પારી સકાસે નહી"

"તમુને કહ્યુ કોન્ને? આ રૂસ્તમ બી થીક તરાકા થોકેચ" જમશેદે શંકા ઉઠાવી

અત્યાર સુધી એક બીજા ગુજરાતી જુવાન તદન શાંત હતા તેણે હવે વાતમાં ભાગ લેવાનું શરૂ કર્યું.

"નહિ, મિ૦ જમશેદજી, તમારી ભુલ થાય છે મિ૦ નિપુણચંદ્ર એડિટર થયા પછી 'બોમ્બે ન્યુસ' નો ફેલાવો લગભગ બમણો થયો છે"

આનો રદિયો આપવાને પાછા ઇસ્કી ગુજરાતી જુવાન આગળ પડયા,

મિસ્ટર! એ ફેલાવો આ ભાઇ સાહેબને લીધે થયોચ એ તમે સાથી જાણ્યુ ? તમે બી શુ એ પોરિયાની માફક "ઑમ્બે ન્યુસ"ના માલેકના જમાઇ છો કે શું ?"

મ ડળ પાછુ હસી પડયુ, અને આ વખતે જમશેદજીએ આ ગુજરાતી જુવાનનો વાસો થાબડયો, અને એમના ટુંકા ભાપણ માટે અભિનદન આપ્યુ

" વેલ ડન! દીકરી! દોસ્ત મણિયા! તારૂ ભેજુ બી હવે ખીલતુ જાયચ, પન એ માલેકને છોકરી નથી એતલુજ તું ભુલી ગયોચ".

બીજા ગુજરાતી જુવાને પ્રશ્ન કર્યો,

"ત્યારે સારા એડિટરના સારા લેખોની અસર થતીજ નથી એમ તમે કહેવા માગો છો ?"

જમશેદજીએ ઉત્તર આપ્યો,

"હાસ્તો સરકયુલેશનનો આધાર કેનવાસિગ ઉપર છે વરી, પેપરમા ચિત્રો હોય, સુધરેલા પ્યારફારની દીલ ઉશકેરનારી વાતો હોય, મોટે ખાંચરેના લગનના વર્ણનો હોય, તેમજ એવા બીજા કોઇ ખલભલાટના ન્યુસ હોય, તો છાપુ ધીમ ખપવાનુ, પન લાબા લચરક ભાસણોથી કે ડાવકા લખાનોથી તમારા આજકાલના વાચનારાઓ રીઝી જાય તે સપનેબી સમજતા ના મારા બાવીસ વરસના છાપાખાનાના અનુભવમા મે કેથે પન સારા લખાનોની કીમત થયલી જોઇ નથી"

રૂસ્તમ ફરામનો મત જુદો હતો, તેથી તે વચ્ચે પડયો.

"જમસેદ, તુ બી ઠીક છોલ્યે જાયચ. તન પોતાને બત્રીસ વરસ થિયાંચ, ને તારો છાપાખાતાનો અનુભવ બાવીસ વરસનો એ બી કઉતક ! મને મારા પચીસ વરસના નકકર અનુભવમા તો ખાત્રી થઇચ કે આખરિયે સારા લેખોનીજ કિમ્મત છે તુ એમ માનેચ કે મારૂ "મુબઇ અવાજ" સારા લખાનો વિનાજ આટલુ' બધું' વધિયુચ ? બાવાજી, 'મુબઇ અવાજ' ની જાહોજલાલી તેના લખાનોથીજ વધેલીચ 'મુબઇ અવાજ' ના લખાનોએજ વાચનારાઓનુ દીલ ખેંચી રાખિયુ ચ, અને જે જે પેપરે ઉપરટપકેનોજ ઝલહલાટ બતાવ્યો ઉતો તે બધાની દશા આજે કેવી છે ? 'બૉમ્બે ન્યુસ' નો ગ જાવર ઉઠાવ થાયચ તેમા બે મત નથી. એ ઉઠાવ તેના ઉંચા લખાનને લઇને છે તેની બી ના પારી સકાંય તેમ નથી. સવાલ એટલોજ છે કે આય લખાનો પેલો પોરિયો નિમુન લખેચ કે બીજો કોઇ ?"

તુરતજ મણિયો બોલી ઉઠયો

"એ લખાણોનો લખનાર એ નિપુણિયો નથી તેને માટે હુ 'બેટીગ' કરવા તૈયાર છુ"

જમશેદ પણ સાથે ભળ્યો,

"હુ બી મનિકાન્તની સાથેજ છુ"

'ત્યારે સાહેબો તમે સર્વ ભૂલ ખાઓ છો હુ પોતે 'બૉમ્બે ન્યુસ'ની ઑફિસમાજ છુ, અને મિ૦ નિપુણચદ્રના હાથથીજ આ ઉત્તમ લખાણો લખાય છે આ આવતી કાલના અગ્રલેખના પ્રૂફ, અને આ મિ૦ નિપુણચદ્રના હાથથી લખાયેલો લેખ કેમ સાહેબ, ખાત્રી થઇ ? ત્યારે સાહેબજી મિ૦ માણકાન્ત"

આટલું કહી પોતાના ખીસામાંથી કાઢેલા કાગળિયા મંડળને બતાવી, બીજો ગુજરાતી જુવાન વીજળીની માફક અદૃશ્ય થઇ ગયો, અને આખુ મંડળ ઘડીભર સ્તબ્ધજ બેસી રહ્યુ.

આ પ્રમાણે સર્વત્ર નિપુણચંદ્રની ચર્ચા ચાલી રહી હતી તેટલાજ પ્રમાણમા નિપુણનો અભિનિવેશ પણ વધ્યો 'બૉમ્બે ન્યુસ'ને એક આદર્શ પત્ર કરવા માટે તેણે મહાન પ્રયત્નો આદર્યા આ અભિનિવેશમાં તેને પોતાની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ આવ્યો નહિ પરંતુ પત્રના માલેકે નિપુણની કિમ્મત યથાર્થ રીતે આંકી હતી, અને જો કે નિપુણને તો તેનો શરૂઆતનોજ પગાર દર માસે મળતો હતો, તોપણ તેને માટે તેના શેઠે એક મોટી રકમ અનામત રાખી હતી

નવુ વર્ષ શરૂ થયુ ત્યારે શેઠે નિપુણને પોતાને ઘેર બોલાવ્યો નિપુણને પ્રથમ તો શેઠે અનેક અભિનંદનો આપ્યા તેથી જુવાન તંત્રી શરમાઇ ગયો

શેઠે બીજી વાત ઉપાડી

"આપણે ત્યા તમને કેટલો સમય થયો, વારૂ ?"

"લગભગ દોઢ વર્ષ" નિપુણે જવાબ આપ્યો.

"હુ ધારૂ છુ કે તમારો પગાર હજુ તમને મળ્યો નથી ?"

"જી ના પગાર તો મને નિયમસર મળ્યે જાય છે"

"તમે કેટલું ઉપાડો છો ?"

"દર મહિને ૭૫ રૂપિયા."

"એ તમારો પગાર નથી. તમારો પગાર તો તમને વરસની આખરેજ મળશે. લો, આજ સૂધીનુ તમારૂ હવે ચુકતે થાય છે, અને આજથી નવા વર્ષની 'શરૂઆત થાય છે," આટલુ કહી શેઠે નિપુણચંદ્રના હાથમાં 'ચેક' મૂકયો.

નિપુણ 'ચેક' જોતાજ ચમકયો 'ચેક' રૂ ૨૭૦૦ નો હતો! નિપુણ ઘડીભર આ બનાવ સમજી ન શકયો ચેક એક વાર વાચ્યો, બે વાર વાચ્યો, અને છેવટે પોતાની શકા જાહેર કરી,

"ચેકમા આપની ભૂલ થઇ હોય એમ મને લાગે છે," એટલુ કહી નિપુણે ચેક પાછો આપવાની હીલચાલ કરી.

તુરતજ શેઠે ઉત્તર આપ્યો,

"નહિ, ભૂલ નથી થઇ રૂ ૨૭૦૦ નો છે ને ? તમારો પગાર રૂ ૩૦૦ લેખે ગણીને તમને આપેલ છે"

નિપુણ બોલી ન શકયો, બોલવા જતા થોથરાયો, છેવટે હિમ્મત કરી.

"સાહેબ, મારી લાયકાત કરતા આ અતિશય વધારે છે."

"તમારી લાયકાત તમે સમજી ન શકો તમારી લાયકાત કરતા અતિશય ઓછુ છે પણ એ બાબતની અત્યારે આપણે દલીલ કરવાની નથી તમારી લાયકાત ઓછી હશે તો આપણે આવતે વર્ષે ઓછુ કરી નાખીશુ."

શેઠનાં લાગણીભર્યાં હૃદયસ્પર્શિ વચનો પાસે નિપુણ લાચાર થઇ ગયો, અને અત્યત ભીના હૃદયથી ઘેર રવાના થયો.

આજે રવિવાર હતો એટલે ઑફીસમા જવાનું નહોતું, તેથી આ નવી આસમાની-સુલ્તાનીનો ,ઉપયોગ શો કરવો તેના વિચારમા નિપુણે આખો દિવસ ગાળ્યો. આખો દિવસ પસાર થયો છતા આ નવી પુજીની વ્યવસ્થા થઇ ન શકી છેવટે સાજના સમયે 'મુ ઝાએલુ મન દરિઆ તરફ દોરી ગયુ 'બૅક બે' ઉપર એક એકાત જગા મળી આવી ત્યાં 'બૉમ્બે ન્યુસ' નો તત્રી કાળા પત્થરો ઉપર બેસીને પોકેપોક રડયો જુવાન હૃદયને રડવાના અનેક કારણો હતા. અત્યારે બચપણ યાદ આવ્યુ, વિદ્યાર્થીઅવસ્થા યાદ આવી, સુધાકુમારી યાદ આવી, સ્નેહવીણા યાદ આવી, કુલીના યાદ આવી, નહાની જીંદગીની સર્વ ભરતી-ઓટ નજર આગળ ખડી થઇ જે પૈસાની ખામીએ ચીરાતા હૃદયે વિદ્યાભ્યાસ છોડવો પડયો હતો તે પૈસાનો ઉપયોગ અત્યારે શો કરવો તેની સુઝ નથી પડતી,-આ વિચારથી આખોમાથી અશ્રુધારા ચાલી

રડવાથી ઉકળેલુ હૃદય શાન્ત થયુ તેની સાથ સર્યાસ્ત થવાથી આસપાસનુ વાતાવરણ પણ શાન્ત થયુ. દરિઆના મોજાઓનુ સગીત પણ શાન્તિપ્રદ નિવડયુ. રેતી ઉપરથી પસાર થતા કોઇ કોઇ યુગલનુ શાન્ત શરમાળપણું પણ નિપુણચદ્રના દિલનો ક્ષોભ ઓછો કરવામા મદદરૂપ થયુ હવે કઇક ઉત્સાહપ્રેરક વિચારો તેના ચિત્તમા ઉભરાયા ખીસામાથી પેન્સિલ અને કાગળ કહાડી અતરના વિચારોને કાગળ ઉપર મૂર્તિમત કરવાનો પ્રયોગ શરૂ થયો પ્રથમ અનેક છેકા મારવા પડયા આખરે કાગળ ઉપર લખેલુ સુવ્યવસ્થિત અને યોગ્ય લાગ્યુ બે વાર, ત્રણ વાર, ચાર વાર, વિચારપૂર્વક,

પેન્સિલનો તાલ આપીને પોતાના નમ્ર બજેટની દરેક દરેક વિગત નિપુણે ચેક કરી. બજેટ પસાર થયું નિપુણના અંતરાત્મામાં અનેરી શાંતિ વ્યાપી રહી

પ્રિય વાચક, નિપુણના બજેટની વિગત જાણવાનું કદાચ તને પણ કુતૂહલ થયું હશે.' એ બજેટ તારાથી છુપાવવાનું નિપુણને ગમે તેટલું ગંભીર કારણું હોય, પણ અમને કશું કારણ નથી. તેથી નિપુણચંદ્રની રજા વિના, તેની ક્ષમા ચાહી, એ બજેટ નીચે રજુ કરીએ છિએ.

રૂ આ પા.	
૨૪–૦–૦	રામાનો પગાર વધારી આપવો
૨૫–૦–૦	ભોંય તળિયે રહેતી સુવાવડી બાઇને વાપરવા આપવા.
૬–૦–૦	વાચવા માટે નવું લૅમ્પ લેવું
૫૦–૦–૦	પ્રુફ રીડરના છોકરાને રમકડા ચોપડી અને ફી માટે
૫૦–૦–૦	પેલી વિધવા તેની પુત્રી સહિત સ્ત્રી-પ્રગતિ-સમાજમા જવાનુ કબૂલ કરે તો તેનું દેવુ ચુકવી આપવુ.
૧૦૦–૦–૦	સ્વર્ગસ્થ ધીરજલાલ માસ્તરના નિરાધાર કુટુંબને
૧૦–૦–૦	કુલીના બહેનને નવા વર્ષની પુસ્તકોની ભેટ.
૩૦૦–૦–૦	હિંદુ સુવાવડ ખાતાને.
૮૫–૦–૦	'બૉમ્બે ન્યુસ' વહેચનારા છોકરાઓને જોઇતી ચીજો લઇ આપવી.
૧૫૦–૦–૦	કેદીઓને અર્થે.
૨૦૦–૦–૦	છુટેલા કેદીઓ માટે

૧૦૦-૦-૦ મ્હારી કૉલેજના ગરીબ વિદ્યાર્થીઓને
૫૦-૦-૦ કુલીના બહેનને ત્યાંથી ગોવિંદ પટેલનું ઠેકાણું મેળવી તેને મોકલી આપવા.
૫૦-૦-૦ ગિરગામમાં મારી ઓરડીમાં મારૂં કામ કરી જતી તે મેઘીબાઇનાં છોકરાઓને.
૧૦૦-૦-૦ સુધાના પિતાની સારવાર કરનાર નર્સ કાશીબાઇનું શિરનામું શોધીને મોકલી આપવા
૧૪૦૧-૦ ૦ દેવલાલીની સ્ત્રી-પ્રગતિ-સમાજને

———
૨૭૦૦-૦-૦

આ બજેટ માત્ર અચાનક આવી પડેલી આમદાનીને ઉદ્દેશીને હતું. નિપુણના હમેશના સાદા જીવન માટે રૂ ૭૫ ની વહેંચણી તેણે કરી રાખી હતી તે તો કાયમજ રાખવામાં આવી.

'બૅંક' ઉપર આ મહત્વનું કાર્ય પૂરૂં કરી નિપુણ ઘર તરફ શાન્ત ચિત્તે પાછો ફર્યો. હવે, આ નવીન બજેટની વ્યવસ્થા કરવાનોજ પ્રશ્ન બાકી હતો. લગભગ બધી વ્યવસ્થા પત્રોદ્વારા કરવાનો નિપુણે સંકલ્પ કર્યો, પરંતુ સ્ત્રી-પ્રગતિ-સમાજની હજુ તેણે મુલાકાત લીધી નહોતી તેથી ત્યાં જાતે જઇને એ સમાજની અધિષ્ઠાત્રીને પોતાની નમ્ર ભેટ આપવાનું ચોકસ કર્યું. ચંદ્રપ્રભાની પ્રશંસા તેણે બહુજ સાંભળી હતી, અને તેણીની એકજ મુલાકાતે તેના ઉપર અજબ અસર કરી હતી. તેથી કુલીનાને સાથે લઇને દેવલાલી જવાને તે ઉત્સુક થયો. કુલીનાને પૂછ્યું તો કુલીનાએ હા પાડી. આવતા રવિવારે દેવલાલી જવાનું પ્રોગ્રામ ચોકસ થયું. નિપુણનું નવીન બજેટનો ઉપયોગી ભાગ અમલમાં મૂકાવાની અણિ ઉપર આવ્યો.

પ્રકરણ ૨૧ મું.

"મુંબઇના એક શેઠિયાનું અચાનક ગુમ થવું."

પ્રમોદલાલનું ખરૂં દિલાસાસ્થાન તેની પુત્રીજ હતી. તેના જીવનમાં તેણે અનેક સંકટો વેઠયા હતા; તેથી હમેશ બનતા અનેક નહાના મોટા બનાવોને માટે તેને હવે બહુ હર્ષ શોક થતો નહિ. ભર જુવાનીમાં પોતાના નહાના ભાઇની ઝળકતી જીંદગીનો અંત આવ્યો ત્યારથીજ પ્રમોદલાલને સંસાર સૂનો થઇ ગયો હતો પરંતુ ત્યારબાદ પોતાનો એકનો એક છોકરો કે જેને માટે તેણે મોટા સ્વપ્નાઓ બાંધ્યા હતા તેનું આકસ્મિક મૃત્યુ થવાથી પ્રમોદલાલના જીવનમાં વિશેષ વિઘ્ન રેડાયું તેની શાણી પત્નીના દિલાસા વિના તેની શી સ્થિતિ થાત એ સંબંધી અનેક લોકોએ ઘણા તર્કવિતર્ક કર્યા હતા પરંતુ દિલાસો આપનારી પોતેજ જયારે આ માઠા બનાવો પછી ટુંક મુદતમાં ચાલતી થઇ ત્યારે પ્રમોદલાલના દુઃખનો અવધિ આવ્યો આવી સ્થિતિમાં સુધાકુમારી તેણીના પિતાના પ્રાણનો પ્રાણ થઇ પડે તે સ્વાભાવિકજ હતું, અને જયારે તેણીએ પણ અતિ કરૂણાજનક રીતે પિતાનું ગૃહ ત્યજયું ત્યારે પ્રમોદલાલને જીવન અસહ્ય થઇ પડયું

મનુષ્ય દુઃખમાં સ્વાભાવિક રીતે તત્વદર્શી બને છે. સંસાર સાથે પોતાનો વાસ્તવિક સંબંધ વિચારવાનું કારણ દુઃખથીજ મળે છે. વાસનાઓની બેડીઓ દુઃખમાજ તૂટે છે

હવાઇ કિલ્લાઓ દુ ખમાજ અદશ્ય થાય છે. વૈરાગ્ય દુ ખથીજ ઉત્પન્ન થાય છે જ્યા સુધી મનુષ્ય સાસારિક સુખના મોહથી મોહિત થયો હોય છે ત્યા સુધી તેને આત્મિક જરૂરિયાતો ઓછી હોય છે મહાન સત્યને સમજવા પહેલાં નહાનાં જૂઠ્ઠાણાંઓથી નિરાશ થવાની જરૂર છે. પ્રમોદલાલની આશાઓ એક પછી એક પાણીના પરપોટાની માફક ફૂટવા માંડી. સુધાકુમારીનો પત્તો આજે લાગશે, કાલે લાગશે, એ આશામા દોઢ બે વર્ષ વીતી ગયા અનેક સ્થળે મુસાફરી કરી પણ સુધા ન મળી નિપુણચદ્રને વારવાર પૂછવા છતા તેણે પણ ચોક્કસ માહિતી ન આપી, અને નિપુણચદ્રના શબ્દમા શકા લાવવાનુ કારણ નહોતુ કારણ કે નિપુણચદ્ર પણ સુધાની શોધમા ઘણો ભટકી આવ્યો હતો તે વાત પણ પ્રમોદલાલના જાણવામા આવી હતી

અહા! જે સુધા પોતાના પિતાને માટે પ્રાણ આપે તેવી હતી તે તેને આ વૃદ્ધ વયે ભયકર નિરાશામા મૂકતા અચકાણી નહિ! આ વિચારથી પ્રમોદલાલના હૃદયતતુઓ તૂટવા મડયાં તેની સર્વ આશાઓનો અત આ વિચારથી આવી ચુકયો અને જ્યારે જીદગીની છેલ્લી આશાઓ છિન્નભિન્ન થઇ ગઇ, ત્યારે તેનુ મન તાત્વિક વિચારોમા પરોવાયુ જ્યારે વ્હાલામા વ્હાલી પુત્રી પોતાના દુ ખી પિતાને ચાહે નહિ, ત્યારે દુનિઆમા સ્નેહ કયા શોધવો? જો સુધાનો સ્નેહ પણ સ્વાર્થી હોય તો નિસ્વાર્થ સ્નેહ જગતમાં સભવે ખરો? આ છેલ્લા પ્રશ્નથી પ્રમોદલાલનુ મુઝાએલુ મન ઉત્સાહિત બન્યુ, અને પોતાની બાકી રહેલી જીદગીમા કઇક

નવો રસ લેવાનું સાધન હાથ આવ્યુ હોય તેમ તેના શુષ્ક અને ફિકકા થઇ ગયેલા હોઠ ઉપર અચાનક સ્મિત પ્રકાશી નીકળ્યુ.

સ્નેહ એ અનુભવની વસ્તુ છે, કલ્પનાની નથી, એમ પ્રમોદલાલ માનતો હતો. તેથી અનુભવ વિના સ્નેહનુ સશોધન કરવુ કઠિન છે, અને પર્યટન વિના અનુભવ મળતો નથી એ વિચાર તેને સહજ આવ્યો પોતાની પાસે સંપૂર્ણ સાધન સપત્તિ છતાં અનેક સજોગોને લીધે પ્રમોદલાલ બહુ મુસાફરી કરી શકયો નહોતો, અને તેથીજ પોતે સસારમા છેતરાયો છે અને પોતાનો અનુભવ બહુ સાકડો છે એમ તેને લાગ્યુ પરિણામે તેણે સકલ્પ કર્યો કે સુધાની શોધમા મુસાફરી કરી હતી તેથી વિશેષ સ્નેહની શોધમા મુસાફરી કરવી તેથી ત્રણ ફાયદા થવા સભવ હતો. એક તો સસારનો ખરો અનુભવ અને સ્નેહની ખરી કસોટી થઇ શકે, ઉપરાત સુધાનો પત્તો પણ કદાચ લાગી જાય, અને પોતાની લથડી ગયેલી તબિયત મુસાફરીથી સુધરી શકે

પરતુ પૈસાદારોને દુનિઆનો ખરો અનુભવ મળતોજ નથી એમ પ્રમોદલાલનો ખાસ અભિપ્રાય હતો. પૈસાની ખુશામત સર્વત્ર થાય છે. એટલે મનુષ્યની ખરી કિમ્મત પૈસાની છાયા તળે થવી મુશ્કેલ છે એમ એનુ માનવુ હતુ. તેથી મુફલીસ હાલતમાંજ પોતે મુસાફરીએ ઉપડવું એમ તેણે નિશ્ચય કર્યો. પ્રમોદલાલ ઘણું મોટુ જોખમ ઉપાડવા તૈયાર થયો હતો તે નિશક છે. કારણ કે તેને ક્ષય લાગુ પડી ગયો

હતો, છતાં તેની તેને માહિતી નહોતી. કોઇ પણ ડાકટરની તેણે સલાહ લીધી ન હતી. સુધા ગયા પછી શરીરની સંભાળ લેવામાં તેને હમેશાં કંટાળો આવતો હતો.

તેના મનથી ખરી મુશ્કેલી એટલીજ હતી કે પોતાની મિલ્કતનું શું કરવું ? પ્રથમ તો એવોજ વિચાર આવ્યો કે કોઇ જાહેર ખાતામાં તેનો ઉપયોગ કરી નાખવો. પણ તુરતજ વિચાર બદલાયો. "જાહેર ખાતાઓ શું કરે છે ? દુનિઆમાં દંભી લોકોની ભરતી કરવામાજ તેઓ ઉપયોગી થતાં હોય તો એ ખાતાંઓને ઉત્તેજન આપવામાં શો ફાયદો ? ત્યારે કોઇ સ્નેહીને આપી દઉં તો ? પણ મારૂં સ્નેહી છે કોણ ? ખરા સ્નેહીની શોધ માટે તો હું ઉપડું છું. હા, જ્યાં નિસ્વાર્થ સ્નેહ મને મળી આવે ત્યાંજ મારો પૈસો વાપરવો. પણ ત્યાં સુધી તે કોને સોંપવો ?"

અનેક મિત્રો, ઓળખીતાઓ, ખુશામતખોરો, વકીલો અને સોલીસીટરો પ્રમોદલાલની નજર આગળથી પસાર થઇ ગયા, પણ કોઇ પણ માણસ તેના વિશ્વાસને પાત્ર જણાયો નહિ છેવટે નિપુણચંદ્રનું અચાનક સ્મરણ થયું. સ્મરણ થતાંજ પ્રમોદલાલનો નિશ્ચય બંધાયો મુસાફરીમાંથી પોતે પાછો ફરશે તેની તેને ખાત્રી નહોતી તેથી પાછળથી એવા માણસના હાથમાં પોતાનો પૈસો રહેવો જોઇએ કે જો તે તેનો માલેક બને તો પણ પ્રમોદલાલના દિલમાં અસંતોષ ન રહે. વળી પોતાનું આ વિચિત્ર પ્રોગ્રામ થોડું ઘણું પણ કોઇને જણાવ્યા વિના બધો બંદોબસ્ત થઇ શકે નહિ, તેથી વિશ્વાસુ માણસ એવો હોવો જોઇએ કે જેની પાસે કંઇક

ખુલાસો કરવામાં બાધ ન હોય. આવો માણસ તે નિપુણચંદ્રજ તે પ્રમોદલાલના અ તરમા તુરતજ જચી ગયુ, તેથી નિપુણને બોલાવ્યો.

નિપુણને સુધા સબંધી પૂછપરછ કરવા અર્થે કેટલીક વાર બોલાવવામા આવતો હતો એટલે તેણે ધાર્યું કે આ વખતે પણ એવુ જ કાઇ કામ હશે નિપુણે આવતા વારજ વાત શરૂ કરી

"આપે કહ્યુ હતુ તે સ્થળોમા પણ મે તજવીજ કરી હતી, પણ સુધાકુમારી ત્યા કદિ પણ ગયા હોય એમ જણાતુ નથી"

પ્રમોદલાલે આ વાતના અનુસધાનમાજ પોતાનો નવો નિશ્ચય બહાર પાડવાનુ યોગ્ય ધાર્યું,

"તમને મે ઘણી તસ્દી આપી છે હવે હું પાછો મુસાફરીએ નીકળવા વિચાર કરૂ છુ, પણ પાછળથી મારા કામકાજની સભાળ લેનારૂં કોઇ નથી એજ મુશ્કેલી છે"

"આપના માણસો તો ઘણા છે પણ આપની આવી તબિયતમા મુસાફરી કરવી સલાહકારક નથી"

"મુસાફરીથીજ મારી તબિયત સુધરશે એમ મને લાગે છે અહિ મારૂ મન સ્વસ્થ રહેતુ નથી"

"તો પછી થોડો સમય ફરી આવો તેમા બાધ નથી"

"પણ તમે થોડી જવાબદારી લઇ લો તોજ બની શકે"

'આપની સેવામાં હમેશા હાજરજ છું"

"મારા ઉપર તમારો આટલો પ્રેમ છે તેથીજ તમને આજે તેડાવ્યા છે મારી મિલ્કતની દેખરેખ તમને સોપવાનો મારો વિચાર છે"

નિપુણચંદ્ર ચમકયો. આટલી ગંભીર જવાબદારી માટે તે તૈયાર નહોતો.

" એ જવાબદારી મારા જેવો શી રીતે ઉપાડી શકે ? આપના બાહોશ મુનીમ સિવાય બીજાને એ કાર્ય સોપવુ યોગ્ય નથી."

"મુનીમ તમને દરેક પ્રકારની મદદ તો કરશેજ પણુ ધારો કે મુસાફરીમા મારૂં મૃત્યુ થયુ તો પછી તેની વ્યવસ્થા કોણુ કરે ?"

"આપના વારસો."

"પણુ મારો કોઇ વારસ નથી. સુધાકુમારી હતી તે ગઇ અને મારી મહેનતથી કમાયેલુ મારૂ ધન સન્માર્ગે વપરાય એવી મારી ઉત્કટ ઇચ્છા છે"

"તેને માટે આપે વીલ કર્યું જ હશે"

"નહિ, હવે કરવાનુ છે"

"ત્યારે પછી એમા મારી મદદની જરૂર રહેતી નથી"

થોડો સમય પ્રમોદલાલ ચુપ રહ્યો. છેવટે વિચાર કરીને તેણે પોતાની ઇચ્છા પ્રકટ કરી.

"નિપુણચંદ્ર, તમારે મારી ઇચ્છા કબૂલ રાખવીજ પડશે મે આ બાબત બહુજ ઉંડો વિચાર કર્યો છે, અને જો તમે મારા વારસ નહિ થાઓ તો મારી મિલ્કતનો સદુપયોગ થવો અશકય છે"

નિપુણચંદ્ર તો આભોજ બની ગયો ઘડીભર પ્રમોદલાલના શબ્દો સત્ય છે કે નહિ તે માટે તેને શંકા થઇ. પરંતુ પ્રમોદલાલની આંખો સામે નજર કરતા તે બહુ ગંભીરતાથી

અને નિશ્ચયપૂર્વક વાત કરતા હતા એમ નિપુણને જણાયું. છેવટે નિપુણે ઉત્તર આપ્યો.

"શેઠ સાહેબ, ક્ષમા કરજો, પણ આપની ઇચ્છાને હું અધીન થઇ શકતો નથી. હું એક ગરીબ જુવાનિયો છું આપની મિલ્કતનો સદુપયોગ તો એકં બાજુ રહ્યો પણ તેનો ઉપયોગ કરતા પણ મને નહિ આવડે એવાં અનેક જાહેર ખાતાંઓ છે કે જયાં આપનુ ધન યોગ્ય રીતે વાપરી શકાશે વળી મારે દુનિઆનો અનુભવ લેવો છે તે આવી આકસ્મિક વૃષ્ટિથી હુ લઇ શકુ તેમ નથી. કારણ ગમે તે હો, પરન્તુ હું અંતઃકરણપૂર્વક કહુ છું કે મને ગરીબી પ્રિય છે હા, મારી નમ્ર સલાહની જરૂર હશે તો હુ એટલુ કહી શકીશ કે કઇ કઇ સંસ્થાઓને ધનની જરૂર છે માટે મહેર-બાની કરીને આ બાબતમાં મારા ઉપર આધાર રાખશો નહિ"

નિપુણચંદ્રની આ નિઃસ્વાર્થતા જોઇ તેના પ્રતિ પ્રમોદલાલનુ આકર્ષણ શતધા વધ્યુ. નિપુણને અનેક રીતે વિનવ્યો, પણ 'જુવાન છોકરો' એકનો બે થયો નહિ છેવટે નિપુણ જૂદો પડયો અને પ્રમોદલાલ પાછો વિચારમાં ગરકાવ થયો

આ હકીકતને લગભગ એક અઠવાડિઉ વીતી ગયા પછી એક સાંજને વખતે પ્રમોદલાલના બંગલાની પાછળની ફુલવાડીમાથી કોઇ મુફલીસ જેવો વૃદ્ધ પસાર થતો એક પોસ્ટમૅને જોયો પોસ્ટના પટાવાળા પાસે કાગળોનો થોકડો હતો તે શેઠને પહોચાડવાને આ હાડપિંજર જેવા મજૂરને પટાવાળાએ આપવા માડયો. પણ પટાવાળાની ભૂલ હતી તેણે ધાર્યું

હતુ તેમ આ મજૂર 'શેઠ'નો નોકર ન હતો, કારણુ કે તેણે તુરતજ જવાબ આપ્યો, "શેઠના માણુસને અદર આપો"

મજૂરે ફૂલવાડીનો દરવાજો છોડયો ત્યારે થોડે દૂર ઉભેલા એક પોલિસની નજર તેના ઉપર પડી મજૂરની બગલમાં એક નહાનુ. પોટલુ, બંગલાના પાછલા ભાગમાથી સાજને સમયે ગુપચુપ તેનુ નીકળવુ, તેની આઠેક દિવસની ઉગેલી વિચિત્ર દાઢી, તેની શકાશીલ આખો, તેના શિથિલ પગલા, આ સર્વ જોઇને પોલિસને એકદમ શકા પડી પણ તુરતજ પોસ્ટવાળો પણ એજ દરવાજાદ્વારા બહાર આવ્યો એટલે પોલિસની શકા કઇક ઓછી થઇ બે મિનિટમા તો પટાવાળો આ મજૂરની સાથે થઇ ગયો અને તે બને વચ્ચે કઇક વાતચીત થઇ એટલે પોલિસને નિરાત વળી એ માણુસ ચોર તો નહિજ એમ તેની ખાત્રી થઇ

બીજીજ સાજે જાહેર છાપાઓમા મોટા મથાળા નીચે જે વિગત પ્રકટ કરવામા આવી તેને આ મજૂરના સાદા બનાવ સાથે કઇક સબધ હતો એક જાહેર છાપામા નીચે પ્રમાણે ખબર આપવામા આવ્યા હતા —

"મુંબઇના એક શેઠિયાનું અચાનક ગુમ થવુ."

ગઇ રાત્રિએ મુંબઇ શહેરના એક જાણીતા શેઠ પ્રમોદલાલ માધવલાલ અચાનક ગુમ થયાના સમાચાર બહાર આવ્યા છે એમ કહેવાય છે કે એમની પુત્રી સુધાકુમારી થોડા વર્ષ પહેલાં ગુમ થઇ ગઇ હતી, ત્યારથીજ પ્રમોદલાલ શેઠ બહુજ ગ્લાનિમા રહેતા હતા શહેરના જાહેર જીવનમાં ભાગ લેવાનુ

તેઓએ ઘણા વખત થયા છોડી દીધુ હતુ. થોડા સમય થયાં એમની તબિયત ઘણી નાદુરસ્ત રહેતી હતી ગઇ કાલે બપોર સૂધી તેઓ ચોપાટી ઉપર આવેલા પોતાના બગલામાં જોવામાં આવ્યા હતા ત્યાર બાદ તેઓનો પત્તો લાગ્યો. નથી. એક પોસ્ટમૅન તથા પોલિસનો સિપાઇ એવાં ખબર આપે છે કે તેઓએ 'પ્રમોદ વિલા'માથી એક શકમદ માણસને ગઇ કાલે સાજે પસાર થતાં જોયો હતો. પણ આ માણસનો હજુ સુધી પોલિસને પત્તો લાગ્યો નથી. પ્રમોદલાલ શેઠ પોતાની પાછળ મોટી મિલ્કત મકી ગયા છે તેની શી વ્યવસ્થા તેઓ કરી ગયા છે તે હજુ કોઇના જાણવામા આવ્યુ નથી"

આ બનાવ નિપુણચદ્રે સર ધનસુખભાઇની નોકરી છોડી તે પહેલા બન્યો

પ્રકરણ ૨૨ મું.

બિહાગવનનો દર્દી.

'પ્રમોદ વિલા'માથી પસાર થયેલા શકમદ મજૂરની હીલચાલ વિચિત્ર હતી તેમા શક નથી તેની પાસે કંઇક ખર્ચી તો હોવીજ જોઇએ, કારણકે બોરીબંદરના સ્ટેશન ઉપર જઇને તેણે ટીકેટ ખરીદી અને તે સાજની ટ્રેનમા ત્યાથી ઉપડયો એ વાત ચોકસ છે. કયે સ્ટેશને તે ઉતરી ગયો તે જાણવામા આવ્યુ નથી, પણ મુબઇથી રવાના થયા પછી ચોથે કે પાચમે દિવસે તે દેવલાલીમા જોવામા આવ્યો તેને આગલે દિવસે તે નાસિકમા ફરતો દેખાયો હતો

દેવલાલીમા તે મરણ પથારીએ પડયો હોય એમ લાગતું હતુ. તેનુ હાડપિંજર જેવુ શરીર ચેતન વિનાનુ થઇ ગયુ હતુ માત્ર તેની ઉંડી ઉતરી ગયેલી આખોનુ જવાહીર તેના જીવવાની કંઇક આશા આપતુ હતુ કોઇ ખંડેર જેવી ધર્મશાળામા તે નિરાધાર અને નિરાશ થઇને પડયો હતો તેના ચહેરા ઉપર શોક, પશ્ચાત્તાપ અને નિરાશા છવાઇ રહ્યા હતા. આજે આખો દિવસ તેણે દૂધનુ ટીપુ પણ લીધુ નહોતુ. સખ્ત ઠંડીમા ઓઢવાનુ કાઇ ન હોવાથી તેના નબળા અંગો ઠુંઠવાઇ રહ્યા હતા જગતમા તેનુ કોઇ નહોતુ વૃદ્ધ, મુફલીસ, અને શોકગ્રસ્ત રોગી પાસે બેસવુ પણ કોને ગમે ? ધર્મશાળામા વીશી રાખીને રહેલો વ્યવસ્થાપક આ મજૂરને અંદર દાખલ કરવા માટે પસ્તાતો હતો વીશીમા આવેલાં

અનેક "આબરૂદાર" અતિથિઓની માવજત કરવામાં વીશીવાળીને આ મજુરના મ્હોડાસામુ જોવાનો પણ અવકાશ નહોતો. વીશીવાળીની નહાની છોકરીનુ હૃદય આ વૃદ્ધને જોઇને પહેલેથીજ દ્રવ્યુ હતું, તેથી તે એક વાર છાનીમાની પોતાની ફાટેલ શાલ તેને ઓઢાડી આવી, અને બીજીવાર બીજા અતિથિઓની ચ્હામાથી થોડી બચાવીને એક પ્યાલો આ મજૂરને આપવા ગઇ પણ દર્દીને રૂચિ નહોતી, છતાં છોકરીના પ્રેમની ખાતર એક ઘુટડો તેણે પીધો અને છોકરીના મુખ સામે અમીભરી આખોથી જોયુ

વીશીવાળીની છોકરી દર્દીની સ્નેહાળ દૃષ્ટિથી આકર્ષાણી અને તેની પાસે બેસી ગઇ

"બાપા, આ આખો પ્યાલો તમારે માટેજ છે અદર તજ નાખીને ચ્હા કરી છે એટલે તમારી ટાઢ ચાલી જશે. માટે પી જાઓ,' છોકરીએ દર્દીને આગ્રહ કર્યો

"બેટા, તુ બહુ પ્રેમાળ છો મને રૂચિ નથી, નહિતર જરૂર તારા હાથની ચ્હા તો મારે અમૃત સમાન છે તુ શુ ભણે છે બહેન?" દર્દીમા વાતો કરવાનુ જોર આવ્યુ.

"હુ નિશાળે નથી જાતી. ઘર વાચતા લખતા શીખી છુ પણ અહિ ક્યાંય ચોપડીઓ મળે નહિ એટલે વાચવું કયાથી?"

વૃધ્ધ વાત લબાવવા જતો હતો ત્યા છોકરીને તેની માએ બોલાવી,

"દુલારી, અહિ આવજે તો આ કાશીબહેન સાથે દૂધ લઇને જા."

દુલારી વીજળીના ચમકારાની માફક દર્દીના ઓરડાની બહાર ગઈ. આ વીશીમાંથી બિહાગવનમા કોઈ કોઈ વાર દૂધ પહોંચાડવામા આવતું હતુ બિહાગવનની ગાયો પૂરતુ દૂધ ન આપે ત્યારે અથવા કોઈ અતિથિઓ હોય ત્યારે વીશીની મદદ લેવી પડતી. આજે કાશીબાઈ વધારે દૂધ લેવાને આવી હતી. દુલારીએ દૂધનુ વાસણ માથે મૂકયુ અને 'કાશીબાઈ સાથે બિહાગવન તરફ ચાલી

રસ્તામા કાશીબાઈ અને દુલારી વચ્ચે વાર્તાલાપ ચાલ્યો.

"દુલારી, તુ અમારા આશ્રમમા રહે તો વારૂ ?"

દુલારીએ ઉત્તર આપ્યો,

"મને તો તમારે ત્યા બહુ ગમે છે, પણ મારી મા રજા ન આપે વળી હમણા હમણા તો ઘરમા કામ પણ બહુ છે"

"ઘરકામને તો તારી મા પહોચી વળે તેમ છે બિહાગવનમાં તને ઘણુ શિખવાનુ મળશે. હમણા માદાની માવજત કેમ કરવી તે શિખવવામા આવે છે"

"એ તો ખાસ શિખવાની જરૂર છે, કાશીબહેન ! મારે ત્યા બિચારો કોઈ બુઢ્ઢો મુસાફર આવ્યો છે તે મરવા પડયો છે, પણ એને શી દવા દેવી કે એની શી સારવાર કરવી તે અમને કોઈને ખબર નથી"

કાશીબાઈએ વાત આગળ ચલાવી,

"મુસાફર કયાથી આવ્યો છે ?"

"કોણ જાણે તે એના ગામનું નામઠામ કહેતો નથી. છે ગરીબ મજૂર જેવો, પણ જે કોઇ ભીખારી આવે તેને કોણ જાણે તે કયાથી પૈસા આપે છે"

"એને થયું છે શું?"

"એ કાઇ સમજાતું નથી દિવસે દિવસે ગળતો જાય છે. પણ વાતો કરે છે ત્યારે થાકતો નથી. મારી પાસે તો એવી સારી વાતો કરે છે કે જાણે મોટો મહાત્મા ન હોય પણ કાશીબહેન! બિચારો મરી જાશે એમ લાગે 'છે તમે તમારે ત્યાં એને લઇ જઇ ન શકો?"

"એ એટલો બધો માદો હોય તો લઇ જવામા વાધો નથી તુ પાછી વળીશ ત્યારે હુ તારી સાથેજ આવીશ. મારે એકવાર એની તબિયત જોવી જોઇએ"

"તો તો બહુ સારૂ, કાશીબહેન. બિચારો બહુ માયાળુ અને રક છે. મે પૂછ્યુ તો કહે કે તેનુ કોઇ સગુ નથી"

એટલામા બિહાગવનમા બન્ને આવી પહોચ્યા

દુલારી દૂધ આપીને ધર્મશાળા તરફ પાછી ફરી ત્યારે કાશીબાઇ પણ સાથે ગઇ દર્દીને જોઇ કાશીબાઇનુ કુણુ હ્રદય ભીનું થયુ, દર્દીની વાતચીત ઉપરથી તે ગરીબ છતાં સસ્કારી અને ખાનદાન જણાયો પ્રથમ તો દર્દીએ બિહાગ-વનમા જવાની આનાકાની કરી, પણ છેવટે કાશીબાઇના આગ્રહને અધીન થયો

દર્દીને બિહાગવન તરફ લઇ જવામા આવ્યો ત્યારે વીશીવાળાને અને તેની પત્નીને નિરાત થઇ પણ દુલારીનું હ્રદય ખિન્ન થયુ

બિહાગવનમા કાશીબાઇની ખાસ દેખરેખ નીચે દર્દીની સારવાર થવા માડી. દુલારી પણ હરકોઇ બ્હાને દર્દીને જોવા બિહાગવન આવતી. દર્દીની સર્વ જરૂરિયાતો અને ઇચ્છાઓ પુરી પાડવામા કાશીબાઇ જે આત્મભોગ આપતી હતી તે જોઇને લોકો ચકિત થયા. સગી બ્હેન કરતા પણ કાશીબાઇની સભાળ અને ચિંતા વિશેષ જોઇને દર્દીનો આત્મા આ દયાની દેવી ઉપર આશીર્વાદો વરસાવવા લાગ્યો. ક્ષયના દર્દથી ઘસાતુ ફિક્કુ શરીર થોડા સમયમાં તનદુરસ્તીની સુરખિવાળુ દેખાવા માડયુ બિહાગવનની કુમારીઓને કાશી-બાઇએ આ દર્દીની સારવારદ્વારા અનેક મહત્વના પાઠ શિખવ્યા. માદાઓની માવજતનુ ઉત્તમ શિક્ષણ આપવા ઉપરાત મનુષ્યની મનુષ્યપ્રતિ ગભીર અને પવિત્ર ફરજોનો સાક્ષાત્કાર કાશીબાઇએ કરાવ્યો.

અત્યારસુધી દર્દીનો ઇતિહાસ જાણવાને બિહાગવનમા કોઇએ પ્રયત્ન કર્યો ન હતો બિહાગવનનો આ એક સિધ્ધાતજ હતો એમ કહેવામા બાધ નથી. ગરીબોને કે દુખી જનોને તેઓનો ઇતિહાસ પૂછીને આપણે આપણી સેવા કરવાની શકિત ઓછી કરી નાખીએ છિએ એમ અધિષ્ઠાત્રીનુ માનવુ હતુ, અને એના આ મતને સર્વ બિહાગવનવાસીઓ અનુસરતા હતા તેટલા માટેજ બિહાગવનનો આશ્રય શોધનાર કોઇપણ વિધવાનો પૂર્વાશ્રમ જાણવાની ઉત્સુકતા અહિ બતાવવામા આવતી નહોતી તેટલા માટેજ બહારથી જે કોઇ દરદીઓને સારવાર માટે અહિ દાખલ કરવામાં આવતાં તેઓની આર્થિક કે સાસારિક સ્થિતિ જાણવાનો અહિં

પ્રયત્ન કરવામાં આવતો નહોતો તેટલા માટેજ બિહાગવનની કીર્તિ નિષ્કલંક હતી, અને તેથીજ તેનો આશ્રય લેવામાં કોઇને સંકોચ થતો નહિ.

પરંતુ દર્દીને આરામ થયા પછી તે વધારે ચિંતાતુર જણાયો. બિહાગવન તે તુરતજ છોડી જનાર હતો, પરંતુ ત્યાંનાં સર્વ નિવાસીઓનો તેના ઉપર એટલો બધો પ્રેમ જામી ગયો હતો કે તેઓએ તેને આગ્રહથી એક મહિનો વધારે રોકી રાખ્યો. છેવટે સર્વની રજા લેવાનો વખત આવ્યો. દર્દીની આંખોમાં આંસુ ભરાયાં બિહાગવનની દરેક બાળા સાથે વાત કરતાં તેનું હૃદય લાગણીથી છલકાઇ ગયું કાશીબાઇને અને અધિષ્ઠાત્રીને છેવટના "જય જય" કરતાં તે બન્નેને પગે પડયો. કાશીબાઇની આંખો પણ દ્રવિત થઇ ઉપકારના શબ્દો દર્દીને શોધ્યા ન મળ્યા, એ શબ્દો ન નીકળ્યા તેથી બિહાગવનની મહિલાઓને કંઇક આશ્વાસન મળ્યું પોતાનું નહાનું પોટલું લઇને ફરીથી દર્દીએ સર્વને નમસ્કાર કર્યો. છેવટે ક્ષુબ્ધ હૃદયને છુટું પાડી તે દરવાજા તરફ ઉપડયો. દરવાજા પાસે આવીને પાછું જોયું તો સર્વે તેને હાથ અને રૂમાલ વતી "જય જય" કરતા દેખાયા તેણે પણ જવાબમાં બહુજ વિનયપૂર્વક, બહુજ લાગણીપૂર્વક, બહુજ સ્નેહપૂર્વક, નમસ્કાર કર્યા, અને પછી તુરતજ તે ચાલી નીકળ્યો

મુસાફર કયાં ગયો તે કોઇએ જાણ્યું નહિ. પરંતુ લગભગ એક પખવાડિઆ પછી અધિષ્ઠાત્રીને એક રજિસ્ટર્ડ

પત્ર મળ્યો, અને તેથી આખા બિહાગવનમા તેમજ સમસ્ત દેવલાલીમાં એક માસ સુધી ચર્ચા ચાલી. પત્ર નીચે પ્રમાણે હતો –

"પરમ પૂજય શ્રીમતી ચંદ્રપ્રભા બહેન,

"આપના પુણ્ય તપોવનનુ ચાર માસ સુધી આતિથ્ય લઇ જનાર દર્દી-મુસાફરને આપ ભૂલી ગયાં નહિ હો એમ આશા રાખુ છુ. અતરમાં ઉછળી રહેલી અનેક લાગણીઓ આપને જણાવવાની ઉત્કટ ઇચ્છા હતી, પરતુ બિહાગવનના સ્નેહમય, પવિત્ર વાતાવરણ પાસે હુ મારી માલેકી ખોઇ બેઠો હતો એટલે મારા અંતરના ભાવો અતરમાજ શમાવીને આપ સર્વથી જૂદો પડયો હતો

"હુ આપની પાસે ખોટા નામથી, ખોટા વેશથી અને ખોટી ગરીબી ધારણ કરી રહ્યો હતો તેને માટે પ્રથમ તો મને પશ્ચાત્તાપ થયો હતો. પરતુ આપનો તથા પુણ્યમયી કાશીબહેનનો વધારે ગાઢ સંબધ થયા પછી મ્હારી ધારણ કરેલી ગરીબી યથાર્થજ હતી એમ મને જણાયુ, અને હજુ પણ જણાય છે ગરીબી ધારણ કર્યા પછી પણ હુ મારી જૂની શ્રીમતાઇ યાદ કરી મને પોતાને શ્રીમત સમજતો હતો. પરતુ બિહાગવનના ઓજસ પાસે બિહાગવનના સદ્ગુણ-નિધિ પાસે, અને બિહાગવનની ઉદારતા પાસે હું એક રક, મુફલીસ ભિખારીજ છુ તેમા યત્કિચિત શક નથી.

"ઉદ્યમવિનાના, નવરા, જનસમાજને ભારરૂપ, કેટલાક શ્રીમંતોને કોઇ કોઇ વાર વિચિત્ર ઇચ્છાઓ થઇ આવે છે, તેમ મને પણ એક વિચિત્ર વાસના થઇ આવી હતી. મારી લાંબી, દુઃખમય જીંદગીમાં મને ખરા સ્નેહનો અનુભવ થયો નહોતો, તેથી નિઃસ્વાર્થ સ્નેહની શોધમાં હું એક ગરીબ મુસાફર તરીકે મુસાફરીએ નીકળ્યો હતો. આ મૂર્ખાઇભરેલું પ્રયાણ કરતી વખતે મે મારી જરાવસ્થા કે મારી શારીરિક નબળાઇનો વિચાર ન કર્યો, તેથી પહેલેજ સપાટે હુ દેવલાલીમા સપડાયો દૈવયોગે આપના પુણ્યસ્થાનમા મારૂ આવવુ થયુ, અને જે વસ્તુની વિચિત્ર શોધમા હુ નિકળ્યો હતો તે ઇષ્ટ વસ્તુનો સાગર છલકાતો મે આપને ત્યા નિરખ્યો. આ હુ મારૂ પરમ સદ્‌ભાગ્ય સમજુ છુ એટલુંજ નહિ, પરતુ હવે હુ જીવીને કૃતકૃત્ય થયો છુ એમ મારો અતરાત્મા સાક્ષી પુરે છે

"જયા સુધી ભારત વર્ષમા આપના જેવી અને શ્રીમતી કાશીબહેન જેવી દેવીઓ વિદ્યમાન છે ત્યા સૂધી આપણુ ભવિષ્ય ઉજળુ છે એમ હુ માનુ છુ. દયાની દેવી કાશીબહેન પ્રતિ મારા પરમ ઉપકારની લાગણી દર્શાવવાને એમના ઉપર પત્ર લખવા જેટલી મારા હૃદયમા હિમ્મત નથી, તેથી આપદ્વારાજ આટલો સદેશો મોકલુ છુ

"મારા ઉપર કરેલા અઢળક ઉપકારનો બદલો વાળવાને હુ અશકત છું, અને વાળી શકુ તેમ હોઉ તો પણ આપની

અને શ્રીમતી કાશીબહેનની ઉદારતા તે સ્વીકારે તેમ નથી તે હુ જાણું છુ, તેથી મારી નહાની પુંજીમાંથી બે નહાની રકમોના કાગળિયા આ સાથે મોકલુ છુ, તેમાથી એકનો ઉપયોગ આપની ઇચ્છા પ્રમાણે કરશો અને બીજી રકમનો ઉપયોગ શ્રીમતી કાશીબહેનની ઇચ્છા પ્રમાણે કરાવશો.

"બિહાગવનના પુણ્યશાલી નિવાસીઓને મારા તરફથી અનેક શુભેચ્છાઓ પહોચાડશો.

લે૦

બિહાગવનનો ઉપકારવશ સેવક

પ્રમોદલાલ."

પ્રકરણ ૨૩ મું.

મેળાપની અણિ ઉપર.

ગયા પ્રકરણમાં વર્ણવેલો બનાવ સુધાકુમારી તથા સ્નેહવીણા બિહાગવનમા રહેવા આવી તે પહેલા બની ગયો હતો ચંદ્રપ્રભાએ છેવટે પ્રમોદલાલનો સર્વ પત્તો મેળવ્યો હતો અધિષ્ઠાત્રીને રૂ. ૫૦) હજારની રકમ તેમજ કાશીબાઇને પણ તેટલીજ રકમ પ્રમોદલાલે મોકલાવી હતી આ વાત બહાર પાડવી કે નહિ તે માટે બન્નેને પ્રથમ ઘણો વિચાર થઇ પડયો. પરંતુ પ્રમોદલાલે આ વાત ખાનગી રાખવા સબંધી શરતચુકથી કે ખાસ સમજપુર્વક કાઇ ઇશારો કર્યો નહોતો, તેથી આ ભીખારી જેવા દેખાતા ગૃહસ્થની ઓળખાણ જાહેરમા આપવી તે બન્નેને કર્તવ્ય લાગ્યુ. વાત બહાર પડી કે તુરતજ દેવલાલીમા પ્રમોદલાલની વિચિત્રતા અને ઉદારતા સબધી ચર્ચા ચાલી. પરંતુ તે ચર્ચા એક મહિનામા શમી ગઇ, અને જયારે સુધા તથા સ્નેહવીણા બિહાગવનમા દાખલ થઇ ત્યારે એ વાત જૂની થઇ ગઇ હતી

"પ્રમોદ ભુવન" ચંદ્રપ્રભાને પ્રમોદલાલે મોકલાવેલા પૈસામાથી બધાવવામા આવ્યુ હતુ, અને કાશીબાઇએ પોતાને મળેલી રકમ "સ્ત્રી પ્રગતિ સમાજ"ને સ્વાધીન કરી હતી. સુધાકુમારી બિહાગવનમા રહેવા આવી ત્યારે પ્રમોદભુવન

બધાતુ હતુ, પરતુ ત્યારે તેને તે સબધી કાંઇ વિચાર આવ્યો નહોતો તેની આંખ તો ત્યારેજ ઉઘડી કે જયારે તેના ઉપર નામ કોતરાયુ'.

સુધાકુમારીએ જે હકીકત મિસ્ત્રી પાસેથી મેળવી હતી તે હકીકત તેણીથી ગુપ્ત રાખવાને ચદ્રપ્રભાએ બનતો પ્રયત્ન કર્યો હતો. ચદ્રપ્રભાએ જાણી લીધુ' હતુ કે સુધા તે પ્રમોદલાલની પુત્રી થાય, અને હવે પ્રમોદલાલને શોધી કહાડી પિતા-પુત્રીનો મેળાપ કરાવવાની તેણીની ખાસ ઇચ્છા હતી. પોતે સુધાનો પ્રમોદલાલ સાથનો સબધ જાણે છે એમ સુધાને ખબર પડે તો કદાચ તેણી ન્હાસી જાય એવા ભયથીજ ચદ્રપ્રભાએ આ વાત ગુપ્ત રાખી હતી. પરતુ જયારે સ્નેહવીણા પાછળ પોલિસની હીલચાલ શરૂ થઇ ત્યારે કાશીબાઇએ અને ચદ્રપ્રભાએ ધાર્યુ' કે હવે સહીસલામતીના પગલા ભર્યા વિના છુટકો નહોતો. તેથીજ તેઓ સુધા તથા સ્નેહવીણા સાથે ખાનગી વાતચીત કરવાને પ્રેરાયા હતા એ ખાનગી વાતચીત આપણે ૧૯ મા પ્રકરણમાં અધુરી મૂકી છે એ વાતચીતનો નિષ્કર્ષ એટલોજ નીકળ્યો કે ચદ્રપ્રભાએ સુધા અને સ્નેહવીણા પાસે કબૂલ કરાવ્યુ કે તેઓ બન્ને બહેનો નહોતી. તેમજ સ્નેહવીણાની શોધમા કોઇ પરદેશીઓ છે તે ખબર ચદ્રપ્રભાએ તેઓને આપ્યા. સ્નેહવીણાએ કબૂલ કર્યુ' કે તે એક ગૃહસ્થ સાથે પોતાના ઘેરથી ન્હાસી છુટી હતી છેવટે એમ ઠર્યુ' કે સ્નેહવીણા પાછળ શી ધરપકડ છે અને તેમા કોનો હાથ છે, તથા કાયદેસર શા પગલા ભરવા તે સર્વ બાબત સબધી માહિતી તથા સલાહ સર ધનસુખભાઇ

પાસેથી લેવી. કુલીના બે ત્રણ દિવસમાજ બિહાગવનની મુલાકાતે આવનાર હતી, એટલે તેણીના આવી ગયા પછી ચંદ્રપ્રભાએ તેની સાથે મુંબઇ ઉપડવાનું ચોકસ કર્યું.

કુલીના બીજેજ દિવસ આવી, પણ તેણીની સાથે નિપુણચંદ્ર પણ હતો નિપુણચંદ્ર તેના નવા બજેટના રૂ. ૧૪૦૦ ની વ્યવસ્થા કરવા અહિં આવ્યો હતો, અને તેને લીધેજ કુલીના પણ સાથે ઉપડી હતી. બન્નેને સાથે જોતાજ ચંદ્રપ્રભા બોલી,

ઓહો ! નિપુણચંદ્ર, તમને પણ અવકાશ મળ્યો ખરો ? કુલીના, નિપુણચંદ્રનું તો તેં લખ્યું જ નહોતું."

"કેમ ? લખ્યા વિના અહિં આવવાનો અધિકાર નથી વારૂ ?" કુલીનાએ માર્મિક પ્રશ્ન પૂછયો

"અમારા નવા અતિથિ સાથે તું મને લડાવવા માગે છે, પણ તારા કરતાં નિપુણચંદ્રનું સ્વાગત વધારે હર્ષભેર થશે એટલી ખાત્રી રાખજે," ચંદ્રપ્રભાએ કુલીનાને મધુર ઠપકો આપ્યો.

પરંતુ કુલીના પોતાના ટીખળી સ્વભાવને આજે કાબુમાં રાખી શકે તેમ નહોતી, તેથી તેણીએ આગળ ચલાવ્યું,

"સ્ત્રીઓના રાજ્યમાં પુરૂષોના માન વધારે હોયજ નિપુણભાઇ સાથે ટ્રેનમાં હું એજ વાત કરતી હતી, પણ તે મારૂં માનતા નહોતા"

છેવટે નિપુણચંદ્ર વચમા પડયો

"કુલીનાબહેન, હવે તમારી દલીલો આપણે કોઇ બીજા સમય માટે મુલતવી રાખીએ તો સારૂ આપણે આવતાં વારજ ચન્દ્રપ્રભાબહેનને કંટાળો આપીએ તે ઠીક નહિ"

ચન્દ્રપ્રભાએ તુરતજ નિપુણચન્દ્રને ધીરજ આપી

"આ તોફાની છોકરીના શબ્દોથી તમારે જરાએ ગભરાવાનુ નથી મને જોઇને તે આટલુ તોફાન ન કરે તો તેની તબિયતમા કાંઇ બિગાડ થયો છે એમ સમજવુ"

કાશીબાઇ અને નિપુણ બન્ને હસી પડ્યા નિપુણે ચન્દ્રપ્રભાના શબ્દો માટે સતોષ જાહેર કર્યો

"ત્યારે આપે મારી ઘણી ચિતા ઓછી કરી"

"બોલો, હમણાજ સ્નાનાદિ કરવુ છે કે કુમારી–આશ્રમમા કુમારીઓ કસરત કરે છે તે જોઇ લઇને પછી?" ચન્દ્રપ્રભાએ અતિથિને પૂછ્યુ

નિપુણ કંઇક વિચારમા પડયો ત્યા કુલીનાએજ ઉત્તર આપ્યો

"કેમ કાંઇ ન્હાવાધોવા દેશો કે નહિ? તમારા આશ્રમમા સવારે ન્હાવાધોવાનો નિયમ હોય એમ લાગતુ નથી. કસરત તો અમે ઘણીયે કરીને આવ્યા છિએ"

ચન્દ્રપ્રભાએ મશ્કરીનો મશ્કરીમાજ ઉત્તર વાળ્યો

"હુ ધારૂ છુ કે મુબઇમા કસરત મળતી હશે પણ ન્હાવાધોવાનુ મળતુ નહિ હોય, ખરૂ ને?

કુલીના મ્હાત થઇ કાશીબાઇએ તકનો ઉપયોગ કર્યો,

"કેમ, કુલીનાબહેન કેવા સપડાયા?"

ચારે જણ હસતા હસતા આધષ્ઠાત્રીના નિવાસ તરફ ગયાં.

નિપુણને અને કુલીનાને સુંદર અને સુઘડ ઓરડાઓમાં ઉતારો આપવામા આવ્યો. નિપુણની અહિ પહેલી મુલાકાત હતી, તેથી બિહાગવનની મનોહરતા, ત્યાંની શાન્તિ, ત્યાની સ્વચ્છતા, અને ત્યાંની મધુરતા જોઇને તેના હૃદયમાં અનેરો આનંદ વ્યાપી રહ્યો. તેનાં આખા જીવનમા તેણે પ્રથમજ વાર અહિ આત્માની તૃપ્તિ અનુભવી.

બિહાગવનને આટલુ બધુ આકર્ષક બનાવવામા ચંદ્રપ્રભાને પ્રથમ બહુ મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. પરંતુ ધૈર્યથી, સતત ઉદ્યમથી, ચીવટથી અને કળાની ઉચ્ચ ભાવના અંતરમા અહર્નિશ આરૂઢ રાખવાથી તેણી એકલે હાથે બિહાગવનને અલૌકિક રીતે મનોહર અને શાન્તિપ્રદ બનાવી શકી હતી પોતાની ભાવનાઓ ત્યા વસનારા સર્વ લોકોના મન ઉપર ઠસાવવામા તેણીએ જે ફતેહ મેળવી હતી તે આશ્ચર્યજનક હતી નહાની કુમારીથી માંડીને વૃદ્ધ વિધવા પર્યંત, અને સામાન્ય નોકરથી માડીને પ્રખ્યાત અતિથિઓ પર્યંત, ચંદ્રપ્રભા તરફથી સુઘડતા, નિયમિતતા, અને રસિકતાનો વિનિયોગ કરવામા આવતો ચંદ્રપ્રભા ભાષણો બહુ થોડા આપતી પણ કરી બતાવતી ઘણુ જ્યારે ભાષણ આપતી ત્યારે તેણીનુ આદર્શ જીવન તેણીના ભાષણમા પ્રતિબિંબિત થયેલું દેખાતુ

આવી અધિષ્ઠાત્રીની નજર નીચે ખીલેલુ બિહાગવન અતિથિને તૃપ્ત કરી દે તો તે સ્વાભાવિક છે નિપુણે પોતાના ઓરડાની બારીમાથી બિહાગવનનુ સૌંદર્ય નિહાળવામા લગભગ અર્ધો કલાક ગાળ્યો, અને કુલીના પરવારીને પોતાના

આવાસમાંથી બહાર આવી ન હત તો તેની સમાધિ ક્યાં સૂધી ચાલત તે કહેવું મુશ્કેલ છે. નિપુણ ઉપર કુલીનાની નજર પડી એટલે તુરતજ તેણી બોલી

"નિપુણભાઇ ! તમે હજુ ન્હાયા નથી ? ત્યાં ઉભા ઉભા શું જુઓ છો ?"

"બિહાગબેનનું સૌંદર્ય નિરખું છું"

"હજુ તો તમે કશું જોયું નથી તમે ફરીફરીને જોશો તો તો ઘેલા બની જશો હું અહિં આવું છું ત્યારે પાછું મુંબઇ જવુંજ ગમતું નથી"

"તમારી વાત ખરી છે. આ સંસ્થા ચલાવનારને લાખો ધન્યવાદ ઘટે છે"

"પણ તમારા જેવા કદરવાળા લોકો બહુ થોડા છે સ્ત્રી પ્રગતિ સમાજની ટીકા કરનારા વધારે છે"

"તેઓ આ સંસ્થાનો આત્મા સમજતા હોય એમ લાગતું નથી"

"તમારે પણ હજુ આત્મા સમજવો બાકી છે આ તો હજુ તમે ઉપરનું ખોળિયુંજ જોયું છે. અહિંની વ્યવસ્થા જોયા પછી તમારો અભિપ્રાય તમે આપજો ચંદાબહેન તમારો અભિપ્રાય બહુ કિંમતી ગણે છે"

"મ્હારો અભિપ્રાય શા હિસાબમાં છે ? આ લોકો આપણા સંબંધી અભિપ્રાયો બાંધવાને વધારે લાયક છે. ચાલો, મને પરવારી લેવા દો તમે તો તૈયાર થઇ ગયાં. તમારી પાછળ તમને કોઇ બોલાવે છે."

પાછળથી કાશીબાઇ કુલીનાને બોલાવતી હતી કુલીન -ના ગઇ, અને નિપુણ પોતાના કાર્યમા ગુથાયો

અત્યાર સુધી નિપુણ સુધાકુમારી કે સ્નેહવીણાને મળ્યો નહોતો સુધા અને સ્નેહવીણા અહિ છે તેની નિપુણને ખબર પણ નહોતી પરતુ નિપુણના આગમનના સમાચાર આ બન્ને બાળાઓને મળી ચુકયા હતા. નિપુણના આવવાથી સુધા ઘણીજ વિહ્વળ થઇ અને હવે શુ કરવુ તેની ચિતામા પડી અનેક તર્કવિતર્કો થયા, અનેક નિશ્ચયો કર્યા અને બદલ્યા, છેવટે ચદ્રપ્રભાના આવાસ તરફ સુધા ઉપડી

બિહાગવનમા નિપુણ અને કુલીના પોતાની મુલાકાત આનદદાયક અને સાર્થક શી રીતે કરી શકે તેનો એક કાર્યક્રમ ગોઠવવામા ચદ્રપ્રભા ગુથાયેલી હતી જ્યારે જ્યારે કોઇ અતિથિઓ બિહાગવનની મુલાકાતે આવતા ત્યારે ચદ્રપ્રભા તેઓને માટે એક રસભર પ્રોગ્રામ ઘડી કાઢતી નહાનામા નહાની બાબત પણ વ્યવસ્થાપૂર્વક થવી જોઇએ એ ચદ્રપ્રભાનો સિધ્ધાત હતો એ સિદ્ધાત નિપુણચદ્રનો પણ છે એમ એક વાર કુલીનાએ ચદ્રપ્રભાને કહ્યુ હતુ તેથી આજે ચદ્રપ્રભા વધારે વિચારપૂર્વક કાર્યક્રમ ગોઠવતી હતી તેટલામા સુધા અદર આવી.

ચદ્રપ્રભાએ તુરતજ કાર્યક્રમના કાગળમાથી ઉચુ જોયુ અને પૂછ્યું.

"કેમ, સુધા! કાઇ કામ છે?"

સુધાએ ઉત્તર આપ્યો,

"જી, હા. આપને સમય હોય તો જરા વાત કરવી હતી."

"બહુ ઉતાવળની હોય તો હમણાં સાંભળું, નહિતર ભોજન લીધા પછી નિરાતે બેસીશું."

"ઉતાવળની બાબત છે એટલા માટેજ આવી છુ જેમ બને તેમ ટુંકામાં કહી દઇશ "

"ત્યારે ઘણી ખુશીથી કહે."

સુધા ચટાઇ ઉપર ચંદ્રપ્રભાની સામે બેઠી, અને ધીમા સ્વરથી બોલી.

"પ્રથમ તો આ અતિથિનો ઇતિહાસ આપ જાણો છો કે નહિ તે મારે પૂછવુ હતુ "

"બધો ઇતિહાસ નથી જાણતી, થોડો જાણુ છુ "

"વારૂ, સ્નેહવીણા સાથે તેને સબધ છે તે આપના જાણવામા નહિ હોય ?"

"કોને ? નિપુણચદ્રને ?" ચદ્રપ્રભાએ કુતૂહલ બતાવ્યુ

"જી હા સ્નેહવીણાને બનારસમાથી લઇ જનાર આ ગૃહસ્થ પોતેજ કે જેને આપ નિપુણચદ્રના નામથી ઓળખો છો અને જેને સ્નેહવીણા પૂર્ણકાન્તના નામથી ઓળખે છે

નિપુણચદ્રેજ સ્નેહવીણાને દુખમાથી બચાવી છે અને તેણેજ પેલા ગોરગોરાણીની ગુલામગીરીમાથી તેને છોડાવી છે '

"વારૂ, તેથી હવે તુ શુ કહેવા માગે છે ;"

"એટલુ જ કે સ્નેહવીણા નિપુણચદ્રને અનન્ય ભાવથી ચાહે છે. એ ઉભયનો ચાર પાચ વર્ષે અચાનક મેળાપ અહિ બિહાગવનમા થાય તે ઇષ્ટ છે કે નહિ તેજ આપને પૃછવા આવી હતી," સુધાએ અતરનો ક્ષોભ છુપાવીને ચદ્રપ્રભાની માનસિક સ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો.

ચંદ્રપ્રભાએ સુધાને નિર્ભય કરી,

"તેમાં અનિષ્ટ શું છે? હું પોતેજ નિપુણચંદ્રને વાત કરીશ."

"તો સારૂં બસ આટલી હકીકત આપને કહેવી જોઇએ એમ ધારીને આવી હતી," સુધા બેઠી થઇ અને જવાને તૈયાર થઇ

પણ ચંદ્રપ્રભા કળી ગઇ કે સુધાના મનનું સંપૂર્ણ સમાધાન થયું ન હતું, તેથી તેણીએ એક માર્મિક પ્રશ્ન કર્યો,

'એ ઉપરાંત બીજું કાંઇ કહેવાનું નથી ને?'

સુધાએ સંકોચાતા સંકોચાતા ઉત્તર આપ્યો,

"જી ના'

ચંદ્રપ્રભાએ ફરીથી પૂછ્યું,

"ખરેખર?"

સુધા શરમાઇ ગઇ, છતાં ચંદ્રપ્રભાના હસતા મુખ સામે તેણે સહજ સ્મિતપૂર્વક દૃષ્ટિ કરી દૃષ્ટિ કરતાજ સુધાની ખાત્રી થઇ કે ચંદ્રપ્રભા કંઇક ગુપ્ત ભેદ જાણતી હોવી જોઇએ

ચંદ્રપ્રભાએ આગળ ચલાવ્યું,

"સુધા! આ સંબંધમાં હવે તારે કાંઇજ કહેવાનું નથી? તારે કહેવું ન હોય તો હું કહું. સ્નેહવીણા સાથે નિપુણચંદ્રનો સંબંધ તે મને કહ્યો તેથી મારા મનનો કેટલોક ખુલાસો થયો, પણ તારો એમની સાથે શો સંબંધ છે એ તો કહે"

"કોનો મ્હારો ?" સુધાએ વિહ્વળતાથી પૂછ્યું.

"હા, ત્હારો."

"ચંદાબહેન, હું કશું સમજી શકતી નથી."

ચંદ્રપ્રભા સુધાની મનોદશા કળી ગઇ, તેથી સુધા પાસેથી ખુલાસો માગવાને બદલે પોતેજ કહ્યું,

"સુધા તારે ગભરાવાનું કારણ નથી. હું તારો થોડો ઘણો ઇતિહાસ જાણું છું. તું તથા નિપુણચંદ્ર કૉલેજમાં સાથે અભ્યાસ કરતાં હતાં અને તમારા ઉભય વચ્ચે ગાઢ મૈત્રી હતી એ હકીકતથી હું વાકેફ છું તારા પિતા પાસેથી તારે ઘર છોડીને જવું પડયું એ પણ મારા જાણવામાં છે. લોકો કહે છે કે તને નિપુણચંદ્ર ન્હસાડનાર હતા, તે હું માનતી નથી હું માનું છું કે નિપુણચંદ્ર સાથે તારો મેળાપ પણ લગભગ ચાર પાંચ વર્ષે થશે, ખરૂં ને?"

સુધાએ ચંદ્રપ્રભાના શબ્દો સાંભળી અવર્ણનીય ક્ષોભ અનુભવ્યો શો ઉત્તર આપવો તે સુઝયું નહિ તેથી બાળકની માફક ચંદ્રપ્રભા પાસે રડી પડી અને પોતાનો સર્વ ઇતિહાસ અંતથી ઇતિ સુધી ચંદ્રપ્રભાને કહી સંભળાવ્યો આ ઇતિહાસ સાંભળી સુધા ઉપર ચંદ્રપ્રભાનું વ્હાલ વધ્યું, પરંતુ જયારે સુધાએ પોતાનો નિશ્ચય જાહેર કર્યો કે નિપુણ અને સ્નેહવીણાનો સંબંધ જોડવાને પોતે પોતાથી બનતું કરવાની છે ત્યારે આ બાળાની ઉદારતા જોઇને ચંદ્રપ્રભા આશ્ચર્યચકિત થઇ.

સ્નેહવીણાને સુધાએ ન્હાની બહેન તરીકે રાખી હતી, સુધાનું ખરૂં દિલાસાસ્થાન સ્નેહવીણાજ હતી. સ્નેહવીણાના

સુખની ખાતર પોતાના પ્રાણ પાથરવાને સુધા તૈયાર હતી. સ્નેહવીણાની કેળવણી એજ સુધાના જીવનની પ્રધાન પ્રવૃત્તિ બની રહી હતી. તેણીએ જાણી લીધું હતુ કે સ્નેહવીણા નિપુણચંદ્રને અનન્ય પ્રેમથી ચહાતી હતી, તેથી પોતાના અંતરની ઉંડી લાગણીઓ દબાવી દઇને સુધાએ સંકલ્પ કર્યો હતો કે સમય આવ્યે સ્નેહવીણા અને નિપુણનો સંબંધ જોડવાને મહાભારત પ્રયત્ન કરવો પડે તો પણ કરવો. નિપુણચંદ્રના ઇતિહાસથી તેણી હમેશા વાકેફ રહેતી હતી. તેણી જાણતી હતી કે ઉત્તમ પાત્ર મળ્યા વિના નિપુણ કોઇ સાથે લગ્નગ્રંથિથી જોડાશે નહિ તેટલા માટેજ જેમ સ્નેહવીણાનો હૃદયવિકાસ ઉત્તમ હતો તેમ તેણીનો માનસિક વિકાસ વધારવાને સુધા પ્રયત્ન કરી રહી હતી પોતાની નજર નીચે ખીલેલા આ પુષ્પને સ્વીકારવાની પોતે નિપુણને વિનતિ કરે તો તે કદિ પણ ના પાડી નજ શકે એટલી સુધાની ખાત્રી હતી.

જયારે સુધાએ ચંદ્રપ્રભાને જાહેર કર્યું કે એક માતા પુત્રીને ચાહે તેટલી પોતે સ્નેહવીણાને ચાહતી હતી ત્યારે ચંદ્રપ્રભાએ એક માર્મિક સ્મિત કર્યું, પરંતુ સુધા તે સમજી શકી નહિ છેવટે નિશ્ચય થયો કે નિપુણ તથા સ્નેહવીણાની આંતર લાગણીઓને અનુકૂળ થઇ ઉભયનો સમાગમ કરાવી આપવામાં અધિષ્ઠાત્રીએ સહાયભૂત થવું, કારણ કે ચંદ્રપ્રભાનું મનનું સમાધાન સુધાએ કરી આપ્યું હતુ કે હવે તેણીનું નિપુણ તરફનું આકર્ષણ સર્વથા સ્નેહવીણાની ખાતરજ હતુ

આ નિશ્ચયથી સુધાના હૃદયને શાન્તિ થઇ અને તુરતજ તે અધિષ્ઠાત્રીના આવાસમાંથી બહાર નીકળી.

પ્રકરણ ૨૪ મું.

અધિષ્ઠાત્રીની આત્મકથા.

"નિપુણચંદ્ર ! તમારે જરાયે ક્ષોભ પામવાનુ કારણ નથી મને પ્રથમથીજ ખબર પડી હત કે તમારૂ પ્રીતિપાત્ર બિહાગવનમા છે તો હુ તુરતજ તમને તે સોપી આપત," બિહાગવનના એક નહાના તળાવની પાળ ઉપર બેઠેલી ચંદ્રપ્રભાએ તેણીની પાસેજ ઉભેલા નિપુણચદ્રનું હૃદય જાણવાનો પ્રયત્ન શરૂ કર્યો

'ચદ્રા બહેન ! મ્હારો ક્ષોભ જૂદા પ્રકારનો છે આપના અહિના ભવ્ય વાતાવરણમા ઉછરેલી બાળા માટે હુ તો મને સર્વથા અયોગ્ય માનુ છુ," નિપુણે ઉત્તર આપ્યો

"પરતુ, તમે એકવાર એને મળો તો ખરા, અને પછી તમારો અભિપ્રાય આપો"

"મળવાને હુ ઘણો આતુર છુ, પરતુ તેથી અમારા ત્રણેની માનસિક સ્થિતિ શી થશે તે હુ કલ્પી શકતો નથી"

"તમે જે પરિણામનુ અનુમાન કરો છો તેને માટે સ્થાન નથી તેની હુ ખાત્રી આપુ છુ. સુધાકુમારી તમને સ્નેહલીણા સાથે જોડાયેલા જોવાને અત્યત ઉત્સુક છે"

"એટલી સુધાકુમારીની ઉદારતા છે, જો કે સુધા સાથેનો મ્હારો સબધ કદિ પણ પવિત્ર મિત્રભાવથી આગળ વધ્યો ન હતો"

"અમને સુધા પણ એમજ કહે છે. માત્ર તેણીની પોતાની કેટલીક કલ્પનાઓને અણધાર્યા બનાવોએ ખોટી પાડી છે એમ તે માને છે"

"અને તેટલે દરજ્જે હુ લાચાર અને ગુન્હેગાર તેમજ દિલગીર છુ"

"પરંતુ સુધા પોતે આ અકસ્માતોને વધાવી લે છે વારૂ ત્યારે હુ ભોજનની તૈયારી કરાવુ છું, અને જુઓ, તમને તમારાં જૂના મિત્રો મળવા આવે છે તેમને મળો," એટલુ કહી ચંદ્રપ્રભા ભોજનશાળા તરફ ચાલતી થઇ

નિપુણે પાછું વાળીને જોયુ તો સ્નેહવીણા અને સુધાને પોતા તરફ આવતી જોઇ એમને જોતાજ નિપુણના અંતરમાં અનેક અવર્ણનીય ઉર્મિઓ ઉછળી રહી

સ્નેહવીણાને નિપુણે શ્રીનગરમા છોડી ત્યાર પછી તેના શરીરમા, તેના સૌંદર્યમા, તેના હાવભાવમા, તેના માનસિક વિકાસમા અજબ ફેરફાર થઇ ગયો હતો. ચંદ્રપ્રભાએ પ્રથમથી ખબર ન આપ્યા હત તો સ્નેહવીણાને કદાચ નિપુણ ઓળખી પણ શકત નહિ. પહેલાના ફિકકા બેસી ગયેલા ગાલો આજે લાલ સુરખિવાળા ભરેલા દેખાતા હતા પહેલાંની નિર્દોષ ઉડી ઉતરી ગયેલી આખોમા આજે અનેરૂ અસહ્ય તેજ ભભુકી રહ્યુ હતું પહેલાનુ હાડપિંજર જેવુ બાળક શરીર આજે તરૂણાવસ્થાની તંદુરસ્તી અને મોહકતાથી ઉભરાઇ રહ્યુ હતુ નયનમા, ઓષ્ઠમા, અંગે અંગમાં પહેલાની સરલ બાલિકાને બદલે નવીન, શરમાતી, મદમાતી તરૂણી વિરાજતી

હતી વાણીમાં અને હાસ્યમા, ગતિમા અને ઉભવાની સ્થિતિમાં, આજે અપૂર્વ લજ્જા, કંપ અને ક્ષોભ દેખાઇ આવતાં હતાં.

સુધા અને વીણા પાસે આવે ત્યારે શું બોલવું એ વિચારમાં નિપુણ મુંઝાયોં હતો ત્યાં તો બન્ને આવી પહોચ્યા. પરંતુ તેના સદ્‌ભાગ્યે સુધાએજ શરૂઆત કરી,

"વીણા! આ તારા પૂર્ણકાન્ત! ઓળખ્યા?"

વીણા શરમાવાને બદલે 'પૂર્ણકાન્ત' શરમાઇ ગયો

"સુધાકુમારી! આપણે ઘણા વર્ષે મળ્યા કેમ છો તો કુશળને?" નિપુણે મહા મુશીબતે મૌન તોડયુ.

"આટલાં વર્ષે પણ તમારે કયાં મળવું હતુ? તમે તો બિહાગવન જોવા આવ્યા છો, અમને મળવા નથી આવ્યા," સુધાએ કટાક્ષ કરી.

આનો ઉત્તર આપવામા નિપુણે હવે વધારે હિમ્મત બતાવી,

"પોતે છુપાતા ફરવુ અને પછી બીજાઓને મ્હેણાં મારવા એ પાઠ બિહાગવનમાજ શિખવાતા હશે"

સ્નેહવીણા વચમા પડી ન હત તો શુ બોલવુ તે સુધાને સૂઝે તેમ નહોતુ. સ્નેહવીણાના મધુર સ્વરે નિપુણના હૃદયમા અનિર્વચનીય કંપ ઉત્પન્ન કર્યો, વીણા બોલી,

"કેવા સપડાયા! સુધા બહેન! મને હમેશાં બોલવામા બાધી લેતા હતા, હવે એમને બાધો"

નિપુણે વાત આગળ ચલાવી,

"ચાલો એ પ્રકરણ તો પૂરૂં થયું, પરંતુ હવે તો મુંબઇ આવવું છે કે નહિ?"

સુધાએ તુરતજ જવાબ આપ્યો,

"હા, આવવુ છે, પણ એકજ શરતે" .

"વળી, શરત શી?" નિપુણે પૂંછ્યુ.

"શરત એટલીજ કે મુંબઇ આવીશ તો સ્નેહવીણાની અતિથિ તરીકે,"

સ્નેહવીણાએ વાતમાં રસપૂર્વક ભાગ લેવા માંડયો,

"જેને મુબઇમા ન મળે ઘર કે બાર તેના અતિથિ થઇને આવવુ એ શરત પણ બહુ સારી"

"તને ઘરબાર કરી આપવા એ તો નિપુણચન્દ્રના હાથમાજ છે," સુધાએ મશ્કરી કરી.

વીણા શરમાઇ ગઇ. નિપુણચન્દ્ર કંઇક ઉત્તર આપવા જતો હતો ત્યાં કુલીનાએ સર્વને ભોજન માટે બોલાવ્યા અને ત્રિપુટિ વીખરાઇ ગઇ.

બિહાગવનમાં નિપુણે જે આ એક દિવસ ગાળ્યો તે તેના મનથી તેની આખી જીદગી કરતા વધારે મહત્વનો, વધારે આનદ આપનારો અને વધારે અર્થપૂર્ણ હતો. તેના સમસ્ત જીવનના અસખ્ય બનાવો કરતાં પણ આ એક દિવસના બનાવો વધારે ઉપયોગી અને વધારે ગુચવણ-ભરેલા હતા બિહાગવનમા પગ મુકયા પછી પ્રથમ તો તેનુ મન ત્યાનુ સૌંદર્ય, ત્યાના જુદાં જુદા ખાતાઓ અને ત્યાની ઉત્તમ વ્યવસ્થા અવલોકવામાં પરોવાયુ હતુ બિહાગવનની

આસપાસ ત્રણ ચાર પ્રદક્ષિણા લેતા પણ તે ધરાયો ન હતો. સ્ત્રીઓને માટે એક આદર્શ સસ્થાના સ્વપ્નાંઓ તેણે ઘડી રાખ્યા હતા, છતા તે સ્વપ્નાઓને સાક્ષાત્કાર તો તેને આજેજ થયો પરતુ તેની આ માનસિક સ્થિતિ ચદ્રપ્રભા સાથે સુધા અને વીણા સબધી વાતચીત થયા પછી અચાનક બદલાઇ ગઇ "સ્ત્રીપ્રગતિ સમાજ" અને "બિહાગવન" સબધી સર્વ વિચારો સહસા અદૃશ્ય થયા અને સુધા તથા વીણા તેને રોમે રોમ રમી રહી.

ભોજન લીધા બાદ અનેક ત્રિપુટિઓ અને દ્વિપુટિઓમાં વાર્તાલાપ કર્યા પછીજ નિપુણચદ્ર સુધાકુમારીના મનોરથો સમજી શકયો નિપુણ અને વીણાનુ સ્નેહલગ્ન એ સુધાના જીવનનો મહાન્ અભિલાષ હતો તે નિપુણ ધીમે ધીમે કળી શકયો પોતાની ઇચ્છાનો નિપુણ પાસે સ્વીકાર કરાવવામાં સુધાએ મહાભારત પ્રયત્ન કર્યો અને છેવટે તેમા વિજય મેળવ્યો અને જયારે આ વિજય સમાચાર સુધાએ વીણાને કહ્યા ત્યારે વીણા હર્ષ અને આભારના આસુ પાડતી સુધાને સ્નેહભર ભેટી પડી

આજનો દિવસ અણધાર્યા બનાવોનોજ હતો, છતાં કોઇને બહુ આશ્ચર્ય થયુ હોય એમ જણાતુ નહોતુ. પરતુ એક છેલ્લા બનાવે સર્વને આશ્ચર્યમા ગરકાવ કર્યા સ્નેહ-વીણાની પાછળ સુદર્શન ગોરની ધરપકડના વાત નીકળી ત્યારે સુધાએ તેમજ નિપુણે કઇક ચિતા અનુભવી. ચદ્ર-પ્રભાએ એ ચિતા દૂર કરવાને પ્રયત્ન કર્યો.

ચદ્રપ્રભા બોલી,

"એ ગોર નકામો ફાંફાં મારે છે. કારણ કે વીણા એની છોકરી તો નથીજ, અને ભત્રિજી છે તે પણ તે સાબીત કરી શકે એમ નથી."

"અને વીણા તો હવે ઉમરલાયક છે એટલે એના વાલીનો પણ તેના ઉપર હક શો હોઇ શકે?" સુધાએ પુષ્ટિ આપી

"ઉમરલાયક ન હોય તો પણ તેનો વાલી સુદર્શન ગોર નથી તેના આપણી પાસે પુરાવા છે," ચંદ્રપ્રભાએ કહ્યુ

"કોની, આપની પાસે?" નિપુણે પૂછ્યુ

"હા, મ્હારી પાસે વીણાની માતાને પણ હુ ઓળખું છું, અને હજુ તે હયાત છે" ચંદ્રપ્રભાએ ઉત્તર આપ્યો

સુધા અધીરી થઇ, "ખરેખર?"

ચંદ્રપ્રભાએ ધીમે ધીમે ભેદ ખુલ્લો કરવા માંડયો

"ખરેખર, અને તેની માતા આ બિહાગવનમાંજ છે"

"શુ કહોછો? કોણ કાશીબાઇ?" સુધાએ કુતૂહલ બતાવ્યું.

"ના, કાશીબાઇ નહિ, પણ બિહાગવનની અધિષ્ઠાત્રી", ચંદ્રપ્રભાએ અતિ ગુપ્ત ભેદ ખુલ્લો કર્યો,

સર્વ અતિ આશ્ચર્યચકિત થઇ ગયાં, અને ઘડીભર આ હકીકત માની પણ ન શકયા.

ચંદ્રપ્રભાએ વિશેષ ખુલાસો કર્યો

"આ વાત મ્હારે બહાર પાડવીજ નહોતી, કારણ કે મ્હારો પૂર્વાશ્રમ શરમભરેલો છે. પરંતુ જયારે નિપુણચંદ્ર

સાથે મ્હારી સ્નેહવીણા લગ્નબંધનથી જોડાવાની છે ત્યારે મ્હારે વસ્તુસ્થિતિ જાહેર કરી નિપુણચંદ્રને ચેતાવવા જોઇએ. હુ બાળ વિધવા હતી ત્યારથીજ હુ મ્હારી જ્ઞાતિના શ્રીકાંત શેઠને ત્યા ઉદર પોષણાર્થે રહી હતી એ વિષયાંધ શેઠે મ્હારૂ શિયળ મ્હારી તરૂણાવસ્થામાજ લૂટી લીધુ હતું. આખી જ્ઞાતિમા અને બીજા લોકોમા તેની અપકીર્તિ થવા માડી ત્યારે મારી સ્થિતિ તેને ત્યા અસહ્ય થઇ પડી અને જ્યારે મ્હારી સ્નેહવીણા જન્મવાની થઇ ત્યારે મને એ નીચ સ્વાર્થી માણસે એક મિનિટ પણ તેને ત્યા સઘરવાની ના પાડી, અને તેના હલકા મિત્ર ધનુષલાલ લશ્કરી મારફત બનારસ મોકલાવી. બનારસમાં પેલા સુદર્શનને ત્યાજ સ્નેહ-વીણાનો જન્મ થયો અપકીર્તિના વાદળો વીખરાયા કે તુરતજ એ પાપીએ મને મુબઇ બોલાવી, અને તેની પોતાની આબરૂની ખાતર મ્હારી વ્હાલી વીણાને મારાથી વિખુટી પાડી બનારસ મોકલી આપી હુ તેના, ધનુષલાલ લશકરીના અને સુદર્શન ગોરના અનેક પ્રપચોને લીધે વર્ષો સુધી સ્નેહવીણાનું મ્હોડુ પણ જોઇ શકી નહોતી, અને મ્હારી ખાત્રી છે કે મ્હારૂ જીવન આ દિશામા બદલાયુ ન હત અને બિહાગવન પાછળ મ્હે ભેખ લીધો ન હત તો કદાચ માતા અને પુત્રી આ સ્થિતિમા મળી પણ ન શકત”

ચદ્રપ્રભાની આશ્ચર્યજનક આત્મકથાથી આખા મડળમાં આનદ અને કરૂણાની અવર્ણ્ય લાગણીઓ ઉભરાઇ રહી. નિપુણચદ્રને તુરતજ “પુરાણુ વસ્તુ શોધક સમાજ” નો

કાષ્ઠ લેખ યાદ આવ્યો, અને ચંદ્રપ્રભાને પૂછતાં 'તેનું' અનુમાન સત્ય ઠર્યું માતા અને પુત્રીના હૃદયોમાં હર્ષના સાગર છલકાયા. હૃદય હૃદયને ભેટયું, નેત્ર નેત્રને ભેટયા, ઓષ્ઠ ઓષ્ઠને ભેટયા, અંગ અંગને ભેટયા પોતે અચાનક સ્વર્ગમાં આવીને પડી હોય એવો સ્નેહવીણાને અનુભવ થયો પોતાના મન ઉપરનો અસહ્ય ભાર હમેશને માટે દૂર થયો હોય તેમ ચંદ્રપ્રભા અપૂર્વ રીતે પ્રફુલ્લ દેખાઇ.

પ્રકરણ ૨૫ મું.

લગ્ન.

નિપુણચંદ્ર બિહાગવનથી મુંબઇ તરફ પાછો ફર્યો ત્યારે બિહાગવનમાં ગાળેલા બે દિવસોએ તેને તેના આખા જીવનમાં આશ્ચર્યની પરાકાષ્ઠાનો અનુભવ કરાવ્યો હતો એમ તેને સ્વાભાવિક રીતે લાગ્યું. તે જાણતો ન હતો કે આ આખું પખવાડિયું અણધાર્યા અને અતિ આશ્ચર્યજનક બનાવોથી ભરપૂર હતું મુંબઇ જતાંજ પોતે ઑફીસે ગયો તો ઑફિસ તેમજ પ્રેસ બંધ હતા! રજાનો દિવસ નહિ છતાં આમ પ્રેસ બંધ હોવાનું કારણ ન સમજાયું. રામોશીને પૂછતા અતિ દુઃખદાયક સમાચાર મળ્યા કે તેજ સવારે "ઑમ્બે ન્યુઝ" ના અધિપતિ અચાનક હૃદય બંધ થઇ જવાથી મરણ પામ્યા છે!

બિહાગવનના વાતાવરણથી અતિ તેજસ્વી થયેલા વદન ઉપર આ સમાચારથી તુરતજ ગ્લાનિ છવાઇ રહી પોતાના

સ્નેહી શેઠને અંતને સમયે મળી ન શકાયુ તેથી નિપુણના હૃદયને બહુ આઘાત થયો. "બૉમ્બે ન્યુઝ" માટે બાધેલાં મોટાં મોટાં સ્વપ્નાંઓ ક્ષણુવારમા અદ્દશ્ય થયાં. પોતાના ભવિષ્ય માટે અણુધારેલી ચિંતા આવી પડી. ખિન્ન હૃદયે, નિરાશ અને ચિંતાના ભાર નીચે, એક યંત્રની માફક નિપુણ સ્મશાન તરફ ચાલ્યો, અને જાણે કે સ્મશાન એજ પોતાના જીવનનું અત્યારે લક્ષ્યબિંદુ હોય એમ તેને ઘડીભર થઇ આવ્યું.

સ્મશાને પહોચતાજ નિદ્રામાથી જાગૃત થયો હોય તેમ નિપુણે આસપાસ દૃષ્ટિ કરી અને પોતાના પ્રિય શેઠના શબને શોધી કહાડ્યુ. સંખ્યાબંધ માણુસોએ આ પ્રસગે હાજરી આપી હતી, પરતુ કોઇનાં મ્હોડાં ઉપર ગ્લાનિ, ચિંતા કે દિલગીરીની છાયા પણ દેખાતી નહોતી બાકડાઓ ઉપર બેસીને બીડીઓ અને સિગારેટો ફુકાતી હતી, અને સર્વત્ર વાર્તાલાપ અને મશ્કરીનો કોલાહાલ મચી રહ્યો હતો આ મડળ તરફ જવાનો નિપુણનો પગ ઉપડી શકયોજ નહિ, તેથી જ્યાં પોતાના વ્હાલા શેઠની ચિતા ખડકાતી હતી ત્યાજ સીધો ગયો ન્હાનપણુથીજ અત્યાર સુધી ગરીબીનાં અનેક દુ:ખો સહન કરીને બહાદૂર થયેલુ હૃદય પોતાના શેઠની ચિતા પાસે પહોચતાજ એક બાળકની માફક પોકેપોક રડી પડયુ આ દેખાવે ક્ષણુવાર તો સસાર વ્યવહારમા ડાહ્યા ગણુાતા, સ્મશાનના અનુભવીઓને પણુ ગંભીર બનાવી દીધા અને રડનાર વ્યકિત તરફ માન અને લાગણીની દૃષ્ટિથી જોવાને પ્રેર્યા.

શેઠનો મોટો મુનીમ ચિતા પાસેજ ઉભો હતો અને તેના એકનાજ મ્હોડા ઉપર દિલગીરીની છાપ દેખાતી હતી. 'નિપુણની સ્થિતિ જોઇને તેની આંખમાંથી આંસુ સરી પડયા. નિપુણ સાથે કંઇક વાત કરવાનું તેને બહુ મન થતું હતુ પણ નિપુણની લાગણી જોઇને એ વાત કરવાની તેનામાં હિમ્મત નહોતી

છતાં મુનીમને નિપુણચંદ્ર સાથે અતિ મહત્વની વાત કરવાની હતી, તેથી સ્મશાનમાંથી પાછા ફર્યા પછી તેજ દિવસે મુનીમ નિપુણને ત્યાંજ ગયો. નિપુણ પોતાના ભવિષ્ય સબંધી ગભીર વિચારોમા ગરકાવ થયો હતો પોતે રૂ ૨૭૦૦ ની વ્યવસ્થા કરી નાંખી ન હત તો અત્યારે કેવા કામ લાગી જાત એમ તેને સહજ લાગી આવ્યું. એટલામા મુનીમે દિવાનખાનામા પગ મૂકયો.

"આવો, મુનીમ," નિપુણે દિલગીરીપૂર્વક સ્વાગત કર્યું. નિપુણે ધાર્યું હતુ કે હવે મુનીમ પ્રથમ જેટલુ પોતાનું માન નહિ જાળવે, પરતુ જયારે મુનીમ હમેશની માફક ખુરશી ઉપર બેસવાને બદલે નીચે બેસી ગયો ત્યારે નિપુણ ચકિત થયો. નિપુણે આગ્રહપૂર્વક વિવેક કર્યો

"ત્યા શા માટે બેસો છો ? ઉપર બેસોને"

"જી ના અહિંજ ઠીક છે," મુનીમે નમ્ર જવાબ આપ્યો.

સ્વર્ગસ્થ શેઠ સબધી બન્નેએ હૃદયના લાગણીભર્યા ઉદ્‌ગારો કહાડયા પછી મુનીમે એક દસ્તાવેજ નિપુણના

હાથમાં મૂકયું અને કહ્યું, આ વિલથી "શેઠ એમની સર્વ પુંજીના માલેક આપને ઠરાવી ગયા છે!"

આ શબ્દો સાંભળતાજ નિપુણને પળવાર તો મુનીમના મગજની સ્વસ્થતા માટે શંકા થઇ, અને તે પૂતળાની માફક મુનીમ સામે એકી ટસે જોઇ રહ્યો, જડવત બની ગયેલો હાથ મુનીમના હાથમાંથી દસ્તાવેજ પણ લઇ ન શકયો. મુનીમ નિપુણની સ્થિતિ સમજી શકયો તેથી તેણે તુરતજ ખાત્રી આપી.

"આ સમાચાર સાંભળીને આપને બહુ આશ્ચર્ય થાય છે તે હું સમજી શકું છું પરંતુ આપ આ વિલ તો વાંચો, એટલે ખાત્રી થશે. શેઠ સાહેબ આપને અનન્ય પ્રેમથી ચાહતા હતા એમને કાંઇ સંતાન નથી, અને દૂરના વારસો પ્રમાણિકતાથી રળેલા એમના ધનના માલેક થાય એ એમને કદિ પણ ગળે ઉતરે તેમ નહોતું આપની સાથે સમાગમ થયો ત્યારથીજ આપ તરફ એમનું દિલ આકર્ષાયું હતું. આપને જયારે એમણે રૂ ૨૭૦૦ આપ્યા ત્યારે તો આ વિલ તૈયાર થઇ પણ ગયું હતું અને આપને એમણે વારસ માની લીધા હતા આપ વિના એમના અઢળક ધનનો ખરો સદુપયોગ કોઇ કરી નહિ શકે એમ એમની દૃઢ માન્યતા હતી મૃત્યુ વખતે પણ એજ એમના શબ્દ હતા, આપને એ મળી ન શકયા એટલેજ એમને ખેદ થયો, નહિતર એકંદરે બહુ શાંતિથી એમનો દેહ પડયો"

કાંઇ પણ પ્રત્યુતર આપવાની નિપુણમાં શકિત રહી નહોતી તેથીજ મુનીમ આટલું લાંબુ ભાષણ કરી શકયો.

દરમિઆન નિપુણ વિલ ઉપર નજર ફેરવી ગયો અને મુનીમનુ ભેજુ ઠેકાણે હતું તેની તેને ખાત્રી થઇ

પરતુ જીંદગીના આ અચાનક ફેરફાર માટે નિપુણ યત્કિચિત તૈયાર નહોતો રૂ ૨૭૦૦ ની આસમાની સુલ્તાનીની વ્યવસ્થા કરવામા તેને કેટલી મહેનત નડી હતી તેનુ સ્મરણ તેને તાજુજ હતું, તેથીં આ લાખોની વ્યવસ્થાનુ કાર્ય તેને એક મહાભારત જોખમ લાગ્યુ. જાણે કે એ જોખમ જેમ બને તેમ મોડું હાથ ધરવાને તે પ્રયત્ન કરતો હોય તેમ આ પ્રસગે તો તેણે મુનીમ સાથે બહુ લાબી વાતો કર્યા વિના મુનીમને વિદાયગીરી આપી, અને પોતાને હમેશા પ્રિય જણાતુ એકાંત શોધ્યુ.

પોતાના જીવનનો આ મહાન ફેરફાર ભવિષ્યની પોતાની સહધર્મચારિણીને જણાવ્યા વિના સ્વીકારવાનું નિપુણને યોગ્ય લાગ્યું નહિ તેથી ચદ્રપ્રભા ઉપર ખાસ પત્ર લખી સર્વને મુબઇ તેડાવ્યા ચદ્રપ્રભા અને સુધાકુમારી તો આ સમાચાર સાભળી ખુશખુશ થઇ ગઇ, પરંતુ સ્નેહવીણા સાથેની વાતચીતે જુદુજ સ્વરૂપ પકડયુ.

"વીણા, બોલ, તને આ શ્રીમંતાઇ ગમશે ખરીને?" નિપુણે પ્રશ્ન કર્યો.

"તમને શ્રીમત જોઇને હુ શા માટે ખુશી ન થાઉ?" મુગ્ધાએ ઉત્તર આપ્યો

"પણ પૈસાની વ્યવસ્થા તો તારેજ કરવાની છે," નિપુણે પોતાની ભવિષ્યની ગૃહિણીના હકો અત્યારથીજ સ્વીકારવાનુ શરૂ કર્યુ.

"એ વ્યવસ્થા તો તમારી ગૃહિણીને કરવાની છે મ્હારે નહિ" વીણાએ નિપુણને નિરાશ કર્યો.

"એટલે ? શુ મારૂં ગૃહ શોભાવવાની તને ઇચ્છા નથી ?"

"મ્હારી એકલીની ઇચ્છા શા કામની ? મ્હારી માતાનો ઇતિહાસ જાણ્યા પછી તમે મ્હને સ્વીકારશો ખરા ?"

"વીણા, એ શું બોલે છે ? તારી માતાનો ઇતિહાસ જાણ્યા પછી તો મને તારે માટે અને તારી માતા માટે હજારગણું વધારે માન થયુ છે."

"પણ સુધાબહેન અને મારી બા કહેતાં હતાં કે નિપુણચંદ્રના વિચારો હવે કદાચ બદલાય પણ ખરા."

"ત્યારે તેઓએ નિપુણચંદ્રના હૃદયને જરા પણ ઓળખ્યુ નથી. વ્હાલી વીણા ! તારે માટે મ્હારો પ્રેમ કદિ પણ ઓછો થાય તેમ નથી તુ મને છોડી દઇશ, પણ હુ તને છોડી શકુ તેમ નથી," નિપુણચંદ્રના આ પ્રકારના ઉમળકાનો સ્નેહવીણાને પ્રથમજ અનુભવ થયો, અને જયારે આ વાર્તાલાપનો ઇતિહાસ સ્નેહવીણાએ સુધાકુમારીને અક્ષરશ કહ્યો ત્યારે સુધા ઘડીભર માની નજ શકી કે એક સમયે ગિરગામમાં "નિપુણ-ભુવન"માં પોથાઓથી ત્રિટળાયલો વિદ્યાર્થી આજે આટલી હદ સૂધી પોતાની લાગણીઓનો કાબુ ખોઇ શકે !

નિપુણચંદ્ર પોતાની નવી સ્થિતિથી એટલો બધો શરમાતો હતો કે તે ગુપ્ત રાખવાને તેણે બનતા પ્રયત્નો કર્યા. પરંતુ તેના શેઠના મુનીમદ્વારા આ નવીન સમાચાર સર્વત્ર

ફરી વળ્યા. લોકો નિપુણને મુબારકબાદી આપવા આવતા ત્યારે ગમે તે બહાને તે ન્હાસી જતો, અને જયારે કોઇ સાથ વાત કરવામાં ફસાઇ પડતો ત્યારે મર્હુમ શેઠ માટે દિલગીરીના ઉદ્‌ગારો કહાડવા ઉપરાંત વિશેષ વાતચીતમા ઉતરતો નહિ. પરંતુ સર્વ લોકો નિપુણના આ ભાગ્યોદયથી ખુશ થયા નહોતા. જેઓ નિપુણ સાથે વધારે પરિચયમાં આવ્યા હતા તેઓમાં તો ઇર્ષ્યાજ ઉત્પન્ન થઇ, અને આ "વ્યવહાર-જ્ઞાનમાં શૂન્ય" "જુવાનિયા"ની હાંસિ કરવામા તેઓએ કચાસ રાખી નહિ. લક્ષાધિપતિ થયા છતા શરૂઆતમા નિપુણ ટ્રામમાં જતો તોએ તેની મશ્કરી કરવામા આવતી, અને સુધાકુમારીના આગ્રહથી જયારે તે મોટરમા ઑફિસે જવા માંડયો ત્યારે પણ "તેને બિચારાને મોટરમાં કેમ બેસવું તેનું પણ ભાન નથી, ભીખારી તે ભીખારીજ રહ્યો," વિગેરે ટીકાઓ કરનારાઓની સંખ્યા ઓછી નહોતી.

ખાસ કરીને શ્રીકાન્ત શેઠના પુત્ર મણિકાન્તની કટાક્ષો સર્વ કરતા વિશેષ તીવ્ર હતી અને શ્રીકાન્ત શેઠ એક આબરૂદાર દીવાળું કહાડીને વિદેહ થયા ન હત તો એ કટાક્ષો એથી પણ વિશેષ તીવ્ર થાત પરંતુ મણિકાન્તના દુર્ભાગ્યે શ્રીકાન્ત શેઠ થોડા સમય પહેલાજ વિદેહ થયા હતા, અને પ્રથમ લક્ષાધિપતિ ગણાતા શેઠ એમના પુત્ર માટે મોટાં દીવાળાની આબરૂ સિવાય કશું પાછળ મૂકી ગયા નહોતા એટલું સારૂ થયુ કે શ્રીકાન્ત શેઠની જાહોજલાલીમાજ મણિકાન્તનાં લગ્ન એક "ખાનદાન" કુટુમ્બમા કરવામાં આવ્યા હતાં, નહિતર આ સમયે એવું "ખાનદાન" કુટુમ્બ મળી શકત કે નહિ તે ઘણુ શંકાસ્પદ

તું. પરંતુ મણિકાન્તનાં અર્ધાંગના પોતે જે મહ્યે ખરીદાયાં હતા તે કદિ ભૂલ્યા નહોતા, અને તેથી એમના પતિ સાથે એકબીજાની ખાનદાની અને વાસ્તવિક કિમ્મત સંબંધી એમને અનેકવાર સ્વદેશી રીતે પરંતુ પરદેશી ઝનુનથી લડાઇ કરવી પડી હતી પરિણામે મિસીસ મણિકાન્ત પોતાના પતિનો સ્વદેશી બોયકોટ કરી પોતાના "ખાનદાન" કુટુમ્બમા આ વખતે સુખી દિવસો પસાર કરતા હતા, અને તેથીજ સ્વાભાવિક રીતે મણિકાન્તને બીજા લોકોની ચિંતા કરવાનો હાલ વધારે અવકાશ મળતો હતો એટલે પોતાના જૂના પ્રતિસ્પર્ધિ નિપુણચંદ્રના લાભમા એ અવકાશનો ઉપયોગ કરવાનો મણિકાન્તને ખાસ હક્ક હતો તે સહજ સમજી શકાશે.

પરંતુ મણિકાન્તની કટાક્ષો બહુ કાર્યસાધક નહોતી, ત્યારે ધનુષલાલ લશકરી તો આ વખતે પોતાના ધંધામાં મેળવેલી બાહોશીનો બહુજ વેગભર્યો ઉપયોગ કરી રહ્યા હતા. નિપુણચંદ્રના શેઠનુ વિલ બનાવટી છે એ સાબીત કરવાને તે આકાશ પાતાળ એક કરવા જેટલી મહાભારત મહેનત ઉઠાવી રહ્યા હતા! પોતે જાહેર અને ખાનગી હકકોનુ રક્ષણ કરનાર અમલદાર છે, અને શહેરમા કયાય પણ કોઇ ખોટી રીતે કોઇનું ધન પચાવી ન પાડે તેની સર્વ જવાબદારી પોતાના ઉપરજ છે એમ ધનુષલાલને આ વખતે બહુ મજબૂત રીતે ભાન થયું. અને પોતાની કર્તવ્ય બુદ્ધિનો આટલો બધો વિકાસ આમ અચાનક રીતે થયો તેથી તેને પોતાની જાત માટે અપૂર્વ માન ઉત્પન્ન થયુ.

છતા જયારે શહેરીઓના ખાનગી હકકો માટે મી૦ લશ્કરીની મહાન ચિંતા છતા નિપુણચંદ્ર કાયદેસર લાખો

રૂપિયાનો માલેક જાહેર થયો ત્યારે લશ્કરીને ન્યાયની અદાલતો માટે અવર્ણનીય તિરસ્કાર થઇ આવ્યો, અને કર્તવ્યનિષ્ઠ જાહેર અમલદાર થવામાં કાંઇ માલજ નથી એમ તેને લાગી આવ્યું છતાં જયારે સ્નેહવીણા સાથે નિપુણચંદ્રના લગ્ન થવાની વાત બહાર આવી ત્યારે ફરીથી એકવાર એમની જાહેર કર્તવ્યબુધ્ધિ જાગૃત થઇ, અને તેટલા માટે તાબડતોબ સુદર્શન ગોર અને એમના કુટુમ્બને મુબઇ તેડાવ્યા. આ વખતે એમણે સુદર્શન ગોર પાસે જયોતિષ જોવરાવીનેજ સારે શુકને પોતાના શુભ પ્રયત્નો આદર્યા. પરંતુ કાં તો સુદર્શન ગોરની કર્તવ્યબુધ્ધિની ખામીને લીધે અથવા તો નિપુણચંદ્ર જેવા યજમાન ઉપર ઘા નહિ કરવાની અજની ગોરાણીની ઉદારતાને લીધે, અથવા તો જયોતિષના ગણિતમા કંઇક મહાન દેષ રહી જવાથી નિપુણ અને સ્નેહવીણાનું વેવિશાળ જાહેર થઇ ગયુ અને એમનાં લગ્નની તિથિ પણ ચોકસ થઇ ગઇ

પરંતુ આ નિષ્ફળતાનુ કારણ પાછળથી મી૦ ધનુષલાલને સમજાયુ. "કામણગારી" સ્નેહવીણાએ સુદર્શન ગોરના પુત્ર બુધ્ધિદર્શનને હાથ કરી લીધો હતો, અને તેણે પોતાની "વીણા બહેન" તરફ પોતાના પિતાનુ આકર્ષણ કરાવ્યું હતુ. 'વીણાને લેવા જતા બુધ્ધિદર્શનને ખોઇ બેઠા,' એમ સુદર્શન ગોરે ગોરાણી પાસે ખરખરો કર્યો કે તુરતજ ગોરાણી મુબઇમા પળવાર પણ થોભ્યા વિના ગોર તથા એમના પુત્રને મુબઇ છોડીને એક "યજમાન"ના સથવારા સાથે બનારસ ઉપડી ગયા. સુદર્શન ગોરને પુત્રીપરાયણ પત્નીના જવાથી

ખેદ તો થયો, પરતુ જયારે બુદ્ધિદર્શનને તેની 'વીણા બહેન' સાથે મોટરમાં જોવાના બે ત્રણ પ્રસગો એમને પ્રાપ્ત થયા ત્યારે એમની પત્નીની ગેરહાજરી માટે તેઓ એટલોજ નિશ્વાસ મૂકતા કે "પ્રભુ કરે તે સારા માટે"।

પ્રમોદલાલે બિહાગવંન છોડયું ત્યાર પછી તેની હીલચાલની કોઇને માહિતી નહોતી, અને જો નિપુણચદ્રના જીવનમા આ અચાનક ફેરફાર થયો ન હત તો એ પાછો મુંબઇના લોકોની નજરે પડત કે નહિ એ શકાસ્પદ હતુ પરંતુ કોઇ નહાના ગામડાના ખુણામાં બેઠા બેઠાં તેણે જાહેર છાપાંઓમાં નિપુણના શેઠના મૃત્યુ સબંધી તેમજ નિપુણને તેમો વારસો મળ્યા સંબંધી ખુશખબર વાચ્યા, અને એ ખબર વાચતાજ પ્રમોદલાલનુ સ્નેહભીનુ હૃદય નિપુણ પ્રતિ વાત્સલ્યથી ઉભરાઇ ગયુ તુરતજ તેણે નિપુણને અભિનદનનો પત્ર લખ્યો. એ પત્ર નિપુણના મનથી એક પરમ સદ્‌ભાગ્યજ હતુ કારણુ કે જો કે સુધાકુમારીનો આત્મા નિપુણ અને વીણાનું સુખ જોઇને અપુર્વ રીતે સતુષ્ટ થયો હતો તો પણ તેના પિતા માટે તેના અતરમાં ચિતા અને ગ્લાનિ દિવસે દિવસે વધતી જતી હતી. તેથી નિપુણે આ તકનો તુરતજ ઉપયોગ કર્યો, અને પ્રમોદલાલને કાંઇપણ ખબર આપ્યા વિના તે પોતે, સુધાકુમારી, સ્નેહવીણા, ચદ્રપ્રભા અને કાશીબાઇ પ્રમોદલાલના નવીન નિવાસસ્થાનમાં જઇ પહોચ્યા. પ્રથમ તો નિપુણ એકલોજ પ્રમોદલાલને તેના શાન્તિપ્રદ નિવાસમાં મળ્યો, અને ત્યારેજ પ્રમોદલાલની આખ ઉઘડી કે તેણે નિપુણને પત્ર લખીને પોતાના ગુપ્તનિવાસની માહિતી અજા-

ણુતાં આપી દીધી હતી. પરતુ જ્યારે પોતાની વ્હાલી પુત્રીનો ત્યાં તુરતજ મેળાપ થયો ત્યારે પ્રમોદલાલનો પશ્ચાત્તાપ અવર્ણનીય આનંદમાં બદલાઇ ગયો.

આ સર્વ સ્નેહીઓએ ચાર દિવસ પ્રમોદલાલ સાથે ગાળ્યા છતા એક બીજાના સહવાસથી કોઇ ધરાયુ નહિ છેવટે પ્રમોદલાલને મુબઇ આવવાનો સર્વ 'તરફથી આગ્રહ કરવામા આવ્યો. વૃદ્ધ પુરૂષનુ સ્નેહાર્દ્ર હૃદય ના પાડી ન શક્યું, પરતુ તે એવી શરતે કે તેને પાછો તેના નિવૃતિ-નિવાસમા જવા દેવો.

ચદ્રપ્રભા, પ્રમોદલાલ, કુલીના, કાશીબાઇ, સુધાકુમારી, અને બિહાગવનની સર્વ બાળાઓની હાજરીમા નિપુણ અને સ્નેહવીણાના લગ્ન ઉજવાયા. પરતુ લોકોએ ધાર્યું હતુ તેમ મોટા મેલાવડાઓ, મોટી નાચ પાર્ટીઓ, જબરા જ્ઞાતિભોજનો, કે દમામ ભરેલા વરઘોડાની ઝાખી પણ કોઇને થઇ નહિ. બહુજ શાન્ત રીતે, માત્ર અતરના સ્નેહીઓની સ્નેહભરી હાજરીમાંજ, એક પવિત્ર પ્રસગની માફક આ સ્નેહલગ્ન સમાપ્ત થયું લગ્ન સમયે ચદ્રપ્રભા કરતા પણ સુધાનુ હૃદય વાત્સલ્યથી વિશેષ ભીનુ થયુ.

એક માતા પાસે આશીર્વચન માગવા આવે તેમ સ્નેહ-વીણા તથા નિપુણચદ્ર લગ્નગ્રથિથી જોડાયા બાદ સુધાકુમારી પાસે આવીને શરમાતા શરમાતા ઉભાં નિપુણ કાઇ પણ બોલી શક્યો નહિ તેની આખમાથી નીકળતી અશ્રુધારા તેના અત-રના સર્વ ભાવો જણાવવાને બસ હતી. સુધાને પણ આખમાં ઝળઝળિયાં આવી ગયા, પરતુ પોતાનો પવિત્ર ધર્મ બજા-

વવામા તે અતરાયરૂપ ન થાય તેની તેણીએ ખાસ કાળજી રાખી

"નિપુણચદ્ર! આજે મારા મનનો મહાન મનોરથ પરિપૂર્ણ થયો છે તમારૂ રમણીય યુગલ જોઇને મને સ્વર્ગના સુખનુ ભાન થાય.છે ખરેખર, મને તો એમજ લાગે છે કે પરણવા કરતા પોતાના વ્હાલાંઓને પરણેલાં જોવામા આત્માને લાખ ગણો વધારે આનદ અને શાન્તિ છે."

સુધાના શબ્દેશબ્દમા નિપુણને અનિર્વચનીય મધુરતા, પવિત્રતા અને ઉદારતાનુ ભાન થયુ તેનુ હૈયુ ભરાઇ આવ્યું હતુ છતા તેનાથી બોલાઇ જવાયુ,

"સુધાકુમારી! તમારી ઉદારતા અને સ્નેહમયતાએ શાન્તિનો જે અનેરો માર્ગ શોધી કહાડયો છે તેની પાસે મ્હારૂ ઉપકારવશ હૃદય અતિ વિનીત ભાવે નમે છે

પાચેક વર્ષ પહેલા આપણે જે મધુર આશાઓ બાંધી હતી તે આશાઓનો સાક્ષાત્કાર કરવાને તમે મને સાથે લેવાનુ વચન આપ્યુ હતુ. તો હવે અમને ઉભયને તમારા સગાથમાં લેશો ખરા?"

"એ મહાન કાર્ય તો હવે આપણે વધારે સફળતાથી સિદ્ધ કરી શકીશુ આપણી સાધન સપત્તિ વધી છે સ્નેહવીણા જેવી સહકારિણી આપણને મળી છે. "સ્ત્રી પ્રગતિ સમાજ" જેવી આદર્શ સસ્થા આપણે હાથ આવી છે, અને ચદ્રપ્રભા બહેન જેવા કાર્યકુશળ અધિષ્ઠાત્રી આપણા સાથમાં છે. તો પછી આપણે શુ શુ કરી નહિ શકીએ?"

એટલામા કુલીના પાસેના ઓરડામાંથી બહાર આવી, અને સ્મિતપૂર્વક બોલી ઉઠી

"અને મને તો તમારી સાથે ગણુતાજ નથીને ?"

સ્નેહવીણાને માન તોડવાનો પ્રસગ અત્યારેજ પ્રાપ્ત થયો

"તમારી ગણુના તો આવતા અઠવાડિયામા થશે, સમજયા ?"

નિપુણે મશ્કરીમા ભાગ લીધો

"કુલીના બહેન, એ વળી શુ ? તમે પણ અમારાથી બહુ છાની વાતો રાખો છો !"

કુલીનાને બદલે સુધાએજ ઉત્તર આપ્યો,

"એ બિચારી તમારી પેઠે છાનુ રાખે તેવી નથી તમને સર્વને આમંત્રણ કરવાને તો તે અહિ આવી છે !"

સ્નેહવીણા બોલી,

"ખરેખર ! ત્યારે તમારા પ્રિયજન સાથે અમને ઓળખાણ તો કરાવો"

કુલીનાએ ઉત્તર આપ્યો,

"પ્રથમ તમારા પ્રિયજન સાથે તો અમારી ઓળખાણ કરાવો, પછી. ... ."

સુધાએ પાદપૂર્તિ કરી,

"પછી શુ ? પછી 'અમારા પ્રિયજન સાથે અમે ઓળખાણ કરાવીએ' ખરૂ ને, કુલીના ? બોલી નાખને એમાં શરમાય છે શુ ?"

સર્વ ખૂબ હસી પડયાં, અને કુલીનાના શરમાળ ઓષ્ઠ ઉપર મધુરૂ સ્મિત પ્રકાશી રહ્યુ

સમાપ્ત.

હિંદુસ્થાન.

સસ્તામાં સસ્તું રોજીંદુ વર્તમાનપત્ર.